
પ્રવાસી અવધૂત

પ્રવાસ.
[૯/૪/૬૨થી ૨૨/૭/૬૨]

(પુષ્પ-૧ લું)



પ્રયોજક :
જમીયતરામ નરભેરામ અધ્વર્યુ
વકીલ

પ્રવાસી અવધૂત

(પુષ્પ-૧ લું)



પ્રયોજક :

જમીયતરામ નરભેરામ અધ્વર્યુ

વકીલ

પ્રમુખ : **જયંતીલાલ શંકરલાલ આચાર્ય**
અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ,
નારેશ્વર. પો. સાયર.
વાયા. અંકલેશ્વર-૩૯૩ ૧૦૭.

ઓક્ટોબર ૧૯૯૭] આવૃત્તિ ૨ જી [પ્રત ૨૦૦૦

કિંમત ૧૪-૦૦ રૂપિયા

મુદ્રક : **તૃપ્તિ સેલ્સ એન્ડ સર્વિસ**
મહેતા પોળ, દાંણીનો ખાંચો,
વડોદરા-૩૯૦ ૦૦૬.

પ્રમુખ : જયંતીલાલ શંકરલાલ આચાર્ય
અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ,
નારેશ્વર. પો. સાયર.
વાયા. અંકલેશ્વર-૩૯૩ ૧૦૭.

ઓક્ટોબર ૧૯૯૭] આવૃત્તિ ૨ જી [પ્રત ૨૦૦૦

કિંમત ૧૪-૦૦ રૂપિયા

મુદ્રક : તૃપ્તિ સેલ્સ એન્ડ સર્વિસ
મહેતા પોળ, દાંણીનો ખાંચો,
વડોદરા-૩૯૦ ૦૦૬.

અનુક્રમ

પહેલી આવૃત્તિના નિવેદનમાંથી

સંતો તો આત્મતૃપ્ત હોય છે. તેને કશું જ કરવાનું રહેતું નથી. પણ પરમાત્માનો જે આદેશ પ્રાપ્ત કરીને તેણે શરીર ધાર્યું છે તે આદેશની પૂર્ણતા અર્થે જ્યાં સુધી શરીર રહે ત્યાં સુધી સંતે કાર્ય કરવાનું રહે છે. સંતના એ કાર્યમાં સંકલ્પનો અભાવ વર્તાય છે જ્યારે આપણાં કોઈ પણ કાર્ય સંકલ્પ વિનાનાં હોતાં નથી. આપણાં કાર્યમાં ને સંતનાં કાર્યમાં આટલો જ મહત્ત્વનો તફાવત રહેલો છે અને તેથી જ આપણાં કાર્યો બંધન સરજાવે છે કારણ કે તેમાં આસકિત છે. સંતનાં કાર્યો બંધન સરજાવતાં નથી કારણ કે તેમાં આસકિત નથી. આપણે કાર્ય કરીએ છીએ તે 'મારૂં' કહીને મમત્વપૂર્ણ વૃત્તિથી કરીએ છીએ. જ્યારે સંતો કાર્ય કરે છે તે પ્રભુનું કાર્ય છે એમ સમજીને કેવળ લોકકલ્યાણ અર્થે અને લોકસંગ્રહ અર્થે મમત્વરહિત બનીને કરે છે. અને એથી જ આપણા કાર્યમાં નિષ્ફળતાનો અને તજ્જન્ય નિરાશાનો અનુભવ થાય છે. જ્યારે સંતોના કાર્યમાં એવો સંભવ છે જ નહિ.

નિવેદન

(બીજી આવૃત્તિનું)

ઘણા સમયથી પૂ. શ્રી નાં આ પ્રવાસ પુષ્પો અપ્રાપ્ય હતાં. શિકાગો અવધૂત પરિવાર તરફથી દાન પ્રાપ્ત થતાં તેમના સત્સંકલ્પને કારણે બીજી આવૃત્તિ વાચકોના કરકમળમાં મૂકાઈ છે. આશા છે પૂ શ્રી.ની જન્મશતાબ્દિ ટાણે પરિવારને સારૂં એવું ભાથું મળી રહેશે.

— પ્રકાશક

પ્રવાસની સ્થળ-સમય સૂચિ

૧	ધરમપુર કસ્બામાં	તા. ૯-૪-૬૨ થી ૩૦-૪-૬૨
૨	ધરમપુર-શ્રી ભગુભાઈની વાડી	૧-૫-૬૨ થી ૯-૫-૬૨
૩	નાંધાઈ ભૈરવી	૧૦-૫-૬૨ થી ૧૭-૫-૬૨
૪	ફણસવાડા	૧૮-૫-૬૨ થી ૨૦-૫-૬૨
૫	વલસાડ	૨૦-૫-૬૨ થી ૨૨-૫-૬૨
૬	ધનોરા	૨૨-૫-૬૨ થી ૨૭-૫-૬૨
૭	સુરતથી ગંગાધરા થઈ મોતા	૨૮-૫-૬૨
૮	મોતા	૨૯-૫-૬૨ થી ૩૧-૫-૬૨
૯	બારડોલી રામજી મંદિર	૩૧-૫-૬૨ રાત્રે
૧૦	પાતાપારડી	૧-૬-૬૨ થી ૩-૬-૬૨
૧૧	સિસોદરા ગણેશવડ	૪-૬-૬૨ થી ૬-૬-૬૨
૧૨	સુપા	૭-૬-૬૨ થી ૮-૬-૬૨
૧૩	હાંસાપુર	૯-૬-૬૨ થી ૧૫-૬-૬૨
૧૪	નવસારી	૧૫-૬-૬૨ રાત્રે
૧૫	દેસરા-બીલીમોરા	૧૬-૬-૬૨ થી ૧-૭-૬૨
૧૬	દેસરા-શ્રી ગોકુલભાઈને ત્યાં	૨-૭-૬૨ થી સાંજ સુધી
૧૭	ગણદેવી શ્રી રામચંદ્ર વિનાયક જોશીને બંગલે	૨-૭-૬૨ થી ૧૪-૭-૬૨
૧૮	ગણદેવી-શ્રી છગનભાઈને ત્યાં નીલકંઠ મહાદેવ	૧૫-૭-૬૨ થી ૧૭-૭-૬૨
૧૯	સુરત	૧૮-૭-૬૨ થી ૨૦-૭-૬૨
૨૦	ભરૂચ	૨૧-૭-૬૨ થી ૨૨-૭-૬૨

અને ભરૂચથી તા. ૨૩-૭-૬૨ના રોજ પ્રાતઃકાળે નિકોરા માર્ગે નૌકામાં નારેશ્વર.

પ્રાસ્તાવિક

રાઈના કણુથી પણ નાનકડા વટબીજમાં વટનું વિશાળકાય વૃક્ષ સંસ્કારરૂપે ભંડારેલું છે, તેમ અણોરણીયાન એ ન્યાયે સૂક્ષ્માતિસૂક્ષ્મ બ્રહ્મતત્ત્વમાં અકલ્પ્ય વિશાળકાય વિશ્વ સંસ્કારરૂપે સંચિત થયેલું છે. બીજમાં સંસ્કારરૂપે રહેલા વિશાળકાય વૃક્ષને મૂર્ત કરવાને જેમ તે બીજ ઉપર સંસ્કારની આવશ્યકતા છે, તેમ સંસ્કારરૂપે રહેલા સંસારને પણ મૂર્ત કરવાને સંસ્કારની જરૂર છે. જમીન, જળ, વાતાવરણ, ઉષ્ણતા આદિ સંસ્કારોના પરિણામે જેમ એ વૃક્ષ મૂર્ત થાય છે, તેમ આ વિશ્વને મૂર્ત સ્વરૂપ આપવાને તે महतो महीयान પરબ્રહ્મનો એક જ સંકલ્પ एकोऽहम बहु स्याम સંસ્કાર રૂપે છે. પરમતત્ત્વના એ અમોઘ સંકલ્પનું પરિણામ તેજ આ મૂર્ત વિશ્વ. એ વિશ્વનું એકમેવ અધિષ્ઠાન તેજ પરમબ્રહ્મ. બ્રહ્મ આત્મરત છે, આત્મક્રીડ છે, આત્મતૃપ્ત છે. તે અખંડ અને અનંત શક્તિનો અવિરત ઝરતો સ્રોત છે. છતાં તે નિષ્ક્રિય છે, નિષ્કામ છે એવમ્ પૂર્ણકામ હોવાથી તેને કર્તાપણું હોતું નથી. પણ જેમ સ્થિર પાણીમાં કોકવાર નાનકડો તરંગ ઊઠે અને સમાઈ જાય તેમ એ બ્રહ્મમાં એકના અનેક થવાના ઊઠેલા નાનકડા પણ અમોઘ સંકલ્પથી આ વિશ્વનું સર્જન કરવાને શક્તિનું નિર્માણ થયું. એ દેવાત્મશક્તિ જ આ સંસારનું મૂળ કારણ લેખાયું. તેને જ માયા, આદિશક્તિ, પ્રકૃતિ આદિ નામે ઓળખવામાં આવી. અને એમ પરમતત્ત્વના એ અમોઘ સંકલ્પનું મૂર્તસ્વરૂપ આ દશ્યમાન વિશ્વ નિર્માણ થયું. માયાને વિશ્વમંડાણનું સુકાન સોંપી એ તત્ત્વ પોતાની જ શક્તિનો વૈભવ જોતું કેવળ દ્રષ્ટા બનીને રહ્યું.

એવા એ વિશ્વને જોઇને વિશ્વાત્માને પામવાના પ્રાણાંત પ્રયત્ન કરતા–

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥

"હજારો મનુષ્યોમાં કોક જ આત્મદર્શનની સિદ્ધિ માટે યત્ન કરે છે, યત્ન કરનારા સિદ્ધોમાં પણ કોક જ મને તત્ત્વથી જાણે છે," કોકનેજ આત્મદર્શન થાય છે. ભગવાનના એ શબ્દાનુસાર

લાખ, કરોડે વિરલો પામે દર્શન એક,
દૃષ્ટા, દર્શન દૃશ્યનો સાધી સત્યવિવેક.

એવા આત્મદૃષ્ટા, આત્માનુભવી મહાત્માઓ, પોતે પ્રાણાંત પ્રયત્નો કરીને જે ફળ પ્રાપ્ત કર્યું, તે ફળ પોતાના જેવા અનેકને ચખાડવાને, ભવભવમાં ભૂલ્યા ભટકયા પાન્થને સન્માર્ગ દાખવવાને અને જન્મમૃત્યુની બેડીઓ તોડીફોડી એ દેવાત્મશક્તિ દ્વારા દેવને પામવાના સરળ સાધન દાખવી માર્ગદર્શનાર્થે જગતમાં વિચરે છે એવા જગતમાં પ્રભુના નામનો જયઘોષ દિગંતમાં ગજવી ઘરઘર "હરિભજના હરિભજના"નો આદેશ પહોંચાડવાને નિર્માણ થયેલા પ્રભુના પનોતા પુત્રના પ્રવાસનો આ એક આછો ખ્યાલ આપવાનો પ્રયાસ છે. પ્રભુનુ કાર્ય કરવા અર્થેજ વિચરતી એક વિભૂતિવિશેષનો આ એકધારો ૧૦૪ દિવસનો પ્રવાસ વાચકને અનેક રીતે બોધપ્રદ નિવડશે તો આ પ્રયાસની સફળતા લેખી પ્રયોજક કૃતાર્થતાનો આનંદ અનુભવશે. અસ્તુ.

—પ્રયોજક.

— — —

"શ્રીરંગ પ્રસન્નોઽસ્તુ"



"પરસ્પર દેવો ભવ"

પ્રવાસી અવધૂત

૧

પ્રયાણ

માતાને ચરણે નમી, લાગી શિવને પાય,
નારેશ્વરથી નીસરી, રંગે લીધી વિદાય.

પ્હો ફાટયો, ઉષાના નયનમનોહર અવનવા રંગોએ આકાશને આકર્ષક કર્યું. ઉદયાચલનાં ઉન્નત શિખરો ભગવાન ભાસ્કરને સત્કારવા જાણે થનગન થનગન થઇ રહ્યાં. સાથે પ્રકૃતિ પણ યૌવનનો તરવરાટ અનુભવતી કો નવોઢા સમી નાચી ઊઠી. પતિતપાવની રેવાના ઉભય તટપર આવેલાં દૂરદૂરનાં દેવાલયોમાંથી ગુંજતા મધુર ઘંટારવ વાયુમંડળને આલ્હાદક બનાવી રહ્યા, વાતાવરણ શુદ્ધ સાત્વિક આંદોલનોથી સભર બન્યું. મોરલાના મીઠા કેકારવ, કોયલના કોમલ ટહુકાર, અનેકવિધ પક્ષીઓના કર્ણપ્રિય કલરવથી ગગનમંડળમાં એક પ્રકારની મધુર ચેતનાનો સંચાર થયો. વહીવહીને સાગર તરફ દોડતાં, ધીમો પણ પ્રિય ધ્વનિ પોતાની પાછળ મૂકી જતાં રેવાનાં શાંત પણ સતત સરસર સરતાં નિર્મળ નીરનાં વહેણ પરમાર્થના પથિકને પંથ કાપવાની પ્રેરણા કરતાં પરમાત્મામાં સમરસ બનવાનો સંકેત કરતાં હતાં. કિનારે ઊભેલાં અનેકવિધ વિશાળકાય વૃક્ષોને આલિંગતો મંદમંદ વાયુ લ્હેરાતો હતો. પ્રકૃતિ

પ્રવૃત્તિની પ્રેરણા દેતી. ભગવાન ભાસ્કરની વિભા જાણે વિશ્વને આલિંગન કરતી હોય તેમ પૂર્વક્ષિતિજ પર તેજના અંબારને વિસ્તારતી કમલદલનો વિકાસ જાણે જ્ઞાનપ્રકાશ આત્માનો વિકાસ થયો હોય એવું સૂચન કરતો.

એવા પ્રભાતસમયે માતૃદેવો ભવ ના વૈદિકસિદ્ધાંતને જેણે જીવનમાં જડી લીધો છે એવા શ્રી રંગ અવધૂતે વંદનીય માતાજીને પ્રણિપાત કર્યા. ભગવતી રેવાને વંદન કર્યાં, આશુતોષ ભગવાન શ્રી. નારેશ્વરને પ્રણામ કર્યા. સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદસરસ્વતીનું સ્મરણ કર્યું અને ગુરુદેવદત્તના અખંડ સ્મરણ સાથે તા. ૯-૪-૬૨ના રોજ પ્રભાતે લગભગ છ વાગ્યે પ્રયાણ આદર્યું સહપ્રવાસી હતા યજમાન શ્રી. ભગવંતરાવ રણછોડજી દાભાડે અને શ્રી. રવિશંકર જમિયાતરામ દવે. એ પ્રવાસીઓએ પણ શ્રી. અવધૂતના કદમમાં કદમ મેળવી ચાલવા માંડયું. ધીમે ધીમે વાટ વટાવતા શ્રી. અવધૂત નારેશ્વર રોડ સ્ટેશન પર પધાર્યા.*

૨

નારેશ્વર રોડ સ્ટેશન ઉપર થોડો સમય વિશ્રાંતિ લીધી ન લીધી ત્યાં તો આભમંડળમાં ધૂમ્રનાં કાળાં વાદળાં વેરતી કોરલથી ગાડી આવી ઊભી. શ્રી. અવધૂતસમા પરમ પવિત્ર પથિકનો સ્પર્શ કરી પોતે પણ પાવન થવાના સોણલાં સેવતી ગાડીમાં પોતાના

* શ્રી. અવધૂત-નિવાસ-નારેશ્વરથી નારેશ્વરરોડ સ્ટેશન સુધીના બે માઈલમાં શરીરની ફાવે તેવી પરિસ્થિતિમાં પણ કોઈપણ જાતના વાહનનો ઉપયોગ ન કરવાનો પૂ. શ્રી અવધૂતનો કડક નિયમ હોવાથી, બીજે શારીરિક અસ્વસ્થતા વગેરેને લીધે વાહનનો ઉપયોગ થવા લાગ્યો છતાં પણ, હંમેશા પગપાળો જ પ્રવાસ થાય છે.

પરિચારકો સાથે પ્રથમ વર્ગના ડબ્બામાં શ્રી અવધૂતે આસન જમાવ્યું એટલે હસતી, નાચતી, કૂદતી અરે, આનંદના ઉદ્ગારો કાઢી વાયુમંડળને આલ્હાદિત કરતી પૂરપાટ દોડવા માંડી. માર્ગમાં આવતાં સ્ટેશનો ઉપર લોકોનાં ટોળાંએ શ્રી. અવધૂતનાં દર્શન કર્યાં, એમનો સત્કાર કર્યો અને પાવન થયાં. અંતે ગાડી મિયાગામ આવી.

મિયાગામ શ્રી. અવધૂતથી પરિચિત હોઈને એમના આગમનના સમાચાર ચોગરદમ ફેલાતાં લોકો "હાથમાં લઈ પડા પુષ્પફળના" જેમ ફાવ્યું તેમ દોડયા. અહીં શ્રી. અવધૂત બે ત્રણ કલાક થોભ્યા એટલો વખત લોકોએ દરસપ્યાસી આંખો ઠારી. લગભગ અગિયાર વાગ્યાના સુમારે શ્રી અવધૂતે "સૌરાષ્ટ્ર એક્સપ્રેસ"માં આસન લીધું ભગવત્સ્વરૂપ મહામૂલા એ મહેમાનને લઈને ટ્રેન આનંદાવેશમાં ઊપડી. અંતેવાસીઓ શ્રી. દાભાડે અને શ્રી. રવિશંકર પણ ડબ્બામાં શ્રી. અવધૂત સાથે રહ્યા. "અવધૂતચિંતન શ્રી ગુરુદેવદત્ત"ના પ્રચંડ ધ્વનિએ આકાશ ગુંજી ઊઠયું. માર્ગમાં ભરૂચ, સુરત, નવસારી વગેરે મુખ્ય મુખ્ય સ્ટેશનો ઉપર જ્યાં જ્યાં ગાડી થોભી ત્યાં ત્યાં લોકો ભેગા થયા હતા અને પ્રેમનાં પ્રતીક સમાં પુષ્પો અને ફળો અર્પણ કરતા. અવધૂત નેહભરી નજરે સૌ ભક્તોને આશીર્વાદ આપતા. જનતાનો ભાવ શ્રી અવધૂતને પણ પુલકિત કરતો હતો. ભરૂચના સ્ટેશન પર લોકો નિરાંતે દર્શન કરી શકે એટલા માટે ગાડી વધારે થોભી. ત્યાંથી નવસારીવાળા શ્રી રામજીભાઈ મણિભાઈ નાયક પણ પ્રવાસમાં જોડાયા. સુમારે ત્રણ વાગ્યા પછી ગાડી આખરે વલસાડ પહોંચી.

વલસાડ સ્ટેશને દર્શનાર્થી માનવમેદનીએ તો માઝા જ મૂકી ગાડી આવતાં જ દર્શન માટે હાંફલા ફાંફલા ભક્તો આમતેમ દોડાદોડ કરવા લાગ્યા. ગાડી થોભી અને માનવમહેરામણ શ્રી. અવધૂતના ડબ્બા તરફ સમુદ્રના આરે ધસતાં તરંગો પેઠે ધસ્યો.

શ્રી અવધૂત વલસાડ જ ઊતરવાના છે એ બધાય જાણતા હતા છતાં દર્શનપિપાસાને લીધે ધીરજ તે કઈ પેરે ધરે ? ભૌતિક બે ચક્ષુ હોવા છતાં અનંતચક્ષુ અવધૂત આત્માએ એ બધાં ય દર્શનઘેલા ભકતો તરફ જોયું અને સર્વેને તૃપ્તિ થઈ. હવે શ્રી. અવધૂતને થોડી વિશ્રાંતિની જરૂર હતી. સ્ટેશન ઉપર વિશ્રાંતિ-ગૃહમાં જ સ્નાન, વિશ્રામ વગેરેની વ્યવસ્થા ધરમપુરના શ્રી જનાર્દન માલનકર અને બીજા ભાઈઓએ કરી જ હતી. દિનભરનો પ્રખર તાપ સહન કર્યો હતો, પ્રવાસનો પરિશ્રમ પણ વેઠયો હતો અને ગાડામાર્ગે અઢાર માઈલ પ્રવાસ કરી ધરમપુર જવાનું હતું. આ બધા સંજોગોનો ખ્યાલ કરી વલસાડમાં બે કલાક વિશ્રાંતિ લેવાનો બધાએ વિચાર કર્યો અને તદનુસાર શ્રી. અવધૂતે સ્ટેશન પર જ વિશ્રાંતિ ગૃહમાં સ્નાન કર્યું ભિક્ષાનો પણ અહીં જ પ્રબંધ કરવામાં આવ્યો હતો. પણ આગળ પ્રવાસ કરવાનો હોવાથી શ્રી. અવધૂતે ભિક્ષા લેવાનું ઉચિત ન ધાર્યું પણ તૃષાનિવૃત્તિ અર્થે થોડું શ્રીફળનું જળ લીધું. અને થોડી વિશ્રાંતિ લઇ લગભગ પાંચેક વાગે પ્રવાસ શરૂ કર્યો પ્રવાસના પરિશ્રમથી અને તડકાથી થાક લાગે. ભૂખ, તરસ વગેરે શરીરના ધર્મો. એને અને આત્માને શો સંબંધ ? શ્રી અવધૂત પરોઢિયે નારેશ્વરથી નીકળ્યા અને વલસાડ આવ્યા ત્યાં સુધી તેમણે ટીપું પાણી પણ નહોતું લીધું તો બીજા ઉપકરણની તો વાત જ શી કરવી ? એમતે ભૂખતરસનો વિચાર સરખો પણ નહોતો આવ્યો એટલે શરીરની એ ઉપાધિથી પર એ આત્મરત વિભૂતિને શારીરિક વિકારોની કશી જ પડી નહોતી. જેને દેહભાન છે, દેહાધ્યાસ છે તેને જ ભૂખતરસની ઉપાધિ લાગે. જે દેહવાન હોવા છતાં માત્ર દેહનો સંચાલક છે, દેહી છે, તેને એ વિકારો કશી અસર કરી શકતા નથી એ શાસ્ત્રસંમત સિદ્ધાંતનું આપણને આ પ્રસંગે ભાન થાય એમાં નવાઈ નથી. દેહ અને દેહીનો સંબંધ નશ્વરમાં શાશ્વત સમો છે. દેહી શાશ્વત તો દેહ

નશ્વર છે. છતાં એ નશ્વરદેહના આશ્રયે રહેલ એ શાશ્વતદેહી જ દેહને નભાવે છે. અસ્તુ.

૩

"મારી મોટર બાપજીને હમણાં ધરમપુર પહોંચાડી દેશે." કોક ભાઈએ કહ્યું.

"બાપજી મોટરમાં બેસતા નથી." પ્રત્યુત્તર મળ્યો.

"કેવી વાત કરો છો ? આજના પળેપળ પ્રગતિ કરતા જમાનામાં શ્રી અવધૂત મોટર ન વાપરે એ તો ઠીક ન કહેવાય."

"એ તમારો દૃષ્ટિકોણ છે. તમે શ્રી. અવધૂતના દૃષ્ટિકોણથી વિચાર કરોને !"

આજકાલ ડગલે ને પગલે માણસને વાહન જોઈએ એટલુંજ નહિ પણ વેગવાન વાહન જોઈએ છે. જાણે આંખ મીંચીને ઉઘાડીએ એટલે પૃથ્વીને એક છેડેથી બીજે છેડે પહોંચી જવાય એટલું વેગીલું વાહન એ વાંછે છે. એ જમાનામાં શ્રી. અવધૂતે ઘોડાગાડી કેમ પસંદ કરી ? એ પ્રશ્ન ઉદ્‌ભવે છે. એનો ઉત્તર સરળ છે. વરસો સુધી એમણે હજારો માઈલોની પગે મુસાફરી કરી. સાધનકાળમાં વરસો સુધી એકાંતમાં, અરણ્યમાં નિવાસ કર્યો. યોગાભ્યાસ આદરી નિર્વિકલ્પ સમાધિ સુધીનું સાધન સિદ્ધ કર્યું. શરીરના તમામ જ્ઞાનતંતુઓ સૂક્ષ્મ થયા. શુદ્ધ વાતાવરણનું સેવન કર્યું. સર્વાંગયોગ સિદ્ધ કરીને એણે એનું શરીર 'યોગતનુ" બનાવ્યું. અને તેથી શહેરનું ગંદુ વાતાવરણ એ એક ક્ષણ પણ સહન કરી જ ન શકે. શરીરમાં ખૂંચી ગયેલ એક નાનકડી સરાક જેમ આપણે શહન કરી શકતા નથી તેમ એની ઘ્રાણેન્દ્રિય સહેજ પણ બદબો સહન કરી શકતી નથી. મોટરમાંથી પેટ્રોલ અને તેલની જે બદબો નીકળે છે તે એનાથી સહાતી નથી. તેથી આ આજના

પ્રગતિશીલ જમાનામાં પણ જૂની પ્રણાલિકાને અનુસરી તેઓ બેલ ઘોડાની ગાડીનો જ પ્રવાસમાં ઉપયોગ કરે છે, અથવા તો પગપાળા પ્રવાસ કરે છે,

"એને મોટરમાં બેસવાનું મન જ થતું નથી." જો "મન થાય" તો તો મોટરની બધી જ દુર્ગંધ સ્વયં સહન થઈ શકે. પણ એની પાસે મન જ નથી. મનના અભાવે એને મોટર કે કોઇ પણ વાહન બધું જ સરખું છે અને એ દૃષ્ટિથી પણ શ્રી. અવધૂત કોઇ પણ પ્રકારના વાહનનો આગ્રહ રાખતા નથી. હા, પ્રકૃતિને પ્રતિકૂળ હોવાથી જ એ મોટરનો ઉપયોગ કરતા નથી એ એક સાદી અને સરળ વાત છે.

જૂની વાત છે. વરસો પહેલા શ્રી. અવધૂત ડુમસ પધાર્યા હતા. ત્યાંથી પાછા વળતાં સુરત રોકાવવાનું હતું. પૂ. મહારાજ શ્રીના પરમભક્ત ડો. રણજીતભાઈ ભટ્ટ પોતાના એક મિત્રની વણવાપરી નવી જ મોટર શ્રી. અવધૂતને ડુમસથી સુરત લઈ જવા માટે આણી. એ મોટર ચાલે ત્યારે પેટ્રોલની જરાય વાસ આવે નહિ એમ ડો. રણજીતભાઇએ કહેલું. અખતરો કરવાના હેતુથી જ શ્રી. અવધૂતે એ મોટરમાં બેસવાનું સ્વીકાર્યું, એકાદ માઈલ મોટર ચાલી હશે અને ખરેખર બીજાઓને પેટ્રોલની વાસ ન આવતી હોય એ બનવા જોગ છે પણ શ્રી. અવધૂતને એકાએક ફેર આવવા લાગ્યા. અને વમન થશે એવી આશંકાના પરિણામે શ્રી. અવધૂતે મોટર થંભાવવા કહ્યું. નીચે ઊતર્યા અને એકાદ ઉલ્ટી પણ થઈ ત્યારે જ તેમને કંઈક શાંતિ વળી પછી તો પગપાળા જ પ્રવાસ કરી પાંચસાત માઈલનો રસ્તો કાપીને શ્રી. અવધૂતજી સુરત પહોંચ્યા. આ તો જાતદીઠી વાત છે. આ કારણે અહીં પણ અવધૂતે મોટરનો પ્રવાસ ન કરતાં ઘોડાના વાહનનો પ્રવાસ પસંદ કર્યો અને વલસાડથી પ્રવાસ કરતા સુમારે આઠેક વાગે ધરમપુર પહોંચ્યા.

૪

ધરમપુર

વિલીનિકરણ પૂર્વે ધરમપુર એક નાનકડું સંસ્થાન હતું. સૂર્યવંશી સિસોદિયા મહારાણા પ્રતાપના વંશજોએ ધરમપુર-રામનગરના આદિવાસી રાજાઓનો પરાજય કરી અહીં પોતાની રાજયગાદી સ્થાપેલી. અને ત્યારથી એ રાજ્ય વ્યવસ્થિત રીતે રાજય તરીકે સ્થપાયું. મહારાણા શ્રી. વિજયદેવજી એ રાજ્યના રાજા હતા ત્યારે તેનું વિલીનિકરણ થયુ અને રાજય ભારત રાજ્યના એક અંગ તરીકે ધરમપુર તાલુકો બન્યું. હાલમાં ધરમપુરના રાજા તરીકેનો મોભો શ્રી. સહદેવજી ભોગવે છે. પ્રજા તેમને પોતાના રાજા તરીકે સન્માને છે. અસ્તુ.

ધરમપુરના પાદરે જ પ્રવેશદ્વાર જેવા ત્રણ દરવાજા છે ત્યાં શ્રી અવધૂતની ગાડી ઉભી તે પહેલાં ગામના આબાલવૃદ્ધ ભાવિક, અભાવિક બધા જ શ્રી. અવધૂતને સત્કારવાને ભેગા મળ્યા હતા. ઘણે વરસે શ્રી. અવધૂત ત્રીજી વાર ધરમપુર પધાર્યા ત્યારે જનતા હર્ષઘેલી બની. પણ અંધકારમાં શું દર્શન કરે ? શ્રી. અવધૂત પ્રકાશ સહન કરી શકતા નથી. એમની આંખોમાં આત્મઓજસ એટલું ભર્યું છે કે પાર્થિવ પદાર્થોને જોવાને એમને પાર્થિવપ્રકાશની ભાગ્યે જ જરૂર પડે. જે દિવ્યદષ્ટિથી આત્માના ઓજસનો અનુભવ કર્યો છે તે દિવ્યદષ્ટિ વડે જ એ પાર્થિવ પદાર્થોનાં દર્શન પણ કરે છે અને તેથી એને દીપકની જરૂર પડતી નથી. દીપકના અભાવે લોકોએ તો માત્ર એમના ઝાંખા ઓળાના જ દર્શન કર્યાં. હવે તો શ્રી. અવધૂત ધરમપુર થોડો સમય વ્યતીત કરવાના છે એ આશ્વાસન હતું એટલે અહીં વધુ સમય ન ગાળતાં સરઘસ આકારે ભકતવૃંદ ભજન વગેરેનો સાત્ત્વિક ઘોષ કરતું આગળ વધ્યું.

સુમારે પચ્ચીસેક વર્ષ ઉપર જ્યારે શ્રી. અવધૂતને અત્યારના જેટલી પ્રસિદ્ધિ મળી નહતી ત્યારે ધરમપુરના સદ્દગત શ્રી. નારણભાઇ પટેલની વાડીમાં શ્રી. અવધૂત એક સામાન્ય સંત તરીકે અજ્ઞાત અને અપરિચિત અવસ્થામાં પધાર્યા હતા. એ સ્થાનમાં થોડા દિવસ ગામબહાર વાસ કર્યો પણ ગામની જનતા એ વિભૂતિથી અપરિચિત એટલે કોઈ ગણનાપાત્ર વ્યકિતઓ શ્રી. અવધૂતના દર્શને આવતી નહતી યજમાન સદ્દગત શ્રી. નારણભાઈને આ પરિસ્થિતિથી મનમાં જરા રંજ થયો. પરચિત્તપ્રવેશપારંગત શ્રી. અવધૂતે નારણભાઈના એ મનોગતનો તાંતણો પકડયો. ઈ.સ. ૧૯૩૭

"કેમ નારણભાઈ ? શું વિચારમાં છો ?"

"કોઈ દર્શન કરવા આવતું નથી તેનો મનમાં જરા રંજ છે."

"આપણે કોઇને દર્શન કરાવવાની શી જરૂર છે ? તમે તો દર્શન કર્યાં ને ?"

હા, પણ બીજાઓને પણ એનો લાભ મળે તો તેનું પણ કલ્યાણ તો થાય, એમ."

અને બીજા જ દિવસથી ગામની ગણનાપાત્ર વ્યકિતઓ પણ શ્રી. અવધૂતના દર્શને આવતી થઇ. અને નારાયણભાઇને સંતોષ થયો. આમ શ્રી. અવધૂત ધરમપુરની પ્રજાથી અંશતઃ પરિચિત હતા.

ઈ.સ. ૧૯૪૯

આ પ્રસંગ પછી બીજા બાર વર્ષે શ્રી. અવધૂત પુનઃ નારણભાઈની વાડીમાં એ સ્થળે પધાર્યા ત્યારે પ્રસિદ્ધિના ભૂતે પોતાના હાથ પસારી, પોતાની કાય વધારી. પોતાનું સ્વરૂપ વિશાળ કરવાનું શરૂ કર્યું હતું. આ પ્રસંગે પણ શ્રી. અવધૂત ધરમપુરમાં લગભગ દશેક દિવસ રહ્યા. પરંતુ તે પહેલાં પણ લોકો નારેશ્વર જતા હતા એટલે ધરમપુરની પ્રજા સારી રીતે પરિચિત હતી અવધૂત પરિવારની સંખ્યા ગણનાપાત્ર હતી એટલે આ વખતે

પ્રસિદ્ધિ વધારે થાય તે દેખીતું જ છે. ગુજરાતમાં શ્રી. અવધૂતના નામનો ઘેરઘેર ઘોષ થતો હતો એટલે કેટલાક દર્શન કરીને, કેટલાક કર્ણોકર્ણ વાતો શ્રવણ કરીને પ્રત્યક્ષ વા પરોક્ષ રીતે શ્રી. અવધૂતના નામથી, એના દૈવી પ્રભાવથી પરિચિત બન્યા હતા. અને તેથી શ્રી. અવધૂત ધરમપુર પધારવાના છે એ જાણીને બધાંયનાં મન નાચી ઊઠયાં હતા. આજે જ્યારે અવધૂત પ્રત્યક્ષ પધાર્યા ત્યારે ધરમપુરની સમગ્ર પ્રજા પોતાના અંતરનો શુદ્ધભાવ વ્યક્ત કરવા અહીં ભેળી થઈ હતી. જાણે માનવસાગર જ ઉલટયો. સંધ્યાનો સમય તો વ્યતીત થઇ ગયો હતો છતાં સંધ્યાની શાંતિ પથરાયેલી હતી એ શાંતિના સાત્ત્વિક આંદોલનમાં શ્રી. અવધૂતના સાન્નિધ્યથી અધિક સાત્ત્વિકતા વ્યાપી હતી અને ભજન–કીર્તન કરતા કરતા ચાલતા ભકતો જાણે દેહભાન ભૂલ્યા હતા, અવધૂતમય બન્યા હતા. વાદ્યઘોષથી વાતાવરણ ગુંજી રહ્યું હતું ત્યારે 'દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા'ની શ્રીદત્તભકતોની પ્રિય પ્રચલિત ધૂન ગાજી રહી હતી. જાણે વાયુ-મંડળમાં પણ એ ઘોષનો પ્રતિઘોષ ગુંજી રહ્યો હતો. વૃક્ષોનાં પાન પણ જાણે એ નાદને ઝીલતાં હતાં. વૃક્ષની ડાળે ડાળે વિશ્રાંતિ લેતાં પક્ષીગણ પણ જાણે નાદબ્રહ્મમાં લીન બન્યા હતા. ભકતજનો ધીમે ધીમે ધરમપુર ગામ ભણી આગળ ચાલવા લાગ્યા અને અંતે સદ્ગત શ્રી હિંમતસિંજી મોહનબાવાના મકાન આગળ થોભ્યા અહીં શ્રી. અવધૂતનો મુકામ નકકી કર્યો હતો. એ સત્કારયાત્રા અહીં સમાપ્ત થઈ. દિગંત ગજવે એવો 'અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત'નો જયધ્વનિ થયો.

અહીં શ્રી. અવધૂતનો આવાસ હતો. કદલીસ્થંભ, આસોપાલવ આદિ ધ્વજપતાકાઓથી એ સ્થાનને સુશોભિત કરવામા આવ્યું હતું. લોકોનો ઉત્સાહ અદમ્ય હતો. પ્રવેશદ્વાર આગળ શ્રી. અવધૂત ઊતર્યા. બહેનોએ ઓવારણાં લીધાં, લુણ ઉતાર્યા.

શ્રી અવધૂતે સર્વને સ્મિતવદને આશીર્વાદ આપ્યા અને "શ્રી. અવધૂત મહારાજકી જય"ના આકાશ ગજવે એવા ધ્વનિ સાથે એ જનમેદની ઓસરવા લાગી.

દિવસના પરિશ્રમ પછી શ્રી. અવધૂતે સ્નાન કર્યું યજમાનના સમાધાન અર્થે સાદુ ભોજન કર્યું અને વિશ્રાંતિ લીધી.

આમ શ્રી. અવધૂત તા. ૯-૪-૬૨ના રોજ રાત્રે આઠેક વાગ્યાના સુમારે ધરમપુર પધાર્યા. યજમાન શ્રી. દાભાડેની ઘણા વખતની, ધરમપુરમાં-પોતાના વતનમાં-શ્રી. અવધૂતની સેવા કરવાની અભિલાષા સંતોષાઇ અને આનંદ થયો.

૫

પ્રવાસનું પ્રયોજન

લાવે સંત અનંતનો ભવતારક સંદેશ,
'ઓળખ તારી જાતને,' દે એવો આદેશ.

(નિર્ગુણ નિરાકાર બ્રહ્મનું સગુણ, સાકાર સ્વરૂપ એટલે સંત.) એનું સ્થૂલ સ્વરૂપ સ-અંત. સાન્ત એ આકારમાં રહેલ અનંત તત્ત્વ વિશ્વવ્યાપક છે સચરાચરવ્યાપી એ તત્ત્વ એ સાન્ત શરીરમાં રહેલું છે. એ પરમતત્ત્વ જ પોતાનું સાચું સ્વરૂપ છે. જે દશ્ય છે તે નાશવંત છે. પણ એ દશ્ય દ્વારા અદશ્ય આત્માને ઓળખવાનો સદ્બોધ આપી સ્વરૂપની પિછાન કરાવવા માટે અદશ્ય આત્માના સંકેત અનુસાર સંતો જગતમાં જન્મે છે. સંતના જીવન સાથે જગતને એ ઉપદેશ આપવાનો આદેશ જકડાયેલ છે. એ આદેશ પૂર્ણ કરવા માટે જ સંતો એક જ સ્થળે ઠરીઠામ બેસતા નથી અને પ્રવાસ કરી પોતાનું જીવનકાર્ય કરતા રહે છે. નદીનો પ્રવાહ જેમ સદાય વહેતો રહે છે અને વહીવહીને અંતે

સાગરને મળી તેમાં સમાય છે તેમ સંતો પણ પોતાના જીવનનું કાર્ય કરવા માટે રોજરોજ ફરતા જ રહે છે. અને જ્યારે જીવનકાર્ય પૂર્ણ થાય ત્યારે જ સંત અંતમાં સમાઇ જાય છે. સંતસાધુના પર્યટનનો આ હેતુ છે.

શ્રી. અવધૂતનું જીવનકાર્ય પણ એ છે. એમના ગુરુદેવનો એમને એ આદેશ છે. અને એ આદેશના યથાવત્ પરિપાલન અર્થે સ્થૂલથી નિઃસંગ રહીને ગુરુદેવચીંધ્યા જીવનકાર્યને સરિતાના વહેણ પ્રમાણે આગળ અને આગળ ધપાવવાને પ્રવાસ, પર્યટન કરતા રહે છે. એમના ગુરુદેવ શ્રી. વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજ જેમ એક સ્થળેથી બીજે સ્થળે પર્યટન કરતા હતા, લોકોમાં ધર્મભાવના જાગૃત કરતા હતા, અને લોકોને સદાચાર, સ્વધર્મ, ભકિત આદિ આત્મોન્નતિના માર્ગે લઇ જનાર સદ્બોધ આપતા હતા, તે જ રીતે શ્રી. અવધૂત પણ.

વિચરે પરહિતકારણે ભૂલી નિજપરભેદ,
ભાણસમા નિજ તેજથી ટાળે જનમનખેદ.

આ સંતોના પ્રવાસનો સામાન્ય હેતુ શ્રી અવધૂતે પ્રખર તાપમાં આવો પ્રવાસ કેમ ખેડયો એ એક પ્રશ્ન સમાજમાં સ્વાભાવિક ઉદ્ભવે. તેનો પણ બુદ્ધિગમ્ય ઉકેલ આણવો આવશ્યક છે. મનુષ્ય પ્રત્યેક પગલું ભરે છે તેની પાછળ તેનો ઉદ્દેશ રહેલો છે. શ્રી અવધૂતના આ પગલાની પાછળ શો ઉદ્દેશ છે એ તો પોતે ભાગ્યે જ કહે. પણ આપણે પરિસ્થિતિથી પરિચિત હોઇએ તો આપણને ઉકેલ સહજ મળી જશે.

શ્રી અવધૂતનો આ પ્રવાસ ત્રિવિધ હેતુપુરઃસરનો હતો. મારા જેવા કેટલાક નિકટવર્તીઓ એમ માનતા કે શ્રી. અવધૂત અમારા જેવા ચિરપરિચિત અને અહંમન્ય સેવકોની અનુપસ્થિતિમાં એકલા

અથવા બીજાઓ સાથે પ્રવાસ કરી જ ન શકે. તેવાઓની એ ભ્રમણા અને પ્રમાદ નિર્મૂળ કરવાનો અને તેમને સેવાના અહં-ભાવનો રોગ લાગુ પડયો હોય તેમાંથી તેમના જ શ્રેય અર્થે તેમને બચાવી લેવાનો એક શુભ હેતુ હતો.

સંતો તાપના દિવસોમાં ઘણુંખરૂં સમુદ્ર કિનારે કિંવા શિતળ હવામાન હોય તેવી જ જગ્યાએ સમય વ્યતીત કરે છે. સંતને ટાઢ, તડકો અસર કરતાં નથી, કેમ કે તેઓ દ્વંદ્વાતીત હોય છે. પણ એ દેહભાવે સત્ય નથી, આત્મભાવે એ સત્ય છે. આપણને જેમ ટાઢતડકાથી ત્રાસ થાય છે, તેમ સંતને પણ દેહભાવે એ ત્રાસ થાય છે જ. પણ તેનો કલેશ જે આપણે અનુભવીએ છીએ તે તેમને થતો નથી. ટાઢમાં ઉષ્ણતા અને તાપમાં શિતળતાનાં પ્રસાધનો માટે જે વલખાં આપણે મારીએ છીએ તેમ એ સંતો કરતા નથી. પણ જે જીવનકાર્ય અર્થે પરમાત્માએ શરીરને માધ્યમ બનાવ્યું છે, તે કાર્ય પૂર્ણ કરવા માટે તો એ શરીર સ્વસ્થ રહે એ હેતુથી એમના નિકટવર્તી ભકતો એ શરીરની આવશ્યક સગવડ સાચવવી એ પોતાનો ધર્મ માને તે સ્વાભાવિક છે. અને તેથી જ જીવનકાર્ય પૂર્ણ કરવામાં શારીરિક અસ્વાસ્થ્ય વિઘ્નરૂપ ન થાય એ હેતુએ જ સંતોને અનુકૂળ વાતાવરણમાં લઈ જાય છે. આ જ કારણે શ્રી. અવધૂતનો પણ અવારનવાર ડુમસ જેવા સમુદ્રકિનારે તાપના દિવસોમાં પ્રસંગોપાત નિવાસ ગોઠવાતો હોય છે. પણ પોતે તાપમાં ફરી ન જ શકે એવો કોઇ અજ્ઞાનીના મનમાં ભ્રમ હોય તો તે દૂર થાય એ પણ એ લાંબા અને શહેરની સુખ-સગવડોવિહોણા ગ્રામ્ય ગ્રીષ્મપ્રવાસનો હેતુ હોય એ બનવાજોગ છે. "તાઢતડકો સહન કરી શકતા નથી." એમ કહેવું એ કેવળ આપણી સંકુચિત વિચારધારાનું જ ક્ષુદ્ર પ્રદર્શન છે. અસ્તુ. આ વરસે શ્રી. અવધૂતે ખરા તાવમાં તાપના ડુંગરાળ પ્રદેશમાં પ્રવાસ કરીને એ માન્યતા વ્યર્થ છે એમ સિદ્ધ કર્યું છે. આ વરસના

એકસોચાર દિવસના સતત પ્રવાસમાં અને તે પણ શિતવાયુમાન કે ઉષ્ણવાયુમાન કે વર્ષાની પણ પરવા કર્યા વિના કોઇ જગ્યાએ બે દિવસ, કોઇ જગ્યાએ ચાર દિવસ ગમે ત્યાં મુકામ કરીને, ધરમપુર જેવા ડુંગરાળ પ્રદેશમાં તો ચારે કોર પત્થર તપે, ધરણી ધખે, સમુદ્રકિનારાના ઉષ્ણુતામાન કરતાં તો જ્યાં ઉષ્ણુતામાનનું પ્રમાણ પણ અધિક ત્યાં સતત એક માસ સુધી મુકામ કરીને એ ભ્રમણા દૂર કરવાને અવકાશ આપ્યો છે. આમ એક જ કાંકરે બે પક્ષી મારીને શ્રી અવધૂતે અનાયાસે જ પોતાની આત્મસ્થિતિની પણ ઝાંખી કરાવી છે સંતો સાથે રહેનારા મારા જેવા નિકટવર્તી પરિચારકોને માટે એ બોધપાઠ છે. કેવળ કુતૂહલદૃષ્ટિએ સંતો તરફ નજર કરનાર અને ચિકિત્સકબુદ્ધિએ સંતોના જીવનની પોતાની બુદ્ધિ અનુસાર કલ્પના કરનારને માટે પણ આ પ્રવાસ એક બોધપાઠ સમાન છે. પ્રસંગવશાત્ એક વખતે શ્રી અવધૂતે કહ્યું, "સંતો સર્પ જેવા છે. તે ક્યાં જાય છે, ક્યાં ફરે છે. કેમ ફરે છે, ક્યા રાફડામાં ભરાય છે તેની સ્વાભાવિક રીતે કોઇથી કલ્પના થઇ શકતી નથી." અને એ સિદ્ધાંત અન્વયે સંતનાં માત્ર બાહ્ય લક્ષણો જોઇને જ તેના અંતરની કલ્પના કરી લેવી એ વાસ્તવિક નથી. સંતને ઓળખવા હોય તો સંત જ બનવું પડે સંતના સંચારના હેતુની કલ્પના કરવી એ સ્વભાવસિદ્ધ નથી. અસ્તુ.

હવે આપણે શ્રી. અવધૂતના ત્રીજા હેતુની પણ થોડી કલ્પના કરીએ.

પ્રવાસીના ત્રણ પ્રકાર સાધક, સિદ્ધ અને સહેલાણી,

સાધક દેહાધ્યાસથી મુક્ત થવા, તિતિક્ષા અર્થે પ્રવાસ આદરે. અનાસકતભાવ પણ એ રીતે કેળવી શકાય. સાધકને પ્રવાસ સાધનના એક અંગ તરીકે શિક્ષાત્મક પ્રવાસ કહી શકાય. સિદ્ધ પ્રવાસ કરે લોકસંગ્રહ અને લોકકલ્યાણ અર્થે અને શ્રી અવધૂતે કહ્યું છે તેમ,

ઘર ઘર જાકે અલખ જગાના, કુકરભૂત ભગાના.

જ્યારે શ્રી. અવધૂતની પ્રવાસપ્રણાલિકા અને પ્રવાસમાં યોજાતા કાર્યક્રમોનો અને દિનચર્યાનો આપણે વિચાર કરીએ ત્યારે એ પ્રવાસ કેવળ લોકકલ્યાણ અને લોકસંગ્રહાર્થે જ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. અને તેથી શ્રી અવધૂતનો પ્રવાસ એ સંતનો પ્રવાસ છે એમ જ કહીશું

સાક્ષાત્કાર થયા પછી અને દ્વૈતભાવની નિવૃત્તિના પરિણામે સંત નિર્ગુણ નિર્દ્વંદ્વ બનીને જગતમાં લોકસંગ્રહ અર્થે વિચરે છે. ટાઢ, તાપ, વરસાદ વગેરેનું બાહ્ય ભાન જ્યાં સુધી વૃત્તિ જીવિત છે ત્યાં સુધી જ રહે છે. [જ્યારે સર્વ વૃત્તિઓનો લય થાય છે અને અહંતાનો ક્ષય થાય ત્યારે સ્વાભાવિક રીતે જ દેહભાન રહેતું નથી.] સંત સદાય આત્મભાવમાં જ રત રહે છે. આપણે શ્રી અવધૂતની એ દશા ઘણીવાર જોઈ છે, અનુભવી છે. શ્રી. અવધૂત મૂક બેઠા હોય, આપણે પણ મૂક બેઠા હોઇએ. એમ ઉભયપક્ષે મૌન જ હોય છે પણ આપણે જ્યારે એ મૌનનો ભંગ કરીને એકાદ પ્રશ્ન શ્રી અવધૂતને પૂછીએ ત્યારે જેમ સ્થિર જળમાં કાંકરી નાંખતા લહર આવે તેમ શ્રી. અવધૂતની આત્મલીન અવસ્થામાં ભંગ પડે છે, એમ જાણે ઊંઘતો માણસ એકદમ અવાજ સાંભળી હાંફળોફાંફળો બની 'હા' કરી દે છે, તેમ અવધૂતને પણ 'હા' કહેતા આપણે સાંભળીએ છીએ. એકાકી અવધૂત સદા આત્મમગ્ન રહે છે. આમ દ્વૈતભાવના નિરસન સાથે અદ્વૈતભાવની સ્થિરતા થતાં જેમ ઘાટે ઘાટે આકારદૃષ્ટિ જ બની જાય છે તેમ શરીરનું અસ્તિત્વ હોવા છતાં પણ શરીર જે ત્રણ ગુણોથી ચાલે છે તે ગુણમૂલક સુખદુઃખનું ભાન થતું નથી અભાનાવસ્થામાં એ કર્મેન્દ્રિયોની બધી જ ક્રિયાઓ યથાવત્ થાય છે પણ એ ક્રિયાઓમાં મનનો અભાવ હોવાથી એ ક્રિયાઓના સારાનરસાપણાનું એને તુલનાત્મક ભાન હોતું નથી.

એ રીતે આપણે વિચાર કરીએ તો શ્રી. અવધૂતનો પ્રવાસ કેવળ લોકસંગ્રહાર્થે જ હોય છે. અને ગુરુદત્ત (ગુરુએ સોંપેલું) એક જીવનકાર્ય છે, અને તે કાર્ય શરીર છે ત્યાં સુધી એણે કરવાનું છે તે કાર્યની પૂર્તિ અર્થે જ એનો પ્રવાસ હોય છે. બાકી તો एकाकी रमते बुधः ને ન્યાયે આત્મરત શ્રી. અવધૂતને આમ માનવસમુદાયમાં ભળી પોતાના એકાકી જીવનની નિર્ભેળ શાંતિમાં આવો વિક્ષેપ થાય એ ભાગ્યે જ રુચિકર બને. મહારાષ્ટ્રમાં શ્રીદત્તભકિત પ્રવાહિત છે. ગુજરાતમાં ગુરુદેવ શ્રી. વાસુદેવાનંદ-સરસ્વતી સ્વામી મહારાજે એ ભકિતપ્રવાહને પ્રવાહિત કર્યો, પણ એ પ્રવાહ વેગવાન બને તે પહેલાં જ એમણે ભૌતિકદેહનો ત્યાગ કર્યો અને પોતાની પાછળ એ જ કાર્ય કરવાનો આદેશ શ્રી. અવધૂતને આપ્યો. ગુરુદેવનો એ આદેશ પાર પાડવાને જ એ શરીર દ્વારા લોકસમુદાયના સમાગમમાં આવે છે. એને દેહઅહંતા નથી. એ ઘણીવાર કહે છે. "આ શરીર દ્વારા જ્યાંસુધી પરમાત્માને કાર્ય કરાવવું છે ત્યાંસુધી મને કોઈપણ પડકારી શકે એમ નથી. દેવનું કાર્ય પૂર્ણ થશે એટલે એ શરીર ટકવાનું પણ નથી." 'હું લોકકલ્યાણ કરૂં છું' એવો અહંભાવ પણ એના અંતરમાં જાગૃત નથી. 'મારાથી લોકોનો ઉદ્ધાર થશે' એવું મમત્વ પણ એના અંતરમાં ડોકિયા કરતું નથી. 'હું લોકોને અધોગતિના ગર્તમાંથી ઉપર લાવી ઉન્નતિના માર્ગે ચઢાવીશ' એવો ભાવ પણ એના મનમાં નથી. પોતે સદ્ગુરુ ચીંધ્યું કાર્ય કરે છે એટલે ગુરુપદ-પ્રતિષ્ઠાનો મોહ તો હોય જ કયાંથી ? શ્રી. અવધૂતના પોતાના શબ્દોમાં કહીએ તો

હું તો માગણ ગુરુઘરની દાસી રે,
એક સેવા તણી ઉપવાસી રે

એટલે ઇહજીથનું કાર્ય કરીને

રામ ઝરૂખે બૈઠકે સબકા મુજરા લેત,
જૈસી જીનકી ચાકરી વૈસા ઉનકો દેત.

એ પ્રમાણે ગુરુના દાસ તરીકે સર્વસ્વ ગુરુને ચરણે સમર્પણ કરી તેઓ જીવનકાળ વ્યતીત કરે છે. સહેલાણીઓના પ્રવાસ સાથે આપણે કશો જ સંબંધ નથી. કેવળ રાજસી અને તામસી સ્વભાવની પ્રવૃતિને પોષવા માટે પૈસાનું પાણી કરતા એ સહેલાણીઓ નથી પોતાની જાતને ઊંચે લાવી શકતા કે નથી સમાજનો ઉત્કર્ષ સાધી શકતા. માત્ર મન બહેલાવવા માટે પ્રવાસ કરતા એવાઓને માટે શ્રી. અવધૂતનો પ્રવાસ બોધપાઠ જેવો છે એમ સ્વાભાવિક કલ્પના કરીને આપણે આગળ ચાલીએ.

ધરમપુરમાં સ્થિરતા

પ્રવાસના પરિશ્રમ પછી રાત્રે શ્રી. અવધૂતે નિદ્રાદેવીને ખોળે નિર્ભયપણે માથું ઢાળી શાંતિ અનુભવી. પ્રાતઃકાળે કૂકડયો બોલ્યો અને સાથે શ્રી. અવધૂતે 'હરિ ૐ' નો કર્ણપ્રિય રણકો કર્યો. પરિચારક શ્રી અવધૂતની દંતધાવનની સામગ્રી સાથે આવી ઊભા તે પહેલા પોતે શૌચમુકત થયા જ હતા. દંતધાવન, સ્નાન વગેરેથી નિવૃત્ત થઈ સૂર્યોદય પહેલાં ધ્યાન અર્થે આસનસ્થ થયા.

શ્રી. અવધૂતનો નિત્યક્રમ કિંવા દિનચર્યા નિયમિત જ હોય છે. પરોઢિયે ચાર વાગ્યાના સુમારે

"રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી
સાધુ પુરુષે સૂઈ ન રહેવું"

એ નરસિંહ મહેતાના આદેશાનુસાર શ્રી. અવધૂત પથારીનો ત્યાગ કરે છે. સ્નાનાદિ શારીરિક કાર્યથી નિવૃત્ત થઇ યથાવકાશ એકાદ બે કલાક ધ્યાન, સ્તવન આદિમાં વિતાવી તેઓ ઉષઃકાળે

છ વાગ્યા પછી નિવૃત્ત થાય છે. સવારે સાતેક વાગ્યાથી અને કોકવાર તો તેથી પણ વહેલા

"ભક્ત આવી ખડા બારણે બાપડા
હાથમાં લઈ પડા પુષ્પફળના."

એ કાવ્ય પંક્તિઓ મૂર્તિમંત થતાં દર્શનાર્થીઓની દર્શનપિપાસા સંતોષવા બહાર આવીને બધા વચ્ચે બેસે છે. દર્શનથી અંતર ઠરતાં જ ભક્તો સાત્ત્વિક શાંતિનો અનુભવ કરે છે. ભજનિક હોય તો ભજનનો કાર્યક્રમ શરૂ થાય છે કોઈ જિજ્ઞાસુ હોય તો તેના આધ્યાત્મિક પ્રશ્નોનો સમાધાનકારક પ્રત્યુત્તર આપીને તેની જિજ્ઞાસા ઠારે છે અને એમ કરી સુમારે ૧૦-૩૦ નો સમય થતાં જ ભિક્ષા અર્થે પોતે પધારે છે.

શ્રી અવધૂતની ભિક્ષા પણ અનુકરણીય છે. ભગવાને સાત્ત્વિક આહારની વ્યાખ્યા કરતા ગીતામાં ગાયું છે.

आयु सत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥

તે પ્રમાણે દુઃખહરણ કરનાર યોગ સિદ્ધ થાય અને સ્થિર રહે એ મિષે

युक्ताहार विहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

એ સિદ્ધાંતાનુસાર શરીર અન્નમય હોવાથી, કેવળ શરીરને આધાર મળે એ હેતુથી અલ્પ સાત્ત્વિક ભોજન કરીને લગભગ અગિયાર વાગ્યે પરવારે છે. પછી એકાદ કલાક 'ભાગવત' (ન્યુજ પેપરને શ્રી, અવધૂત વિનોદમાં કલિયુગનું ભાગવત કહે છે) વાંચવામાં અથવા કાવ્યશાસ્ત્રવિનોદમાં વીતાવીને લગભગ બાર વાગ્યે વામકુક્ષિ કરે છે. વિશ્રાંતિ તો માત્ર લોકબાધાનિવારણ અર્થે જ હોય છે. શ્રી. અવધૂત આત્મનશામાં મસ્ત રહે છે. એને બીજી વિશ્રાંતિની

જરૂર નથી પણ એ આત્મમસ્તીમાં વિક્ષેપ ન થાય એ કારણે મધ્યાન્હકાળે વિશ્રાંતિ એ એક નિમિત્ત બને છે. તેઓ બે વાગ્યે ઊઠી જાય છે. ત્રણચાર વાગે શૌચસ્નાનાદિથી નિવૃત્ત થાય છે ત્યાં તો ભકતોની ભીડ જામે છે અને અવધૂત તેમની ભીડ ભાંગવા એમની વચ્ચે આવીને બેસે છે. ભકતોની ચાલુ આવ-જા વચ્ચે વાર્તાલાપ થાય છે. પાંચેક વાગ્યા પછી ભજન વગેરે ચાલે છે. આમ સંધ્યાકાળ થતાં ભકતો વિખરાઈ જાય છે. ત્યારે શ્રી અવધૂત અલ્પ ફળાહાર લઇને સુમારે નવેક વાગ્યે સ્નાન કરી આરામ કરે છે. શ્રી. અવધૂતની આ દિનચર્યા છે. સંજોગોવશાંત્ એમાં થોડો ઘણો ફેરફાર થાય છે. પોતે એકલાં બેઠા હોય કે જનસમાજમાં હોય, વાતો કરતા હોય કે મૂક બેઠા હોય તો પણ એમનું તત્ત્વાનુસંધાન અખંડ રહે છે. આ વાત એકદમ જાણી શકાતી નથી પણ થોડા પરિચય પછી તમને નિરીક્ષણ કરવાની ટેવ હોય તો તમે તરત જ એ વાત સમજી શકો છો. એની પોતાની શૂન્યમનસ્ક અવસ્થા એ વાતની સાક્ષી પૂરે છે. એની આંખો જાણે અવકાશમાં કશું જોતી હોય એવી હોય છે, અને કાન જાણે અવકાશમાં કશુંક શ્રવણ કરતા હોય છે. એનું ડોલન અને મૌન એ તત્ત્વાનુસંધાનનું એક સાત્વિક લક્ષણ છે. જ્યારે એ પોતે મૌનની મોજમાં મસ્ત હોય અને તેનો તમે ભંગ કરો ત્યારે તે પળે શૂન્યમનસ્ક અંતર્મુખ અવસ્થામાંથી દેહભાન પર આવી બહિર્મુખ થવાની ક્ષણિક ક્રિયા થાય છે તે તરફ જો તમે લક્ષ આપશો તો એના એ તત્ત્વાનુસંધાનનો તમને કંઈક ખ્યાલ આવશે, પણ એ મીમાંસા અહીં આવશ્યક નથી.

ધરમપુરમાં પણ આ જ દિનચર્યા પ્રમાણે સમયસુચિ ગોઠવવામાં આવી. ધરમપુરના વતની અને બહાર પ્રસિદ્ધિ પામેલા સંગીત વિશારદ શ્રી. દોસ્તમહંમદ આ નિવાસ દરમ્યાન ધરમપુરમાં જ હતા. તેમણે પોતાની વનમાગી સેવા શ્રી. અવધૂતને સમર્પિત કરી.

નિત્ય સવારે નવથી દસ અને સાંજે પાંચથી છ આમ દરરોજ બે કલાક પોતાના સાજસાજિંદા સાથે આવી એમનું શાસ્ત્રીય અને લોકપ્રિય સંગીત રજૂ કરતા. એ નિમિત્તે જનગણ અને જનગણ-અધિનાયકના મનનું રંજન કરતા. ભજનનો કાર્યક્રમ પણ રોજ રાખવામાં આવ્યો હતો જ. એટલે ધરમપુરનું વાતાવરણ એ રીતે સાત્ત્વિક આંદોલનથી સભર બનવા લાગ્યું.

શ્રી. અવધૂતની સેવામાં આગળ કહ્યું તેમ શ્રી રવિશંકરભાઇ હતા અને વલસાડથી નરોત્તમભાઈ ગોવિંદભાઇ (ભગતજી) ધનોરી તા. વલસાડવાળા જોડાયા હતા. તદુપરાંત ભિક્ષા તૈયાર કરવામાં અને બીજી પરિચર્યા અર્થે યજમાન દંપતી અને બીજાઓ પણ આનંદથી એક પગે સેવારત બન્યા હતા.

અહીં પરિચર્યા અને પરિચારકના ધર્મનો થોડો ઉલ્લેખ કરવો આવશ્યક છે.

સંતની સેવા કરવાનું ભદ્દભાગ્ય ભાગ્યે જ કોકને જ સાંપડે છે. પૂર્વના સંચિતનો ઉદય થયો હોય તો જ એવો અમૂલ્ય અવસર પ્રાપ્ત થાય છે. વિભૂતિવિશેષ વિરલ જ હોય. વાટેઘાટે એવી વિભૂતિ ન મળે. એનાં દર્શન પણ જ્યાં દુર્લભ હોય ત્યાં પછી સમાગમનું પૂછવું જ શું ? સમાગમ પણ જો દુષ્પ્રાપ્ય હોય તો તેની સેવાનો અવસર પ્રાપ્ત થયો હોય તો પૂર્વાજિત પુણ્યનું જ પરિણામ મનાયને ! એ સેવાધર્મ ગહન છે. સંતની સેવા કરવી અને અસિધારા પર પગલાં ભરવાં એ બન્ને સમાન છે. સંતની સેવામાં લેશમાત્ર પણ ક્ષતિ થતાં સેવક અટવાયો જ સમજવો. અસિધારા પર પગલાં મૂકતાં લેશમાત્ર પણ ગફલત થઈ તો પગ કપાયો જ જાણો ! ખરેખર

सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ।

એ વાત અક્ષરસઃ સાચી છે. એ ધર્મનો મર્મ ભલભલા કળી શકયા નથી.

સિદ્ધસંકલ્પ સંતના સમાગમમાં રહેનાર પરિચારક જો કેવળ આત્મકલ્યાણ અર્થે જ પરિચર્યારત હોય તો એવા સંતના સમાગમ માત્રથી જ તેનું આત્મકલ્યાણ સદ્ય થાય છે. સંતના આચાર જોઇને તે પ્રમાણે પોતાના જીવનને ઘડવાની એને પ્રેરણા થાય છે. અને એ રીતે ભૌતિક પ્રાપ્તિ પ્રત્યે અનાયાસે જ વિરાગવૃત્તિ ઉત્પન્ન થાય છે અને પરિણામે પારમાર્થિક માર્ગ પ્રત્યે પ્રવૃત્તિ વેગમાન થતી જાય છે. પણ એથી ઊલટું પરિચારક જો આત્મકલ્યાણના ઓઠા હેઠળ ભૌતિકપ્રાપ્તિ-સ્વાર્થ અર્થે જ એવા સિદ્ધસંકલ્પ સંતોની પરિચર્યા સ્વીકારે તો તેમાં સેવાનો દંભ જ છે. દાંભિક કદી પણ આગળ વધી શકતો નથી. ભૌતિક ઉન્નતિ તો પ્રારબ્ધનો ખેલ છે એને માટે સંતોને સાધન બનાવનાર આત્મવંચના કરે છે. એ આલોક કે પરલોક કંઈ સુધારી શકતા નથી. પરિચારક તરીકે સંતના સહવાસમાં રહેવા છતાં પણ પત્થર પર પાણી પડે તો ય જેમ પત્થર સૂકો ને સૂકો રહે છે તેમ આવા લોકો કશી જ પ્રગતિ કરી શકતા નથી. સંતોના પરિચારક તરીકે આવા સ્વાર્થલોલુપ મનુષ્યો બીજા ભલાભોળા મનુષ્યોની સરળતા વગેરેનો દુરુપયોગ કરે છે અને પોતાનો સ્વાર્થ સાધે છે. એમના આવા વર્તનને લીધે પ્રભુના અવતાર સમા સંતોની પણ અવગણના થાય છે. સંતો તો માનાપમાનથી પર છે પણ જેના વર્તનના પરિણામે સંતોને સહન કરવું પડે છે તેઓ જ એ કારણે અધોગતિ તરફ ઘસડાય છે. સંત જંગમ બ્રહ્મ છે, તેની પરિચર્યા બ્રહ્મભાવે જ કરવી ઘટે. તે જ ઉપાસ્ય બને, તે જ જીવનસર્વસ્વ બને, તેની જ નિઃસ્વાર્થ સેવા થાય તો જ આત્મોદ્ધાર અને સેવાનું સાચું ફળ પ્રાપ્ત થાય. કેટલીક વાત પરિચારકોના લક્ષમાં આવતી નથી. અને તેથી ઉભય રીતે અનર્થના જ તે ભોક્તા બને છે.

આટલી પ્રસ્તાવના પછી હવે આપણે સેવાધર્મનો થોડો વિચાર કરીએ.

પરિચર્યા કોની કરવી, કયા ભાવે કરવી અને કેમ કરવી ?

માનવી કર્મનો કીટ છે. કર્મ કરીને પ્રારબ્ધ ભોગવવાને અને તેના પરિણામે સુખદુઃખનો ભોક્તા બનવાને તે સરજાયો છે. એ કર્મ અજ્ઞાનજનિત છે. એ કર્મનો જ્ઞાનથી નાશ થાય છે. શ્રી. ભગવાને કહ્યું :

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन ।

જ્ઞાનના અગ્નિમાં સર્વ કર્મ ભસ્મ થઈ જાય છે. એ જ્ઞાન પરિચર્યા કરીને, પ્રણામ કરીને, પ્રશ્નો પૂછીને જ્ઞાની અને તત્ત્વ-દર્શીઓ પાસેથી પ્રાપ્ત કરવું જોઇએ. ભગવાને અર્જુનને કહ્યું :

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।

અહીં પણ 'સેવા' ઉપર જ ભગવાને ભાર મૂકયો છે. એથી જ પારમાર્થિક ઉન્નતિ અર્થે સેવા એક સુલભ સાધન છે. એ સેવા ज्ञानिनस्तत्त्वदर्शिनः એ ઉક્તિ અનુસાર જ્ઞાની અને તત્ત્વદર્શી-ઓની જ કરવી જોઇએ.

સામાન્ય રીતે તો સર્જનમાત્ર એ પ્રભુનો પરિવાર છે. એટલે પરસ્પર ઉત્કર્ષ અર્થે, સમાજની સ્થિતિ અર્થે, સમાજનાં સ્વાસ્થ્ય અને સ્થિરતા માટે સર્જનની સર્જનથી સેવા કરવાની છે. અને તેમ કરીને પોતે સેવા કર્યાનું સમાધાન પ્રાપ્ત કરવું જોઇએ. કોઇ કોઈની સેવા કરે તેમાં કોઈ કોઈના ઉપર ઉપકાર કરતું નથી. એક પાડોશી બીજા પાડોશીની સેવા કરીને તેને સ્વાસ્થ્યદાન આપે છે પણ એ રીતે પોતાની જ સેવા કરે છે, પોતાની જ ઉન્નતિ સાધે છે. એ વિષય ગહન છે. સંતસેવાનો પરમાર્થિક હેતુ પણ જો પ્રાધાન્ય ભોગવે તો પણ સેવા સકામ થશે કામના સાત્ત્વિક

હોય તોય એ એક પ્રકારનું બંધન છે. અને તેથી સકામસેવા તેનું યોગ્ય ફળ હશે તેટલું જ આપીને સમાપ્ત થશે. સવેતન સેવક પોતાના માસિક વેતનનો જ લાભ પ્રાપ્ત કરી શકે છે. અવેતન સેવકનો સમગ્ર ભાર સેવ્યને શિરે હોય છે. એટલે પરિચર્યા કેવળ પરિચર્યાને અર્થે જ કરીને સંતને–સદ્ગુરુને રીઝવીને તેની સ્વ-ઊર્મિથી જે ફલ અર્પે તેમાં જ રાચનારો પરિચારક જ સાચો પરિચારક છે અને તેથી જ શ્રી. અવધૂતે

'એક સેવા તણી ઉપવાસી રે'

એમ કહીને સેવકનો એકમેવ ધર્મ સેવા છે. એમ કહ્યું છે. પરિચારક પરિચારક રહે એ જ એનો સ્વધર્મ છે અને તો જ स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः એ શ્રી. ભગવાનના શબ્દોનો મર્મ કળી શકાય છે પરિચારક કારભારું કરવા જાય તે તો તેનો પરધર્મ છે અને તેથી ભયાવહ છે. સંતો સામાન્ય રીતે કોઇના પર ઈતરાજી રાખતા નથી. તેમની દૃષ્ટિ તો 'સમ' છે, તેમને કોઈ પારકો નથી કે નથી કોઇ પોતાનો, પણ કેટલીક વખત તેના જ ઉત્કર્ષ અર્થે સંત તેના તરફ દુર્લક્ષ કરે છે, પછી તે સંતની પધરામણી કરી સેવા કરનાર હોય કે સંતની પાસે જઇ પરિચર્યા કરનાર હોય. અવગણનાનો તો એ આભાસ માત્ર છે. પરિચારકને પોતાની ક્ષતિનું ભાન થાય એ અર્થે જ સંત એમ કરે છે. પરિચારક સમજે તો તેમાં તેનું શ્રેય છે અને ન સમજે તો....

આમ સેવા કરતાં કરતાં કોકવાર સદ્ગુરુ રીઝે, સેવકને वरं ब्रूहि કહી વરદાનની યાચના કરવાનું કહે તો સેવક શું માગે ? સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ, વિલાસ એ બધું તો નશ્વર છે. જ્યારે સદ્ગુરુ રીઝયા છે, જ્યારે વર દેવા તત્પર થયા છે તો એવા નશ્વરધનને પ્રાપ્ત કરીને શું કરશો ? અનર્થના મૂળરૂપ અર્થની યાચના કરનારો સ્વાર્થવંચિત બને છે. યાચના જ કરવાની છે તો

શ્રી. અવધૂતે ગુરુદેવ પાસે કરી તેવી યાચના કરે તો ભવજળપાર થઇ જાય. શ્રી. અવધૂતે કહ્યું :

"એંઠો ટુકડો તે ગુરુ તમ આપો રે
મારી જનમોજનમની ભૂખ કાપો રે"

આ એંઠા ટુકડામાં જ જનમોજનમની ભૂખ ભાંગવાની શકિત છે. અને એ ભૂખ ભાગે તો જ જીવનો જીવભાવ જાય અને શિવભાવ થાય. એ એંઠા ટુકડાનું વિવેચન કરતાં એક વખત શ્રી. અવધૂતે કહ્યું:

"એંઠો ટુકડો એટલે ગુરુએ જે સાધન કરીને પરમતત્ત્વનો અનુભવ કર્યો હોય તે અનુભવનો એક ટુકડો–એકાદ અંશ," એવી ભિક્ષાની યાચના કરીને

ભવતિ ૐ ભિક્ષાં દેહિ

એ વાકયમાં પણ "હે ભગવતિ ! ૐ ની ભિક્ષા આપ" એમ કહેવાનું છે. અને શ્રી અવધૂતે પણ મા પાર્વતી પાસે

'ભિક્ષા ૐ દે મા પારવતી જેથી આત્મામાં થાય રતિ' એમ જ યાચે છે.

પારવતી શબ્દનો અર્થ સમજાવતાં શ્રી. અવધૂતે એક વેળા કહ્યું: "પાર + વતી, જે બ્રહ્મનો પાર પામી છે તે પારવતી એટલે બ્રહ્મવિદ્યા. એ બ્રહ્મવિદ્યાના પ્રતીક તરીકે પારવતી છે. ૐકારમાં પણ ઉમાનો જ ભાવ છે. अ + उ + म् એ ઉમાનું જ સ્વરૂપ છે. અને ૐ એ બ્રહ્મવિદ્યા છે."

આમ સેવક જ્યારે સેવ્ય પાસે ભિક્ષાની યાચના કરે ત્યારે સેવકને ગુરુદેવ તે ભિક્ષા આપીને કૃતાર્થ કરે છે. તૃષ્ણારહિત થઇ સેવા કરનારની જ બધી તૃષ્ણા પૂર્ણ થાય છે. એ ભિક્ષા માટે પાત્રતાની અપેક્ષા છે. વિતૃષ્ણતા એ પાત્રતા છે.

પરિચારકનું સર્વ પ્રથમ લક્ષણ છે 'સમર્પણ' છે જે ખૂબ અગત્યનું છે શ્રી. અવધૂતે એથી જ

"વ્હાલા વરી છું તમારા નામને રે........'

કહીને તન, મન, ધન સર્વભાવે આત્મસમર્પણની ભાવના વ્યકત કરી છે. સમર્પણ દ્વારા સેવ્ય-ગુરુદેવ સાથે તાદાત્મય સાધવાનું છે. જ્યાં સુધી સેવ્ય-સેવાનો ભેદ રહે ત્યાં સુધી સાચી સેવા થતી નથી. 'સેવા' શબ્દમાં જ સમર્પણનો ભાવ સમાએલો છે. સરિતા જ્યારે સાગરમાં સમાય છે ત્યારે પોતાની જાતનું પોતાના નામનું પોતાનું સર્વસ્વનું સાગરને સમર્પણ કરીને જ સમાય છે. આ રીતે થયેલું સમર્પણ-તન્મયતા જ સાચું સમર્પણ છે. એ જ સંપૂર્ણ સમર્પણ ગણાય. એવું સમર્પણ થાય છે ત્યારે જગત અને જાગતિક સંબંધ બાહ્યદ્દષ્ટિએ રહેતો હોવા છતાં પણ તેની અસર થતી નથી.

સેવા એ જ જ્યારે એકમાત્ર વ્રત બને છે, સંપૂર્ણ સમર્પણ બને છે ત્યારે બીજી યોગ્યતા છે

ખાનપાનમા ચિત્ત નવ ચોંટતું રે

એ યોગ્યતાના પરિણામે સાધક-સેવકનું મન પોતાના ઐહિક સુખ તરફ ઢળતું નથી. પોતાના ઐહિક સુખને તે તરણતોલ લેખે છે. એટલું જ નહિ પણ પોતાના ઐહિક અસ્તિત્વને પણ સંપૂર્ણપણે વિસરીને સેવાને જ એકમાત્ર લક્ષ્ય બનાવે છે. એ રીતે ચિત્તની બધી વૃત્તિઓની એ સેવાયજ્ઞમાં આહુતિ આપે છે એ સેવાની પદ્ધતિ પણ શ્રી. અવધૂતે બતાવી છે.

પ્રેમ જળે તે પગ તમ ધોઉં રે
કાયા બાળીને દીપ જલાઉં રે

આમ આ સમગ્ર ભજન એક સેવાધર્મ, સેવ્યનું સ્વરૂપ, સેવકનું સમર્પણુ આદિ વ્યક્ત કરે છે. સેવાધર્મનું ગૂઢ રહસ્ય વ્યક્ત કરે છે. મન જ્યારે આમ મરી જાય ત્યારે આત્મસાક્ષાત્કારના અનુભવનું ગુરુદેવ પાન કરાવે છે. આત્મસદશ બનાવે છે.

જરા લંબાણ થયું, ખરૂં ? પણ જરૂરનું છે. સેવકના શ્રેયસાધન-અર્થે એ જરૂરનું છે એટલે ક્ષંતવ્ય છે.

હવે આપણે શ્રી. અવધૂતના પ્રવાસનો પ્રવાહ આગળ વહેવરાવીએ. તે પહેલાં શ્રી. અવધૂતના પોતાના શબ્દોમાં સેવકની યોગ્યતાને જોઈ લેવી જરૂરી છે. વાતવાતમાં એમણે કહેલું તે યાદ આવી જવાથી અહીં નોંધ લઇએ તો અસ્થાને નહિ જ લેખાય. “મારા પરિચારકો ગમે તે સ્થિતિમાં નભાવી લેનાર હોય, રસનાને બહેકાવનાર ન હોય. જે મળે તેનાથી શરીરરક્ષણ અર્થે ભોજન કરી ચલાવી લેનાર હોય, ન મળે તો ભોજનની પાછળ વલખાં મારનાર ન હોય, લોભ, લાલચ કે વ્યવહારથી અલિપ્ત હોય, નિર્વ્યસની હોય.” અસ્તુ.

ધરમપુરમાં શ્રી. રઘુરાજસિંહને ત્યાં શ્રી. અવધૂતનો નિવાસ હતો. દરમ્યાન શ્રી. રઘુરાજસિંહ રાતદિવસ એક પગે અવધૂતની સેવામા રત રહેતા, તેમની આંખો શ્રી. અવધૂતની ફરતે ચોકીપહેરો ભરતી હતી. શ્રી. અવધૂતને શી અડચણો છે તે શોધ્યા જ કરતી. એ આંખોને જ્યાં જ્યાં ત્રુટી જણાતી ત્યાં ત્યાં તરત જ એમનું મન અને ઈન્દ્રિયો એ ત્રુટીઓ પૂરી કરવાને કામે લાગી જતાં, અને જોતજોતામાં એ ત્રુટીઓ નિર્મૂળ થઈ જતી. પરંતુ શ્રી. અવધૂતને અને બીજા સર્વ કોઇને એ ત્રુટી શી હતી તે શોધવું એ એક સમસ્યા હતી. “મને અમુક વસ્તુ જોઇએ” એવું તો એ કહેતા જ નહિ. એટલે શ્રી. અવધૂતની આવશ્યકતાઓનો નિર્ણય આપણે આપણી દષ્ટિ અને બુદ્ધિથી કરી લેવાનો હતો. અને તે નિર્ણયાનુસાર જ

તે વસ્તુ શ્રી. અવધૂત સમક્ષ રજૂ કરવાની હતી. શ્રી. અવધૂત તેનો સ્વીકાર કરે એનો અર્થ એવો નહિ કે એ વસ્તુની એમને આવશ્યકતા હતી. કેવળ આપણા સંતોષ અર્થે જ આપણી એ શક્તિ અને ભાવનાના, ઉત્કર્ષ અર્થે જ શ્રી. અવધૂત એ વસ્તુનો સ્વીકાર કરે એ પણ બનવા જોગ છે.

સંતનાં લક્ષણોનો ઉલ્લેખ કરતાં શ્રી અવધૂતે એક વખત કહ્યું: "સંતને શું જોઇએ? કશું જ નહિ. જેની બધી જ કામનાઓ પરિતૃપ્ત થઇ છે, જેને કામનાઓ જ રહી નથી તેને શું જોઇએ? જેને કામનાઓ છે તેને જ જરૂરિયાત છે. જે સંત છે તેને કશું જ જોઇતું નથી. અરે! ચપટી ધૂળની પણ જેને જરૂર છે તે સંત નથી."

અને શ્રી. ભગવાને પણ એ જ વાત કહી છે

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निस्पृहः ।
निर्ममो निरहङ्कारः स शान्तिमधिगच्छति ॥

એ ન્યાયે પણ સર્વ કામનાઓનો ત્યાગ કરીને નિર્મમ અને નિરહંકાર બનીને નિઃસ્પૃહપણે જે જીવે છે તેને જ શાંતિ વરે છે.

આમ આપણે જોયું કે શ્રી. અવધૂતને આવશ્યકતાઓ નથી, કામનાઓ નથી શ્રી. અવધૂત આગળ અનેક વસ્તુઓ રજૂ કરવામાં આવે છે તે શ્રી. અવધૂતની આવશ્યકતાઓની પૂર્તિ અર્થે જ રજુ કરવામાં આવતી નથી, પણ આવનારને પોતાનો ભાવ વ્યકત કરવા કંઈક સ્થૂળ વસ્તુની આવશ્યકતા ભાસે છે અને તે ભાવ વ્યકત કરવા માટે કંઇક ને કંઈક આગળ ધરવાનું મન થાય છે. અને દ્રવ્ય કે પૈસાને તો શ્રી અવધૂત સ્વપ્નમાં ય સ્પર્શ કરતા નથી. એટલે આવનારના સમાધાન અર્થે અવધૂતજી કોકવાર પણ એમાનું કંઈક સ્વઉપયોગમાં લેશે એવી સાત્ત્વિક ઈચ્છાથી પ્રેરાઇને કોક કોક ફૂલ, શ્રીફળ વગેરે કઈક કંઇક વસ્તુ તેઓશ્રીની આગળ

મૂકતા હોય છે. પણ તેઓ તો તે બધું જ આપી દે છે. શરૂઆતના વર્ષોમાં તો તેઓશ્રી ફૂલ, શ્રીફળ વગેરે પણ પોતાની પાસે મૂકવા દેતા નહતા.

બીજા એક પ્રસંગે શ્રી અવધૂતે એ વાતને અનુલક્ષીને કહયું

"જેના મનમાં અનુકુળતા છે તેને પ્રતિકૂળતા જેવું કશું જ નથી. મનુષ્ય મનને પડતું મૂકીને બહાર અનુકુળતા શોધવા નીકળે છે તે વ્યાજબી નથી."

વાત તો નાકડી છે પણ એની પાછળ મહાન વિજ્ઞાન ભર્યું છે. અનુકૂળતા અથવા પ્રતિકૂળતા એ મનનો ધર્મ છે, આત્માને એની સાથે કશો સંબધ નથી. કેમકે આત્મા અસંગ છે. વિષયોની પાછળ ભમતું મન એ વિકૃત ભાવનાને જાગૃત કરે છે. જો મન પોતાની એ ટેવ ભૂલી જાય અને પોતે પોતાનામાં એ સંતોષ માને તો તો તેણે બહાર ભટકીને અનુકૂળતા શોધવાની રહેતી નથી. એકને જે પરિસ્થિતિ અનુકુળ હોય તે બીજાને પ્રતિકુળ લાગે એટલે જ એનો આધાર વ્યકિત ઉપર રહેલો છે. અસ્તુ.

શ્રી. અવધૂતને મન નથી અને જો હોય તો તે અનુકુળ છે. એટલે જગતને જેમાં પ્રતિકુળતા જણાય તેમાં પણ એને અનુકુળતા જ જણાય. જ્યા દ્વૈત જ નથી ત્યાં અદ્વૈતનો વિચાર જ કરવાનો રહેતો નથી જ્યાં પ્રતિકુળતાની વિકૃત ભાવના જ નથી ત્યાં અનુકુળતાનો વિચાર કરવાનો રહેતો નથી. એ ઉભય પરિસ્થિતિનું સર્જન તો અસ્થિર મનનું છે જેની બુદ્ધિ સ્થિર છે, આત્મતુષ્ટ છે તેને બહાર ફોગટ ફાંફાં મારવાનાં રહેતાં નથી. તેને તો અનુકુળતા કે પ્રતિકુળતા બધામાં પ્રભુનાં જ દર્શન થાય છે. એટલે સર્વત્ર આનંદ આનંદ જ અનુભવાય છે. કયાંય વિષમતાને સ્થાન જ નથી. અસ્તુ.

ધરમપુરમાં નિત્ય સવાર સાંજ ભજનનો ક્રમ રાખવામાં આવ્યો હતો. સવારસાંજ દોસ્તમહંમદ તો ખરાજ તેમનું શાસ્ત્રીય સંગીત પૂરું થતાં જ બીજા ભજનિક ભાઇ-બેનોનું ભજન શરૂ થતું ભજનની ધૂનથી વાતાવરણ સભર બનતું. જ્યાં ત્યાં સાત્ત્વિક આંદોલનની અસરમાં આવીને પાપી પણ પોતાનાં પાપ ભૂલીને દુષ્ટ વાસનાઓ વિસારીને કેવળ પ્રભુમય બનતો. પછી દત્તબાવની થતી અને ત્યારબાદ પ્રસાદ વિતરણ થતું અને સૌ સ્વસ્થાને જતા. સવાર સાંજ આ ભજનનો કાર્યક્રમ શ્રી રઘુરાજસિંહના મકાનના વિશાળ ચોકમાં જ રાખવામાં આવતો. અહીં શ્રી અવધૂતને બિરાજવા માટે ઘાસની નાનકડી કુટિર બનાવવામાં આવી હતી, ત્યાં પોતે સવારસાંજ બિરાજતા. ભજનમાં ભાગ લેનાર ભાઈ-બેનોની સંખ્યા પણ પ્રતિદિન વધતી જ ગઈ. ગુરુવાર અને રવિવારે તો એ વિશાળ ચોગાનમાં બેસવાની પણ જગ્યા નહતી રહેતી. શ્રી દાભાડે અને બીજા સ્વયંસેવકો પણ વ્યવસ્થા જાળવવાને અને શિસ્તના પાલન અર્થે એકપગે તત્પર રહેતા. ધરમપુરની ભોળી જનતા પણ એટલી જ અનુકુળ હતી.

આમ શ્રી અવધૂત પધાર્યા ત્યારથી દિનપ્રતિદિન લોકોનો એક પ્રકારનો ઉત્સાહ વધતો ગયો. ગામ સમસ્તના વાયુમંડળમાં સાત્ત્વિક આંદોલનો વહેતાં થયાં અને એના પરિણામે આનંદનું વાતાવરણ જામ્યું વ્રજની ગોપગોપીઓની પેઠે અહીં પણ આબાલ વૃદ્ધ સ્ત્રીપુરુષો એકધ્યાન બન્યાં હતાં. એમની ધ્યાનમૂર્તિ તે કોણ તે કહેવાની જરૂર છે ખરી ? રાત્રે સ્વપ્ન પણ શ્રી અવધૂતની સેવાનાં જ આવતાં હોય તો જરાય આશ્ચર્ય નથી.

આમ ભજનાનંદમાં દિવસ પર દિવસ વીતતા હતા હવે શ્રી રઘુરાજસિંહને પણ શ્રી અવધૂતનો પાકો રંગ લાગ્યો હતો એક દિવસ પાદુકાપૂજન કરવાનો એમનો સંકલ્પ થયો. શ્રી. અવધુતની અનુમતિ મળતાં જ એમનો આનંદનો પાર ન રહ્યો. તૈયારીઓ

થવા લાગી. શ્રી અવધુતની પર્ણકુટિ આગળ જ સુંદર મંડપ રચવામાં આવ્યો. ધ્વજ તોરણો વગેરેથી એ ચોગાન સુશોભિત કરવામાં આવ્યું. અને પ્રાતઃકાળે જ બ્રાહ્મણવૃંદે વેદોચ્ચારથી વાતાવરણને સભર બનાવ્યું. પાદુકાપૂજનનો પ્રારંભ થયો.

સંતોની–સદ્‌ગુરુની પાદુકાના પૂજનની પ્રણાલિકા પુરાણ-પ્રસિદ્ધ છે. પાદુકા એ સંતોની કૃપાપ્રસાદી છે. એ સંતોનું સ્વરૂપ છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંતો પ્રત્યે પ્રીતિ થાય અને ભકિત દ્દઢ રહે એ હેતુએ જ પાદુકાપૂજનની પ્રણાલિકાનો પ્રારંભ થયો હોય એ સંભવિત છે, પાદુકા અને સંતમાં જે અભેદવૃત્તિ ન રાખે તેનું પાદુકાપૂજન કેવળ વ્યાવહારિક છે. અને તેથી જ તેનું કંઇ પણ ફળ પ્રાપ્ત થતું નથી.

પાદુકાપૂજનનો શાસ્ત્રોકત વિધિ સમાપ્ત થયો અને લોકો પ્રસાદ પ્રાપ્ત કરી હસતે મુખે વિખરાયા અહીંના લોકો માટે પોતાના જ ગામ ધરમપુરમાં પાદુકાપૂજનનો પ્રસંગ પ્રથમ જ હતો. એટલે પાદુકાપૂજનનું નામ સાંભળીને લોકોમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. જેમ સમુદ્રમાં ભરતી આવે અને ઉપરાઉપરી મોજાંઓ ઉલટે તેમ લોકો પાદુકાપૂજનની એ વિધિનું દર્શન કરી આનંદ લૂંટવા ઉમટયા. નાનકડી જગ્યામાં બેસવાની જગ્યા ન મળે એટલી ભીડ જામી. શ્રી અવધુત જ્યાં જ્યાં પધારે છે ત્યાં ત્યાં આવી પાદુકાપૂજનની પ્રણાલિકા પડી ગઇ છે. ઘણુખરૂં શ્રી અવધુત પોતાની સ્થૂળ કાયા પ્રત્યે કોઈપણ જાતના પૂજનીય ઉપચાર કરવા દેતા નથી અને ભકતજનોને તો પોતાની પૂજ્યબુદ્ધિ વ્યકત કરવા માટે કંઈક સ્થૂળ પ્રતીકની જરૂર હોય છે એટલે સંતો પોતાના પ્રતિનિધિ તરીકે આવું કંઇક ચિહ્ન લોકમાનસના સમાધાન માટે આગળ કરતા હોય છે અને ‘યાદ્દશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદ્દશી’ એ ન્યાયે વ્યકિતની ભાવનાનુસાર તેને દશ્યાદશ્ય ફળ મળતું હેય છે. સંતોનું પ્રતીક કે સંતો આવી

ભાવના જાગ્રત કરવામાં સહાયભૂત થાય છે. શ્રી અવધુત જે પરં-
પરામાંથી ઊતરી આવ્યા છે તેમાં પણ સ્થૂળપૂજાને સ્થાન નથી
અને તેથી જ ભકતોએ ગુરુપાદુકાનું પૂજન કરીને જ શ્રી અવધુતનું
પૂજન કર્યાનો સંતોષ અનુભવવો રહ્યો અસ્તુ

નિત્યનિયમાનુસાર પ્રાતઃકાળે સુમારે નવેક વાગે ભજન ચાલતું
આજે પણ પાદુકાપૂજનનો જ પ્રસંગ હતો. યજમાનદંપતી શ્રી
દાભાડે અને રાધાબેન આજે ઉત્સાહપૂર્વક પૂ. શ્રીની પાદુકાનું
પૂજન કરતા હતાં. શ્રી. દાભાડેને મન પૂ. શ્રી ની સેવા એ જીવનનો
અણમોલ અવસર હતો અને તેમાંય સેવાના સુવર્ણકલશ સમો
આજનો પાદુકાપૂજનનો પ્રસંગ તો તેમને માટે અવર્ણનીય હતો.
વળી આજે ગુરુવાર પણ હતો. અને ગુરુભકતોમાં ગુરુવારનું
મહત્વ વધારે હોય છે. મંગળ પ્રભાતથીજ લોકોની ભીડ થવા
માંડી હતી શ્રી રઘુરાજસિંહના ઘર તરફ જ જાણે બધાયની મીટ
મંડાયેલી હતી રાત્રે પણ એ જ ધ્યાન, દિવસે પણ એ જ ધ્યાન,
અને આમ ધરમપુર અવધુતધ્યાનમાં તન્મય બન્યું હતું શ્રી
દાભાડેના સગાસંબંધીઓ પણ આજે ગામપરગામથી આવી
પહોંચ્યા હતા. શ્રી રઘુરાજસિંહના મકાનનું વિશાળ ચોગાન
આટલા સમુદાયને સમાવી શકે એમ નહતું વેદોકતવિધાનથી પૂજન
ચાલતું હતું. યજમાનદંપતી કૃતાર્થતા અને કૃતજ્ઞતાનો આનંદ
અનુભવતાં હતા. કોકે એટલામાં આવીને કહ્યું, "વાંસદાના
શ્રીમંત મહારાજાસાહેબ પધાર્યા છે." આ સમાચાર ફેલાતા જ
લોકોમાં ઉથલપાથલ થઈ કોઈ આસન લેવા દોડયું. કોઇ માર્ગ
મોકળો કરવા તો કોઈ વ્યવસ્થા જાળવવા દોડયું. આ ધમાલ
દરમ્યાન પણ શ્રી અવધુત તો તટસ્થ જ હતા. એમની મુખમુદ્રાની
શાંતરેખાઓમાં જરાય ફેર પડયો નહતો. જેને મન રાય અને
રંકનો ભેદ જ ન હોય તેને તો રાજા જેવા રાજા આવે તોય
સ્વસ્થતામાં ફેર ન પડે તે સ્વાભાવિક હતું. અચળ મેરુસમા

પોતાના આસન ઉપરથી તસુમાત્ર પણ ચળે એ આપણે મન આશ્ચર્યકારક બને! પણ સ્થિતપ્રજ્ઞની સ્થિરતાનો આ પ્રત્યક્ષ પુરાવો એની આધ્યાત્મિક અવસ્થાની અને સમત્વબુદ્ધિની પરકાષ્ટા જ વ્યક્ત કરે અને મહારાજાસાહેબ પધાર્યા શ્રી અવધુતે કેવળ વ્યવહાર દૃષ્ટિએ જ આસન લેવાનો સંકેત કર્યો. મહારાજાસાહેબ તથા સાથે આવેલા કુમારસાહેબે પ્રણામ કર્યા. સઘળાએ આસન લીધું એમને સર્વને પણ પાદુકાપુજનના અવસરનો લાભ મળ્યો તેથી એમને આનંદ થયો. પૂજનવિધિ પુરો થયો. વિપ્રવૃંદને શ્રી અવધુતના હસ્તે પ્રસાદવસ્ત્ર અને શ્રીફળ અપાયાં શ્રી રામજીભાઇ નાયક તરફથી આવેલી એક શાલ શ્રી દોસ્ત મહંમદને એમની સંગીતકલાની સંભાવના તરીકે મળી અને તેમના સાજીંદાઓને પણ શ્રી રામજીભાઈ તરફથી આવેલા પીતળના દાબડાઓ પ્રસાદ તરીકે મળ્યા. સામાન્ય વાર્તાલાપ પછી મહારાજાસાહેબ સાથે પધારેલા શ્રી શાર્દૂલસિંહજીએ મહારાજાસાહેબ તરફથી શ્રી અવધુતને વાંસદા પધારવાનું આમંત્રણ આપ્યું.

પાદુકાપૂજન બાદ આરતી, પુષ્પાંજલિ વગેરે થયા પછી પ્રસાદવિતરણ બાદ ભેળી મળેલી જનતા ધીમે ધીમે વિખરાઈ, અને આમ આનંદઉત્સવમાં એ ગુરુપાદુકા પૂજનનો અવસર પૂરો થયો. પૂ. શ્રી. સ્નાન કરવા ગયા. ત્યારબાદ ભિક્ષા લઈ આરામ કર્યો.

થોડાં વર્ષો પૂર્વે શ્રી. અવધૂતે શ્રી. દાભાડે દંપતીને મંત્રાનુગ્રહ કરી કૃતાર્થ કર્યા હતાં. ત્યારથી જ એ દંપતીને અવધુતની સેવા કરવાની સાત્વિક ભાવના થયેલી. અને એ ભાવના ઉત્તરોત્તર વધતી ચાલેલી. એકવાર શ્રી અવધુતનો મુકામ વલસાડના સાગર કિનારે હોલીડેકેમ્પમાં હતો ત્યારે શ્રી અવધુતને ધરમપુર એક દિવસ પણ લાવવાના પ્રયત્ન કર્યા હતા. પોતે હા પણ પાડી હતી. પરંતુ ચોમાસાને કારણે અઢાર માઇલનો લાંબો માર્ગ

કાપીને ધરમપુર લાવવાનું યોગ્ય અને સલામત ન લાગ્યું એટલે શ્રી. દાભાડે અને બીજા કાર્યકર્તાઓએ જ ના પાડી અને તેથી અવસર ટાળવો પડયો. અને એ જ ગાળામાં શ્રી અવધુત બે રાત્રી મુંબઈ પધાર્યા. આ વરસે પણ શ્રી દાભાડેની ઉત્સુકતાનો અંત આવ્યો નહતો. અવારનવાર પત્ર દ્વારા એ અવધુતને પધારવાનું આમંત્રણ તાજું કરતા હતા. ત્યાં ઓચિંતો શ્રી. મોદીનો પત્ર આવ્યો અને પરિણામે શ્રી. અવધુત તા. ૯-૪-૬૨ ના રોજ ધરમપુર પધાર્યા. એ મુકામ તા. ૯-૫-૬૨ સુધી રહ્યો. બરાબર એક માસ. તો પણ શ્રી. દાભાડેને અસંતોષ રહ્યો. પણ શું થાય? એક દિવસને બદલે એક માસ રોકાઈ શ્રી. અવધુતે સહર્ષ સેવાનો સ્વીકાર કર્યો. શેરડી તો મૂળ સુધી મીઠી જ હોય છે તેમ સંતો પણ આજીવન હૃદયમાં અમૃત રાખીને જ વિચરે છે. પરંતુ એક જગ્યાએ ચોંટી રહે તો જીવનકાર્ય કયારે કરે? અને પ્રભુનો આદેશ ઘેરઘેર કયારે પહોંચાડે? એથી જ સંતોએ ત્રણ દિવસથી વધુ કોઈ જગ્યાએ રોકાવું ન જોઈએ એવો પણ આદેશ ફરમાવામાં આવ્યો છે. પરંતુ અપવાદ કંઇ નિયમ નથી બનતા. શાસ્ત્રના એ નિયમોની પાછળ લોકકલ્યાણનો હેતુ રહેલો છે અને સંતોની અનાસક્તિને દઢતર કરવાની ભાવના રહેલી છે. એક જ સ્થળે રહેવાથી પરિચય થાય, એને કોકવાર એ સ્થાન માટે, એ સ્થાનના ભકતો માટે પ્રેમ પણ થાય અને સંત તેમાં થોડો મોહ પામી ત્યાં ચોંટી પણ જાય તો નવાઇ નહિ. આમ પોતાનો ઉત્કર્ષ ખોરંભે ચડે. એટલે જ સાધુ તો ચલતા ભલા. અસ્તુ.

શ્રી દાભાડે નવસારીની મફતલાલ મીલમાં જુના નોકર છે. તેમને માસ્તર કહી બધા ઓળખે છે. મિલમાલિકના છોકરાઓ, જે મિલમાલિક છે, તેમને શ્રી. દાભાડેએ ઘરઆંગણે શિક્ષણ આપ્યું હતું. નિશ્ચિતપણે શ્રી અવધુતની સેવામાં રત રહી શકાય અને નોકરીમાં વિક્ષેપ ન આવે એ હેતુએજ શ્રી. અવધુતને તેમણે

પોનાના વતન ધરમપુરમાં જ પધારવાની વિનંતી કરી હતી. અને લગભગ બે માસની રજાના રીપોર્ટ મુકયો હતો. તે રજા મંજુર થાય તે પહેલાં જ શ્રી. અવધુતનું આગમન થયું. શ્રી દાભાડેએ સેવાને અગ્રસ્થાન આપી રજા મંજુર થશે જ એ વિશ્વાસથી નોકરી પર જવાનું બંધ કર્યું. શ્રી દાભાડે સમજ્યા કે રીપોર્ટ આપ્યો છે અને એ રજા ચઢી છે એટલે મંજુરીની રાહ જોવાની આવશ્યકતા નથી એવી એમની શુદ્ધબુદ્ધિની સમજણ હતી. અધિકારીઓની અવજ્ઞા કરવાનો કે ઉદ્ધતાઇ કરવાનો એમનો હેતુ નહોતો છતા તેમને અણચિંતવી એક નોટીસ મળી. જેમાં જણાવ્યું હતું "તમે રજા મંજુર થયા વિના ગેરહાજર રહ્યા છો એ તમે શિસ્તભંગ કર્યો છે. તે માટે તમને શિક્ષા કેમ ન કરવી તેનું કારણ બતાવવું." શ્રી. દાભાડેએ સેવાને અગ્રસ્થાન આપી નોકરી પર જવાનું માંડી વાળ્યું અને એમને ફાવ્યો તેવો પ્રત્યુત્તર આપી મોકલ્યો. જે થવાનું હશે તે થશે એવી નિઃસ્પૃહતા બતાવી, નોકરીનો લોભ છોડી ગુરુસેવામાં રત રહ્યા. પરિણામ એ આવ્યું રજાને અંતે જયારે હાજર થયા ત્યારે અધિકારીએ કહ્યું "હવે આવું ન કરશો–જાવ." આમ સામાન્ય લાગતી ઘટનામાં પણ ગુરુકૃપાનો મહિમા ઝીણવટથી જોતાં જરૂર જણાશે.

શ્રી અવધુત શ્રી રઘુરાજસિંહના મકાનમાં રહેતા હતા તે દરમ્યાન આનંદની છોળો જ ઉડતી હતી. સંતોના સાનિધ્યમાં આનંદ સિવાય બીજું શું હોય ? પરમાત્માના સાન્નિધ્યમાં આત્મ–વિસર્જન અને સુખ સિવાય બીજું શું હોય ? જ્યાં સંતોનું સાન્નિધ્ય હોય ત્યાં દુખિયો દુઃખ ભૂલે, ભોગી ભોગ ભૂલે, રોગીના રોગો ટળે અને સમાજ કેવળ આનંદમાં રહી મસ્ત બને. સંતના સાન્નિધ્યનું એજ એક એંધાણ છે. પ્રભુ કે સંતના સાન્નિધ્યમાં હોઇએ અને જો પ્રપંચનું સ્મરણ થતું રહે તો કયાં તો સંતની ઉણપ હોય અથવા તો આપણામા જ ભાવનાની ઉણપ હોય

અસ્તુ શ્રી અવધુતે પણ એ નિર્દોષતા અને આનંદના પરિણામે અને પોતાના નિયમોમાં થોડી છુટ મુકી હતી. સવારમાં સાતેક વાગે બેચાર છોકરીઓ આવતી તેમને શ્રી અવધુત "અવધુતી આનંદ" ના ભજનોનો રાહ બતાવતા. "સંગીતગીતા" નો પણ રાહ બતાવતા સવારમાં એ કાર્યક્રમ પતાવી સુમારે નવેક વાગે ચોગાનમાં ઘાસ આદિથી તૈયાર કરેલા લતામંડપમાં બિરાજે. ત્યાં શ્રી. દોસ્તમહંમદ અને પાર્ટી શાસ્ત્રીય સંગીત ઉપરાંત એકાદ બે ભજન ગાય. બીજા લોકો પણ એકાદ બે ભજન ગાય. આમ સવારે સાડદશ વાગ્યા સુધીનો સમય પ્રભુ ભજનમાં વીતે એ પછી શ્રી અવધુત ભીક્ષા કરે. આરામ કરી પછી ત્રણ વાગ્યાથી દર્શન શરૂ થાય. પાંચ વાગે લતામંડપમાં પધારે. ત્યાં ભજન, વાર્તાલાપ વગેરે થાય. સમીસાંજે દત્તબાવની વગેરે થયા પછી દિવસનો કાર્યક્રમ સમાપ્ત થાય.

ગુજરાતી કન્યાશાળાની શિક્ષિકા બહેનો પણ શ્રી અવધુતની સેવામાં પોતાનો ફાળો આપવાનું ચૂક્યાં નથી. તેમનો ભજનોનો કાર્યક્રમ પણ અવારનવાર રાખવામાં આવતો. એક દિવસ એ બહેનોએ બાલિકાઓના રાસગરબાનો કાર્યક્રમ રાખ્યો હતો. એ ગરબામાં ભાગ લેનાર બહેનોને શ્રી. અવધૂતે સ્મરણચિહ્ન તરીકે શ્રી જમનાદાસ મીલવાળાએ એ નિમિત્તે આણેલાં જર્મનસીલ્વરનાં સુંદર પવાલાં ભેટમાં આપ્યાં. આમ જોતજોતમાં વીસ દિવસ તો ક્યાં વીત્યા તે ખબર પણ ન પડી. કાલે જ પૂ. શ્રી. પધાર્યા છે એમ લાગતું.

શ્રી રઘુરાજસિંહનાં બહેનનાં લગ્ન એકાએક નક્કી થયાં હતાં. એમણે પોતાનું મકાન શ્રી. અવધૂત માટે રાખી પોતાની બહેનના લગ્નનો સમારંભ બીજી કોઇ જગ્યાએ યોજવાની તજવીજ કરી હતી. પણ શ્રી. અવધૂતને એમ કરવું ઠીક ન લાગ્યું. શ્રી દાભાડેને પણ આ યોજના ઠીક ન લાગી. શ્રી ભગવાન શિવસિંહ દસોંદીની

શ્રી. અવધૂતની સેવા કરવાની ઉત્કટ અભિલાષા હતી. પોતાની વાડીમાં નાનકડા પણ સગવડવાળા મકાનમાં શ્રી. અવધૂત મુકામ કરે તો પોતાને સેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય એ હેતુથી એમણે શ્રી. અવધૂતને વિનંતિ કરી. શ્રી. અવધૂતનો મુકામ હવે શ્રી. રઘુરાજસિંહના મકાનમાંથી શ્રી. ભગવાનસિંહની વાડી કે જે ધરમ-પુરથી ચારેક ફર્લાંગ દૂર હતી, ત્યાં લઈ જવાનું નક્કી થયું અને તા. ૩૦-૪-૬૨ ના રોજ સંધ્યાકાળે શ્રી. અવધૂતનો મુકામ શ્રી ભગવાનસિંહની વાડીમાં ગોઠવાયો. સરઘસ આકારે અનેક ભાઈ-બહેનો ઠેઠ સુધી વિદાય આપવાને ગયાં.

વિલીનિકરણ પૂર્વે ધરમપુર રાજ્યમાં શ્રી. ભગવાનસિંહના પૂર્વજોનું દરબારમાં સારૂં માન હતું. એ રાજ્યમાં દસોંદી હતાં. દસોંદીઓનું આજે તો નામોનિશાન જણાતું નથી. સાપ ગયા અને લીસોટા રહ્યા. આ કુટુંબમાં શ્રી ભગવાનસિંહનો જન્મ. આ કુટુંબ રાજાશાહીમાં સુખી હતું. પણ કાળનો ઘસારો કુટુંબને ય લાગ્યો હતો અને પ્રતિદિન આર્થિક રીતે ઘસાતું એ કુટુંબ આજે શ્રી ભગ-વાનસિંહે જાત ઘસી નાખીને પગભર કર્યું-વીતેલા દુઃખના દિવસો વિસારે પડયા, ભગવાનસિંહ ધન, કીર્તિ વગેરે રળ્યા. શુભ સંસ્કારોને પરિણામે સંતસેવાની ભાવના પણ જાગી. જે જગ્યાએ શ્રી. અવધૂતનો નિવાસ હતો તે બે ઓરડાની નાનકડી જગ્યા હતી. બગીચો અને આજુબાજુ વૃક્ષરાજી હતી. વાતાવરણ શાંત અને નિરુપદ્રવી હતું.

શ્રી. દાભાડેએ તો માનેલું કે હવે લોકસમુદાય ઓછો થશે અને શ્રી. અવધૂતને આરામ મળશે. પણ એ કલ્પના વ્યર્થ હતી. શ્રી. અવધૂતનો જે કાર્ય અર્થે અહીં આવિર્ભાવ થયો છે તે કાર્ય-લોકસંગ્રહ અને લોકોદ્ધાર-જ એવું કાર્ય છે કે લોકબાધા નિવારણ થઇ શકે નહિ, અને ખરૂં પૂછો તો જે હેતુએ શ્રી. અવધૂતનું આગમન થયું છે, તે અર્થે એમની પાસે જે કોઇ આવે

છે તેમને માટે તો પૂ.શ્રી.ને આદર છે. તેવાઓ આવે અને પોતાની ઇશ્વરદત્ત દૈવિસંપત્તિનો લાભ લે એ તો ભગવાનની અને ભગવદાધીન શ્રી. અવધૂતની ઈચ્છા પણ છે. એવા પારમાર્થિક ઉત્કર્ષના હેતુએ શ્રી અવધૂત પાસે આવનારા કેટલા? શ્રી અવધૂત પાસે હજારોની સંખ્યામાં સ્ત્રી પુરુષો આવે છે. જ્યાં જુઓ ત્યાં મધમાખી પેરે શ્રી. અવધુતની આસપાસ માણસો ઉમટે છે. પરંતુ એ બધામાં મોટા ભાગના લોકોનો હેતુ કેવળ પ્રાપંચિક ઉન્નતિ જ હોય છે અવધુતનાં કીર્તિગાન શ્રવણ કરીને દૂર દૂરથી અનેક લોકો આવે છે. તેમાં આર્ત અને અર્થાર્થીઓનો જ સમુદ્ર વિશેષ હોય છે કોક જ જિજ્ઞાસુ હોય છે. અને જ્ઞાનપિપાસાતૃપ્તિ અર્થે અથવા આત્મોન્નતિ સાધવા આવનાર તો નહિંવત્ હોય છે. શ્રી. અવધુતને માણસો–આગતુંકો બાધારૂપ નથી, પણ તે જે હેતુએ આવે છે તે હેતુ બાધારૂપ છે. પણ પ્રપંચમાં એનું જ પ્રાધાન્ય છે એટલે બીજો શો ઈલાજ?

હજી તો શ્રી. અવધુતને અહીં આવ્યે ફક્ત એક જ રાત્રી વીતી હતી પણ કોણ જાણે યુગ વિત્યો હોય તેમ પરોઢિયે હજી તો સૂર્યનાં સહસ્ત્રાવધિ કિરણો ફૂટે તે પહેલાં લોકોના ટોળાં થવા લાગ્યાં ગામથી દૂર અવધૂતનો નિવાસ હોવા છતાં લોકોનો ઉત્સાહ અદમ્ય હતો. એમના અવર્ણનીય આનંદની વાત ફરી ફરી કેટલી વખત કરવી? ઘરકામમાં ચિત્ત ચોંટે નહિ. આખો વખત જાણે શ્રી અવધૂતના જ સાન્નિધ્યની ઝંખના થયા કરે. ઘેર જાય તે પણ જાણે પરાણે. સમીસાંજે ફરી પાછાં ત્યાને ત્યાં આવીને પાછાં ભજનાનંદે નિમગ્ન રહે. શ્રી ભગવાનસિંહના આનંદની તો વાત જ પૂછો મા! એ આનંદ એમની મુખમુદ્રા ઉપર ઉપસી આવતો સ્પષ્ટ જણાતો. ખાનપાન કે આરામની પરવા કર્યા વિના શ્રી અવધૂતની સેવામાં એ એકાગ્રચિત્ત રહેતા.

શ્રી અવધુતને પણ અહીંના લોકોની એકમાર્ગી નિખાલસતા અને એકાંગી ભકિત જોઇને સંતોષ થયો હતો. પરિણામે અહીં શ્રી. અવધુતે ઉપદેશ અર્થે ઉત્સુક થયેલા અનેક ભકતોને તેમની રુચિ અનુસાર સંતોષવાનો પ્રયત્ન કર્યો હતો. અને એ રીતે તે સર્વને સન્માર્ગે વાળ્યા. કાળીપરજના આદિવાસી ભાઈઓ જેવા ભોળા અને શુદ્ધ ભાવભર્યાં માનવીઓને પણ તેમની ભાવનાને અનુકુળ રામ કૃષ્ણ અને દેવી આદિની ઉપાસના તરફ વાળ્યા હતા. એ સિવાય પણ બીજા નિરક્ષર છતાં હૃદયે સરળ માણસોને પણ ઉપદેશ મળ્યો હોવાથી તેમને પણ કૃતાર્થતાનો આનંદ થયો.

શ્રી અવધૂતનો નિત્યક્રમ અહીં પણ યથાવત્ જ હતો પરમાત્મા તરફ વહેતા ભક્તિ ભાગીરથીના શાંત પ્રવાહમાં ભકતો પણ તરબોળ બન્યા

અહીં એટલું તો કહેવું જોઈએ કે ધરમપુરના સમગ્ર નિવાસ દરમ્યાન શ્રી અવધુતનાં દર્શને અનેક લોકો આવતા પણ તેમના તરફથી શ્રી અવધુતને કોઇપણ પ્રકારનો ઉપદ્રવ થતો નહતો અને એથી એમની તબિયત સ્વસ્થ રહેતી. લોકોની સરળતાને લીધે અવધુતનો સમય શાંતિ અને આનંદમાં પસાર થતો. જિજ્ઞાસુ ભાઇઓ સાથે આધ્યાત્મિક વાર્તાલાપમાં એમને પોતાને આનંદ આવતો પણ પ્રાપંચિક બાબતોની ભાંજગડમાં પડતાં એમને થોડો કંટાળો આવતો. છતાં સંતોનો સ્વભાવજ પરગજુ રહ્યો. પરહિત કરવાનો–પરાયા કલેશયુક્તને કલેશમુક્ત કરી શાંતિ આપવી એ એનો ધર્મ રહ્યો સાચા વૈષ્ણવનો એ ધર્મ હોવાથી શ્રી. નરસિંહ મહેતાએ કહ્યું :

"વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે"

આમ સ્વભાવને અનુરૂપ શ્રી અવધૂત સામે ઊભેલા આર્તની ઉપાધિ દૂર કરવા માટે તેને માર્ગ બતાવતા. સંતો તો માર્ગદર્શક.

એ કહે તેમ કરનાર સુખભાગી બને. તે કરે તે વગર સમજ્યે કરવા જાય તે તો દુ:ખભાગી થાય. આત્મભાવે સંતો બધાંને એકસરખાં લેખે છે. અથવા સંતોમાં સહજભાવ રહેલો છે. એટલે કોઈ આર્ત આવે અને પોતાની દુ:ખગાથા ગાય તો પોતાની પ્રતિકૂળતા વેઠીને પણ શ્રી. અવધૂત તેને શાંતિ આપી પોતાનું બિરુદ સત્ય કરતા. સંતોનાં અંતર તો નવનીતથી પણ કોમળ છે. નવનીત તો પોતાને અગ્નિની આંચ લાગે ત્યારે પીગળે છે. પણ સંતો તો પરાયા અગ્નિથી પીગળે છે. પરંતુ કોઈવાર તે વજ્રથી પણ વધારે કઠોર બને છે. જ્યાં કૂણાં કાળજાં કોઇનો કલેશ જોઈ શકતાં નથી તો જોયા પછી જડ તો બની શકે જ કેવી રીતે? એથી જ દુ:ખિયો એવો કોઈ ભાગ્યે જ શ્રી. અવધૂત પાસે આવી નિરાશ બનતો. એવા પ્રસંગો તો શ્રી. અવધૂત જ્યાં જ્યાં પધારે છે ત્યાં ત્યાં બન્યા જ કરે છે. કેમકે જગમાં આર્તની સંખ્યા જ અધિક છે. જિજ્ઞાસુ તો થોડા અને મુમુક્ષુ તો આંગળીને વેઢે ગણાય એટલા. નારેશ્વરમાં તો એ પ્રસંગો નિત્યના હોય છે. ધરમપુરમાં કંઈ અપવાદ ન હોઇ શકે. એ પ્રસંગોની નોંધ લઇએ તો ગ્રંથનિર્માણ થાય, એટલે સંક્ષેપમાં એની નોંધ લઇએ તો અસ્થાને નહિ જ ગણાય.

શ્રી ભીખોબા હરિભાઉ તળેકરનાં દીકરી ધરમપુર રહે. દર બુધવારે જ તેમને આંકડી આવે અને શરીર અષ્ટાવક્ર જેવું બની જાય. એ સિવાય બીજી કોઈ ઉપાધિ નહતી. આંકડી બુધવારે આવે પણ દિવસના અમુક કયા ચોક્કસ સમયે આવે તે નક્કી નહિ. શ્રી. અવધૂત પરદુ:ખભંજન છે એવું જાણી તેના પિતા એને લઇને એક દિવસ સવારે આવ્યા. શ્રી. અવધૂતનો મુકામ ત્યારે શ્રી. રઘુરાજસિંહને ત્યાં હતો. પોતે તે ભાઇની વાતો સાંભળી. તે બાળાને જોઇ અને તેને બુધવારે પોતાની પાસે લાવવા કહ્યું. એ પ્રમાણે બુધવારે સવારમાં શ્રી. અવધૂત આગળ તે બાળાને બેસાડવામાં

આવી. પોતે તે દિવસે પણ તે બાળાનું નિરીક્ષણ કર્યું. શ્રી અવધૂત બીજાઓ સાથે વાર્તાલાપ કરતા હતા પણ તેમનું ધ્યાન તે બાળા તરફ જ હતું એ કહેવાની જરૂર ભાગ્યે જ હોય. આશરે નવેક વાગ્યે એ કન્યા બેઠી હતી ત્યાં જ ઢળી પડી. અને અભાન અવસ્થામાં નિશ્ચેષ્ટ પડી રહી. શ્રી. અવધૂતે થોડો સમય તેના તરફ મીટ માંડી. આંકડીનું જોર પ્રમાણમાં ઘણું જ કમ હતું દર બુધવારે આમ તો બેત્રણ વાર આંકડી આવતી પણ આજે માત્ર એક જ વાર આમ થયું. નિશ્ચેષ્ટ પડેલી એ બાળા પોતે જ સાવધાન બની બેઠી. શ્રી. અવધૂતે તે બાળાને અને તેના પિતાને આશ્વાસન આપ્યું અને કશીક સૂચના આપી. બીજો બુધવાર આવ્યો ને ગયો. કન્યાને આંકડી ન આવી અને સ્વસ્થ રહી. એ રીતે કટાક્ષમાત્રથી એ કન્યા વ્યાધિમુકત બની.

ધરમપુરમાં શ્રી ભગવાનસિંહની વાડીમાં પણ આવોજ પ્રસંગ બન્યો. સ્વ. શ્રી. સદાશિવ સોમેશ્વર ઠાકોરની પુત્રી, અ.સૌ. ચનુબહેન પોતાના છોકરાઓ સાથે ધરમપુર આવી હતી તેના છ સાતેક વર્ષના છોકરાને એક દિવસ અણચિંતવ્યો જ જ્વર ચઢયો. એ છોકરો બેભાન બની ગયો. વૈદ્ય ડોકટરો આવ્યા. શકય તેટલા ઉપચારો કરવામાં આવ્યા. દવા, ઇંજેકશનોએ પણ કંઇ જવાબ આપ્યો નહિ. બાળક નિશ્ચેષ્ટ જ પડયો રહ્યો. તાવ ઊતરે નહિ. આખરે સુધારાનાં કશાં જ ચિહ્નો જણાયાં નહિ ત્યારે બધાને એક વિચાર આવ્યો. એક છોકરીએ શ્રી. અવધૂતને શરણે આવી બધી વાત કરી અને આર્તપ્રાર્થના કરી. શ્રી. અવધૂતનું અંતર પીગળ્યું. શ્રી અવધૂતે અભિમંત્રિત જળ આપ્યું. સંતના અંતરના ઉદ્ગારો અફળ જતા નથી. કારણ કે આત્માનો અવાજ છે. વૈખરીનો અવાજ અફળ જાય. પણ પરાવાણીના ક્ષેત્રમાંથી ઉદ્ભવતો અવાજ જ્યારે વૈખરી દ્વારા વ્યકત થાય ત્યારે તે રામબાણ જ હોય. એ અવાજ પાછળ સંતની તપશ્ચર્યાનું બળ છે. બાળકને એ અભિમં-

ત્રિત જળનું પાન કરાવ્યું. આશ્ચર્યની વાત તો એ બની કે સંતના આશીર્વાદ ફળ્યા. થોડાક વખતમાં એ છોકરાનો જ્વર ઓછો થયો અને ભાનમાં આવવા લાગ્યો. બીજે દિવસે સવારે તો છોકરો હરતો ફરતો થઈ ગયો અને આનંદમાં આવી ગયો. કુટુંબી-જનોનાં મુખ આમ શ્રી. અવધૂતની કૃપાથી હસતાં થઇ ગયાં. એ બહેને ધરમપુરમાં પોતાના દીકરાની ગોળથી તુલા કરી અને એ ગોળ બધાંને પ્રસાદમાં વહેંચ્યો. શ્રી અવધૂતને પ્રણિપાત કર્યા અને કૃતજ્ઞતા દાખવી. શ્રી. અવધૂતનું ઋણ કેમ ફેડાય? પુત્રને જીવનદાન દેનાર શ્રી. અવધૂતના ચરણો એણે પોતાના હર્ષાશ્રુએ પખાળ્યા. બાળકને શ્રી. અવધુતને ચરણે ધર્યો.

આમ આનંદમાં સમય ક્યાં વ્યતીત થતો તેની ખબર સરખી પડતી નહતી. એક દિવસ શ્રી ભગવાનસિંહે આદિવાસી નૃત્ય જોવાની શ્રી અવધુતને પ્રાર્થના કરી. શ્રી અવધુત સંમત થયા સ્વાભાવિક રીતે શ્રી અવધુત એવા ભૌતિક તમાસાઓથી પર છે. એમને આધ્યાત્મિક તમાસા ઓછા છે કે આવા ભૌતિક અને કેવળ રાજસ અને તામસ ગુણને પોષનારા તમાસામાં આનંદ આવે? પણ શ્રી. અવધુતના નિમિત્તે એ નૃત્યનો લાભ બીજાઓને મળે અને તેમની ઉત્કંઠા સંતોષાય અને કંઈક નવીનતા લોકોને જોવાં મળે હેતુએ શ્રી. અવધુતે એ નૃત્ય નિહાળવાની અનુમતિ આપી. રાસ એ ગુજરાતનું એક અનોખું સાંસ્કૃતિક ગૌરવ છે. જુના જમાનામા દયારામ આદિ કવિઓની ગરબીઓએ લોકહૃદયનો કબજો લીધો હતો. અને હજીય તેના સંસ્કારો તો ભુંસાયા નથી. એ સસ્કારોએ નવું સ્વરૂપ લીધું છે. આજકાલના રાસ, ગરબાઓ અને અંગભંગ, નૃત્ય-નાટિકાઓ રાજસી અને તામસી વૃત્તિઓને પોષક છે. સૌંદર્યનું અછાજતું પ્રદર્શન થાય છે. પરિણામે એની મૂળ ભાવના જળવાતી નથી અને તેથી જ જે સંસ્કારોની છાપ પડવી જોઇએ તે પડતી નથી એટલું જ નહિ

પણ વિકૃત છાપ પડે છે. આમ છતાં શ્રી અવધુતે નૃત્ય જોવાનં કેમ સ્વીકાર્યું તેનો જરા વધારે વિચાર કરીએ.

ધરમપુર આદિવાસી પ્રજાનો પ્રદેશ છે. ધરમપુર કસ્બાને બાદ કરીએ તો બીજા ગામડાંઓમાં તો ઉજળિયાત કહેવાતા સભ્યજનોનાં ગણ્યાંગાઠયાં ઘરો છે. બાકી તો આદિવાસીઓનાં ઝુંપડાં જ નજરે પડે. આદિવાસીઓની નૃત્ય, એ એક આગવી સંસ્કૃતિ છે જેમ શિષ્ટ સમાજની નૃત્ય, રાસ ગરબા વગેરે સંસ્કૃતિ છે તેવીજ રીતે આદિવાસીઓમાં પણ આવા સામુહિક નૃત્યો છે. આ નૃત્યો નૈસર્ગિક અને મોહરહિત છે. તેમાં કળા છે, પણ દંભ નથી; સૌંદર્ય છે. પણ કૃત્રિમતા નથી. એ નૃત્યમાં પાત્રો હળેમળે છે. ઉભય સ્ત્રીપુરૂષોનાં અંગભંગ સાથે જ થાય છે તો પણ વિકાર નથી અને તેથી જ નૃત્યની સાચી અસર થાય છે ધરમપુરમાં જે મંડળી નૃત્ય કરવાની હતી તે આદિવાસીઓની જ હતી તેઓએ દિલ્હીમાં લોકનૃત્ય સ્પર્ધામાં ઊતરી પોતાના નૃત્યની કળા દાખવી પ્રથમ વર્ગનું પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું અને તેથી જ એ ભાઇબેનોનું એ નૃત્ય નિહાળવાની શ્રી અવધુતે અનુમતિ આપી. સારા સ્વાંગમાં એ ભાઇબેનોએ આવીને કળાનો પરિચય કરાવવો શરૂ કર્યો સૂત્રધારનો સંકેત થતાં જ આદિવાસીઓના આડંબર વિનાનાં અનોખાં વાજીંત્ર. ઢોલ અને શરણાઈ ગાજી ઊઠયાં. તાલબદ્ધ અને લયબદ્ધ એ નુત્યનો પ્રારંભ થયો. અનેક પ્રકારના મર્યાદિત પણ નિર્દંભ અને કલાપૂર્ણ ભંગ અને અભિનયયુક્ત એ નૃત્ય લગભગ અડધો કલાક ચાલ્યું. પ્રેક્ષકોને આનંદ થયો. કલાકારોને પણ આનંદ થયો. અંતે શ્રી અવધુતે એ સર્વને આશીર્વાદ આપ્યા. એ રીતે સમારંભ પૂર્ણ થયો.

૬
ઉપાસનીબાબાની પર્ણકુટિ

શિરડીના સુપ્રસિદ્ધ સંત શ્રી. સાંઈબાબાના નામથી તો આપણે બધા પરિચિત છીએ. એ વિભૂતિવિશેષના શિષ્ય શ્રી. ઉપાસનીબાબા પણ પ્રસિદ્ધ છે. એ શ્રી. ઉપાસનીબાબા ફરતા ફરતા ધરમપુર પણ એકબે વખત આવેલા. શ્રી. ગોવિંદરાવ, શ્રી. લક્ષ્મણરાવ માલનકર વગેરે તથા પ્રભુસમાજ એ ઉપાસનીબાબાના ઉપાસક-ભક્તો. શ્રી. લક્ષ્મણરાવની જમીન બારોળિયા (એક ગામ)માં મુખ્ય રસ્તાને લાગીને આવેલી છે. ત્યાં એક નાની સરખી પર્ણકુટિ બનાવીને ત્યાં શ્રી. ઉપાસનીબાબાનો એક વખત મુકામ કરાવવામાં આવ્યો હતો. ત્યારથી એ ભાઈઓએ એ પર્ણકુટિને સાચવી રાખી છે. શ્રી. ઉપાસનીબાબાના સ્મારક તરીકે એની મરામત કરાવીને ત્યાં આગળ શ્રી. ઉપાસનીબાબાનું ચિત્ર રાખી અવારનવાર ત્યાં જઈ લોકો તેની સંભાળ રાખી રહ્યા છે.

એ ભાઈઓના વંશજો શ્રી. હરિશ્ચંદ્ર અને જનાર્દન માલનકર વગેરેએ એ સ્થળ જોવાની અને ત્યાં પગલાં કરવાની શ્રી. અવધૂતને પ્રાર્થના કરી. શ્રી. અવધુતે તેનો સ્વીકાર કર્યો.

એક દિવસ શ્રી. ભગવાનસિંહની વાડીએથી સૂર્યોદય થાય ન થાય તે પહેલાં શ્રી. અવધુત નીકળ્યા. ધરમપુરના ભરબજારમાંથી જતાં લોકોને આશ્ચર્ય થયું. કોઇ તો બિછાનામાં પડયા પડયા ઘોરતા હતા. કોઈ સફાળા ઊઠી પડયાં કોઈ બહેન આંગણાં સ્વચ્છ કરતી હતી. આમ અનેક પ્રકારનાં દશ્યો જોતા જોતા શ્રી. અવધુત ધરમપુરથી સુમારે એકાદ માઈલને અંતરે આવતા એ સ્થાન પર પધાર્યા. ત્યાં શ્રી. અવધુતનો પુષ્પહારથી સત્કાર કરવામાં આવ્યો. ધુપ, દીપ, પ્રસાદ વગેરે થયું. અને થોડો સમય વિતાવી સૂર્યોદય સમયે જ ત્યાંથી શ્રી. અવધુતે પ્રયાણ કર્યું અને પાછા શ્રી. ભગવાનસિંહની વાડીમાં આવી પહોંચ્યા.

૭

ધરમપુરમાં સામુદાયિક યજ્ઞોપવીત

શ્રી અવધુતનો આ વખતનો ધરમપુરનો પ્રવાસ આગળ થયેલા બે પ્રવાસ કરતાં અનોખો હતો હવે પછી એવો મુકામ થશે કે કેમ એ પણ એક પ્રશ્ન છે. એનાથી ચઢિયાતો થાય એ ઇચ્છનીય છે પણ જે થયો તે તો બસ અવર્ણનીય! આ વખતે શ્રી. અવધુત પૂરા ત્રીસ દિવસ રહ્યા. ઘેલાં બનેલાં એ સાદા અને સરળ હૃદયનાં ભાવિક નરનારીઓ રોજ રોજ શ્રી. અવધુતનાં દર્શન કરતાં હતાં. એક, બે, ત્રણ વખત દર્શન કરે તોય અધીરાઇ તો એકસરખી જ. દર્શનલાલસા કદિ તૃપ્ત થતી નહતી. ભકતની દર્શનલાલસા કદિ તૃપ્ત થાય ખરી ? અને એ તૃપ્ત થાય તો એને ભકત પણ કેમ કહેવાય? સદા ભગવાનમાં ચિત્ત રહે, 'ભગવાન કયારે મળશે' એ ભાવના સદા જાગૃત રહે તે સાચો ભકત લેખાય. તેનું મન સદા ભગવાનના સ્વરૂપમાં જ સંલગ્ન રહે છે તેને પ્રાપંચિક વ્યવહારમાં રુચિ રહેતી નથી તેનું એકમાત્ર ધ્યેય ભગવાન બની રહે છે. અહીં પણ એ જ રીતે લોકો પોતાનાં પ્રાપંચિક જીવનનાં કાર્ય ભલે કરતા. પણ તે કેવળ યંત્રવત્ જ. તેમનું ચિત્ત તો શ્રી અવધુતના ચરણોમાંજ સદોદિત સંલગ્ન રહેતું. રોજ રોજ ભજનમાં આવતા છતાં સદાય તેમનું મન ભજનાનંદથી અતૃપ્ત જ રહેતું. અમૃત પીને કોણ ધરાયો? જેમ જેમ શ્રી. અવધુતના પ્રયાણના દિવસો નજીક આવવા લાગ્યા તેમ તેમ લોકો એક યા બીજું નિમિત્ત શોધીને તેમને પોતાને ધરમપુરમાં થોડા વધુ દિવસ રોકાવના પ્રયાસ કરવા લાગ્યા. શ્રી. અવધુત પ્રત્યેની અકૃત્રિમ પ્રીતિનું એ પરિણામ હોય કે કોઈ દૈવી સંકેત હોય તે તો પ્રભુ જાણે. પણ લોકોના એ મમત્વ અને ભાવને આધીન શ્રી અવધુતને પણ જાણે ધરમપુર છોડવાનું બહુ રુચિકર નહોતું જણાતું. પણ એ તો અવધુત! જેને બધા પર પ્રીત હોય એમ જણાય

છતાંય કોઇના પર પ્રીત ન હોય તે અવધુત. જે સાથે હળેમળે છતાં બધાથી નિરાળો રહે તે અવધુત. જે વ્યકિત માત્રને પોતાનો આત્મીય જણાય છતાંય જે બધાથી અસંગ રહે તે અવધુત. અને તેથી જ પરમતત્ત્વ પ્રેમસ્વરૂપનાં જૂજવાં સ્વરૂપોનું અહીં દર્શન થતું હોવાથી પ્રેમભાજનથી વિખૂટા પડવાનું કોને ગમે? કોણ રાજી હોય? અને છતાંય આ તો સંસાર! શ્રી. અવધુત ઘણીવાર કહે છે: "આ બધાં ભિન્ન ભિન્ન સ્વરૂપે ભગવાન મને દર્શન દેવા આવે છે. એનો અનાદર કેમ કરાય?" અને એ જ સાચું આત્મદર્શન છે. મનુષ્ય માત્રમા જ નહિ, પણ જડચેતન સમસ્ત સર્જનમાં એ સભર ભરેલો છે. આપણે જેને શિલા કહીએ છીએ તેને આત્મદર્શી પ્રભુનું સ્વરૂપ લેખે છે. એ દૃષ્ટિભેદનું કારણ એ છે કે એને જેમાં પ્રભુનું દર્શન થાય છે તેમાં આપણને પદાર્થ જ દેખાય છે, વિષયોનું જ દર્શન અને વ્યકિતની જ દૃષ્ટિ રહે છે. સંતમાં અને સંસારીમાં આટલો ભેદ છે. દૃષ્ટ અંતર્મુખ કરીને જોશો તો તમે પણ સર્વત્ર પ્રભુ જ જોશો પણ એની મીમાંસા કયાં સુધી? એનો તો પાર ન આવે હો!

આ વખતે દૈવજ્ઞ બ્રાહ્મણ, સોની જ્ઞાતિના કેટલાક ભાઇઓએ એક પ્રસંગની યોજના કરી. પોતાની જ જ્ઞાતિના યજ્ઞોપવીત સંસ્કારને યોગ્ય ગણાય તેવા ઘણાય બટુકો કપરી મોંઘવારીના કાળમાં સંસ્કાર વિના જ રહ્યા હતા કેટલાય બટુકો એવા હતા કે જેનાં માતપિતાની પાતળી સ્થિતિને લીધે વયમર્યાદા વીતી જવા છતાં સંસ્કાર મળ્યા નહતા. ધરમપુરની પ્રજાનો મોટો ભાગ ગરીબ છે અને આવા કટોકટીના સમયે ગરીબાઈના મુખનો ગ્રાસ બનતો જાય છે બે ટંકનું કુટુંબને અન્ન પૂરૂં પાડવાની પણ કેટલાકની તો શકિત નથી. એવા કપરા કાળમાં સામાજિક, વ્યવહારિક પ્રણાલિકાને અનુરૂપ, એ પ્રસંગ ઉકેલવાની તેમની શકિત તો હોય જ કયાંથી? આ કારણે સંસ્કારવિહોણા બાળકોને સંસ્કાર

આપવાનો માર્ગ આ લોકોએ શોધ્યો. ધરમપુરની પ્રજા આમ તો ગરીબ, અને તેમાંય આવો પ્રસંગ ઉકેલવા જાય તો કરજના ભારણ નીચે દબાઈ જાય, અને એ કરજમાંથી મુકત થવા માટે થોડી ઘણી મિલકત હોય તો તે શાહુકાર છીનવી લે. આવી પરિસ્થિતિમાં આવા પ્રસંગો સામુદાયિક સ્વરૂપના હોય તો જ બધાયને અનુકૂળ પડે એ દૃષ્ટિએ આ ભાઈઓએ સામુદાયિક યજ્ઞોપવીત સંસ્કાર વિધિનો સમારંભ શ્રી. અવધુતના પવિત્ર સાન્નિધ્યમાં ઉકેલવાનો નિશ્ચય કર્યો. આમ કરવાથી બધાયની સમસ્યા ઉકલી જાય અને નજીવા ખર્ચમાં એ બાળકોને સંસ્કાર પણ આપી શકાય. શાસ્ત્રોકત સંસ્કાર પામીને બાળકો સંસ્કૃત બને. કેટલાક ભાઈઓએ આપસ આપસમાં ચર્ચા કરી નકકી કર્યું. શ્રી. અવધુતને બે દિવસ વધુ રોકવાની પ્રાર્થના કરી અને પોતાની યોજનાનું એમની આગળ આછું વર્ણન કર્યું, માત્ર રૂપરેખા ઉપરથી જ ચકોર અવધુત આખી યોજના સમજી ગયા એમને એ ગમી. પોતે બે દિવસ વધુ રોકાવાનું કબૂલ કર્યું. આવા સત્કર્મમાં શ્રી અવધુતનો સહકાર હોય જ. શ્રી. અવધુતનું જીવનકાર્ય જ લોકસંગ્રહ અર્થે પોતે સત્કર્મ કરવાં, બીજાઓને તેમ કરવાની પ્રેરણા આપવી અને સત્કર્મ થતાં હોય તો તેમા સહકાર આપવો એ છે. આમ કરવામાં આવે તો જ લોકોને ધર્મ પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થાય, લોકો ધર્મભીરુ બને અને પ્રભુની નજીક પહોંચે એ હેતુએ તો શ્રી અવધુત આવા પ્રવાસો કરે છે જે વિષે આગળ કહેવાઈ ગયું છે. અવનતિના માર્ગના ઉચ્છેદનો, ઉન્નતિના માર્ગની પ્રેરણાનો શ્રી. અવધુતનો પ્રવાસ છે. એટલે જ આવા પ્રસંગો ઉપસ્થિત થાય તો શ્રી. અવધુતના જીવનકાર્યમાં એક પ્રકારનો અનોખો ઉછાળો આવે. અને તેથી જ પાતે હસતે મુખે અનુમતિ આપી. અને એ દિશામાં કાર્યરત બનવાને સંચાલકો ઉત્સુક થયા. ગામ-પરગામ કાગળો લખાયા. અને જોતજોતમાં તો દૈવજ્ઞ બ્રાહ્મણ, સોની જ્ઞાતિના લગભગ ૧૦૦૦ થી ૧૫૦૦ ભાઈ-બહેનો

ધરમપુરની ભૂમિ પર એ નિમિત્તો ભેગાં થયાં. જાણે એક નાનકડું જ્ઞાતિસંમેલન યોજાયું. વાપી, દમણ, મુંબઈ, ધરમપુર વગેરે જુદાં જુદાં ગામનાં બાળકો આવ્યાં, માતાપિતા આવ્યાં, માતુલપક્ષ આવ્યો. એમ જોતજોતમાં સમૂહ થયો. જ્ઞાતિસંમેલન હોય તો ય આટલા ઉત્સાહથી લોકો ભાગ્યે જ ભેગા થાય, આ તો એક ધારે બે પક્ષીને મારવાનાં હતાં. એક તો શ્રી. અવધૂતના સાન્નિધ્યમાં બટુકને યજ્ઞોપવીત થવાનું હતું અને બીજું કે બટુકને શ્રી. અવધૂતના આશીર્વાદ મળવાના હતા. અને સૌને એમના દર્શનનો અમૂલ્ય લાભ તો ખરો જ ખરો. તેથી બધા ભાઇબહેનોએ ઉત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

સમારંભનો ખર્ચ બહુજ સદ્ધર વ્યકિતએ ઉપાડી લેવાનું પોતાની મેળે જ કહ્યું. એ રીતે સંવત ૨૦૧૮ વૈશાખ સુદ ૬ના શુભ દિવસે ધરમપુરમાં સામુદાયિક યજ્ઞોપવિત કરવાનું નકકી થયું.

પ્રાતઃકાળથી જ તૈયારીઓ થવા માંડી. શ્રી ભગુભાઈની વાડીમાં જ્યાં શ્રી. અવધૂતનો નિવાસ હતો ત્યાં જ ચોગાનમાં એક વિશાળ મંડપ રચવામાં આવ્યો. કદલીસ્તંભ અને તોરણોથી સુશોભિત એ મંડપમાં ૭૫ બટુકોને યજ્ઞોપવીત આપી શકાય એવી વેદી વગેરેની વ્યવસ્થા આગલે દિવસે જ બ્રાહ્મણોએ કરી હતી. પ્રત્યેક ગોત્રના બટુકો માટે અલગ અલગ વેદી, સ્થાપન વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી અને એ વેદીની આસપાસ બટુક અને તેના માતાપિતાને માટે બેઠકની વ્યવસ્થા કરવામાં આવી. યજ્ઞોપવીતના દિવસે તો પ્રાતઃકાળથી જ ધમાલ શરૂ થઈ ગઇ હતી શરણાઇ, ઢોલ વગેરે વાદ્યો વાગવા માંડયાં. વિપ્રો આવ્યા. બટુકો અને તેમનાં માતાપિતા આવ્યાં અને સૌ સૌની બેઠકો પર બેઠા. અને આમ સુમારે પાંચસો સાતસો માણસોની ભીડ જામી. આવો પ્રસંગ ધરમપુરમાં પહેલવહેલો જ હતો એટલે બીજાઓ પણ એ પ્રસંગને નિહાળવાને આવ્યા હતા. મંડપમાં

લાઉડસ્પીકર મૂકવામાં આવ્યાં હતાં રાજપીપલાના કર્મપ્રવીણ વિદ્વાન વે. શા સં. શિવપ્રસાદ જોશી, દમણ અને વાપીના દૈવજ્ઞ આચાર્યો, ધરમપુરના શ્રી કરુણાશંકર, કમળાશંકર વગેરે બ્રાહ્મણોને પણ એ પ્રસંગે સહકાર આપવા બોલાવવામાં આવ્યા હતા એ બધા ભેગા થઈને સમારંભને સફળતાનો સુવર્ણ કળશ ચઢાવવા કટિબદ્ધ થયા. સુમારે ૬૨ બાળકોને આજે યજ્ઞોપવીત સંસ્કાર થવાના હતા.

આગલે દિવસે પ્રારંભિક સંસ્કાર કરવામાં આવ્યા બટુકોને ચૌલ સંસ્કાર કરવા સૂત્રના સંસ્કારો કરાવ્યા બાકીના સંસ્કાર બીજે દિવસે કરવાનું નક્કી કર્યું.

યજ્ઞોપવીત સંસ્કારનું કાર્ય પ્રથમ દિવસે મધ્યાહ્ન પછી શરૂ થયું. વિપ્રો તૈયાર હતા ભાતભાતની સાડીઓ પહેરી બટુકોની માતાઓ મંડપમાં આવી રંગબેરંગી પીતાંબર પહેરી બટુકોના પિતાઓ પણ આવ્યા આમ મંડપ બટુક, માતાપિતા અને વિપ્રસમુદાયથી ભરપુર બની ગયો. ઈતરવર્ણના ગૃહસ્થો અને બેનો પણ એ પ્રસંગનું દશ્ય નિહાળવા આવ્યા હતા. અને એ રીતે શ્રી. ભવાનસિંહની વાડીનું ચોગાન માણસોથી ભરાઇ ગયું હતું. આ દશ્ય ખરેખર અનુપમ લાગતું હતું. માનવસમુદાય વચ્ચે બ્રાહ્મણોએ શ્રીગણેશાય નમઃ ના મંગલ શબ્દોચ્ચાર વડે શુભકર્મનો પ્રારંભ કર્યો, અને ચૌલ સુધીના કર્મનું કાર્ય પતાવ્યું. બટુકો વગેરે સૌ સૌને ઘેર વિદાય થયા. બીજે દિવસે પ્રાતઃકાળે જ અવશિષ્ટ સંકારવિધિ અને યજ્ઞોપવીતપ્રદાન કરવાનું નક્કી થયું હતું.

આજે તો પ્રાતઃકાળથી જ જનતા–જનાર્દનનાં જ દર્શન થતાં હતા. પ્રાતઃકાળથી સાયંકાળ સુધી યજ્ઞોપવીતસમારંભ અંગે જનતા રોકાયેલી હતી. મુંબઈથી શ્રી. અશ્વિનકુમાર ઢેબર બી.એ. એલ.એલ.બી. પૂ શ્રી. ના દર્શન માટે આવેલા હતા. તેમણે

આ સમારંભ જોયો. જ્ઞાતિએ નાગર બ્રાહ્મણ છે, વિદ્વાન છે અને જી ટી. હાઈસ્કૂલમાં શિક્ષકની નોકરી કરે છે. પરંતુ એમના યજ્ઞોપવીતસંસ્કાર થયા નહતા. એની આવશ્યકતા નથી એમ એ માનતા. ભાવિક છે, ભક્ત છે પણ તેમની ભક્તિનું ઈષ્ટ પરિણામ તેમને આવતું લાગતું નહિ. કદાચ સંસ્કારના અભાવે પણ હોય એમ તેમને લાગવા માંડ્યું. આ દૃશ્ય જોઇને તેમને પણ સ્વાભાવિક વિચાર આવ્યો. संस्काराद्विज उच्यते એ ન્યાયે જ્યાં સુધી શાસ્ત્રોક્ત-વિધાનાનુસાર દ્વિજત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેને બ્રાહ્મણનાં કર્મ કરવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. અને જો કર્મ કરે તો તેનું ઇષ્ટ પરિણામ આવતું નથી. આમ એમને પણ દ્વિજત્વ પ્રાપ્ત કરી બ્રાહ્મણોચિત બ્રહ્મકર્મ આદિ કરવાની સ્વયંસ્ફૂરણા થઇ. શાસ્ત્રમાં યજ્ઞોપવીતની મર્યાદા પણ વર્ણવી છે. આઠ વર્ષથી આરંભી બત્રીસ વર્ષની વય સુધી યજ્ઞોપવીતસંસ્કાર કરી શકાય. પછી તે પ્રાપ્ત કરવાનો અધિકાર રહેતો નથી. શ્રી. ઢેબરેની વય છત્રીસ વર્ષની હતી. શાસ્ત્રોક્ત વય મર્યાદા એમણે વટાવી દીધી હતી. એમણે શ્રી. અવધૂતને પ્રાર્થના કરી. સંસ્કારવિહોણા રહેવું એના કરતાં વયમર્યાદાને ગૌણ લેખી સંસ્કૃત થવું એવો શ્રી અવધૂતનો સમન્વયકારી મત હોવાથી શ્રી. અવધૂતે Better late than never કરી શ્રી. શિવપ્રસાદ જોષી, જેમના હાથમાં આ પ્રસંગનું સંચાલન સોંપવામાં આવ્યું હતું તેમને એ વાત કરી. ગુરુવાક્ય પ્રમાણ માની શાસ્ત્રાજ્ઞાને ગૌણ ગણીને બ્રાહ્મણોએ એમને યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યા. પ્રારંભિક સંસ્કાર થયા પછી મંત્રોપદેશનો પ્રસંગ આવ્યો એમણે તો સ્વપ્ને પણ ધાર્યું ન હતું કે આમ બનશે. શ્રી. ઢેબરનાં માતા છે પણ તે તો મુંબઇમાં અને પિતા તો ઘણા ય વર્ષોથી સ્વર્ગે સિધાવ્યા હતા. અહીં તો શ્રી. ઢેબર માત્ર દર્શનાર્થે જ આવેલા એટલે મંત્રોપદેશ કોણ આપે? ગાયત્રીમંત્રનો ઉપદેશ દેવાને પિતાની આવશ્યકતા. શ્રી ઢેબર સાથે મુંબઈની જી. ટી. હાઇસ્કૂલમાં કામ કરતા શ્રી ધીરુભાઈ જ.મિયતરામ અધ્વર્યુ અને

તેમના પત્ની અ.સૌ શ્રદ્ધાબહેનને એમના God-father અને God-mother (ધર્મપિતા અને ધર્મમાતા) થવાની અને મંત્રોપદેશ આપવાની શ્રી. અવધૂતજીએ આજ્ઞા કરી. ગુરુઆજ્ઞા શ્રી ધીરુભાઈએ માથે ચડાવી. અને આમ શ્રી. ઢેબરને ૩૬ વર્ષની વયે પણ યજ્ઞોપવીત સંસ્કાર અપાવી શ્રી. અવધૂતે કૃતાર્થ કર્યા.

યજ્ઞોપવીતનું કાર્ય પૂર્ણ થયું અને બટુકોને શ્રી. અવધૂતે—

अप्नुवन्तु सदा शान्ति पुष्टिं तुष्टिं च सर्वशः ।
विद्योपास्तिं प्रकुर्वन्तु बटवो दीक्षिता इमे ॥ ॐ ॥

वेदधर्मरता नित्यं राष्ट्रसेवापरायणाः ।
अन्योन्यमानिनः सर्वे सहकार्यकराश्च ते ॥ ग्लौं ॥

सर्वे च व्रतिनो भूत्वा यमिनः कर्मकौशलाः :
सदुद्योगा निरालस्या सर्वेसन्त्वभयाः सदा ॥ द्रां ॥
ॐ शान्तिः । शान्तिः ॥ शान्तिः ॥

આ ઉપવીત-દીક્ષા પામેલા બટુઓ સદા શાંતિ પામો અને બધી રીતે પુષ્ટ અને તુષ્ટ રહી વિદ્યોપાસનામાં મંડયા રહો. તેઓ બધા વૈદિક ધર્મના આચરણમાં નિરત રહી હંમેશા રાષ્ટ્રસેવામાં તત્પર રહો અને એકબીજા પ્રત્યે આદર રાખી બધા એકબીજાના કાર્યમાં મદદગાર થાઓ.

બધા આત્મશુદ્ધ્યર્થે વ્રતધારી થઈ, અહિંસા સત્ય બ્રહ્મચર્યાદિ વ્રતોનું પાલન કરી નિષ્કામ કર્મયોગ આચરો, બધા સદુદ્યોગમાં રાચો. આળસ ખંખેરી નાંખો. અને સદા સર્વદા નિર્ભય બની બીજાને અભયદાન દો. ૐ શાંતિઃ । શાંતિઃ ॥ શાંતિઃ ॥।

જગત્સુહૃદ
રંગ અવધૂત

એ પ્રમાણે આશીર્વાદ આપ્યા અને આશીર્વાદના પ્રતીક તરીકે શ્રીફળ આપ્યાં. દર્શનીય હતું એ દશ્ય. જેણે એ જોયું તે એ કદિ ન ભૂલે. નાના પાંચસાત વર્ષના બટુકો કાંધે કૌપીન, હાથમાં દંડ ધારણ કરી, મુંડન કરી તેના પર કુંકુમથી સાથિયો પૂરેલા મસ્તકવાળા બટુકો જ્યારે વારાફરતી અવધૂત આગળ આવતા હતા અને શ્રીફળ લેતા હતા ત્યારે એ દેવદુર્લભ દર્શનથી હાજર રહેલા સર્વ કોઈ આનંદથી પુલકિત થતા હતા. કેમ કે આ આ બટુકોને પીઠી ચોળવામાં આવી હોવાથી તેમનો વર્ણ પણ સુંદર દેખાતો હતો. એ બટુકોમાં ૨૦-૨૨ વર્ષના પણ હતા જે ઉપર કહ્યું તેમ સંજોગ અને શકિતના અભાવે સંસ્કારવંચિત રહ્યા હતા આમ જોતજોતામાં સંધ્યા સમય થયો અને સૌ પોતપોતાને મુકામે પરવર્યા.

પોતાના આગમનના સ્મરણચિહ્ન તરીકે શ્રી. ભગવાનસિંહની વાડીમાં ઔદુંબર અને ચંદનના વૃક્ષનું શ્રી અવધૂતે આરોપણ કર્યું અને સોનામાં સુગંધ ભળી.

શ્રી ભૂખણદાસ નારણદાસ અને શ્રી. જમનાદાસ બીલવાળાને અંતઃપ્રેરણા થતાં બન્ને જણે સંયુકતપણે પાદુકાપૂજનનો પ્રસંગ ગોઠવ્યો. એ પ્રસંગ શ્રી. ભગવાનસિંહની વાડીમાં ઉકેલાયો. બ્રાહ્મણોનો સત્કાર પણ સારા પ્રમાણમાં થયો. અને પ્રસાદવિતરણ પછી ભોજન સમારંભ થયો. આમ આનંદમંગળના વાતાવરણમાં એ પ્રસંગ પણ ઉજવાઈ ગયો.

ધરમપુરના નિવાસનો પ્રસંગ પૂરો કરીએ તે પહેલાં જો સોમાને વિસારે પાડીએ તો વર્ણન અપૂર્ણ જ ગણાય. સોમો એક આદિવાસીઓની જાતનો મજૂર છે. શ્રી. અવધૂત ધરમપુરમાં પધાર્યા ત્યારથી તે શ્રી. અવધૂતે ધરમપુર છોડયું ત્યાંસુધી રાત-દિવસ શ્રી. અવધૂતની સેવામાં રહ્યો. શ્રી. અવધૂતની પ્રત્યક્ષ

સેવામાં તો એ કશું કરતો નહિ. પરંતુ પૂ. શ્રી.ના મુકામ અંગેની બધી જ સેવા જેવી કે પાણી ભરવું, વાસણ માંજવાં, કચરો કાઢવો, કપડાં ધોવાં વગેરે બધું કામ એ કરતો. એક દિવસ એના નજીકના સગાએ પ્રસ્તાવ મૂકયોઃ

"ભાઇ લગ્ન લીધાં છે, કયારે આવશો ?"

"લગ્ન હમણાં નહિ થાય પૂ. બાપજી અહીંથી પધારશે પછી લગ્ન થશે. તમારે થોભવું હોય તો થોભો, નહિ તો કન્યાને બીજે પરણાવી દો." સોમાએ જવાબ આપ્યો.

અને આવેલ ભાઈએ લગ્ન મુલત્વી રાખ્યાં. શ્રી. અવધૂતને આ સમાચાર મળ્યા. સોમાની સેવા-નિષ્ઠા પ્રત્યે શ્રી. અવધૂતને માન થયું. પોતે પ્રયાણ કરતાં પહેલાં સોમાને વસ્ત્રોનો પ્રસાદ આપ્યો, અને લગ્ન કરવાની આજ્ઞા આપી. સેવા-નિષ્ઠા હોય તો આવી આદર્શ હોવી જોઇએ. સગવડિયા સેવાનું ફળ પણ શું મળે ? અસ્તુ.

હવે શ્રી. અવધૂતને ધરમપુર છોડવાનું હતું. બીજા ભકતોને પણ વાયદા આપ્યા હતા. ધરમપુરમાં જ અવધૂત રહે એવી લોકોની ઇચ્છા હોય પણ એ કેમ બને ? જેને ગુરુદેવનો આદેશ, ઘર ઘર જઈને ભગવાનના નામની ઘોષણા કરી લોકોને સન્માર્ગે વાળવાના હોય, જેનું જીવનકાર્ય (Mission) એ હોય તે એક જગ્યાએ ટકી કેમ શકે અને ગુરુદ્રોહ કેમ કરી શકે ? અને શ્રી. અવધૂતની પ્રયાણમિતિ નક્કી થઇ તા. ૧૦-૫-૬૨ના પ્રાતઃકાળે પોતે નાંધાઈ-નાદભૈરવ જવાનું નક્કી ઠર્યું.

નાંધઇ-નાદભૈરવ એ ગામ ઔરંગા નદીને આરે વસેલું છે. યજ્ઞોપવીતના દિનને બીજે જ દિને શ્રી. અવધૂત નાંધઈ પધારનાર છે એ વાત વાયુવેગે ગામમાં વહેતી થઇ ગઇ. એક માસના સતત

દૈવી આનંદની છોળમાં સ્નાન કર્યા પછી આમ શ્રી. અવધૂતનો વિયોગ થશે એમ જાણીને ધરમપુરના ભોળા ભકતવૃંદના વિષાદનો પાર ન રહ્યો. અંતર રોતાં હતાં, આંખોના અશ્રુ જ એ વાતની ચાડી ખાતાં હતાં. પગ શિથલ થઈ ગયા હોવાથી ઉપડતા નહતા. વાંકલ મંડળમાં પણ વિષાદનાં ઘેરાં વાદળાં પથરાયાં હતાં. શ્રી. અવધૂત જશે એ કલ્પનામાત્રથી જ ભકતહૃદય ભગ્ન બન્યાં. વ્હાલાના સંયોગના સુખ કરતાં વિયોગનું દુઃખ અધિક બળવાન છે, એ ભાવ હવે ભકતવૃંદોના અંતરમાં મૂર્તિમાન થયો.

છેલ્લી રાતે તો લોકો પૂરા ઊંઘ્યા પણ નહિ. પ્રભાતમાં ચાર વાગ્યાથી ટોળેટોળાં શ્રી ભગવાનસિંહની વાડીમાં ભજનનો દિગંત ધ્વનિ ગજવવા લાગ્યાં. ભજનનો આનંદ, અવધૂત વિયોગનો વિષાદ એ બંને મિશ્ર ભાવોમાં ભકતહૃદય ઝોલાં ખાતાં હતાં ત્યારે શ્રી અવધૂતે ગાડીમાં આસન લીધું. "અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત"ની ઘોષણા થઇ અને ગાડી ચાલી. ગાડીની પાછળ પાછળ ચાલતા આબાલવૃદ્ધ સૌની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસતો હતો. એમના અંતરમાં "મ.પજી પાછા કયારે પધારશે?" એવો સ્પષ્ટ અને મૂકપ્રશ્ન ઊઠતો હતો. શ્રી અવધૂત સર્વને આશ્વાસન આપતા હતા. અને એમ ચાલતાં ગાડી શ્રી. દાભાડે ભાઇના ઘર આગળ આવી. શ્રી અવધૂત ઊતર્યા. અહીં એમનો અર્ધ્ય પાદ્ય આદિથી સત્કાર થયો. થોડો સમય વ્યતીત્ત કરી આગળ પ્રયાણ શરૂ થયું. આગળ દસોંદી મહોલ્લામાં શ્રી ભગવાનસિંહનું મકાન હતું ત્યાં પણ સત્કાર સ્વીકારી આગળ ચાલ્યા. બજારમાં રામજીમંદિર આગળ લોકો ભેગા થયા હતા. શ્રી મગનલાલ અધ્વર્યુ અને બીજાઓએ પૂ. શ્રી. ને ફૂલહાર અર્પણ કર્યા અને આશીર્વાદ મેળવ્યા. આગળ ચાલતાં શ્રી રઘુરાજસિંહના દ્વાર આગળ આવી ઊભા અને શ્રી રઘુરાજસિંહે પણ પૂ. શ્રી. ને પુષ્પમાળાથી સત્કાર્યા આગળ પણ લોકોનાં ટોળાં ઊભાં જ હતાં. શ્રી.

અવધુતનો રથ ત્રણ દરવાજા આગળ આવી ઊભો. અહીં સદ્‌ગત શ્રી નારણભાઇની વાડી છે અહીં શ્રી નારણભાઇનું કુટુંબ વાડીમાંજ રહે છે નારણભાઈનાં પત્ની અને દીકરાએ એક વખત શ્રી. અવધુતને કહ્યું–

"બાપૂજી! ઘરમાંથી વડીલ (નારણભાઈ) જતાં આપ અમને તો ભૂલી જ ગયા?"

"ના ના તમને કેમ ભૂલાય? જતાં જતાં આવીશ." શ્રી અવધુતે કહ્યું હતું. અને તેના અનુસંધાનમાં રથ વાડીમાં હંકારાયો. અહીં નારણ પટેલના દીકરા તથા પત્નીએ પૂ શ્રી. નો સત્કાર કર્યો કદલીસ્તંભ આસોપાલવના તોરણ વડે ચોગાન શણગારવામાં આવ્યું હતું શ્રી અવધુત માટે આસન ગોઠવ્યું હતું. સત્કાર, પ્રસાદ આદિ પછી રથ આગળ ચાલ્યો.

આગળ ભક્તો ચાલતા અને વચમાં રથ ચાલતો હતો. પાછળ પણ ભાઇબહેનો ચાલતાં હતાં. એમ એ શોભાયાત્રા ગામની હદ સુધી ચાલી અને તેથી શ્રી અવધુતે બધાને પાછા વળી જવાની સૂચના કરી. પાછળ પાછળ થોડા ભાઈઓ સાયકલ પર નાંધઈ આવ્યા.

સુમારે નવેક વાગ્યે શ્રી અવધુત નાંધઇ–નાદભૈરવી આવી પહોંચ્યા આમ ધરમપુરનો તા. ૯–૪–૬૨ થી ૯–૫–૬૨ સુધીનો શ્રી. અવધુતનો નિવાસ પૂરો થયો

— — —

૮

ધરમપુરથી નાંધઇ

(તા. ૧૦-૫-૬૨ થી ૧૭-૫-૬૨)

ભૂતપૂર્વ ધરમપુર રાજ્યના તાબાનું નાંધઇ એક ગામડું છે. આદિવાસીઓ અને પટેલ-કણબી કૃષિકારોની અહીં વસ્તી છે ખેતી એ અહીંનું જીવનનિર્વાહનું સાધન છે

ઔરંગાને આરે આવેલ એ ગરીબ અને કૃષિપ્રધાન ગામમાં એક શિવાલય છે. ગુપ્તેશ્વર મહાદેવના નામે પ્રસિદ્ધ એ શિવાલયે આજનું સ્વરૂપ લીધું તે પહેલાં એ શિવાલિંગ એ સ્થાને રઝળતું હતું. કોઇ બિલ્વપત્ર ચઢાવે તો ભલે. સંવત ૧૯૬૬-૬૭ના અરસામાં એ જ ગામના વતની શ્રી. વલ્લભભાઈ પટેલને દેવે દર્શન દીધાં અને દૃષ્ટાંત આપી મંદિર બાંધવાનો આદેશ આપ્યો. આદેશાનુસાર શ્રી. વલ્લભભાઇએ સ્થિતિને અનુસાર એક નાનકડું મંદિર બાંધ્યું, અને પાંચ બ્રાહ્મણો દ્વારા શ્રી. ગુપ્તેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કરાવી નદીને કિનારે નાનકડો પાણીનો પ્રવાહ વહે છે. તે સ્થાનમાં કુંડ બનાવવાનો સ્વપ્નમાં ભગવાનનો આદેશ થયો અને ધર્મભીરુ વલ્લભભાઇ, વજીરભાઇ અને બીજા બેચાર સખી ગૃહસ્થોએ ત્યાં નાનકડો કુંડ બાંધ્યો. આમ શ્રી. ગુપ્તેશ્વર મહાદેવના સ્થાનને મૂર્તસ્વરૂપ મળ્યું. ધરમપુર રાજ્યના અધિકારમાં એ ગામ હોવાથી એ શિવાલયની દેખરેખ ગામના માણસો રાખતા. તેનો નિર્વાહ થાય એ હેતુએ થોડી જમીન પણ એ વલ્લભભાઈના વંશજોએ કાઢી અને તેનો વહીવટ કરવાને બે માણસો નિમ્યા. થોડા સમય પછી અહીં એક કૂવો પણ ચણાયો તેમાં ધરમપુરના સ્વ. મહારાણાનાં કુમારીએ મદદ કરી. ધીમે ધીમે અહીં યાત્રા ભરાવા લાગી, અને એ સ્થાન પ્રસિદ્ધ પામ્યું. હાલ તો એ સ્થાનમાં શિવાલય પણ સારૂં જેવું છે. એમાં પૂજા પણ

થાય છે અને લોકો શિવરાત્રિના ઉત્સવ વખતે મોટા પ્રમાણમાં દર્શન તથા પૂજનનો લાભ લે છે.

એ સ્થાનમા જે શિવલિંગની પ્રતિષ્ઠા કરવામાં આવી છે તે શિવલિંગ ઉપર જ્યારે જળાધારી દ્વારા અભિષેક કરવામાં આવે છે ત્યારે અભિષેક શરૂ થયા પછી એક સુંદર કર્ણપ્રિય પ્રણવનાદને મળતો નાદ નીકળે છે. એ નાદ પ્રથમ તો ઘણો જ સૂક્ષ્મ હોય છે. પણ ધીમે ધીમે વધતો જાય છે. અને અતિશય સ્પષ્ટ રીતે સાંભળી શકાય છે. જગદ્ગુરુ શ્રી. શંકરાચાર્ય મહારાજે પણ, પોતે ધરમપુર પધાર્યા ત્યારે એ નાદ અહીં આવીને શ્રવણ કર્યો હતો. અને કોઇ નાદાનુસંધાન કરનાર સંતની સમાધિ હોવાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

આ વાત કર્ણોપકર્ણ શ્રી અવધૂતને કાને પણ ગઈ હતી. અને ત્યારથી એ સ્થાનની મુલાકાત લઈએ નાદ શ્રવણ કરવાનું સાત્ત્વિક કુતુહલ શ્રી. અવધુતને થયું હતું.

ધરમપુરથી સુમારે સાતેક માઇલના અંતરે આવેલા એ ગામમાં જવાને ઔરંગા નદી ઓળંગવી પડે છે. તા ૧૦-૫-૬૨ના રોજ પ્રાતઃકાળે ધરમપુરથી ઉપર જણાવ્યું તેમ વિદાય લઇ સુમારે નવેક વાગ્યે નાંધઇ આવી પહોંચ્યા. રસ્તામાં આવતાં દરેક નાના ગામડાંઓ આગળ શ્રી. અવધુતનોરથ ઊભો રખાવી ગામલોકો તરફથી ફળફૂલ વગેરેથી સત્કાર કરવામાં આવ્યો હતો.

એ શિવાલયના વિશાળ ચોગાનમાં એક નાનકડી ધર્મશાળા છે. એના પાછલા ભાગમાં નાનકડી આંબાવાડીમાં શ્રી. અવધુત માટે ઘાસની પર્ણકુટિ બનાવી હતી. એમાં અવધુતે મુકામ કર્યો. પરિચારકોએ શ્રી. અવધૂતને માટે ભિક્ષાની તૈયારી કરવા માંડી. સ્નાન, ભિક્ષા આદિથી નિવૃત થઇ શ્રી. અવધૂતે મધ્યાહ્નકાળે વિશ્રાંતિ કરી.

નાંધઈ અને ભૈરવી એ ગામો જુદાં છે, પણ એકબીજાની સરહદેજ લાગેલાં હોવાથી નાંધઈભૈરવી કહેવાય છે. એકાદ માઇલ ઉપર ખેરગામ નામનું ગામ આવેલું છે અહીંની વસ્તી પચરંગી છે. વેપાર પણ સારા પ્રમાણમાં ચાલે છે શ્રી અવધૂતનું નામ હવે ગુપ્ત રહ્યું નથી. શ્રી. અવધુત નાંધઈભૈરવી પધાર્યા છે એ સમાચાર વાયુવેગે ખેરગામ પહોંચી ગયા. સાંજ પડતાં ત્યાંના લોકો પણ શ્રી અવધુતના દર્શને આવ્યા. ધરમપુરના લોકો જાણે હજી દર્શનથી તૃપ્ત ન થયા હોય તેમ તેજ સાંજે ધરમપુરથી દર્શનઅર્થે આવ્યા હતા. અને આમ શ્રી અવધૂત આવ્યા તેજ સાંજે પણ દર્શનાર્થીઓની હાજરી ગણનાપાત્ર હતી. ભજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. દત્તબાવની વગેરે ગવાયા પછી લોકો વિખરાયા.

શ્રી. અવધુતને વનવગડામાં ખૂબ જ આનંદ આવે છે એમાં સ્વતંત્ર પર્ણવિહાર કરવામાં અને પંખીઓનું મુકત જીવન નિરખવામાં એમને ખૂબ આનંદ આવે છે. ખળખળ વહેતી સરિતાનો એ નૈસર્ગિક નાદ એમને કર્ણપ્રિય લાગે છે. એમાં આપણને કશું જ ન સંભળાય, પણ શ્રી. અવધૂતને એમાં ૐકારનો ધ્વનિ સંભળાય, અને તેની સાથે એ તલ્લીન બની જાય, એટલે જ શ્રી. અવધૂતે—

> ઘૂ ઘૂ ઘૂઘવે પયોધિ નિર્ઝરો અરણ્યનાં
> વાત પંછી વન તણાં જે ગાય ગીત ધીશનાં

અને गायति रेवा रवमधुरम् આદિ કાવ્યાત્મક પંકિતવાળા ભજનો લખીને પોતાની અંતરોર્મિઓ વ્યકત કરી છે. સંતને તો સર્વત્ર આત્માનાં જ દર્શન થાય છે આત્માનો જ મધુરનાદ સંભળાય છે. અને આત્માનંદમાં જ મસ્ત એ લોકોનો અનુભવ આપણી તો કલ્પનામાં ય ન આવે.

અહીં પણ સુંદર વનરાજી હતી. ઔરંગાનો એકાંત કિનારો હતો. ખળખળ વહેતાં નીરના નાદમાં નિસર્ગ પણ નૃત્ય કરતું હતું પશ્ચિમમાં સંધ્યાના સલૂણા રંગો વિસ્તાર પામતા હતા. અનિલ પણ મંદમંદ વાતો હતો ત્યારે શ્રી. અવધુત સલૂણી સંધ્યા સમયે ઔરંગાને આરે નિસર્ગ સાથે વાતો કરવા પધાર્યા. સાથે પરિચારકો હતા. નિસર્ગના એ આનંદમાં પંખીડાઓના કલરવનો પણ કોઈ ઓર જ આનંદ હતો શ્રી. અવધુતે અહીં જ સ્નાન કરવાનો વિચાર કર્યો. નીતરાં નીરમાં સ્નાન કરીને અંધારું થતાં પહેલાં મુકામ પર આવ્યા. દિવસભરના પરિશ્રમ પછી હવે થોડું દૂધ વગેરે લઈ શ્રી. અવધુતે વિશ્રાંતિ લીધી.

બીજે દિવસે પરોઢિયે હજી તો કૂકડો કૂકરેકૂક કરે તે પહેલાં શ્રી. અવધુતે પૂછ્યું "કેટલા વાગ્યા?" શ્રી. રવિશંકરે "સાડા ત્રણ" એવો જવાબ આપ્યો. એ તો એક અવધુતનો સંકેત હતો રવિશંકર અને ભગતજી એ સંકેત સમજ્યા અને બિછાનામાંથી ઊઠી દંતધાવન, શૌચ, સ્નાનથી પરવાર્યા. એટલે શ્રી અવધુતે પૂછ્યું "કેટલા વાગ્યા? ઊઠું ને?' અને શ્રી. રવિશંકરે હકારમાં જવાબ આપ્યો શ્રી અવધુતે બિછાનાનો ત્યાગ કર્યો.

સંતોની આવી સંકેતવાણી હોય છે. "તમે ઉઠો. વખત થયો" એમ આપણી માફક સંતો કહેતા નથી. સંતોના પરિચારકોને સતત જાગૃત રાખવાની આ એક ચાવી છે અને પરિચારકોએ એ સંકેત સમજી જ લેવો જોઇએ. સંતો સાથે રહેનાર નિદ્રાનો દાસ ન હોય. એની નિદ્રા શ્વાનનિદ્રા હોય. ઉંઘણશી પરિચારકો શા કામના?

શૌચ, સ્નાન આદિથી પરવારી ધ્યાનમાં થોડો સમય વ્યતીત કરી પ્હો ફાટતાં, પ્રકાશ થતાં, શ્રી. અવધૂત સરિતા કિનારે જવા નીકળ્યા. કિનારા પર જ વિશાળ શિલા જ જાણે મશરૂની ગાદી હોય

તેમ તેના પર શ્રી. અવધૂતે સિદ્ધાસન જમાવ્યું. બીજાઓએ પણ તેમની સામે જ આસન લીધું. પ્રભાતની શિતળતા હતી. અરુણોદયનો એ શાંત સમીર અંતરને આલ્હાદક લાગતો હતો. મંદમંદ વાયુની લહર સાથે સરિતાનાં નીર પણ જાણે નૃત્ય કરતાં હતાં. શ્રી. અવધૂતે વ્યવહારુ વાતોમાં વેદનો ઉપદેશ દેવો શરૂ કર્યો. એ આનંદ થોડો સમય ચાલ્યો. ગોવાળિયા ગાયભેંસના ધણ સાથે આવ્યા. વ્યવહાર શરૂ થયો અને પ્રકૃતિએ રાજસ સ્વરૂપ ધારણ કર્યું. શ્રી. અવધૂત મુકામ પર આવ્યા.

થોડો સમય આરામ કર્યો ત્યાં તો શિવજીનો-ગુપ્તેશ્વરનો પૂજારી દોડતો આવ્યો.

"મહારાજ આરતી હોતી હૈ, સુનો !"

જે દિવ્યનાદ શ્રવણ કરવા શ્રી અવધૂતે અહીં મુકામ કર્યો હતો, તે દિવ્યનાદનો એ પૂજારીએ 'આરતી' શબ્દથી સંકેત કર્યો. અહીંના આદિવાસી ભાવિકો એ 'નાદ'ને 'આરતી' એવા શબ્દથી ઓળખે છે. શિવરાત્રીએ મધ્યરાત્રીએ અનેક આદિવાસી ભક્તો એ મંદિરમાં શૂચિર્ભૂત થઈને બિલ્વપત્ર ચઢાવવા બેસે છે, ત્યારે એ 'નાદ' પ્રગટે છે અને તેને જ એ બધાઓ 'આરતી' થાય છે એમ કહે છે. જાતઅનુભવની આ વાત છે.

શ્રી અવધૂત અને બીજાઓ ઉતાવળે ઉતાવળે એ મંદિર તરફ ગયા. એ નાદ હવે દૂરથી સ્પષ્ટ સંભળાતો હતો. મધુર, કર્ણપ્રિય અને અલૌકિક લાગતો એ નાદ સાંભળવા શ્રી. અવધૂત મંદિરમાં ગયા. શિવલિંગ ઉપર જળાધારી હતી. જેમ જેમ જળની ધારા શિવલિંગ ઉપર પડતી હતી તેમ તેમ એ સ્વર મોટો થતો જતો હતો. એમ ત્રણચાર મિનિટ ચાલ્યું અને ધીમે ધીમે મંદ થતો એ 'નાદ' બંધ થયો. શ્રી. અવધૂતને પણ એની વિલક્ષણતા સમજાઈ. શ્રી. અવધૂતે કહ્યું :

"યોગાવસ્થામાં કિંવા લયયોગના ઉપાસકો જે અનાહત નાદ શ્રવણ કરે છે તે એક પ્રકારનો ધીમો, મધુર, અને અશ્રાવ્ય નાદ સંભળાય છે. મેઘાડંબર પછી જે એક પ્રકારનો પ્રાકૃત, સૂક્ષ્મ નાદ સંભળાય છે તેની સાથે આ નાદની સરખામણી કરી શકાય."

આમ એ નાદ શ્રવણ કરીને શ્રી. અવધૂત મુકામ પર આવ્યા ઘણાય ચિકિત્સકો આ નાદની વાત સાંભળીને અહીં આવે છે અને સાંભળે છે. પરંતુ તેનું કારણ શોધી શકતા નથી. પહેલાં તો નિયમિત સવારે, મધ્યાન્હે અને સાંજે ધ્વનિ થતો હતો, પણ કેટલાક ચિકિત્સકોએ ત્યાં થોડું ખોદકામ કર્યું ત્યારથી એ નાદ અનિયમિત બન્યો છે. મારો પોતાનો પણ અનુભવ એવો છે. મેં ચારેક દિવસ ત્યાં રહી એ ધ્વનિ શ્રવણ કરેલો. એ વખતની નાદની ગતિમાં અને હાલની ગતિમાં મને ફરક તો જણાયો! હશે. આપણે એનાં કારણોમાં ઊંડા ઊતરવાની જરૂર નથી. કુદરતના એવા અનેક બનાવો છે જે અણઉકલ્યા જ રહે છે.

સાંજને સમયે અહીં પણ ખેરગામના અને નાંધઈ ભૈરવીના લોકો ભેગા થતા. ભજન વગેરે ચાલતું. હવે શ્રી. અવધુતને અહીં કુદરતના ખોળામાં રાચવાનું હતું. એટલે સવારે અને સાંજે દરરોજ નદી કિનારે જવાનો અને ત્યાં જ સ્નાન કરવાનો ક્રમ રાખ્યો હતો. એમ કરવાના બે હેતુ હતા. એક તો સ્વાભાવિક થોડું ચાલવાનું થાય એટલે વ્યાયામ પણ મળે. સરિતા સ્નાન સાથે શ્રી. અવધુત થોડું તરતાં પણ શીખ્યા હતા. એટલે બે હાથ હલાવ્યાથી શરીર થોડું છૂટું પણ પડે. બીજું, આકાશનું છત્ર અને પૃથ્વીનું બિછાનું બનાવીને કોઈપણ પ્રકારના બાહ્ય કોલાહલ વિના એકાંતમાં થોડો સમય વ્યતીત થાય, નિસર્ગ સાથે તન્મય બનીને પરમાત્મા સાથે તન્મય બનાય, એની સાથે ઐક્ય સંધાય. આ ક્રમ પોતે આઠ દિવસ સુધી રહ્યા ત્યાં સુધી ચાલ્યો.

એક દિવસ ધરમપુરથી બે ટ્રોલીઓ ભરીને લગભગ પંચોતેર ભકતો શ્રી અવધુતના દર્શને આવ્યા. બીજે દિવસે ધરમપુરના વતની અને હાલ શુકલતીર્થમાં બેઝીક ટ્રેનીંગ કોલેજના વાઇસ પ્રિન્સીપાલ શ્રી. જયરાવ ભગવંતરાવ માલનકર શ્રી. અધૂતના દર્શને આવ્યા. તેમને પણ આનંદ થયો. બીજે દિવસે તેઓ પોતાના જલતરંગનાં સાધનો સાથે નાંધઈ આવ્યા. સુમારે એકાદ કલાક જલતરંગ દ્વારા કુશળતાપૂર્વક પૂ. શ્રી. ને રાગરાગિણી સંભળાવી, પોતે કૃતકૃત્યતાનો આનંદ અનુભવ્યો. આમ ભગવાને જંગલમાં મંગલ સરજાવ્યું. પૂ. શ્રી. સાથે રહેલા શ્રી. ભાલચંદ્રની જલતરંગ શ્રવણ કરવાની અભિલાષા પણ પૂરી થઇ.

એક દિવસ એ દિવ્યધ્વનિનું (ઉપર વર્ણિત ‘ આરતિ ’નું) ટેપ રેકોર્ડીંગ કરવાનો શ્રી.અવધૂતને વિચાર આવ્યો. અહીં નતો વીજળીનું ઠેકાણું ન તો રેકોર્ડીંગ મશીન અને છતાં ય શ્રી. ભગવાન સંતનો સંકલ્પ કેમ પૂર્ણ કરે છે તેનો આ એક પ્રત્યક્ષ પૂરાવો છે.

ખેરગામના વતની શ્રી. વેણીલાલ એક વેપારી છે. તેઓ દર્શનાર્થે આવ્યા. તેમની સાથે ઓળખાણપિછાણ થઈ. આ દિવ્યધ્વનિનો પ્રસંગ નીકળ્યો. તેમણે કહ્યું :

‘ મારો દીકરો અમેરિકાથી આવ્યો ત્યારે સાથે રેકોર્ડીંગ-મશીન લાવ્યો છે. એ બેટરીથી ચાલે છે. હું મોકલી આપીશ.”

અને શ્રી. ભાલચંદ્ર ત્રિપાઠી જે અમારી સાથે હતા એમણે એ યંત્ર આવે એટલે એ દિવ્યનાદનું રેકોર્ડીંગ કરવાનું પણ માથે લીધું. મા બાળકના લાડ કેમ પૂરા કરે છે તે તો તમે જાણો છો ને? એમ જ પ્રભુ પણ પોતાના પનોતા પુત્રોની ઇચ્છાઓ પૂરી કરે છે. બીજે દિવસે શ્રી. વેણીભાઈએ યંત્ર મોકલ્યું અને ભાલચંદ્રે રાત્રે ઉજાગરો કરીને પણ બેએક વખત એ દિવ્યનાદનું રેકોર્ડીંગ કર્યું.

નાંધઈભૈરવીનો આ દિવ્યનાદનો પ્રસંગ અનોખો જ લેખાય. ઘણા એને ધતિંગ કહે છે, પણ જેણે સ્વયં એ નાદ સાંભળ્યો છે તેને એ ધતિંગ લાગતું નથી. અસ્તુ.

અહીં ફરતા ફરતા એક જટાધારી સંત ઘણા વરસો પર આવેલા. તેમણે પણ એ સ્થાન અનુકૂળ આવ્યું. પોતાની જગ્યા અહીં બનાવી. નાની સરખી ધર્મશાળા બનાવી અને આદિવાસી લોકોને કંઠી બાંધી પરમાત્મા ભક્તિ તરફ વાળ્યા. અને સાથે સાથે દારૂ, તાડી, માંસ આદિ માદક પદાર્થો નહિ લેવાનો આદેશ પણ શરૂ કર્યો. એ સમય ધરમપુર રાજ્યની સત્તા હતી. ત્યાંના અમલદારોએ આ પ્રવૃત્તિને અટકાવવાના પ્રયાસ કર્યા, પછી એનું પરિણામ કંઈ આવ્યું નહિ આજે એ મહાત્મા તો સમાધિસ્થ થયા છે, પણ તેમના ભક્તો છે. એ મહાત્માએ શ્રી ગુપ્તેશ્વર મહાદેવ નજીક એક રામમંદિર બાંધ્યું. પોતે જ રામસીતા વગેરેની પ્રતિમા બનાવી અને સ્થાપિત કરી આમ આજે કાયદાઓ દ્વારા જે કામ નથી થતું તે કામ લંગોટિયા સાધુએ વરસો પર કરીને સમાજને ઉન્નતિના માર્ગે દોરેલો. અસ્તુ.

રોજરોજ સાંજરે ભજનમંડળ વિસ્તાર પામવા લાગ્યું. ખેરગામના સ્ત્રીપુરુષોએ ભજનમાં ભાગ લેવા માંડયો. બધાં આનંદ સાગરમાં તરબોળ બનવા લાગ્યાં.

ખેરગામમાં શ્રી રામચંદ્રનું એક મંદિર છે. તે ધરમપુરના શ્રી. રઘુરાજસિંહના દાદાએ બંધાવી, તેનું ટ્રસ્ટ કરી ગામના ચાર માણસોને ટ્રસ્ટી તરીકે નીમી, ગામને અર્પણ કર્યું છે. તેનાં એક ટ્રસ્ટી શ્રી. છોટુભાઇ દેસાઇ તથા શ્રી. વેણીલાલભાઇએ શ્રી. અવધૂતને એ મંદિરમાં પધારવાનું આમંત્રણ આપ્યું. નાંધઈથી નીકળતી વખતે એ ગામ વચમાં આવતું હોવાથી શ્રી. અવધુતે ત્યાં બે કલાક રોકવાનું સ્વીકાર્યું.

શ્રી. અવધુત ધરમપુરમાં નિવાસ કરતા હતા ત્યારે ફણસ-વાડાના શ્રી છગનભાઈ દેસાઇએ શ્રી. અવધુતને પોતાને ગામ પધારવાની પ્રાર્થના કરી હતી. શ્રી. અવધુતે તે સ્વીકારી હતી. નાંધઈમાં આમ દિનપ્રતિદિન આનંદ ઉત્સવ ચાલતો હતો. એમ કરતાં નાંધઇના વાસનો સમય પૂરો થયો શ્રી. છગનભાઇએ શ્રી. અવધુતને ફણસવાડાનું આમંત્રણ આપ્યું હતું. તેમ વલસાડના શ્રી. મહેશભાઈ હીરાલાલ દલાલ, જેમનો મુંબઇમાં વિશાળ પાયા પર વેપાર છે. તેમણે પણ તેમનાં માતાજી સાથે આવીને વલસાડ પધારવાનું આમંત્રણ આપ્યું હતું. રાજપીપલાના શ્રી. પંડયા જેઓ નૌસારી તાલુકાના સુપા ગામે નહેર વિભાગમાં એન્જીનીયર છે, તેમણે પણ શ્રી. અવધુતને ખડસુપા પધારવાની પ્રાર્થના કરી હતી. શ્રી. અવધુત કરે છે તો દેવની આજ્ઞાનુસાર, પણ વ્યાવહારિક રીતે કોઈને નિરાશ કરવાનું તેને રુચતું નથી. અને તેથી બધાંને સંતોષકારક જવાબ આપીને રવાના કરે છે. શ્રી. અવધૂતે વલસાડ અને ખડસુપાનાં આમંત્રણો પણ સ્વીકાર્યાં હતાં તેથી તેને માટે પણ દિવસો નકકી કરવાના હતાં.

આમ નાંધઈભૈરવીના નિવાસ દરમ્યાન શ્રી. અવધુતને એક સોમવારે શ્રી. ગુપ્તેશ્વર ભગવાનની પૂજા કરવાનું મન થયું. शिवो भूत्वा शिवं यजेत् એ ન્યાયે શ્રી. અવધુતે શ્રી. ગુપ્તેશ્વરની પૂજા કરી કે ગુપ્તેશ્વરે શ્રી. અવધુતની પૂજા કરી તે તો એ બે જ જાણે. પરંતુ વ્યાવહારિક દૃષ્ટએતો શ્રી. અવધુતે શ્રી. ગુપ્તેશ્વર ભગવાનની જ પૂજા કરી. ચીખલીનાં અષ્ટોત્તરશત કમળપુષ્પોથી પ્રભુને અવધુતે શણગાર્યો. જળાધારી ભરાવી. ત્યારે જ જાણે સ્વયંસ્ફુરણાથી તો શ્રી. ગુપ્તેશ્વર મહારાજની સ્તુતિના રૂપે એક સ્તોત્ર રચ્યું અને તે પણ ત્યાં ગાયું.

અહીંના વસવાટ દરમ્યાન એક દિવસે પ્રાતઃકાળે જ્યારે શ્રી અવધુત સરિતા કિનારે સ્નાન કરીને બેઠા હતા ત્યારે એક બાઈ

તરબુચ લઈને આવી અને શ્રી. અવધૂતને પ્રસાદ ધરાવ્યો. થોડું રાખી બાઇને પાછું આપ્યું. પછી શ્રી. અવધૂતે કહ્યું :

"કેટલું સુખી જીવન છે આ દંપતીનું! નદીને કિનારે કેવળ પૃથ્વી અને આકાશના આચ્છાદન તળે નજીવી જેવી એક ઝૂપડી બાંધીને પડયાં રહે છે. ચાર વેલા તરબૂચના ઉગાડયા છે તેના ઉપર જીવનનિર્વાહ ચાલે છે. કેટલા સુખી છે એ! ચિંતા નથી જરાય! કેટલા આનંદમાં સમય ગાળે છે! આપણે પણ એવું જીવન જીવતા હોઇએ તો!" એમ કહીને પોતાની નિઃસંગ અવસ્થાના અને એકાંતિક જીવનનો અલ્પ પરિચય કરાવ્યો.

હવે નાંધાઇનો મુકામ પૂરો થયો. તા. ૧૬ મીએ રાત્રે ફણસવાડાથી શ્રી છગનભાઈ વાહન વગેરે સાથે શ્રી. અવધૂતને ફણસવાડા લઇ જવા આવ્યા. માર્ગમાં જ ખેરગામ આવે છે ત્યાં થોડો સમય વ્યતીત કરવાનું નક્કી થયું

તા. ૧૭ મીએ સવારે અજવાળું થતાં જ સ્નાન આદિથી પરવારી શ્રી. અવધુત અને સાથેનું પરિચારકવૃંદ શ્રી. ગુપ્તેશ્વર મહાદેવનાં દર્શન કરી ત્યાંથી નીકળ્યું. માર્ગમાં એકબે ભક્તોએ શ્રી અવધૂતનો સત્કાર કર્યો.

ધરમપુરના શ્રી. નારણ પટેલનું નામ તો આપણને પરિચિત છે. એમની બે દીકરીઓનું અહીં સાસરું છે. બન્ને જમાઇઓ શ્રી. અવધુતની સેવામાં એકપગે રહેતા હતા તેમને સંતોષ આપવાને શ્રી. અવધુત તેમને ત્યાં પધાર્યા, સત્કાર થયો, શ્રી અવધુતે એ-કુટુંબને આશીર્વાદ આપ્યા, અને ત્યારબાદ ખેરગામને રસ્તે પ્રયાણ કરી ગયા.

— — —

૯

ખેરગામમાં

રામજી મંદિરમાં સત્કાર

ખેરગામના રામજીમંદિરના ટ્રસ્ટીઓ શ્રી. વેણીલાલ રણછોડદાસ, શ્રી. છોટુભાઇ દેસાઇ વગેરેનાં આમંત્રણનો શ્રી. અવધુતે સ્વીકાર કર્યો હતો. એટલે ત્યાં તો અવધૂત સત્કારાર્થે તડામાર તૈયારીઓ થતી હતી. સમગ્ર ગામને સ્વચ્છ બનાવ્યુ હતું. ઠેકઠેકાણે તોરણો વગેરેથી ગામને શણગારવામાં આવ્યું હતું. મંદિરના ઓટલા ઉપર જ શ્રી. અવધુતને આસન આપ્યું હતું.

શ્રી. અવધુતે સુમારે આઠેક વાગ્યે ખેરગામના પાદરે પ્રવેશ કર્યો. પાદર ઉપર જ શ્રી. છોટુભાઇ દેસાઇનું મકાન છે અહીં શ્રી. છોટુભાઇએ પુષ્પમાળા, શ્રીફળ આદિથી પૂ. શ્રી.નો સત્કાર કર્યો. થોડે આગળ જતાં માતાજીનું એક નાનકડું મંદિર છે. ત્યાં ગામની જનતા એકત્ર થઈ હતી. તે સર્વના તરફથી શ્રી. અવધૂતનો પુષ્પહાર, શ્રીફળ વગેરેથી શ્રી. વેણીભાઇ અને બીજાઓએ સત્કાર કર્યો. પછી શોભાયાત્રા ગામના જુદા જુદા લત્તાઓમાં ફરી. માર્ગમાં પણ પુ. શ્રી.નો બે ત્રણ જગ્યાએ સત્કાર થયો. ફરતાં ફરતાં શોભાયાત્રા રામજીમંદિરમાં આવી એકત્ર થયેલી માનવમેદનીએ “અવધુત ચિંતન શ્રી. ગુરુદેવદત્ત” ના ગગનભેદી નાદથી શ્રી. અવધૂતને વધાવ્યા. અહીં શ્રી રામજીમંદિરના ટ્રસ્ટીઓ અને જાહેરજનતા તરફથી શ્રી. અવધુતનો સત્કાર કરતુ એક નાનકડું પ્રવચન શ્રી. છોટુભાઇએ કર્યું શ્રી. અવધૂતની શોભાયાત્રા અને રામજીમંદિર સમારંભ સહિત શ્રી. અવધૂતની વિદાય પર્યંતના સંપુર્ણ કાર્યક્રમની ફિલ્મ શ્રી. વેણીભાઇના દીકરાએ કુશળતાપુર્વક ઉતારી. થોડો વખત રોકાઈ શ્રી. અવધુતે સર્વને આશીર્વાદ આપ્યા. પ્રસાદવિતરણ પછી શ્રી. અવધૂતે વિદાય લીધી. મંદિરના

ઉત્સાહી પુજારીએ શ્રી અવધૂતની ઘોડાગાડી હાંકી. શ્રી અવધુતે ખેરગામથી ફણસવાડાને માર્ગે પ્રયાણ કર્યું

૧૦

ફણસવાડાનો મુકામ

તા. ૧૮-૫-૬૨ થી ૨૦-૫-૬૨

બેએક વર્ષ ઉપર શ્રી. અવધૂતે વલસાડના દરિયાકિનારે હોલીડે કેમ્પમાં લગભગ એક માસ નિવાસ કર્યો હતો ત્યારે ફણસવાડાના શ્રી છગનભાઈ શ્રી. અવધૂતનાં દર્શને આવ્યા હતા. શ્રી. છગનભાઇના દીકરા અહીં હોલીડે કેમ્પમાં નોકરીમાં હતાં. તેમણે બહુ પ્રેમપૂર્વક શ્રી અવધૂતની સેવા કરી હતી શ્રી. છગનભાઇએ ત્યારે જ પૂ. શ્રી ને ફણસવાડા પધારવાની પ્રાર્થના કરી હતી. પોતાના સ્વભાવ મુજબ શ્રી અવધૂતે એમને નિરાશ ન કરતાં "કોઈ વખત આવીશું" એવું આશ્વાસન આપ્યું હતું.

શ્રી અવધૂત જ્યારે ધરમપુર પધાર્યા ત્યારે શ્રી છગનભાઇએ પોતાનું આમંત્રણ તાજું કર્યું અને શ્રી અવધૂતે તે સ્વીકાર્યું. તે પછી તો નાંધઇમાં પણ શ્રી છગનભાઈ એક વખત આવ્યા. આખરે શ્રી અવધૂતે ફણસવાડા જવાનું નક્કી કર્યું

તા. ૧૮-૫-૬૨ ના રોજ ખેરગામ રહીને શ્રી. અવધુત ફણસવાડા પહોંચ્યા. ગામના પાદરેથી લોકો સરઘસ આકારે પૂ. શ્રી.ને શ્રી. છગનભાઈના મુકામે લઈ ગયા. મંડપ, તોરણની શોભા અહીં પણ ન્યારી હતી. થોડા સમય એ મંડપમાં લોકોને દર્શન આપી પ્રવાસના પરિશ્રમના પરિહાર અર્થે શ્રી અવધુત મુકામે પધાર્યા

ફણસવાડાના મુકામ દરમ્યાન કશો ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો નહતો. પરંતુ સવાર સાંજ લોકો દર્શનાર્થે આવતા.

ભજન વગેરે થતાં. વલસાડ તાલુકાના અટગામ ગામના વયોવૃદ્ધ અને કુશળ કાર્યકર શ્રી મણિભાઇ પણ દર્શને આવ્યા હતા. શ્રી. છગનભાઈના ભાઇશ્રી. મંગુભાઇને પણ શ્રી અવધૂત પ્રત્યે અતિશય પૂજ્યભાવ હતો. તેમણે પણ પૂ.શ્રી ના પૂજા આદિથી ભાવભીનો સત્કાર કર્યો. એમ ફણસવાડાનો બે દિવસનો મુકામ પણ નીરસ રહ્યો નહતો.

આગળ જણાવ્યું તેમ વલસાડના શ્રી. મહેશભાઈ હિરાલાલ દલાલ શ્રી. અવધૂતને પોતાને ત્યાં પધારવાના વિનંતી કરવા માટે નોંધઈ આવ્યા હતા તેઓ પુનઃ ફણસવાડા આવ્યા. અને શ્રી. અવધૂતને પ્રાર્થના કરી. શ્રી. અવધુતે તેમનું આમંત્રણ સ્વીકાર્યું. આમ તા ૨૦-૫-૬૨ના રોજ સાંજે વલસાડ જવાનું નક્કી થયું.

આમ ફણસવાડાનો બે દિનનો મુકામ પતાવી તા ૨૦ ૫-૬૨ ના રોજ સાંજે સુમારે ચારેક વાગ્યે શ્રી. અવધુતે વલસાડને માર્ગે પ્રયાણ કર્યું.

૧૧
વલસાડમાં નિવાસ

✓તા. ૨૦-૫-૬૨ થી ૨૨-૫-૬૨ સાંજ સુધી

વલસાડના વતની પણ મુંબઇમાં લોખંડ વગેરેના ધીકતા ધંધામાં પ્રારબ્ધના પ્રભાવે લક્ષ્મીપતિ થયેલા શ્રી. હિરાલાલ ઠાકોરદાસ દલાલના આલીશાન "પ્રવીણ મહાલ"માં શ્રી. અવધૂતને રહેવાનું હતું. શ્રી. મહેશભાઇ અને તેમનાં માતુશ્રી ફણસવાડા શ્રી. શ્રીઅવધૂતને તેડવા માટે આવ્યાં હતાં. લગભગ ચારેક વાગ્યે ત્યાંથી નીકળીને સુમારે છ વાગ્યે વલસાડ પહોંચ્યા.

હાલરરોડ ઉપર આવાબાઇ હાઈસ્કૂલ સામે આવેલા એ "પ્રવીણ મહાલ"ના પ્રવેશદ્વાર પર જ શ્રી. અવધૂતને સત્કારવાને

ભક્તવૃંદ ભેળું થયું હતું. વલસાડના પ્રસિદ્ધ લાકડાના વેપારી શ્રી. ઘેલાભાઈ દેસાઇ, નરોત્તમ વિઠ્ઠલદાસની પેઢીના શ્રી છોટાભાઈ, શ્રી બ્રીજભૂષણદાસ લોખંડવાળા, પારેખ શ્રી. રણછોડદાસ, પારેખ નાથુભાઇ વગેરે એકતાર થઈને શ્રી. અવધુતની કાગડોળે રાહ જોતા હતા. ગાડી પ્રવેશદ્વાર પર ઊભી રહેતાં શ્રી મહેશભાઇના બીજા ભાઈઓએ અને બીજી ઉપસ્થિત વ્યક્તિઓએ પુષ્પહાર વગેરેથી પૂ. શ્રી. નો સત્કાર કર્યો એટલા ઉપર જનમેદની એકત્ર થઈ હતી તેને દર્શન દેવા માટે શ્રી. અવધુત તૈયાર કરેલી બેઠક ઉપર બિરાજ્યા એ લોકોએ શાંતિથી દર્શન કર્યાં. ટોળું ધીમે ધીમે જેમ આકાશના વાદળાં આવે અને વિખરાય તેમ વિખેરાયું.

શ્રી અવધુતની આવશ્યકતાઓ માટે અને તેમને બીજી કોઈ રીતે તકલીફ ન પડે તે જોવા માટે શ્રી મહેશભાઈ અને તેમનાં માતુશ્રી એકપગે સેવારત રહેતાં શ્રી. અવધુતની સેવા કરવાની એમને ઘણીય તમન્ના હતી પણ શ્રી અવધુતને આવશ્યકતા જ નથી એટલે સેવા શી કરે? શ્રી. અવધુતને બધા વિના જ ચાલે છે જે પરિસ્થિતિમાં પોતે હોય એ પરિસ્થિતિ એ નિભાવી લે છે. આવસ્યકતાનો અભાવ એ જ સાચી તિતિક્ષા છે. શ્રી. અવધુતે તિતિક્ષાની વ્યાખ્યા આપતાં કહ્યું :

> सहनं सर्वदुःखानामप्रतिकारपूर्वकम् ।
> चिन्ताविलोपरहितं तितिक्षा सा निगद्यते ॥

એ ન્યાયે જે સમે જે પરિસ્થિતિમાં માનવી મુકાય તેને કોઈપણ પ્રકારના પ્રતિકારની વૃત્તિ રાખ્યા વિના, ચિત્તની શાંતિમાં લેશમાત્ર પણ વિકળતા કે વિક્ષેપ ઉત્પન્ન ન થાય એ રીતે, નિભાવી લેવી એ સાચી તિતિક્ષા છે અને તેથી શ્રી. અવધુતનું જીવનવ્રત એવા જ પ્રકારની તિતિક્ષા છે અને તેથી તેના ચિત્તમાં ગમે તે પરિસ્થિતિમાં પણ વિક્ષેપ થતો નથી. શ્રી. મહેશભાઇ અને તેમનાં માતુશ્રીને શ્રી. અવધુતનો અલ્પ પરિચય હોવા છતાં પણ શ્રી.

અવધૂત અહીં પણ જાણે ચિરપરિચિત હોય તેમ વર્તવા લાગ્યા. એથી શ્રી. મહેશભાઈ અને તેમનાં માતુશ્રીને વધારે સંતોષ થયો.

અહીં ત્રીજે મજલે મુકામ હતો. વિશાળ અગાશીમાં પ્રભાતના પહોરમાં બેસીને સામે જણ.તા વિશાળ સાગરની શુદ્ધ હવા મળતી. ભકતો દશનાર્થે આવતા સમગ્ર વલસાડ દર્શન માટે ઉમટયું હતું. સમુદ્રમાં ભરતી આવે તેમ દર્શનાર્થીઓ આવતા હતા. અને શ્રી. અવધુત પણ શૂન્યમનસ્ક હોવા છતાં બધાને જ જાણે સંતોષ આપતા હોય એવો અનુભવ પ્રત્યેક દર્શનાર્થીને થતો. દરેકને એમ લાગતું કે "બાપજી મારા છે."

બીજે દિવસે શ્રી. મહેશભાઈએ પણ પાદુકાપૂજન રાખ્યું હતું. વિદ્વાન બ્રાહ્મણ સમૂહે પૂજન કરાવ્યું. મધ્યાહ્નકાળે એ વિધિ પૂરો થયો.

નિત્ય નિયમ અનુસાર અહીં પણ શ્રી અવધુત અલ્પ સાત્ત્વિક આહાર કરતા. સંતો અકરાંતિયાની માફક ભોજન કરતા નથી. કેમકે એ લોકો નિસર્ગમાંથી પોતાના શરીરની કાર્યક્ષમતા (Energy) જાળવી રાખતા હોય છે. અને એ હેતુએ જ એ અમૃતપાન કરી લે છે. એ અમૃતપાન સામાન્ય જનતા કરી શકતી નથી શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે તે જ તત્ત્વો પ્રકૃતિમાં પણ છે. તે તત્ત્વોના સારરૂપે જે અમૃત છે. તેનું પાન કરનાર પોતાની કાર્યશક્તિ (Energy) સારી રીતે જાળવી શકે છે. અને તેથી જ અઢારથી વીસ કલાક કામ કરતાં સંતોને થાક લાગતો નથી. આ સંતોનાં જીવનનું આપ-અનુભવ્યું રહસ્ય જ્યારે શ્રી. અવધુતજીએ કહ્યું ત્યારે એ અમૃત શું તે જાણવાની ઇચ્છા થતાં શ્રી. અવધુતે કહ્યું કે પ્રત્યેક ભૂતનું જે તત્ત્વ છે તે જ અમૃત છે. આકાશનું તત્ત્વ શબ્દ છે વાયુનું તત્ત્વ સ્પર્શ છે, તેજનું તત્ત્વ રૂપ છે, પાણીનું તત્ત્વ રસ છે અને પૃથ્વીનું તત્ત્વ ગંધ છે. એ

પાંચેય તત્ત્વો પ્રત્યેક પાર્થિવ સર્જનમાં છે. એ તત્ત્વ જ્યારે કમી જાસ્તી થાય છે ત્યારે શરીરમાં વિક્રિયા થાય છે. અને તે મટાડવા માટે જે તત્ત્વની ઊણપ હોય તે તત્ત્વ પ્રકૃતિમાંથી મેળવી શકાય છે. વધારે પડતો ખોરાક લેવાથી એ તત્ત્વ મળી શકતું નથી. ઔષધોપચારથી જેમ તત્ત્વો શરીરમાં આપવામાં આવે છે. તે જ રીતે સંતો ઔષધોપચારની ઉપાધિરહિત એ તત્ત્વો યોગબળે પ્રકૃતિમાંથી જ સીધાં શરીરમાં લઇ શકે છે. અને જે તત્ત્વની ઊણપ હોય તે તત્ત્વ પૂરાં કરી શકે છે. એટલે જ સંતોને આહારની બહુ સ્પૃહા હોતી નથી. હા-શરીર અન્નમયકોશ છે એટલે સ્થૂળ અન્નની જરૂર હોય તો છે જ. એથી જ સંતો આવશ્યક હોય એટલું જ અન્ન, રસનાલોલુપ થયા વિના લે છે. અસ્તુ.

વલસાડ નિવાસ દરમ્યાન ત્યાંના વતની શ્રી. સુમંતરાય મગનલાલ વિદ્યાર્થી, જેઓ હાલમાં અમદાવાદ હાઈકોર્ટમાં માનભર્યો હોદ્દો ભોગવે છે તે પણ ઓચિંતા દર્શનાર્થે આવ્યા, મુંબઈની ભવાન્સ કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસર તરીકે કામ કરતા અને ગીતા વર્ગ ચલાવતા વલસાડના જ વતની શ્રી. નલિન ભટ્ટ, જેઓ ગીતાનો સંસ્કૃતમાં એક ગ્રંથ રચી રહ્યા હતા. તેમને પણ દર્શનાર્થે આવતાં શ્રી. અવધુતે આશીર્વાદ આપ્યા. એમ સમય વીતતાં તા. ૨૨-૫-૬૨ ના રોજ સાંજના સુમારે ચારેક વાગ્યે શ્રી. અવધુત ધનોરી ખાતે શ્રી. નરોત્તમ ગોવિંદજી પ્રજાપતિ જેમને ભગતજીના નામથી ઓળખવામાં આવે છે તેમને ત્યાં જવા નીકળ્યા.

સુમારે ત્રણેક વાગ્યેથી ભક્તજનોનાં વૃંદ 'પ્રવીણ મહાલ' તરફ પૂ શ્રી. ને વિદાય આપવા માટે આવી રહ્યાં હતાં. એ બધાંની ભાવભીની વિદાય લઇ શ્રી. અવધુતે પ્રયાણ કર્યું. જ્યાં સુધી નજર પહોંચી ત્યાં સુધી દર્શનાર્થીઓએ આંખો તાણીતાણીને ગાડીને જોયા જ કરી.

૧૨
ધનોરી

શ્રી. નરોત્તમ પ્રજાપતિને ત્યાં
(તા. ૨૨-૫-૬૨ થી ૨૭-૫-૬૨ સુધી)

વલસાડથી નીકળીને શ્રી. અવધૂતની ગાડી ધનોરીને રસ્તે પડી. માર્ગમાં શ્રી. નરોત્તમભાઇના ભાઈઓનું કારખાનું આવે છે. શ્રી. નરોત્તમભાઇના આગ્રહથી શ્રી. અવધૂત ત્યાં પધાર્યા. યંત્ર વગેરે જોઈ પોતાનો સંતોષ વ્યકત કરી વલસાડ પારડી શ્રી. છગનભાઈના ભાઈ શ્રી. મંગુભાઈને ત્યાં તેમની વાડીમાં પધાર્યા. અનેક ભકતોને ત્યાં દર્શનનો લાભ આપી ફરીથી ધનોરીને માર્ગે ગાડી આગળ વધી. માર્ગમાં શ્રી. શાન્તિલાલ ત્રિપાઠીનું બોબીનનું કારખાનું આવે છે ત્યાં પણ પોતે ઊતર્યા, બોબીન બનાવવાની ક્રિયાનું નિરીક્ષણ કર્યું. શ્રી. શાન્તિભાઇએ ફૂલહાર વગેરેથી પૂ. શ્રી. નો સત્કાર કર્યો. દૂધ પ્રસાદ આદિનું વિતરણ થયું અને પ્રવાસ આગળ વધ્યો. ધીમી ગતિએ ચાલતી ઘોડાગાડી આગળ ચાલી પણ માર્ગમાં જ એ ગાડી બદલવી પડી. રસ્તો સારો ન હોવાથી બળદગાડું આવ્યું તેમાં પૂ. શ્રી.એ આસન લીધુ. અંતે ધનોરીને પાદરે પહોંચ્યા. શ્રી. અવધૂત પધાર્યા કે તરત જ ભેળા થયેલા ભક્તવૃંદે "અવધૂત ચિંતન શ્રી. ગુરુદેવદત્ત"ની બુલંદ અવાજે ઘોષણા કરી. ધીમે ધીમે સરઘસ આકારે સૌ તૈયાર કરેલા મંડપ સુધી પહોંચ્યા.

ભક્તહૃદય શ્રી. નરોત્તમ ગોવિંદજી જાતે તો પ્રજાપતિ છે. પણ સંકાર ઉત્તમ હોવાથી પ્રભુભકિત તરફ વળેલા છે. એમના કુટુંબમાં પણ એમના સંસ્કારો પડેલા હોવાથી એમના કુટુંબની રહેણીકરણી પણ સંસ્કારયુક્ત છે. એ છ ભાઈઓ છે. પિતા છે. પણ શ્રી. નરોત્તમભાઈનો વક્કર વડિલ તરીકે સારો છે. અને

કુટુંબનો એકરાગ હોવાથી એ કુટુંબ સુખી છે. વેપાર રોજગાર, મુંબઈમાં નોકરી, વલસાડમાં કારખાનું એ પ્રમાણે એમનો કૌટુંબિક ઉદ્યોગ છોડી એ કુટુંબ હવે આર્થિક પ્રગતિને માર્ગે વળેલું હોવા છતાં ધાર્મિક પ્રવૃત્તિમાં પાછી પાની કરતું નથી. થોડા વખત ઉપર જ એ કુટુંબમાં નવચંડીયજ્ઞ કરવામાં આવ્યો હતો. બ્રાહ્મણોને યથેચ્છ ભોજન, દક્ષિણા આદિથી સંતોષવામાં આવ્યા હતા. આવા સંસ્કારીને ત્યાં જવાનું શ્રી. અવધૂતે સ્વીકાર્યું હોય તેમાં શી નવાઈ!

શ્રી. અવધૂત માત્ર શ્રીમંતોને ત્યાં જ પધારે છે એવી ભ્રમણા જે ભાઈઓને હોય તેમને માટે આ પ્રત્યક્ષ પ્રત્યુત્તર છે. શ્રી. અવધૂતને શ્રીમંત કે ગરીબ કોઈની સ્પૃહા નથી. એ તો માત્ર ભાવનો ભૂખ્યો છે. જ્યાં પ્રેમ છે ત્યાં એ પધારે છે. પછી એ ભાવ શ્રીમંતનો હોય કે ગરીબનો. શ્રી ભગવાનની દૃષ્ટિ સમ છે. શ્રી. ભગવાને **समोऽहं सर्वभूतेषु** એમ કહીને પોતાની સમત્વ-દૃષ્ટિનું ભાન કરાવ્યું છે. સર્વ પરિસ્થતિમાં સમભાવ રાખવો એ સાચો યોગ છે અને તેથી જ ભગવાને **समत्वं योग उच्यते** એ ઉકિત દ્વારા યોગની વ્યાખ્યા આપી છે. શ્રી અવધૂતનું જીવનકાર્ય (Mission જોતાં એને માટે દૃષ્ટિભેદ સંભવિત નથી. અને આવા પ્રત્યક્ષ દૃષ્ટાંતોથી એ વાત તો સિદ્ધ થઇ ચૂકી છે એટલે એ વિષે વધારે પિષ્ટપેષણ જરૂરી નથી.

ધનોરીમાં શ્રી. નરોત્તમભાઈએ એક વિશાળ ખેતરમાં શ્રી. અવધૂત માટે પર્ણકુટિ બનાવી હતી. અને તે શેની? આજુબાજુ સણબી વાવીને, પુષ્કળ પાણીનો છંટકાવ કરીને એ જગ્યાને ઉનાળામાં પણ શિતળ બનાવી હતી પર્ણકુટિ આગળ લોકોને બેસવા માટે મંડપ બનાવવામાં આવ્યો હતો.

સાંજ થઈ હતી. સંધ્યાના અવનવા રંગોથી આકાશ સુશોભિત બન્યું હતું તે સમયે ભજન અને કીર્તન કરતા જન-

સમૂહ ભેળા શ્રી. અવધૂતે એ પર્ણકુટિમાં પ્રવેશ કર્યો, વલસાડથી ધનોરી સુધીનો ગાડીનો પ્રવાસ હોવાથી પરિશ્રમ થયો હતો. એટલે ભજન વગેરે સમાપ્ત કરી લોકોને પ્રસાદ આપી વિદાય કરી શ્રી. અવધૂતે સ્નાન, અલ્પ ફલાહાર વગેરેથી નિવૃત્ત થઈ આરામ કર્યો.

બીજે દિવસે પ્રભાત થયું. શહેરની ગંદી હવા અહીં ન હતી. કલુષિત વાતાવરણ પણ નહતું. કોલાહલ પણ નહતો. નિસર્ગ પણ આલ્હાદક હતી. એવા મંગલ પ્રભાતે શ્રી. અવધૂત સવારમાં સૂર્યોદય પહેલાં સ્નાન કરી ધ્યાનમાં બેઠા. એ વિધિ પૂરી થતાં જ પરિચારકોએ નિત્યના નિયમાનુસાર

ૐ અઘભંજના દત્તમુનિરંજના સંસૃતિગંજના વિશ્વમૂર્તે !

એ શ્રી. અવધૂતના પ્રસિદ્ધ પ્રભાતિયાથી પ્રાતઃસ્મરણનો પ્રારંભ કર્યો. એ પૂરું થતાં જ શ્રી. અવધૂતના દર્શન અર્થે આવેલા ભક્તોને દર્શનનો લાભ થયો. અને અહીં નિત્યનો દર્શનનો ક્રમ શરૂ થયો. જનમાં હો, વનમાં હો, વેરાનમાં હો, જ્યાં શ્રી. અવધૂત હો ત્યાં લોકોની ભીડ તો જામવાની જ. એ વાત તો ઠરી ચૂકેલી બીના છે. વરસોના અનુભવ પછી એ વાત વાટે ને ઘાટે કહેવી એ પણ અયોગ્ય ગણાય. પણ જે છે તે હકીકત છે.

શ્રી. ભગવાને પોતાના તેજનો પ્રકટ સંભવ ક્યાં છે તેનો ઉલ્લેખ કરતાં—

યદ્યદ્ વિભૂતિમત્સત્ત્વં શ્રીમદૂર્જિતમેવ વા ।
તત્તદેવાવગચ્છ ત્વ મમ તેજોંશસંભવમ્ ॥

એમ કહીને સામાન્ય રીતે તો ભગવાને પોતાનો એક જ અંશ સર્જનમાં મૂક્યો છે. અને એક જ અંશે તે સર્વત્ર વ્યાપ્ત હોવાથી માનવમાત્રમાં અને સર્જનમાત્રમાં તે આત્મસ્વરૂપે રહેલો છે. પણ વિભૂતિવિશેષ શરીરમાં તે જેટલો અને જેવો પ્રકટ અને પ્રતાપ-

વાન છે તેવો અને તેટલો પ્રકટ અને પ્રતાપવાન સર્વ પ્રાણીઓમાં નથી હોતો. અને તેથી જ જ્યાં જ્યાં વિભુનું વિભૂતિમત્ત્મ પ્રકટ છે ત્યાં જ માનવી ઘસડાય છે. પતંગિયું જેમ દીપકની જ્યોત હોય છે ત્યાં જ ઘસડાય છે તેમ માનવી પણ પોતાના કરતાં અધિકતાનો અનુભવ જ્યાં કરે છે ત્યાં જ આકર્ષાય છે. શ્રી. અવધુત પ્રત્યેના આકર્ષણનું આ જ કારણ છે. અસ્તુ.

અહીં ઘણાં વર્ષોનું પુરાણું એક દેવાલય છે. તે જોવા શ્રી. અવધૂત એક દિવસ પધાર્યા હતા. અહીં લોકોનાં ટોળાં ભેગાં થતાં. ભજન વગેરે ચાલતાં અને રોજનો કાર્યક્રમ ચાલુ જ હતો. અહીંની શુદ્ધ હવા, શુદ્ધ વાતાવરણ અને નિરુપદ્રવી જનતાના સંપર્કમાં આવીને શ્રી અવધૂતને થોડોક આરામ મળ્યો. એ રીતે તા. ૨૭-૫-૬૨ ની સાંજ સુધી શ્રી અવધૂત ધનોરી રહ્યા. અને તા. ૨૮-૫-૬૨ ના રોજ પરોઢિયે ધનોરીથી મોતા જવા માટે નીકળ્યા. જ્યારે મળસ્કે ચાર પાંચ વાગ્યાના સુમારે વલસાડ તરફ પ્રયાણ કર્યું ત્યારે ગ્રામ્ય જનતાએ એમને ભાવભીની વિદાય આપી.

માર્ગમાં અટગામ નામનું એક નાનકડું ગામડું છે. શ્રી મણિભાઈ દેસાઇ એક વયોવૃદ્ધ પીઢ કાર્યકર છે. એમણે પ્રાતઃકાળે જ પોતાને આંગણેથી પરવરતા શ્રી. અવધુતને થોડી પળો રોકયા. પુષ્પહાર અને શ્રીફળથી સત્કાર કર્યો. અને પૂજ્યભાવે વંદના કરી. વલસાડથી સવારમાં લગભગ સાત વાગે ઊપડતી વલસાડ લોકલમાં શ્રી અવધુત સુરત પધાર્યા. મોતા જવા માટે સુરતથી ટાપ્ટીરેલ્વેમાં બારડોલી કિંવાં ગંગાધરા સ્ટેશન ઉપર ઊતરવું પડે છે. દિવસભર તાપ સહન કરવો અને ભૂખ્યા અથડાવું એ બધાંને ઠીક ન લાગ્યું એટલે સુરત ડૉ. રણજીતભાઇને ત્યાં ભિક્ષાનો અને વિશ્રાન્તિનો પ્રબંધ કર્યો હતો. તે પ્રમાણે ડૉ. રણજીતભાઇ આવ્યા હતા. શ્રી. અવધુતના એ આગમનને બને તેટલું ગુપ્ત રાખવામાં આવ્યું હતું તોપણ થોડા ભગતોને ભાળ મળી અને સુરતના સ્ટેશને લોકો

ભેગા થયા શ્રી. રણજીતભાઇના નિવાસે શ્રી. અવધુતે ભિક્ષા કરી, આરામ કર્યો. બપોરના બે વાગે ત્યાંથી નીકળ્યા. રસ્તામાં ટેનન્સી મામલતદાર શ્રી જગદીશ કોઠી જેઓ પૂ. શ્રી ના અનન્ય ભકત છે તેમના આગ્રહથી તેમને ત્યાં પાંચ મીનીટ રોકાઈ શ્રી. અવધુત સ્ટેશને પધાર્યા. અને ટાપ્ટીરેલ્વેમાં સુમારે ચાર વાગ્યે ગંગાધરા સ્ટેશન ઉપર ઊતર્યા.

ગંધાધરા સ્ટેશન ઉપર ડૉ. રમેશભાઈનો વાસ છે. તેઓ પૂ. શ્રી.ના અનન્ય ભકત છે. ઘણા વખતથી પૂ. શ્રી. નો સત્કાર કરવાની તેમની ઇચ્છા હતી. આમ અનાયાસે એ ઇચ્છા તૃપ્ત થતી હોવાથી તેમના આનંદનો પાર ન હતો ડૉકટરે પોતાના ઘરને ધજા, તોરણોથી શણગાર્યું હતું મંડપ બનાવ્યો હતો. શ્રી અવધુત અહીં બે કલાક વિશ્રાન્તિ લેવાના છે એ વાત કર્ણોપકર્ણ વાયુવેગે પ્રસરી ગઈ હતી એટલે ચોપાસથી માનવ મહેરામણ ઉમટયો દર્શન કરવા. ગંગાધરાનાના સ્ટેશન ઉપર પણ એ જ સ્થિતિ હતી. શ્રી. રમેશભાઈના આંગણમાં તો ઊભા રહેવાની જગ્યા નહતી.

અહીં પણ ડૉ. રમેશભાઇએ પોતાની કૃતજ્ઞતા વ્યકત કરવા માટે અને પૂજ્યભાવ બતાવવા માટે શ્રી. પાદુકાનું પૂજન રાખ્યું હતું. એપૂરું થતાં શ્રી. અવધુતે અત્રે ઔદુંબરવૃક્ષારોપણ કર્યું. એમ સમય વીતતાં પાંચ સાડાપાંચ વાગ્યે મોતા પધારવા માટે શ્રી અવધુત શણગારેલી બળદગાડીમાં નીકળ્યા.

૧૩
મોતા

તા. ૨૮-૫-૬૨ થી ૩૧-૫-૬૨

મોતાના શ્રી. તારાશંકર શ્રી. અવધુતના પરમભકત છે. જ્ઞાતિએ મોતાળા બ્રાહ્મણ છે. વયોવૃદ્ધ અને ધર્મપ્રેમી છે. પ્રભુએ સંપત્તિ આપી છે તેનો પરમાર્થકાર્યમાં સદુપયોગ કરીને પેદા

કર્યું સાર્થક કરે છે. તેમની અવસ્થા થઈ અને શરીરનો ભરોસો નથી એમ લાગવાથી શ્રી. અવધુતને પ્રાર્થના કરીઃ

"હવે એક વખત શરીર છે ત્યાં સુધીમાં મોતા પધારો તો સારું. શરીર ક્યારે છૂટશે એનો ભરોસો નથી. અને એ અભિલાષા જો શરીર છૂટશે તો રહી જશે."

શ્રી. તારાશંકરભાઇના આ શબ્દોથી શ્રી. અવધૂતનું કુસુમ-કોમળ હૈયું પીગળ્યું અને પોતે મોતાનું એ આમંત્રણ સ્વીકાર્યું.

આ પ્રસંગ બન્યા પછી જ્યારે શ્રી. અવધૂતે સુરત જીલ્લાનો ધરમપુરથી પ્રવાસ આરંભ કર્યો ત્યારે એ પ્રવાસમાં ત્રણ દિવસ મોતા મુકામ રાખવાનું નક્કી કર્યું હતું શ્રી. તારાશંકરભાઇ તરફથી તેમના બહેન સમય નક્કી કરવા આવ્યાં હતાં. તેમને ચોક્કસ તારીખો આપી હતી તેથી ઠરેલી તારીખ પ્રમાણે શ્રી. અવધૂત તા' ૨૮-૫-૬૨ ના દિવસે સમીસાંજે ગંગાધરાથી મોતા પહોંચ્યા.

મોતા નાકડું પણ સમૃદ્ધ ગામ છે. મોતાળા બ્રાહ્મણોની સારા પ્રમાણમાં વસ્તી છે. વેપાર ઉદ્યોગ અર્થે ઘણેભાગે મુંબઇ વગેરે સ્થળોએ રહે છે. થોડા અનાવિલ દેસાઈઓના મકાનો છે. પાટીદાર અને એવી બીજી પચરંગી વસ્તીના એ ગામને પોતાનું વતન લેખી શ્રી. તારાશંકરભાઇએ એક નવું મકાન બાંધ્યું હતું-શ્રી. અવધૂતને એ નવા મકાનમાં મુકામ આપ્યો હતો. શ્રી. અવધૂત જ્યારે મોતા પહોંચ્યા ત્યારે સમીસાંજ થઇ ગઈ હતી છતાં પાદરે લોકો તેમનો સત્કાર કરવા માટે ભેગા થયા હતા. ઢોલ, ત્રાંસા અને જે મળ્યાં તે વાજીંત્રોથી શ્રી. અવધૂતનો સત્કાર કરવામાં આવ્યો. શ્રી તારાશંકરભાઇ વયોવૃદ્ધ હોવાથી આવી ન શક્યા. પરંતુ તેમના ભાણેજ વગેરે નિકટના સંબંધીઓ અને અન્ય ગૃહસ્થોએ પાદરે જ ફૂલહાર, શ્રીફળ વગેરેથી શ્રી. અવધૂતને સત્કાર્યા મોતાના સરપંચ શ્રી. મગનભાઈ દેસાઇ

શ્રી. અવધૂતના ભક્ત છે શ્રી. અવધૂત જ્યારે થોડાં વર્ષ ઉપર તળાવચોરાણીડમાં શ્રી. રામજીભાઈ મણિભાઈને ત્યાં એકાદ માસ રહ્યા હતા ત્યારે જ આ સમગ્ર કુટુંબ શ્રી. અવધૂત રંગના રંગે રંગાયું હતું. સરઘસ આકારે શ્રી. અવધૂતે મોતા ગામમાં પ્રવેશ કર્યો. શ્રી. તારાશંકરભાઈના નવા મકાનમાં ઉતારો કર્યો. તે દિવસે તો સમય થઈ ગયો હતો એટલે કંઈ પણ કાર્યક્રમ રાખ્યા વિના જે ભાઈ મહેનો દર્શનાર્થે પધાર્યાં હતાં તેઓએ દર્શન કરી વિદાય લીધી.

મોતામાં ત્રણ દિવસ મુકામ કર્યો. કોસંબાથી પૂ. શ્રી. ના અનન્ય ભક્ત શ્રી. દીનાનાથ પંડિતજી સંગીતશાસ્ત્રીને ખાસ આમંત્રણ આપીને બોલાવવામાં આવ્યા હતા. શ્રી. અવધુતજીએ પ્રસાદ તરીકે એમને પાદુકા-પ્રદાન કર્યું છે. એ પોતે કોસંબા રહે છે. અને આજુબાજુનાં આઠદશ ગામોમાં શ્રીદત્તભક્તનાં મંડળો બનાવી તેમને બધાને સન્માર્ગે દોરવામાં એમનો ગણનાપાત્ર ફાળો છે શ્રી. પંડિતજીએ એમના બુલંદ અવાજ અને શાસ્ત્રીય સંગીત તેમજ ભજનો વગેરેથી જનમનરંજન કર્યું અને એ ક્રમ નિત્ય સવાર-સાંજ ચાલતો હતો. શ્રી. તારાશંકરભાઇ વયોવૃદ્ધ હોવા છતાં ખડે પગે શ્રી. અવધુતની સેવામાં સમગ્ર કુટુંબીજનો સાથે રહ્યા હતા એ કહેવાની જરૂર નથી.

મોતામાં આમ ભક્તિભાગીરથીનું એક ભવ્ય મોજું ફરી વળ્યું હતું. ઘેરઘેર શ્રી. અવધુત અને તેની ભકિતનાં ગુણગાન ગવાતાં હતા. અને જ્યાં સુધી શ્રી. અવધુત મોતામાં રહ્યા ત્યાં સુધી એ સાત્ત્વિક આંદોલનોમાં ઓટ આવી નથી. સવાર, બપોર સાંજ જ્યારે જુઓ ત્યારે આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષો એક યા બીજા નિમિત્તે શ્રી. તારાશંકરભાઈને ત્યાં ડોકિયું કરતા જ હોય શ્રી. અવધુતમાં એવું શું કામણ ભર્યું હશે કે આમ લોકો તેની પાછળ ગાંડાઘેલા બનતા હશે? એનો જવાબ આગળ અપાઈ ગયો છે.

ભગવાનની વિભૂતિમત્તાની એ બલિહારી છે. પ્રભુના પ્રભુત્વનું એ દિવ્ય આકર્ષણ છે. ચુંબક લોહને આકર્ષે છે, દીપ પતંગિયાને આકર્ષે છે પણ લોહ અથવા પતંગિયાને આકર્ષણના કારણનું જ્ઞાન નથી હોતું તેમ જનતાને શ્રી, અવધુત પ્રત્યેના આકર્ષણની કંઈ ખબર પડતી નથી. અનેક લોકો અનેકવાર આવે છે, આવ્યા પછી ત્યાંથી ખસવાનું મન થતું નથી. શ્રી અવધુતનો એ પરિ-પાસ કોને કયાં જકડી રાખે છે કે તેમાંથી છૂટવાની ઇચ્છા થાય તો પણ તે છૂટી શકતો નથી, બધે જ આવું બને છે.

શ્રી. તારાશંકરભાઈને ત્યાં એક દિવસ પાદુકાપૂજનનો સમારંભ પણ રાખવામાં આવ્યો હતો. સુરત વગેરે સ્થળોએ બ્રાહ્મણોને આમંત્રણો અપાયાં હતાં. પ્રાતઃકાળે જ એ વિધિ યોજવામાં આવ્યો હતો. એ દિવસે શ્રી. તારાશંકભાઈએ મોકળે હાથે અન્નસંતર્પણ કરીને ગામપરગામના બધાય આગંતુક તેમજ સ્થાનિક ભકતોને તૃપ્ત કર્યા હતા. શ્રી તારાશંકરભાઇના ચિરંજીવી શ્રી. જયદેવભાઈ સપત્નીક પાદુકાપૂજન અર્થે બેઠા હતા એ પોતે શ્રી. અવધુત પધારવાના હતા એટલે જ મુંબઇથી આવ્યા હતા. ટ્રેનમાંથી ઉતરતાં એમનું એક પાકીટ ડબ્બામાં જ રહી ગયું. એમાં લગભગ અગીયારસોથી બારસોની રકમ હતી. પ્લેટફોર્મ ઉપર ઉતર્યા. ગાડી ઉપડી. સામાનમાં પાકીટ ન જણાયું. તુરત જ તાર કરવામાં આવ્યો. કંઈ પત્તો ન લાગ્યો. પાદુકાપૂજનને દિવસે જ એક પોષ્ટકાર્ડ પોલીસખાતા તરફથી મળ્યો. તેમાં તે પાકીટ સહીસલામત પોલીસના હાથમાં આવ્યું છે અને તેમાંની રકમ સલામત છે એમ જણાવી એ પાકીટ લઈ જવાનું સૂચન કરવામાં આવ્યું હતું. આ બનાવને બીજી કોઇ પણ રીતે ન મૂલવીએ, પરંતુ રેલ્વેમાં રહી ગયેલા આવા માલની પ્રાપ્તિ થાય એ એક ચમત્કાર જ છે. અસ્તુ.

અકોટી બારડોલી તાલુકાનું એક ગામ છે. સમગ્ર ગામ શ્રી. અવધુતનું ભકત છે એ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. ત્યાં પધારવા માટે ઘણા સમયથી ત્યાંના ભાઇબેનો આમંત્રણ આપતા. પરંતુ જેમ ફળ પાકયા વિના વૃક્ષ પરથી પડતું નથી તેમ શ્રી. અવધુત માટેનો ભાવ જયાં સુધી પૂર્ણપણે વિકાસ પામતો નથી ત્યાં સુધી શ્રી. અવધુત પોતે ભાગ્યેજ એવી જગ્યાએ પધારે છે. અને તેથી જ એક અથવા બીજા કારણે પોતે આજ સુધી અકોટી પધાર્યા નહતા. એઓશ્રી પોતે મોતા પધાર્યા છે એવા સમાચાર ત્યાંના ભાઈબેનોને મળતાં સુમારે ૬૦-૭૫ ભાઇબેનો અકોટીથી મોટરદ્વારા મોતા આવ્યા. એ લોકો શ્રી. અવધુતને કેવળ આમંત્રણ આપવા જ નહતા આવ્યા, પરંતુ એમને પોતાની સાથે જ અકોટી લઇ જવા કૃતનિશ્ચયી બનીને આવ્યાં. હતાં. એક ભાવિક બેને ઉપવાસ પણ આદર્યા હતા. એ સર્વેએ સામુદાયિક આમંત્રણ આપ્યું. શ્રી. અવધુતે “સમય નથી, કોઈ વખત આવીશ” એવું કહ્યુ એટલે ઉપવાસ ઉપર ઉતરેલી બેને તો સ્પષ્ટ સંભળાવી દીધું: “આપ અકોટી નહિ પધારો ત્યાં સુધી હું અન્ન લઈશ નહિ એવો મારો નિશ્ચય છે” આ પરિસ્થિતિ કળી જઇને શ્રી. અવધુતે એ ભાઈબેનોને આશ્વાસન આપ્યું-“આવતે વરસે અકોટી પ્રથમ આવીશ, અને પછી બીજે જઇશ” શાંતિ વળી, અહીં નિશ્ચયાત્મક વચન આપ્યું ત્યારે જ એ ભાઇબેનોને શાંતિ વળી. અહીં શ્રી. અવધુતને સંબોધીને એ લોકોએ એક ભજન ગાયું.

ગુરુદેવ ! આવો અમારે ગામડે,
ગામડું જુએ તમારી વાટ (૨) ટેક

ગુરુદેવ ! એક અમારી અરજી રે,
તમે ગામડે આવો મહારાજ— ગુરુ૦

ગુરુદેવ ! આવો ઉતારૂં મહેલમાં રે,
નહિ ફાવે તો ઝૂંપડી બાંધું—(૨) ગુરુ
ગુરુદેવ ! આવો તો સાથિયા પૂરીએ રે,
તોરણ બંધાવું ગામની માંય—(૨) ગુરુ૦
ગુરુદેવ ! ગૌરી ગાયનાં દૂધડાં રે,
પીવા આવોને મહારાજ—(૨) ગુરુ૦
ગુરુદેવ ! આવો જમાડું ખીચડી રે,
રાંધું ભાવની ભાજી આજ—(૨) ગુરુ૦
ગુરુદેવ ! તમને ગમે નારેશ્વરમાં,
શું નહિ ગમે ગામડિયા લોક ?—(૨) ગુરુ૦
ગુરુદેવ ! તમને ગમે લીમડાની છાયડી,
શું નહિ ગમે ગામડાની છાંય ?—(૨) ગુરુ૦
ગુરુદેવ ! તમને ભાવે નર્મદનીર,
શું નહિ ફાવે કૂવાનાં નીર ?—(૨) ગુરુ૦
ગુરુદેવ ! ઘરમાં ગમતું નથી રે,
જાણે આવું નારેશ્વરધામ—(૨) ગુરુ૦
ગુરુદેવ ! પાંખો હોય (તો) ઉડી આવીએ રે,
રહ્યું પરાધીન શરીર—(૨) ગુરુ૦
ગુરુદેવ ! ઉપવાસ ક્યાં સુધી કરીએ રે ?
રહ્યું ગામડિયે ઘણું કામ રે—(૨) ગુરુ૦
ગુરુદેવ ! વર્ષોના વાયદા થયા રે,
હવે નિરાશ નહિ જવાય રે—ગુરુ૦
ગુરુદેવ ! કાલાવાલા કરીએ રે,
કરગરીને કહું છું આજ—(૨) ગુરુ૦
ગુરુદેવ ! દત્તમંડળ વિનવે રે,
તનને લળી લળી લાગે પાય રે— ગુરુ૦

પ્રેમના ઉમળકામાં ગવાયેલું આ ભજન એ સાદી અને સરળ ભાષામાં ભક્તોના હૃદયની લાગણી વ્યક્ત કરે છે. એની પાછળ એ ભાઈબેનોનો નિર્મળ પ્રેમ રહેલો છે એમ કહેવાની આવશ્યકતા નથી. ભક્તો તો ભગવાનને મહેણાં ય મારી શકે! પોતાનું હૃદય ખોલી શકે અને બે કડવાં વેણ પણ સંભળાવી શકે. પ્રેમના ઉમળકામાં પ્રેમવશ ભક્તો ભગવાનને શું નથી કહેતા? ગોપીઓએ શ્રી. કૃષ્ણને કહેવામાં શી મણા રાખી છે? નરસિંહે પણ ભગવાનને કેવાં મહેણાં માર્યાં! "બે માનો, બે બાપનો" તો કહ્યો, "સોડ તજી રાધા તણી...." તો કહ્યું "કાંધે કાળી કામળી" તો કહ્યું, અને છતાં ય એ ઉપાલંભની પાછળ નિર્ભેળ પ્રેમ શિવાય હૃદયની ઉની વરાળ છે. ભકિતભીના હૈયાં પણ જ્યારે અકળાય છે ત્યારે નહિ કહેવાનું કહેવામાં પણ અચકાતા નથી. અને એ કહેતી વખતે આવેશમાં પોતે શું કહે છે તેનું તેમને પણ ભાન ક્યાં હોય છે! પણ ભકતોનાં એ વચનોમાં નથી દ્વેષ કે નથી કલુષિત ભાવ! નર્યો પ્રેમ જ નીતરતો હોય છે, એમાં નથી હોતો દંભ, નથી હોતી યાચના, નથી હોતા કાલાવાલા! એમાં તો માત્ર ઉપાલંભ જેવું જ હોય છે.

અકોટીના ભાઈબેનોનું શ્રી. અવધૂતે સાંત્વન કર્યું. બધા લોકોને સાંત્વન આપવાની યુકિત તો શ્રી. અવધૂત પાસે અજોડ છે. ગમે તેવો આવે પણ અહીં તો મૂક બની જાય છે. એ રીતે આ ભાઈબેનોના મનનું પણ સમાધાન થયું. એ લોકો પ્રસાદ લઈ અકોટી ગયા. પલસાણાના ભાઈબેનોનું પણ આ પ્રમાણે જ સમાધાન થયું હતું.

આખરે શ્રી. અવધૂતને મોતાથી વિદાય લેવાનો દિવસ પણ આવ્યો. જ્યાં જોશો ત્યાં વિદાયની વસમી વેળા બધાને અકળાવે છે. Every parting in life is a painful sorrow. કોણ જાણે જનમ જનમનો જુનો સાથી હોય તેમ શ્રી. અવધૂતને જેનાં

દર્શન થાય છે તેના હૈયામાં એનું સ્થાન વજ્રલેપ બને છે. તેના હૈયામાં અવધૂત સદાય વસી જ રહે છે અને તેથી જ જ્યારે એની વિદાયની વેળા આવે છે ત્યારે સર્વના હૃદય વલોવાઈ જાય છે. પણ એ વલોવાયેલા અંતરમાંથી આખરે તો દહીંના મંથન પછી જેમ સારરૂપે માખણ નીકળે છે તેમ શ્રી. અવધુતને વિદાય આપ્યા પછી એ મિલનના સંસ્મરણોરૂપી નવનીત એ ભકતોના હ્રદયને સદા નમ્ર બનાવે છે. શ્રી. અવધુતને ભગવાનનું જ સ્વરૂપ માનતા એ ભાઈઓ વિયોગના કારણે શ્રી. અવધુત દ્વારા પરમાત્માનું સતત સ્મરણ કરતા રહે છે. વ્રજમાથી શ્રી. મથુરા ગયા ત્યારે ગોપીઓને એ વિરહ પ્રજવાળતો હતો તોય એ જલનમાં કેવળ શ્રી. કૃષ્ણનું જ સ્મરણ હતું. શ્રી રામચંદ્ર અયોધ્યા છોડી ગયા ત્યારથી પુનર્મિલન થયું ત્યાં સુધીનો કાળ અયોધ્યાવાસીઓ માટે કપરો વીત્યો. પણ તેમાં પણ શ્રી. રામનું સતત સ્મરણ થયું. અને એ રીતે સંયોગના કરતા વિયોગમાં ભકતો ભગવાનના વધુ સંબંધમાં આવે છે એ સિદ્ધાંત પ્રતિપાદિત થયો. સંયોગમાં કદાચ વિસ્મરણનો ભય છે પણ વિયોગમાં સતત રટણના પરિણામે વિસ્મરણનો ભય હોતો જ નથી. વહાલાંના સ્મરણ સતત રહે એ વિષે ભકતો તેની લીલાઓનાં ગુણગાન ગાઈને અંતરને ઠારે છે.

શ્રી. અવધુત મોતાથી ગયા તે પહેલાં શ્રી. તારાશંકરભાઇના દીકરાને ત્યાં અને તેમના ભાણેજ શ્રી. બટુકભાઇ એ બન્નેને ત્યાં ગયા હતા.

તમે જાણો છો ને શ્રી. અવધુત મોટરમાં બેસતા નથી ? મોટરનું હવામાન એમને અનુકૂળ નથી ! પરંતુ આ પ્રસંગે એ વાત ખોટી ઠરી શું થયું ખબર છે ?

શ્રી અવધૂત મોતાથી પાતાપારડી જવાના હતા. બારડોલી માર્ગમાં આવતું હતું. પાતાપારડી અને મોતા વચ્ચે લગભગ ૧૪

માઇલનું અંતર એ આખું અંતર જતી વખતે ગાડીમાં કાપવું ઠીક નહતું. રસ્તા સારા ન હોય, અથડામણ થાય અને સમય પણ ઘણો જાય. બાજુના જ રાયમ ગામના શ્રી. સોમાભાઈ પટેલ શ્રી. અવધુતના દર્શને આવ્યા. તેમની મોટર હતી. લગભગ પોણો લાખની એ મોટરમાં હેલકા, આંચકા ન લાગે, પેટમાંનું પાણી પણ ન હાલે એવી વ્યવસ્થા હતી. વળી એ મોટર વાયુઅનુકૂળ યંત્રથી સજ્જ હતી. એટલે એમાં પેટ્રોલની દુર્ગંધ લેશમાત્ર પણ આવે નહિ એવી વ્યવસ્થા હતી. એ ભાઇએ શ્રી. અવધુતને પાતાપારડી પોતાની મોટરમાં જવાની પ્રાર્થના કરી. શ્રી. અવધુતે પોતાની મુશ્કેલી કહી સંભળાવી. પેલા ભાઈએ કહ્યું : ' આપને કશું જ નહિ લાગે અને હું જલ્દી આપને પહોંચાડીશ. શ્રી. અવધુતે મોટરનો બહિષ્કાર કર્યો નથી. અને આ એક અખતરો કરવાનો હતો એમણે પોતે હા પાડી. બારડોલીના ભાઈઓનો પણ આગ્રહ હતો. છેવટે એક રાત્રી પણ બારડોલીમાં ગાળવાનો તેમનો આગ્રહ હતો. શ્રી અવધુતે તે સ્વીકાર્યો. સાંજે મોટરમાં મોતાથી નીકળી રાત્રી બારડોલીમાં ગાળી બીજે દિવસે સૂર્યોદય પહેલાં જ પાતાપારડી જવા માટે પ્રયાણ કરવું એમ નિશ્ચવ થયો. શ્રી. સોમાભાઇ પટેલ યથા સમય પોતાની મોટર લઇને આવ્યા. શ્રી. અવધુતે આગળની સીટ ઉપર સ્થાન લીધું. મોટર ચાલી મોટરનાં બધાં જ દ્વારો બંધ કર્યાં હતાં, વાયુઅનુકૂળયંત્ર ચાલુ કર્યું અને શિતળવાયુના પરિણામે જરાય ઉષ્ણતા લાગતી નહતી. શ્રી. અવધુતને જે બદબોનો ભય હતો તે પણ આવતી નહતી. પ્રવાસ ખુશનુમાં હતો સવાલ માત્ર ચાર માઇલનો જ હતો રસ્તો પણ સારો હતો. એટલે કદાચ શ્રી. અવધુતને અધવચ્ચે પ્રવાસ પ્રતિકૂળ જણાય તો પગપાળા ચાલી જવાય એવું હતું એટલે એ અખતરો કર્યો હતો.

બારડોલીમાં પણ લોકોએ ઉત્સાહિત બનીને શ્રી. અવધૂતના સત્કાર અર્થે ગામમાં ધ્વજ, પતાકા વગેરેથી શણગાર કર્યો હતો.

ગામને ગોંદરે સરિતા કિનારે આવેલા શ્રી. રામમંદિરમાં શ્રી. અવધુતને રાત્રીવાસ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. પાદરે જ શ્રી. અવધુતની ગાડીની વાટ જોતાં લોકોનાં ટોળાં ભેગાં થયાં હતાં લોકોના આશ્ચર્ય વચ્ચે શ્રી. અવધુતની મોટર ગામને ગોંદરે આવી. લોકો મોટરની આજુબાજુ ફરી વળ્યા. તેઓની ઈચ્છા ગોંદરેથી રામજીમંદિર સુધી શોભાયાત્રા સાથે શ્રી અવધુ-ને લઈ જવાની હતી. પરંતુ મનની એ મુરાદ એમ જ રહી. શ્રી. અવધુત તો મોટરમાં હંકારી ગયા. લોકો પાછળ દોડ્યા. જોતજોતમાં રામ મંદિર લોકોથી ઉભરાયું. શ્રી. અવધુત માટે ત્યાં પણ બેઠક બનાવી હતી. મોટરમાંથી ઉતરી શ્રી. અવધુત સીધા જ ત્યાં બિરાજ્યા. દર્શનાર્થે માનવપ્રવાહ શરૂ થયો. શ્રી. સોમાભાઇએ રજા લીધી. સવારમાં જ પાતાપારડી પધારવા માટે પણ પોતે જ મોટર લાવશે એવી પ્રાર્થના કરી. શ્રી. અવધુતે હકારમાં મૂક ઉત્તર આપ્યો એ ભાઈ પણ એક વખત શ્રી. અવધુતના દર્શન અર્થે નારેશ્વર ગયા હતા પણ ત્યાં તેમને અસંતોષ રહ્યો હતો. મોટરના પ્રવાસ નિમિત્તે એમને પણ શ્રી અવધુતનો સમાગમ થયો. થોડા શબ્દોનો વિનિમય થયો. આનંદ થયો. મુંબઈનો ધીકતો ધંધો હોવા છતાં એ ભાઈની સાદાઇ અને સજ્જનતા ખરેખર પ્રશંસનીય હતી.

બારડોલીમાં એ દર્શનસત્ર લગભગ બે કલાક ચાલ્યું. બધાઓને આનંદથી દર્શન થયાં અને સંતોષ થયો. આખરે લગભગ આ.ઠ વાગ્યા પછી શ્રી. અવધુત સ્નાન અર્થે પધાર્યા, પરંતુ લોકોની ભીડ જેવી ને તેવી જ રહી. તેઓને અહીંથી જવું ગમતું નહતું. રાત્રે અગિયાર વાગ્યે વિખરાયા.

અહીં એક સ્વામી રહેતા હતા શ્રી અવધુતે તેમની પણ મુલાકાત લીધી

પરોઢિયે પાંચ વાગતા પહેલાં જ લોકો દર્શનાર્થે આવવા શરૂ થયા. શ્રી. અવધૂત પણ એકાદ બે કલાકની શ્વાનનિદ્રા અને

અલ્પવિશ્રાન્તિ પછી જાગૃત થઈ ગયા હતા. ચારેક વાગ્યે મોટર તૈયાર થાય તે પહેલાં જ ધ્યાન-મુક્ત બની, લોકોને દર્શન આપવા માટે બહાર પધાર્યા હતા. મંદિરના મહંતે પણ શ્રી. અવધુતનો સત્કાર કર્યો શ્રી અવધૂતે રામપંચાયતનના દર્શન કર્યાં. છેવટે પાંચ વાગ્યે શ્રી. અવધુતને પાતાપારડી લઇ જવા માટે મોટર આવી. શ્રી. અવધુતનો આ પ્રવાસ પણ સફળ થયો. પ્રવાસની કોઇ પણ પ્રકારની પ્રતિકૂળ અસર એઓશ્રીને થઇ નહિ. માત્ર સતત વાયુ વહેતો હોવાને લીધે સ્હેજ માથું ભારે થયું. અસ્તુ.

સૂર્યોદય થાય ન થાય ત્યાં તો શ્રી અવધુત પાતાપારડીને પાંદરે આવી ઊભા. લોકોને કલ્પના પણ નહોતી. લોકો તો શ્રી. અવધુત ગાડીમાં જ આવવાના છે એમ માની એઓશ્રીનો સત્કાર કરવાની તૈયારી કરતા હતા ત્યાં તો મોટર પાતાપારડીનાં પાણીગૃહ આગળ જઇને ઊભી. જેવા હતા તેવા જ અર્ધ ઊંઘતા લોકો શ્રી. અવધુતને મોટરમાં જોઇ આશ્ચર્ય પામ્યા. અને મોટર સીધી શ્રી. ગોપાળજીભાઈના મકાન આગળ આવીને ઊભી.

૧૪
પાતાપારડી

નવસારી તાલુકાના પુણી, પાતાપારડી અને લાખણપુર એમ ત્રણ ગામ એ ત્રણે ગામનું સામુદાયિક દત્તભજન મંડળ છે. એની વ્યવસ્થા એ ત્રણેય ગામના સભ્યો કરે છે. પુણીના શ્રી. મગનલાલ-ભાઈ એ મંડળના પ્રમુખ છે. પ્રમુખ અને બધા સભ્યો મળીને શ્રી. દત્તજયંતી, રંગજયંતી અને ગુરુપૂર્ણિમા જેવા ઉત્સવો સારી રીતે ઉજવે છે. બેચાર વરસ થયાં–એ મંડળની સ્થાપના થઈ ત્યારથી જ એ મંડળની શ્રી. અવધૂતને પોતાને ગામ બોલાવી તેમનો સત્કાર કરવાની ઇચ્છા હતી. ચલથાણ પાઈપ કંપનીના મેનેજર શ્રી. ઠાકોરભાઈની પણ એ જ ઇચ્છા ઘણા વખતથી હતી.

અને અવારનવાર શ્રી. અવધૂતને એ ગામે પધારવાનાં આમંત્રણ પણ શ્રી. રામજીભાઇ મણિભાઇ નાયક મારફત અપાતાં હતાં ગણદેવીના શ્રી. રામચંદ્ર વિનાયક જોશીએ પણ એ મંડળને સાથ આપ્યો અને આ વરસના સુરત જીલ્લાના પ્રવાસમાં પુણી જવાનું નક્કી કરવામાં આવ્યું. એ પ્રમાણે શ્રી. અવધૂત તા. ૧-૬-૬૨ના રોજ સવારમાં જ મોતાથી પાતાપારડી પધાર્યા.

પાતાપારડી શ્રી. ગોપાળજી પટેલના મકાનમાં શ્રી અવધૂતનો ઉતારો રાખ્યો હતો. સગવડભર્યા એ મકાનમાં માળ ઉપર શ્રી અવધૂત માટે સજાવટ કરવામાં આવી હતી. શ્રી. રામચંદ્રભાઇ એક દિવસ આગળથી જ પાતાપારડી આવ્યા હતા. અને બધી વ્યવસ્થા જાતે જોઇને તેમને પણ સંતોષ થયો હતો. શ્રી ગોપાળજી પટેલ આમ તો મોક્ષમાર્ગી છે પણ શ્રી. અવધૂતનો તેમણે ભાવભીનો સત્કાર કર્યો અને પોતાના મકાનમાં માળ ઉપર પધરામણી કરી. શ્રી. ગોપાળભાઇના સુપુત્ર શ્રી. વલ્લભભાઈ પણ ભકતહૃદય છે. શ્રી. અરવિંદબાબુનું થોડું સાહિત્ય વાંચ્યું છે અને મનનશીલ સ્વભાવના છે. તેમણે પણ પોતાનું ભર્યું ભર્યું મકાન શ્રી. અવધૂતના ઉતારા અર્થે આપવાનું સ્વીકાર્યું. એટલું જ નહિ પણ પોતે સામે થઈને શ્રી. અવધૂતને એ મકાનમાં ઉતરવાની માગણી કરી પોતે ઉતારો બીજે લઈ ગયા. અને એ આખું બે ગાળાનું મકાન શ્રી. અવધૂતના ઉપયોગ માટે મંડળને આધીન કર્યું. મંડળના એ ભાઈ સભ્ય પણ છે.

મુખ્યત્વે ખેતીપ્રધાન અને પરદેશનો પ્રવાસ કરનારી એ વસ્તીમાં યુવાનવર્ગ નજર પડતો નહતો. કારણ કે લગભગ દરેક ઘરનો એક માણસ પરદેશ ધંધા અર્થે ગયેલો જણાતો હતો. પૈસેટકે એ ગામ સુખી હતું શ્રી. અવધૂતનો સત્કાર કરવામાં, એની સેવાર્થે તન, મન અને ધનને, ઉત્સાહપૂર્વક, મુકતહસ્તે ખર્ચવામાં એ બધા ભાઈઓએ મણા રાખી નથી.

શ્રી. અવધૂતનો આ ગામે તા ૧-૬-૬૨ થી ૩-૬-૬૨ સુધી મુકામ રહ્યો. દરમ્યાન તા. ૨-૬-૬૨ ના રોજ નજીકમાં આવેલા પુણી ગામે શ્રી ઠાકોરભાઈએ પણ શ્રી. અવધૂતના સત્કાર અર્થે તૈયારી કરી હતી. શ્રી અવધૂત પધારતાં જ ત્યાં લોકોનાં ટોળાં જમા થયાં. શ્રી ઠાકોરભાઇના વાડામાં એક ઔદુમ્બરનું વૃક્ષ છે, તેને સ્પર્શ કરીને શ્રી. અવધૂતે ઠાકોરભાઇને ત્યાં થોડો સમય વ્યતીત કર્યો નાના પાયા પર પરંતુ વિધિસર ત્યાં પાદુકાપૂજન થયું. પ્રસાદ વહેંચાયો અને "અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત"ના ગગનભેદી ધ્વનિ સાથે શ્રી. અવધૂત પાતાપારડી આવવા નીકળ્યા. માર્ગમાં એ જ ગામમાં શ્રી. જયંતીભાઇ દેસાઈનું મકાન આવે છે. એ ભાઈ ખૂબજ ભાવિક છે. શ્રી. અવધુતના અનન્ય ભકત છે. શિરડીના સંત શ્રી. સાઈબાબાના પણ ભકત છે- લોકો એમને "સાઈગાર્ડ"ના નામથી ઓળખે છે. વેસ્ટર્ન રેલ્વેમાં એમની ગાર્ડની નોકરી છે. પુણી એમનું વતન છે, અને શ્રી. અવધૂત મહારાજ અહીં પધારવાના છે એમ જાણી એઓ પણ ઉત્સવમાં ભાગ લેવા માટે રજા લઇને આવ્યા હતા. અહીં પણ શ્રી. અવધૂતનો ભાવભીનો સત્કાર થયો. અહીંથી શ્રી. અવધૂત પગપાળા પારડી આવ્યા. તે જ સાંજે શ્રી ગોપાળભાઈ શ્રી અવધૂત પાસે આવ્યા. બીજું કોઈ હતુ નહિ. શ્રી ગોપાભાઈએ શ્રી અવધૂતને કહ્યું—

"મને થોડા જ દિવસો ઉપર સ્વપ્ન થયું કે કોઈ મહાન પુરુષ મળશે અને તને ઉપદેશ કરશે, તેથી તને બ્રહ્મજ્ઞાન થશે". આ સ્વપ્ન પછી થોડા જ દિવસોમાં આપના પધારવાની વાત આવી. આપ પધાર્યા. હવે મને બ્રહ્મજ્ઞાન આપો.'

શ્રી અવધૂતે કહ્યુ 'તમારૂં સ્વપ્ન અડધું તો સાચું પડયું છે, બીજો ભાગ પણ સાચો પડશે. ચિંતા ન કરો. તમે જે ભજન કરતા હો તે જ કરો. તેમાં જ તમારૂં શ્રેય છે."

તેમના જ ચિરંજીવી શ્રી વલ્લભભાઈને પણ અરવિંદ સાહિત્યમાં થોડી ગૂંચ ઊભી થઈ હતી. જીવ અને આત્મા એક જ છે કે ભિન્ન છે? એવી જ કંઈ શંકા તેમની હતી શ્રી અરવિંદનું 'યોગપ્રદીપ' પુસ્તક તેમને શ્રી. અવધૂતને બતાવ્યું અને પોતાની શંકાનું નિવારણ કરવા પ્રાર્થના કરી. શ્રી અવધૂતે કહ્યુ: "ઉપનિષદમાં બે પક્ષીનું વર્ણન આવે છે.

द्वा सुपर्णा सयुजा सखाया: समानं वृक्षं परिषस्वजाते

એક દૃષ્ટાંત જીવ અને પરમાત્મા માટે જ છે. એક પક્ષી ફળ ભોગવે છે તે જીવ છે. બીજું પક્ષી ફળ ભોગવતું નથી પણ માત્ર દૃષ્ટા છે તે શિવ છે. એ વર્ણન જ આ શ્લોકમાં છે. પરમાત્મા અંતર્યામી છે તે કર્મના ફળનો કેવળ સાક્ષી છે. જીવાત્મા અલ્પજ્ઞ છે કારણ કે તે પ્રવૃત્તિમાં સંલગ્ન રહે છે. પરમાત્મા સંલગ્ન થતો નથી, કેવળ સાક્ષી જ રહે છે. દૃષ્ટિબિંદુથી વિચાર કરવો ઘટે. અંતઃકરણમાં જે બનતું હોય તેનો કેવળ દૃષ્ટા છે તેજ અંતરાત્મા છે. એ અંતરાત્મા આપણા અંતઃકરણની પ્રવૃત્તિઓનું અવલોકન કરે છે, પણ એ કેવળ અનાસક્તભાવે જ થતું હોવાથી તેની સાથે તદ્રુપતા થતી નથી. અને તેથી તે અલિપ્ત રહે છે, જેમ આપણે નાટક જોઈએ ત્યારે નાટકમાં જે પાત્રો આવે, દૃશ્યો આવે તે કેવળ દૃષ્ટા તરીકે જોઈએ છીએ તેમ એ અંતરાત્મા જીવાત્માના અંતઃકરણ અને બાહ્યકરણને કેવળ જુએ જ છે, તેમાં તાદાત્મ્ય સાધતો નથી. જીવાત્મા આસક્ત છે, તેને કર્મનાં ફળ ભોગવવાં પડે છે.

અંતરાત્માને જ્ઞાન આપોઆપ થાય છે. જ્યારે જીવાત્માને તે પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરવો પડે છે, એકને સાધનની જરૂર નથી, જ્યારે બીજાને તેની જરૂર છે. અંતરાત્માને શરીર નથી, જીવાત્માને શરીર છે, શરીરનો અધ્યાસ છે. હું દેહ છું એવું તેને મિથ્યાભિમાન અને મમત્વ છે પણ એ ભાન સાચું છે એમ માનીને જીવાત્મા શરીરમાં જ મોહિત થઈ ને શરીરને જ પોતાનું

માનીને અથવા શરીર પોતે જ છે એમ માનીને આસક્ત થઈ કર્મો કરતો હોવાથી તેને બંધન સર્જાય છે. અને અંતરાત્માને શરીર નથી, પણ તે કેવળ શરીર અને શરીરની ક્રિયાઓને અનાસક્ત ભાવે જુવે જ છે. ઘરના માલિક અને ઘરનાં ભાડુત જેવો એ સંબંધ છે. આત્મા અને જીવ ભિન્ન નથી, છતા ભિન્ન જણાય છે, સૂક્ષ્મ શરીરની ઓથે રહેલા એ આત્માને જ એ સૂક્ષ્મ શરીરનું અભિમાન થાય છે, ત્યારે જ આત્માને શાસ્ત્રોએ 'જીવ' સંજ્ઞા આપી છે. વાસ્તવિક રીતે જીવ જેવું કશું જ નથી, પરંતુ અનાત્મમાં આત્મભાવ એ જ જીવભાવ છે. અને એ જ્યાં સુધી રહે ત્યાં સુધી એ જીવ કહેવાય છે. એ ભાવનું નિરસન થતાં જ એ શિવભાવ કે જે જીવભાવમાં જ રહેલો હોય છે તે પ્રગટ થાય છે આપણે વિદ્યાર્થીનું દૃષ્ટાંત લઈએ. એક શાળામાં બે વિદ્યાર્થી ભણે છે. એકનું ધ્યેય કેવળ વિદ્યોપાર્જનનું છે જ્યારે બીજાનું ધ્યેય પરીક્ષા પાસ કરવાનું અને તેને પરિણામે પ્રાપ્ત થતી નોકરી આદિ મેળવવાનું છે. આથી એકને પરીક્ષાની ચિંતા હોતી નથી. બોજો હોતો નથી અને પરિણામે કંઈ કલેશ હોતો નથી. ઉલ્ટું, વિદ્યોપાર્જનનો આનંદ લૂંટવાનો મળે છે! જ્યારે બીજાને આનંદ તો નથી મળતો પણ આશાભંગની ભીતિ હોય છે; તદુપરાંત પરીક્ષા, નોકરી આદિ અંગેની આશાનો ભંગ થતાં દુઃખનો પાર નથી રહેતો એમાં જ માર્યો માર્યો ફરે છે! આમાં વિદ્યોપાર્જનની દૃષ્ટિએ બન્ને વિદ્યાર્થી હોવાથી એક જ છે. છતાં જે દૃષ્ટિએ વિદ્યોપાર્જન થાય છે, તે દૃષ્ટિએ ભિન્ન છે. જીવશિવનું કંઈક આવું જ છે. દેહ અને તેનાં કર્મો સાથે તાદત્મ્ય અને આસક્તિને લીધે એ જ ચૈતન્ય જીવ કહેવાય છે. અને એ તાદાત્મ્યને આસક્તિના અભાવથી સાક્ષીભાવે શિવ કહેવાય છે. બીજું દૃષ્ટાંત લઈએ. પાણીનું એક પવાલામાં ભરેલું પાણી, એક ઘડામાં ભરેલું પાણી અને સરિતાનું પાણી વાસ્તવિક રીતે પાણી તરીકે તો એક જ છે, અદ્વૈત છે.

આ અને બીજી અનેક વાતો કરીને શ્રી. વલ્લભભાઈના મનનું સમાધાન કર્યું. તે જ દિવસે શ્રી. વલ્લભાઇના વાડામાં શ્રી. અવધુતે ઔદુંબર વૃક્ષનું આરોપણ કર્યું.

બીજે દિવસે પાતામારડીમાં સામુદાયિક પાદુકાપૂજન રાખવામાં આવ્યું હતું.

પાદુકાપૂજન નિમિત્તે એ મંડળના સભ્યોએ આજુબાજુના ગામોમાં આમંત્રણ મોકલી પોતાનાં સગાંઓને બોલાવ્યાં હતાં. એટલે તે દિવસે ગામમાં માણસોની ભીડ જામી હતી. પાટીદાર ભાઈબંધનું એકે ઘર મહેમાન વિનાનું નહતું. ન્યાતજાતના ભેદ-ભાવ વિના એ ભક્તહૃદય પાટીદાર ગૃહસ્થોએ સર્વનું આદરાતિથ્ય કર્યું. યથાવિધિપુરઃસર પૂજન થયું, સામુદાયિક ભોજન પણ થયું. શ્રી. અવધુતને પણ એ ગામડિયા લોકોનો ભાવ અને ઉત્સાહ જોઇ સંતોષ થયો. તે જ દિવસે શ્રી અવધૂત સાંજે લાખણપુર પધાર્યા.

૧૫
લાખણપુર

ઉપર જણાવ્યું તેમ એ મંડળમાં આ ગામના ગૃહસ્થો પણ સભ્યો હોવાથી ત્રણે ય ગામ જવાનું નકકી કર્યું જ હતું તે મુજબ આજે લાખણપુર શ્રી. ઠાકોરભાઇને ઘેર સમુદાય એકત્ર થયો હતો. પાતાપારડીથી લગભગ એકાદ માઈલને અંતરે આવેલા એ ગામમાં ઉત્સાહ સમાતો નહતો. શ્રી. ઠાકોરભાઇના ઘર આગળ અને એ ફળિયામાં તોરણ, ધજા, પતાકા, કદલીસ્તંભ આદિથી શણગાર કરવામાં આવ્યો હતો. શ્રી અવધૂત પધારતાં જ સત્કાર અર્થે લોકો પાદરે ભેગા થયા. અને ત્યાંથી શ્રી. ઠાકોરભાઇને મુકામે સરઘસ આકારે શ્રી. અવધુતની ગાડીને લઈ ગયા. ઉચેદના પ્રતિષ્ઠિત ગૃહસ્થ અગ્રગણ્ય કાર્યકર્તા શ્રી મૂળજીભાઇએ

ગાડી મોકલી હતી. અને તેઓ પોતે પણ એ સમયે હાજર હતા.

અહીં પણ દર્શન અર્થે લોકોની પડાપડી થતી હતી. પણ વ્યવસ્થા જાળવી હતી એટલે શિસ્તપાલન થયું હતું. બધા ભેગા થયેલા ભક્તોએ શાંતિપૂર્વક દર્શન કર્યાં. ચાર વેદના મંત્રો દ્વારા શ્રી. ઠાકોરભાઈએ શ્રી. અવધૂતનો સત્કાર કર્યો, પાદુકાને ગંધપુષ્પ કર્યું. પ્રસાદ વહેંચાયો. અને થોડાં ભજન વગેરે ગવાયા પછી શ્રી. અવધૂત પાછા પાતાપારડી પધાર્યા

આમ તા. ૩–૯–૬૨ના દિવસે શ્રી. અવધૂત લાખણપુર પધાર્યા. આજનો દિવસ જ શ્રી. અવધૂતનો અહીં મુકામ હતો. તા. ૪થીએ પ્રાતઃકાળે જ પોતે સીસોદરા પધારવાના હતા, એટલે ઉત્સાહનો ઓટ આવ્યો. લોકો વિષાદનું વાતાવરણ અનુભવવા લાગ્યા. શ્રી. અવધુતને વિદાય કેમ અપાય ? કોઈનું મન માનતું નહતું. સુમારે મળસ્કે પાંચેક વાગ્યે ગાડી આવી. પ્રયાણની તૈયારી થઇ. શ્રી. વલ્લભભાઈ, શ્રી. જેરામભાઇ, શ્રી. મોરારભાઇ, શ્રી. ડાહ્યાભાઇ અને શ્રી. ગોપાળજીભાઈ વગેરે મંડળના અગ્રગણ્ય સભ્યોએ અને જનસમુદાયે શ્રી. અવધુતને પુષ્પહાર વગેરે અર્પણ કર્યા અને શ્રી. અવધુતે સીસોદરા તરફ પ્રયાણ કર્યું

૧૬
ઉચેદનો ઓંદુબર

સીસોદરા જતાં શ્રી. મૂળજીભાઈનું ઉચેદ ગામ આવે છે. શ્રી. મૂળજીભાઇએ પોતાને ત્યાં થોડો સમય પધારવાની પ્રાર્થના કરી હતી. એટલે પાતાપારડીથી શ્રી. અવધૂત ઉચેદ પધાર્યા. ત્યાં પુષ્પહાર વગેરે સત્કાર સ્વીકારી મૂળજીભાઇની વાડીએ પધાર્યા

અહીં એકસો વર્ષ ઉપરાંતનો જૂનો ઔદુંબર છે. એ વૃક્ષની પાછળ ઇતિહાસ છે. એ વૃક્ષ શ્રી. મૂળજીભાઈની જમીનની બાજુની જ જમીનમાં આવેલું છે. શ્રી. દત્તભગવાનનું એ જાગૃત સ્થાન છે એવો શ્રી. મૂળજીભાઇને અને તેમના કુટુંમને અનુભવ થયો હતો. તેમના કુટુંબના એક છોકરાને તો એવો દૃષ્ટાંત પણ થતો હતો. અને ત્યારથી એ બધાં માણસો એ વૃક્ષની પૂજા કરતાં અને ત્યાં ધૂપ, દીપ કરતાં. લોકો તો એ વૃક્ષની બાધા પણ રાખતા. તેમની મનોકામના પૂરી પણ થતી. જમીનના માલિકને એ બધું ગમ્યું નહિ અને તેણે ત્યાં પૂજા કરનારાઓને બંધ કર્યા શ્રી. મૂળજીભાઇએ પછી પોતાની જમીનમાં એક નાનકડી દેરી બંધાવી અને ત્યાં શ્રીદત્તભગવાનની છબીની સ્થાપના કરી તેનું પૂજન કરવાનું શરૂ કર્યું. હજી પણ એ ઔદુંબર છે અને એ દેરી પણ છે. પૂજન પણ હજી થતું જ રહ્યું છે. શ્રી. અવધૂતે એ જોયો. અને સંતોષ વ્યકત કર્યો. વળી ત્યાં પણ શ્રી મૂળજીભાઇએ શ્રી. અવધૂતને પુષ્પમાળા શ્રીફળ વગેરે અર્પણ કર્યું અને પોતે જ શ્રી. અવધૂતની ગાડી હાંકી ઠેઠ સીસોદરા સુધી શ્રી. અવધૂતને મૂકવા આવ્યા. આમ શ્રી. અવધૂત તા ૪-૬-૬૨ના મંગળમય પ્રભાતે પાતાપારડીથી સીસોદરા પધાર્યા.

૧૭
સીસોદરા

સીસોદરા એ નવસારી તાલુકાનું એક ગામ છે. પચરંગી પ્રજાનો એમાં વાસ છે. બ્રાહ્મણ, વાણિયા. પાટીદાર, મુસલમાન વગેરે બધા જ અહીં વસે છે શહેરની નજીક જ હોવાથી એ ગામના લોકો છેક જ પછાત નથી, નવસારી સાથે નિકટનો સંબંધ હોવાથી શહેરના સંસ્કારથી રંગાયેલા એ ગામના લોકોનો વ્યવસાય મજૂરી, વેપાર, ખેતી વગેરે છે. શ્રી. ભીખુભાઇ બી પટેલ જેમણે ભારતમાં સારી કેળવણી લઇ અમેરિકા વગેરે પ્રદેશો જોઇ ત્યાં પણ થોડી

કેળવણી લીધી છે અને જે સંસ્કારી અને ધર્મભીરૂ છે એ ભાઈ શ્રી રમણલાલ જોશીના સંસર્ગમાં આવ્યા. એમની દ્વારા શ્રી. અવધૂતનાં દર્શન કરતાં અને થેડો પરિચય થતાં એમને શ્રી. અવધૂત માટે પૂજ્યભાવ થયો. સમય જતાં એ પૂ. શ્રી. ના ભકત બન્યા. પાશ્ચાત્ય કેળવણી લીધી હોવા છતાં એક નગ્ન ફકીરને ભગવાન પેરે માનવાનું શરૂ થયું, અને વાસ્તવિક કેળવણીનું એ જ પરિણામ હોઇ શકે, સાચી કેળવણી પામેલો યુવક કે યુવતી પોતાના સાત્ત્વિક સંસ્કારોને પોષક સંતો પાસે જાય અને પોતાના એ સંસ્કારોને પોષણ મળે એવું શોધે પણ કેવળ અનુકરણ કરનાર એ પોતાના જન્માંતરના સંસ્કારોને છોડીને ઉછીના સંસ્કારો ગ્રહણ કરી અંતે પસ્તાય છે. અસ્તુ.

શ્રી. ભીખુભાઇ શ્રી. અવધુત પ્રત્યે પૂજ્યભાવ રાખતા થયા ત્યારથી જ સીસોદરા પોતાના વતનમાં પધારવા માટે શ્રી અવધુતને વિનંતી કરતા હતા. એથી પોતાની ન્યાતના માણસોમાં સારા સંસ્કારની પ્રેરણા થાય જ્યારે શ્રી અવધુતના દર્શન કરે ત્યારે કહે—

"બાપજી ! સીસોદરા પધારોને ! કયારે પધારશો ? અને શ્રી અવધૂત એમના પોતાના સ્વભાવ પ્રમાણે "આવીશું કોઈ વખત એ બાજુ નીકળીશું ત્યારે." એમ ઉત્તર આપે. આ વરસે શ્રી. અવધૂત આ જીલ્લાનો પ્રવાસ ખેડવાના હોવાથી શ્રી. ભીખુભાઇ ને એની જાણ થતાં તેમણે શ્રી. અવધૂતને આમંત્રણ આપ્યું. શ્રી. અવધૂતે એ આમંત્રણનો સ્વીકાર કર્યો શ્રી અવધૂતનો હકારાત્મક પ્રત્યુત્તર મળતાં જ શ્રી. ભીખુભાઇના આનંદનો પાર ન રહ્યો. તરતજ એમના કાકા શ્રી. મોરારભાઈ વગેરેને વાત કરી અને સત્કાર અર્થે વ્યવસ્થા કરવાના ચક્રો ગતિમાન થયાં. શ્રી. અવધૂત ધરમપુર હતા ત્યારથી જ એની શરૂઆત થઇ ગઇ હતી. અને શ્રી. અવધૂત જ્યારે પ્રવાસે નીકળ્યા ત્યારે ઠરેલી પ્રવાસસૂચીમાં એ ગામનો સમાવેશ કરવામાં આવ્યો હતો તે પ્રમાણે તા ૪, ૫,

૬-૬-૬૨ ના દિવસે શ્રી. અવધૂત સીસોદરામાં રહે એવું નક્કી થયું હતું. શ્રી. ભીખુભાઇને તેની જાણ કરવામાં આવી હતી.

આ પ્રમાણે શ્રી અવધૂત સીસોદરા પધારશે જ એ વાત નક્કી થતાં એઓશ્રીના મુકામ માટે મકાન રાખવાનો પ્રશ્ન ઊભો થયો. શ્રી. ભીખુભાઈના નજીકના સગા શ્રી, નારાયણભાઈ સીસોદરાના એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ છે. તેમના સાત ગાળાના વિશાળ અને આધુનિક સગવડતાવાળા મકાન પૈકી એક ગાળો શ્રી. અવધુતના નિવાસાર્થે ખાલી કરી આપવાનું તેમણે નક્કી કર્યું અને શ્રી. ભીખુભાઇની એ ચિંતા દૂર થઈ

શ્રી. અવધુત પાતાપારડી હતા ત્યારે શ્રી ભીખુભાઇને ત્યાં સીસોદરા જવા માટે ૪-૬-૬૨ના રોજ રવાના થયા. પાતાપારડીથી મુખ્ય રસ્તા પર આવતાં શ્રી. ભીખુભાઇએ વાહનવ્યવસ્થા કરી હતી. અને તેમના તરફથી માણસ પણ હાજર હતો શ્રી. મૂળજીભાઇની ગાડી અહીં છોડી દીધી. અને શ્રી. ભીખુભાઈની ગાડીમાં સીસોદરા તરફ પ્રયાણ કર્યું.

સીસોદરાના પાદરે શ્રી અવધુતનો સત્કાર કરવા માટે શ્રી. ભીખુભાઈ પ્રમુખ, ગામના પ્રતિષ્ઠિ ભાઈ બેનો વગેરે એકત્ર થયા હતા. પૂ. શ્રી. પધારતાં જ શ્રી. મોરારભાઇએ ગામ તરફથી પુષ્પહારથી એઓશ્રીનો સત્કાર કર્યો. સરઘસ આકારે એ શોભાયાત્રા ગામમાં ફરીને શ્રી. નારણભાઇના મકાને ગઇ. ત્યાં શ્રી. નારણ-ભાઇનાં પુત્રવધુએ શ્રી. અવધુતનાં ઓવારણા લીધાં. શ્રી નારણ ભાઈના પુત્રએ પુષ્પહાર અર્પણ કરી આવકાર આપ્યો દર્શનાર્થે લોકોની ભીડ જામી હતી. તૈયાર કરેલા આસન ઉપર શ્રી અવધુત બિરાજ્યા. શ્રી. નારણભાઇના દીકરાઓની નાની કુમારિકાઓએ એક નિર્દોષ નૃત્ય કરીને, આવકાર-ગીત ગાઇને શ્રી અવધુતને સત્કાર્યા. લોકોએ ફળફૂલ અપર્ણ કર્યા, એ કાર્યક્રમ લગભગ કલાકેક ચાલ્યા પછી પૂ. શ્રી. સ્નાનાર્થે ઊઠયા.

નિત્ય નિયમાનુસાર શ્રી અવધુતે પ્રવાસ પછી સ્નાન કરવાનું હોય છે જ. પોતે નિયમ લેતા પહેલાં વિચાર કરી લે છે. નિયમ લીધા પછી એનું અચૂક પાલન કરતા હોય છે. એથી જ એ નિયમનું મહત્ત્વ જળવાય છે, વધે છે. સગવડિયા નિયમનું કંઈ સક્રિય પરિણામ આવતું નથી શ્રી અવધુતને કેવળ જ્ઞાન જ નથી પણ જ્ઞાનનું વિજ્ઞાન પણ હોવાથી ડગલે ને પગલે એઓશ્રીના આચાર-વિચારમાં સૂક્ષ્મતા જણાશે. શ્રી. અવધુતને સ્થૂળ સ્વરૂપે જોવાથી કંઈ મળતું નથી, પણ એમનો સંગ કરી પ્રાતઃકાળથી રાત્રિએ શયનપર્યંતના ક્રમના આચારનો જો તમે ગ્રાહક દૃષ્ટિએ જોઇને તેના ઉપર મનન કરશો તો વણમાગ્યું ઊંડુ જ્ઞાન આપો-આપ જ મળી રહેશે શ્રી અવધુત બોલે છે ત્યારે તો ઘણું બોલી નાંખે છે. પણ તેમાં એકાદ બે વાતો માર્મિક હોય છે. એ વાત ઉપર લક્ષ આપીને તેનું રહસ્ય જો કળી જાય અને તેના ઉપર મનન કરી આચારમાં ઉતારો તો પણ તમારો બેડો પાર! પણ આ દૃષ્ટિએ આવનાર થોડા જ હોય છે.

શ્રી. અવધુતે યથાસમયે ભિક્ષા લીધી. અને નિયમ પ્રમાણે જલપાન કરી વિશ્રાન્તિ લીધી. પ્રથમ દિવસે તો કંઇ વિશેષ કાર્યક્રમ રાખ્યો નહતો એટલે સાંજના સમયે પણ લોકોની ભીડ જામી. નવસારી માત્ર ત્રણ જ માઇલ છેટે છે અને લોકોને શ્રી. અવધુતના આગમનની ખબર પડતાં, એસ. ટી.ની સગવડ હોવાથી નવસારી અને બીજાં સ્થળોએથી પણ લોકો દર્શને આવવા લાગ્યા. નિયમ પ્રમાણે દર્શનસત્ર શરૂ થયું. ભજન, કીર્તનં દત્તબાવની વગેરે થયા પછી સંધ્યા સમયે પૂરૂં થયું.

શ્રી ભીખુભાઈની ઘણા વરસોની ઇચ્છા આમ તૃપ્ત થઈ. એમના નિમિત્તે ઘણા લોકોને અવધુતદર્શનનો લાભ મળ્યો. તેથી એઓ ખૂબ આનંદમાં હતા. લોકોમાં એક પ્રકારના ઉત્સાહનો જુવાળ આવ્યો. અને ભમરા જેમ પુષ્પ તરફ જ ધસે તેમ લોકો

સમયકસમય શ્રી. ભીખુભાઈને ઘેર આવતા, ભલે શ્રી. અવધુતના દર્શન ન થાય તો પણ એ લોકો કલાકો સુધી ત્યાં બેસી રહે અને અલપઝલપ પણ જો દર્શન થાય તો તેથી પણ તેમને સંતોષ થતો.

બીજા દિવસના મંગળમય પ્રભાતે સૂર્યોદયથી જ લોકોમાં અનોખો આનંદ, ઉત્સાહ જણાતો હતો. નિત્યનિયમ પ્રમાણે શ્રી. અવધુત નિત્યકાર્યથી નિવૃત્ત થઈ બહાર પધાર્યા અને દર્શનસત્ર શરૂ થયું. સુમારે દશેક વાગ્યે એક મોટરલોરી આવી. અમદાવાદના સુપ્રસિદ્ધ ડૉ. કનૈયાલાલ વાણી, સુરતના સુપ્રસિદ્ધ ડૉ. રણજી ભાઈ ભટ્ટ, શ્રી. પુરાણિક ફોટોગ્રાફર વગેરે બીજી મોટરકારમાં હતા. આમ એકાએક એ લોકોના આગમનનું પ્રયોજન? સામાન્ય જનતાની નજર એ લોકોએ મૂકેલા એક મોટા દેવદારના ખોખા તરફ ગઈ. અને શું છે? શું છે? એ પ્રશ્ન દરેકની આંખો પૂછતી હોય એમ જણાયું. બધાને કુતૂહલ એ હતું કે શ્રી ભીખુભાઈએ શ્રી અવધુત માટે કંઈ મંગાવ્યું તો નથી? એ જિજ્ઞાસા શાંત કરે એવું ત્યાં કોઈ નહતું. ડૉકટરો આવ્યા કે તરત જ શ્રી. અવધુત સાથે વાતે વળગ્યા. થોડીવારે શ્રી. અવધુત હાથમાં પુષ્પ-માળા લઈને ડૉકટરો સાથે એ લોરી તરફ વળ્યા, દેવદારનું એ ખોખું ખોલવામાં આવ્યું. લોકોની નજર એ ખોખામાં મૂકેલી સદ્‌ગુરુ શ્રી. વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજની ભવ્ય આરસપ્રતિમા ઉપર પડી. ધન્યભાગ્ય સીસોદરાની જનતાનું કે શ્રી. અવધુત નિમિત્તે સદ્‌ગુરુદેવ પણ પ્રતિમારૂપે આજે અહીં પધાર્યા.

સદ્‌ગુરુ શ્રી. વાસુદેવાનંદજી સન ૧૯૧૩-૧૪ ના અરસામાં રેવાતીરે પ્રવાસ કરતા કરતા ભૂતપૂર્વ રાજપીપલા રાજ્યના ગુરુદેશ્વર ગામે પધાર્યા. ત્યાં લગભગ ૧૪ માસ સુધી એકધારો વાસ કર્યો. ભગવાન શ્રી. દત્તમહારાજની પ્રેરણાનું એ રૂપ! શ્રી. ના અહીંના વસવાટ દરમ્યાન અનેક લોકોએ એમના દર્શન કર્યા. મુખ્યત્વે

ગુજરાતી જનતા એમના દર્શનનો લાભ પામી કૃતાર્થ થઇ એ વસવાટ દરમ્યાન, શ્રી. ગુરુદેવે દત્તભક્તિનાં જે બીજ ગુજરાતમાં વાવ્યાં હતા, તે અંકુરિત થઈ ફૂલેફાલે અને ગુજરાતની જનતાનો આધ્યાત્મિક ઉત્કર્ષ થાય એ મિષે શ્રી. ગુરુદેવે ચૌદ માસ પછી અષાઢ શુકલ પ્રતિપદાને દિને અહીંજ સમાધિ લીધી. અને પોતાનો ભૌતિક દેહ નર્મદામાં વિસર્જન કરવાની આજ્ઞા આપી. આમ ગુજરાતના આધ્યતિમક ઉત્કર્ષ માટે શ્રી. એ પોતાનું દૈવત ગરુડેશ્વરમાં મૂકયું. પાછળથી ત્યાં દત્તમંદિર થયું. શ્રી. ગુરુદેવની સમાધિ બંધાઈ. એના ઉપર શિવલિંગની પ્રતિષ્ઠા થઈ. ત્યાં શ્રી. વાસુદેવાનંદ મહારાજની પ્રાતમાની ઉણપ હતી એ પૂરી કરવાને અને શ્રી. ગરુડેશ્વર ક્ષેત્રમાં દર્શન અર્થે આવનારને પ્રતિમારૂપે શ્રી. ગુરુદેવના ભૌતિક સ્વરૂપનાં પણ દર્શન થાય એ નિમિત્તે ટ્રસ્ટીમંડળે ત્યાં આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાનું નકકી કર્યું. અને પ્રતિમા તૈયાર થતાં જ એ ઉપર શ્રી. અવધુત દૃષ્ટિક્ષેપ કરે એ હેતુએ ટ્રસ્ટીઓ એ લઇને અહીં આવ્યા હતાં.

ગુજરાતમાં દત્તભક્તિ થાય એવા કેવળ પારમાર્થિક શુદ્ધ સંકલ્પ સાથે શ્રી. અવધુતને પોતાનું જ સ્વરૂપ બનાવી શ્રી. સ્વામી મહારાજ જાણે પોતાની એ નેમ પૂરી કરતા હોય તેમ શ્રી. અવધુતે ગુજરાતમાં દત્તભક્તનો કેવો વિસ્તાર કર્યો, કેવું સાહિત્ય ગુજરાતને માટે નિર્માણ કર્યું, અને ગુરુદેવનું એ કાર્ય કાયા, વાચા, મનસા પોતાના ભૌતિક શરીરની લેશમાત્ર પણ પરવા રાખ્યા વિના કેવી રીતે પાર પાડયું, હજી પણ એ કાર્યમાં કેટલા રત છે તે ગુજરાતની જનતા નથી જાણતી એવું નથી. જ્યાં શ્રીદત્તનું નામ એ એક કુતુહલ માત્ર હતું ત્યાં આજે શ્રી અવધુતના પ્રભાવે અને પ્રતાપે ઘેર ઘેર શ્રીદત્તમહારાજ બિરાજે છે, અનેકરૂપે, અનેક સ્થળે વાસ કરતા એ સ્મર્તૃગામી ભગવાન શ્રીદત્તમહારાજ હવે ઘરઘર પધાર્યા એ પ્રતાપ છે શ્રીરંગ અવધુતનો. અને તેથી જ સદ્ગુરુદેવ

શ્રી. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના પ્રતિક તરીકે શ્રી. અવધુતનું સર્વત્ર પૂજન થાય છે એમાં આશ્ચર્ય નથી. શ્રી. અવધુત પોતે પણ કહે છે "જે કંઇ થાય તે ગુરુદેવ કરે છે, હું તો માત્ર તેમનો દોરવ્યો દોરાઉં છું, તે કહે તેમ કરું છું. "I am possessed by shri Gurudeva" અને સચ્છિષ્યનું એ લક્ષણ છે.

આમ શ્રી. અવધુતની નજર પડે એ હેતુએ એ પ્રતિમા ટ્રસ્ટીઓએ અહીં આણી હતી. પણ ત્યાં ભેગા થયેલા અનેક ભક્તોએ શ્રી. ગુરુદેવની જાણે જીવતીજાગતી હોય એવી એ પ્રતિમાને સાક્ષાત્ ગુરુદેવનું જ સ્વરૂપ છે એવો ભાવ લાવીને સુંદર હાર પહેરાવ્યો, પ્રણામ કર્યા.

શ્રી. અવધુતે કહ્યું "ભાવ એ મુખ્ય વસ્તુ છે. કાષ્ટમાં, પાષાણમાં કે માટીમાં પરમાત્મા નથી. પણ ભક્તના ભાવમાં પરમાત્મા છે. ભકત ભારપુર્વક જ્યાં જ્યાં જુએ ત્યાં ત્યાં કાષ્ટ, પાષાણ, માટી ગમે તે હોય પણ તેને જ્યાં ત્યાં પોતાના ઇષ્ટનુ દર્શન થાય છે એટલે ભકિતમાં ભાવ પ્રધાન છે ભાવ એ પુજાનો ઉપહાર છે. એજ સર્વ છે. જ્યાં ભાવ નથી ત્યાં કશું જ ફલિત થતું નથી. શ્રી. અવધૂતે પણ એ ભાવે આ પાષાણની પ્રતિમામાં પ્રત્યક્ષ ગુરુદેવના દર્શન કર્યાં હોય તો તેમાં આશ્ચર્ય પણ શુ છે ? સંતો તો જે વિચારે છે તે જ પ્રમાણે વર્તે છે અને તેજ પ્રમાણે આચાર પણ કરે છે.

પ્રતિમાનાં સર્વે જનોએ દર્શન કરી લીધાં એટલે ટ્રસ્ટીઓ પાછા એ પ્રતિમા લઇને ગરુડેશ્વરને માર્ગે વળ્યા. શ્રી. અવધૂતનો ભિક્ષાનો સમય થયો એટલે એકત્ર થયેલા ભકતો પણ વિખેરાયા.

ગામનું આગળનું નામ તો ગણેશવડ સીસોદરા છે. પણ લોકો સંક્ષેપમાં સીસોદરા કહે છે. ગામની વસ્તીથી એકાદ માઈલને

અંતરે વડના વૃક્ષની વનરાજી છે. એ વનરાજીમાં મુગલાઇના વખતનું પણ એક જીર્ણશીર્ણ થયેલું ગણેશનું મંદિર છે હમણાં તો એ દેવાલયનો જીર્ણોદ્ધાર કર્યો છે. એ દેવાલયની મૂળ સ્થાપના ક્યારે થઇ હશે તે તો જાણવામાં નથી આવ્યું. પરંતુ જુના મુગલાઈ રાજ્યન બાદશાહ ઔરંગઝેબના વખતના ખતપત્રો મળ્યા છે તે ઉપરથી એ દેવાલય તે સમયનું મનાય છે. એ ગણેશમંદિરે આજે શ્રી. અવધૂત પધાર્યા, ત્યાંની દૈવતયુક્ત પ્રતિમાના દર્શન કર્યાં. સીસોદરાના વતની પણ હાલ નવસારીમાં રહેતા શ્રી. કેશવરામ ત્રિવેદીએ શ્રી. અવધુતનું ત્યાં સ્વાગત કર્યું અને ગણેશ-મંદિરના ઇતિહાસની માહિતી આપી. થોડો વખત રોકાઈ શ્રી. અવધુત પુનઃ મુકામ પર પધાર્યા અને સંધ્યાકાળ થઇ ગયો હોવાથી દત્તબાવની વગેરે આટોપી શ્રી. અવધુત અલ્પ ફલાહાર અર્થે ઉઠયા.

શ્રી. અવધુતના અહીંના નિવાસનો આજે છેલ્લો દિવસ હતો. તા. ૯-૯-૬૨ના રોજ સાંજના શ્રી. અવધુત ખડસુપા પધારવાના હતા. આજે શ્રી. અવધુતના સત્કાર અર્થે અને પોતાની કૃતજ્ઞતા દાખવવા માટે ભીખુભાઈએ પાદુકાપૂજનનો સમારંભ યોજ્યો હતો મુંબઇથી શ્રી. રમણભાઈ જોશી શ્રી ભીખુભાઈને સહાય કરવા આવી પ્હોંચ્યા હતા. તેમની આગેવાની નીચે પૂજનસમારંભ થયો. વલસાડ, સુરત વગેરે સ્થળોએથી ભૂદેવો પધાર્યા હતા. તેમના સહકારથી અહીં વેદોક્તવિધિથી પાદુકાપૂજન થયું. સવારે લગભગ નવ વાગે એ પૂજનના ગણેશ મંડાયા, શ્રી ભીખુભાઈ તથા શ્રી. રમણલાલ શ્રી અવધુતની આજ્ઞા લઇ પાદુકા સાથે ઉત્સવ નિમિત્તે તૈયાર કરેલા સુશોભિત મંડપમાં આવ્યા. પાદુકા-પૂજનનો પ્રારંભ થયો. અભિષેક લગભગ પૂરો થવા આવ્યો ત્યારે જ શ્રી. અવધુતને મંડપમાં લાવવામાં આવ્યા અનેક રીતે શણગારેલું, બધા લોકોને દૂરથી પણ પૂ. શ્રી. નાં દર્શન થાય એવું ઊંચું આસન એવા એક આસન ઉપર પોતે બિરાજ્યા.

શ્રી. અવધુતને ઊંચે આસને બેસવાનો મોહ નથી. એને તો જ્યાં બેસાડો ત્યાં બેસે. પણ જેને ત્યાં શ્રી અવધુત પધારે તે પોતાની ભાવનાને અનુરૂપ શ્રી. અવધુત માટે વ્યવસ્થા કરે, અને તેના સંતોષ અર્થે શ્રી. અવધુત તેનો ઉપયોગ કરે. કહો શ્રી અવધુતને વરણાગી છે ખરી ? કે તમે શ્રી અવધુતને ભોગ તરફ આકર્ષો છો ? અને અવધુત ભોગ ભોગવ્યા છતાં એમાં લિપ્ત થતા નથી. એ જ એની બલિહારી છે

ગંધપુષ્પ આદિથી પૂજન પછી આરતી ગવાઈ. ભુદેવોએ બુલંદ સ્વરે મંત્રપુષ્પાંજલિ દેવને અર્પણ કરી. શ્રી. ભીખુભાઇ અને શ્રી. રમણભાઈએ શ્રી. અવધુતને ગંધપૂષ્પ કર્યાં, પુષ્પમાળા પહેરાવી. એ વિધિ પછી ભૂદેવોનો અવધુતના વરદ હસ્તે સત્કાર થયો. શ્રી અવધુત મુકામે પધાર્યા

આજે ગામ પરગામના આગંતુક ભકતોને શ્રી ભીખુભાઇ તરફથી અહીં જ મહાપ્રસાદ લેવાનું આમંત્રણ હતું બધા ભોજનશાળા તરફ ગયા તેટલો વખત શાંતિ રહી. પૂ. શ્રી.ના આગમનના સ્મરણચિહ્ન તરીકે અહીં પણ શ્રી ભીખુભાઇના વાડામાં પૂ શ્રી.ના હસ્તે ઔદુંબરનું આરોપણ થયું હતું.

પૂ. શ્રી.ના આગમનદિનથી માંડીને તે વિદાયદિન પર્યંત સીસોદરાનું ભજનમંડળ રોજ સવારસાંજ ભજન કરવા આવતું અને પૂ. શ્રી. રચિત અને બીજાં ભજનો ગાઈ ભકતોને જ્ઞાન-ભક્તિના રસમાં તરબોળ કરતું. સીસોદરાની આ ભજન મંડળીનો નાનકડો પણ અનુકરણીય ઈતિહાસ છે. આજથી સુમારે સાડત્રીશ વરસ ઉપર એ મંડળની સ્થાપના થઈ હતી. એ મંડળની વ્યકિતઓ પણ ભાવિક જ્યાં ભજન અર્થે બોલાવવામાં આવે ત્યાં જાય. ગાય અને ઠરેલા નિયમ પ્રમાણે નજીવા રૂા. ૦-૬-૩ લઇને પોતપોતાને ઘેર જાય. આમ આજસુધી એકધારી સેવા એ મંડળ

કરતું રહ્યું છે. અને એમ ટીપેટીપે ભરાયેલા એ ભંડોળ સરોવરનો ઉપયોગ ચા, ચેવડા કે એવી બીજી કોઈ રીતે અંગત સ્વાર્થ સાધવામાં ન થતાં કેટલાંક ધર્માદા કાર્યોમાં થાય છે. મુખ્યત્વે રામજી-મંદિર ઊભું કરવામાં રકમ વાપરી છે. અને બીજી થોડી સીલકમાં છે કે એમાં ઉમેરાતી જાય છે તેનો ઉપયોગ પણ સીસોદરામાં એક દેવાલય બનાવવામાં કરવાનો એ મંડના સંચાલકો શ્રી. મોરારભાઈ, શ્રી. જીવણજીભાઈ વગેરેનો વિચાર છે. અને પ્રભુ એ વિચારને મૂર્ત સ્વરૂપ આપશે એવી આશા પણ એ મંડળને છે. એ મંડળ ફાવે તે માણસ, ચાહે તે ગરીબ હોય કે તવંગર, કોઈ પણ જાતના ભેદભાવ વગર તેને ત્યાં જાય છે. જ્યાં નિઃસ્વાર્થ સેવા છે ત્યાં પ્રભુ પણ સદા સહાય કરવા તત્પર છે. એ ભજન મંડળને કોઇ પણ પ્રકારની તૃષ્ણા નથી. તેથી જે વિતૃષ્ણ છે તેની બધી જ જરૂરીયાતો ભગવાન પૂરી કરે છે, એ ન્યાયે ભજનમંડળ સીસોદરામાં એકાદ દેવાલય બનાવવાના કાર્યમાં નિમિત્તરૂપ બને તો આશ્ચર્ય નથી.

આજે સાંજે શ્રી. અવધુત અહીંથી ખડસુપા પધારવાના હોવાથી એમને વિદાય આપવા માટે અને દર્શન અર્થે જોતજોતમાં નારાયણભાઈના આંગણામાં માનવમેદની જામી. ખડસુપાથી પણ શ્રી. અવધૂતને લઇ જવા માટે વાહન સાથે આવ્યા હતા.

સાંજે સુમારે ચારેક વાગ્યે શ્રી. અવધૂતે બધાંયના પ્રણામ ઝીલતાં, બધાંને સ્મિતવદને આશીર્વાદ આપતાં ગાડીમાં આસન લીધું. લોકો ગામના પાદર સુધી એઓશ્રીને વિદાય આપવા અર્થે સરઘસ આકારે આવ્યા. શ્રી. અવધૂતની ગાડી ખડસુપાને માર્ગે પડી, લોકો વિષાદની છાયા સાથે પાછા વળ્યા. આમ શ્રી. અવધૂતની સીસોદરાની પધરામણીનો પ્રસંગ સાનુકૂળ ઉકલ્યો. શ્રી. ભીખુભાઇ નિમિતે ઘણાની જિજ્ઞાસા તૃપ્ત થઈ.

ગાડી ખડસુપા જતા પહેલા માર્ગમાં જ બ્રાહ્મણ ફળિયા તરફ વળી, ત્યાં સુરજરામ ત્રિવેદીના આંગણામાંજ શ્રી. અવધૂતના સત્કાર અર્થે સુંદર આસનની ગોઠવણી કરી હતી. બ્રાહ્મણસમુદાયે ત્યાં શ્રી. અવધુતને સત્કાર કર્યો. ત્યાંથી નજીક આવેલા મંદિરમાં જઈ શ્રી અવધૂતે શિવજીને શ્રીફળ અર્પણ કર્યું, નમસ્કાર કર્યા અને પછી સુપાને રસ્તે પ્રયાણ કર્યું.

૧૮

ખડસુપા

તા. ૭/૮-૬-૬૨

રાજપીપળાના પ્રસિદ્ધ વકીલ શ્રી. કાન્તિલાલ જોશીના જામાતા શ્રી પંડયાજી અહીં નહેર ખાતામાં ડેપ્યુટી ઇન્જિનિયર છે. તેમને શ્રી. અવધૂત સીસોદરા પધારવાના છે એ સમાચાર મળ્યા. એટલે તરત જ એ સપત્નીક આમંત્રણ આપવા નાંધઇ આવ્યા. તે પહેલાં પણ એમણે શ્રી. અવધૂતને આમંત્રણ આપ્યું હતું. શ્રી. અવધૂતે એ સ્વીકાર્યું હતું. રાજપીપળામાં તો ઘરઘર શ્રી. અવધૂતના ભક્તો છે. અને તેમાં શ્રી. પંડયાજી અને તેમના શ્વસુર શ્રી. કાન્તિલાલભાઇ અપવાદ નથી. શ્રી. કાન્તિલાલભાઇનુ તો સમસ્ત કુટુંબ શ્રી. અવધુતના રંગે રંગાયેલું છે,

આ આમંત્રણના સ્વીકારના સંદર્ભમાં શ્રી. અવધૂતે સીસોદગથી ખડસુપા જવાનું નકકી કર્યું હતું અને શ્રી. પંડયાને સમય આપ્યો હતો તે પ્રમાણે શ્રી. પંડયા વાહન સાથે સીસોદરા તા. ૬-૬-૬૨ના રોજ સાંજના સમયે આવ્યા. સુમારે છએક વાગ્યે તો શ્રી. અવધુત ખડસુપા આવી પહોંચ્યા.

ખડસુપા પ્રસિદ્ધ ડૉ. કાનજીભાઈના નવા જ બાંધેલા પણ વણવપરાયેલા મકાનમાં જ શ્રી. અવધૂતનો મુકામ કરવામા આવ્યો

આ આલીશાન મકાનમાં બધી જ સગવડો હતી. શ્રી. કાન્તિલાલ-ભાઇ સકુટુંબ સેવામાં હાજર હતા. ગામના લોકોનો ઉત્સાહ પણ અદમ્ય હતો. સરઘસાકારે શ્રી. અવધૂતને ગામમાં ફેરવવામાં આવ્યા. પછી મુકામે લઈ જવામાં આવ્યા. અહીં પણ ભેગી થયેલી જનતાએ પૂ શ્રી.નો સત્કાર કર્યો. મકાનમાલિક ડૉ. કાનજી-ભાઇ પણ હાજર હતા. તેમના પુત્ર પણ હાજર હતા. એ બધાએ પુષ્પફળથી શ્રી. અવધૂતનો સત્કાર કર્યો, સમીસાંજ થઈ હતી. શ્રી. અવધૂતને પરિશ્રમ પણ થયો હતો. એઓશ્રીને વિશ્રાન્તિ મળે એ હેતુએ એકત્રિત જનસમૂહ વિખરાયો. શ્રી. અવધૂતે સ્નાન આદિથી નિવૃત્ત થઈ અલ્પ ફલાહાર અને તે દિવસે તો આરામ કર્યો.

ખડસુપાના લોકોને શ્રી. અવધૂતના પ્રથમવાર જ દર્શન થયાં હોવા છતાં જાણે ચિરપરિચિત હોય એમ લાગતું હતું. ખડસુપામાં સીસોદરાના શ્રી. ભીખુભાઇનાં ફોઇ પણ રહેતાં હતાં તેમના દીકરા પણ પરદેશથી આવ્યા હતા, બીજો માનવસુમુદાય પણ શ્રી. અવધુતના સત્કાર અર્થે ઉત્સાહિત હતો.

શ્રી. અવધૂત ખડસુપા પધાર્યા પછી બીજે જ દિવસે શ્રી. પંડયાજીએ શ્રી. અવધુતપાદુકાનું પૂજન રાખ્યું હતું નવસારીથી વિદ્વાન વિપ્રોને આમ ત્રણ આપી બોલાવ્યા હતા. શ્રી. મોતીરામ-ભાઈ શુકલ વગેરે પાદુકાપૂજન અંગે આવ્યા હતા પ્રાતઃકાળથીજ લોકોનું આગમન શરૂ થયું હતું. આંગણામાં એક વિશાળ મંડપ બનાવ્યો હતો. વેદોકતવિધિથી શ્રી. પંડયાએ પુજન કર્યું. પુજન પુરૂં થયા પછી શ્રી. અવધુતે શ્રી. પંડયાજી અને તેમાં પત્નીને તેમજ વિપ્રમંડળ વગેરેને શ્રીફળ, વસ્ત્ર આપી પ્રસાદ આપ્યો. આ વખતે શ્રી. અવધુત જ્યાં જ્યાં ફર્યા ત્યાં ત્યાં લગભગ બધે જ પાદુકાપુજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એ જ દિવસે સાંજના પણ લોકોથી એ મંડપ ભરાઇ ગયો હતો. અહીંની હાઈસ્કૂલની બાળાઓએ અવધુતસત્કાર અર્થે ગરબાઓ તૈયાર

કર્યાં હતા. શ્રી. અવધુત પધારતાં જ બાળાઓએ કર્ણપ્રિય સ્વરથી એ ગાયા હતા. એ બાળાઓએ એક ભીલોરીનૃત્ય પણ કર્યું હતું. શ્રી, કાન્તિલાલ જોશીની પુત્રી કુ પ્રવીણાબેને નૃત્ય રાસમાં મુખ્ય ભાગ લીધો. ધરમપુરમાં જેમ આદિવાસી નૃત્યનો પ્રકાર હતો તેને લગભગ મળતો જ આ નૃત્યનો પ્રકાર હતો. બાળાઓએ ભીલોરી ઢબના વસ્ત્રો પરિધાન કર્યાં હતાં અને—

રાગ :-ભીલોડી : આદિવાસીનૃત્યનો.

"અવધુતનાં ગીતડાં"

અવધુતનાં ગીતડાં ગાવો મોરી બેનો
અવધૂતનાં ગીતડાં ગાઓ રે....લોલ

આજે અનેરો દા'ડો મારી બેનો
આજે અનેરો દા'ડો રે....લોલ

લોલ-આશોપાલવના તોરણ બંધાવો
આસોપાલવના તોરણ રે....લોલ

તોરણ બંધાવો ચોક પૂરાવો
ઘર ઘર દીપ પ્રગટાવે રે....લોલ...અવધુતનાં

લોલ-દેહે દિગંબર વેષે અવધુતી
એ છે ભક્તોનો બેલી રે....લોલ

હાથમાં છે લાકડી ને પગમાં છે પાવડી
એ છે ભકતોનો પિતા રે....લોલ...અવધુતનાં

લોલ-વ્હાલા તે ભકતોને કીધા મોરી બેનો
વ્હાલા તે ભકતોને કીધા રે....લોલ

વ્હાલેરાં કીધાં ને દુઃખ હરી લીધાં
એનાં આંસુડાં લૂછયાં રે...લોલ....અવધુતનાં

લોલ-નર્મદાને કાંઠડે નારેશ્વર ધામ છે
તેમાં કીધો એણે વાસો રે...લોલ....અવધુતનાં

એ ગીત અને નૃત્યનો કાર્યક્રમ લગભગ અડધો કલાક ચાલ્યો. લોકોને ખૂબ આનંદ આવ્યો. કેમકે ભીલોરી નૃત્ય જોવાનો પ્રસંગ આવ્યો. એ રીતે એ દિવસનો કાર્યક્રમ પૂરો થયો.

બીજે દિને એટલે કે તા. ૮ મીએ સવારના પણ લોકો દર્શન અર્થે ઉમટયા. આજે કંઇ ખાસ કાર્યક્રમ નહતો. છતાં ભૂખ્યો માણસ જેમ ખાયા જ કરે તેમ કેટલીયવાર દર્શન કરવા છતાં ધરાતા જ નહિ. ભગવાનનાં દર્શનથી કોની આંખોને પૂર્ણ તૃપ્તિ થઈ છે ?

આજે શ્રી અવધુત ખડસુપાથી હાંસાપુર જવાના હતા. બપોર પછી તે અંગેની તૈયારીઓ થવા લાગી. અવધુતને વિદાય આપવા માટે ગામના અગ્રગણ્ય ભાઇઓ તેમજ આબાલવૃદ્ધ ભકતોનાં વૃંદ ભેળાં થયાં હતા શ્રી રતિલાલ રણછોડલાલ વશીના લઘુબંધુ, અને શ્રી. અવધુતના ઉપદિષ્ટ શિષ્ય શ્રી. મંગુભાઇ શ્રી. અવધુત માટે વાહન સાથે અહીં આવ્યા હતા. સમય વીતવા લાગ્યો. લોકોની ઠઠ જામી. અને સમય થતાં શ્રી. અવધુત લોકોના પ્રણામ ઝીલતા અને સ્મિત વદને લોકોને આશીર્વાદ આપતા ગાડીમાં બિરાજ્યાં.

અહીંની બે ચાર પ્રતિષ્ઠિત વ્યકિતઓએ શ્રી. અવધુતને પોતાના આંગણમાં ઊભા રાખી ફૂલફળ દ્વારા સત્કાર્યા. એમ સત્કાર ઝીલતા ઝીલતા શ્રી. અવધુત સુપાના પાદર સુધી લોકોનાં ટોળાથી વીંટળાતા આવ્યા, પછી પોતે લોકોને પાછા ફરવાનો સંકેત કર્યો. લોકો દર્શન કરી પાછા વળ્યા. શ્રી. અવધુતની ગાડી હાંસાપુર તરફ આગળ વધી. તા. ૮ મીએ સંધ્યાકાળે શ્રી. અવધુત હાંસાપુર શ્રી. રતિલાલ રણછોડજીને ત્યાં પધાર્યા.

૧૯

હાંસાપુર

તા. ૯-૬-૬૨ થી ૧૫--૬-૬૨

હાંસાપુર આવતાં માર્ગમાં એરૂ ગામ આવે છે ત્યાંના વતની શ્રી. ઠાકોરભાઇ ઘેલાભાઇ દેસાઇએ સીસોદરામાં શ્રી અવધુતને પ્રાર્થના કરી હતી.

"બાપજી ! હાંસાપુર પધારતાં એરૂ ગામના પાદરે આપ થોડો સમય વ્યતીત કરો. ત્યાં જૂનું દેવાલય છે અને સંતની સમાધિ છે. લોકોને પણ આપના દર્શનનો અમૂલ્ય લાભ મળશે."

અને શ્રી. અવધૂતે સંતની સમાધિનાં દર્શનને લોભે પ્રાર્થનાનો સ્વીકાર કરી લીધો. એ કારણે એ પુરાણા શિવાલયના પ્રાંગણમાં ગામને ગોંદરે શ્રી. ઠાકોરભાઈ અને ગ્રામ્ય જનતાએ સુંદર મંડપ જેવું બનાવ્યું હતું. ત્યાં તોરણો વગેરે બાંધી શ્રી. અવધૂતને સત્કારવા માટે જનતા ભેગી થઈ હતી. એક સુંદર ઊંચી બેઠકને શણગારીને ત્યાં અવધૂત માટે વ્યવસ્થા કરી હતી. ગામની પચરંગી વસ્તીમાં મુખ્યતઃ અનાવિલોની વસ્તી છે. અહીંના અનાવિલ કુટુંબો એ જ્ઞાતિમાં શ્રેષ્ઠ લેખાય છે, આબાલવૃદ્ધ સૌ કોઈ શ્રી. અવધૂતની કાગ ડોળે વાટ જોતા હતા. શ્રી. અવધૂતના આવવાના માર્ગ તરફ સૌની આંખો મંડાઈ રહી હતી. કયારે અવધૂત આવે અને કયારે એનો સત્કાર કરીએ એ જ વિચાર સૌના મનમાં રમ્યાં કરતો હતો, શ્રી. અવધૂતની ગાડી એકાએક દેખાઈ, પુષ્પાચ્છાદિત એ ગાડીમાં બિરાજેલા શ્રી અવધૂતનાં દર્શન કરવાને એ ભેગી થયેલી માનવમેદની તલપાપડ થઇ રહી હતી પણ ઠાકોરભાઇની શિસ્તને કારણે ત્યાં પડાપડી થતી અટકી ગઈ. ધીમે રહીને શ્રી. અવધૂત ગાડીમાંથી ઉતર્યા અને તૈયાર કરેલા આસન પર બિરાજ્યા. ગામના અગ્રગણ્ય માણસ તરીકે શ્રી.

ઠાકોરભાઇએ પુષ્પહાર અને શ્રીફળથી શ્રી. અવધૂતનો સત્કાર કર્યો. દર્શનસમારંભ શાંતિથી પૂરો થતાં શ્રી. અવધૂત પુરાતન શિવાલયમાં પધાર્યા. ત્યાં શ્રી. અવધુતે શ્રીફળ મૂક્યું. આશુતોષ પ્રભુનાં દર્શન કર્યા, વળતાં સંતની સમાધિનાં પણ દર્શન કર્યા. ત્યારબાદ હાંસાપુર આવવા નીકળ્યા.

હાંસાપુર નવસારી તાલુકાનું, સુમારે હજાર કે પંદરસો માણસની વસ્તીનું ગામડું છે ખેતી એ ગામનો ધંધો છે. પરંતુ જમીનની ટાંચને કારણે અને નવસારી નજીક હોવાથી મીલમજુરી અને નોકરીનો પૂરક ધંધો કરી એ લોકો જીવન-નિર્વાહ કરે છે. પરિશ્રમ કરી શાંતજીવન જીવતી એ વસ્તીમાં ભાગ્યે જ કલહ થાય છે.

એ ગામ શ્રી. રણછોડજી નિછાભાઇ વશીનું વતન. મૂળ તો શ્રી રણછોડજીના પ્રપિતામહ શ્રી રઘુનાથજી એરૂના વતની અને દેસાઇકુટુંબના નબીરા. હાંસાપુરમાં તેમનું મોસાળ. મોસાળમાં માતૃપક્ષનો વેલો આગળ વધે એવી પુત્ર સંતતિના અભાવે ત્યાં આવીને રહ્યા એરૂમાં પણ એમની મિલ્કત હતી, પરંતુ દેસાઈ કૂટુંબ, કન્યાનો ભરાવો અને ટૂંકી મિલ્કતના પરિણામે પાતળા દિવસો જોવાનો વખત આવ્યો ભગવાને તેમની સામે જોયું અને મોસાળપક્ષનો વારસો મળ્યો. એટલે શ્રી. રઘુનાથજી એરૂથી કુટુંબકબીલા સાથે હાંસાપુર આવીને રહ્યા અને મોસાળની સ્થાવર જંગમ મિલ્કતનો વહીવટ કરવા લાગ્યા. રઘુનાથજીનો વેલો આગળ વધ્યો. તેમને નિછાભાઈ નામે પુત્ર થયો. તેના પુત્ર શ્રી. રણછોડજી. રણછોડજી એમના પિતાના એક માત્ર પુત્ર વારસામાં મિલ્કત સારી હતી પણ વિશાળ કુટુંબને કારણે વ્યવહારમાં એનો પણ વ્યય થતો ગયો ત્યારે શ્રી. રણછોડજીના હાથમાં ગૃહસ્થાશ્રમનું સુકાન આવ્યું. તે વખતે મામૂલી પંદર વીસ વીઘા જમીન અને રહેવાનું મકાન હતું. શ્રી. રણછોડજી થોડી જમીન ખેડી, બીજી

પરચુરણ મહેનત કરી રોટલો રળતા અને પોતાના વિશાળ કુટુંબને પોષણ કરતા. આજની કારમી મોંઘવારી તે સમયે ન હતી. અનાજ અને બીજી જરૂરિયાતની વસ્તુઓ મામૂલી ભાવે મળતી રૂપિયામાં ત્રણ શેર ઘી, રૂપિયે મણ ચોખા અને એવી બીજી ચીજો ઘણી સોંઘી હોવાથી ઓછા ખર્ચે વિશાળ કુટુંબનો નિર્વાહ થતો હતો. આમ છતાં શ્રી. રણછોડજીનું જીવન સંતોષી હતું જે મળે તેનાથી જ નિભાવી લેવાના સંસ્કારો એમને માતાએ ગળથૂથીમા જ પાયા હતા. ગરીબીનું શૂળ એમને સાલતું નહતું. ગામમાં એમના કુટુંબ જેવાં બીજાં કુટુંબો પણ હતાં એ રીતે પણ મન મનાવવાનું સાધન હતું. સામાન્ય રીતે સુખી અને શ્રીમંતને જોઇને આપણને કલેશ થાય છે. આપણી ગરીબીનું દુઃખ થાય છે. એવું દુઃખ થાય ત્યારે આપણી કક્ષા કરતાં નીચી કક્ષાના ઝૂપડામાં રહેનાર, કેવળ મર્યાદા માટે શરીર ઢાંકનાર અને પેટ ભરવાને ભડકું પીનાર તરફ આપણે નજર કરીએ તો આપણું એ અંતરનું શૂળ તરત જ મટી જાય છે. માટે જ આત્મસંતોષ જેવી બીજી ઔષધી નથી. પૂર્વકર્મના પ્રારબ્ધને અનુસરીને માણસને સારીમીઠી સ્થિતિ પ્રાપ્ત થાય છે. એટલે પોતાની એ સ્થિતિથી સંતોષ ન થવો અને બીજાની સ્પર્ધા કરી કે બીજાનો દ્વેષ કરી દુઃખી ન થવું એ જ માનવતા છે.

શ્રી. રણછોડજી આમ શ્રીમંત પણ ન હતા કે ગરીબ પણ ન હતા. મધ્યમ વર્ગના શ્રમજીવી જેવી જીંદગી વ્યય થતી હતી એમણે જીવન જીવવાની કળા હસ્તગત કરી હતી. અને તેના પરિણામે પોતાનું જીવન સુખે ગાળી બીજાને માટે પણ એ આદર્શરૂપ બનતા હતા.

આમ સંતોષી, સદાચારી જીવન જીવતા શ્રી. રણછોડજીને ત્યાં નવ નવ પનોતા પુત્રો છે. શ્રી. રતિલાલ એ સૌમાં જયેષ્ઠ છે. તે પછીના શ્રી. છોટુભાઈ, બલ્લુભાઇ, મંગુભાઇ, દોલતભાઇ, રમણભાઈ, ઈશ્વરભાઈ, અમૃતભાઈ અને સુમનભાઈ છે. શ્રી રણ-

છોડજીના પિતાને એકના એક પુત્ર પોતે હોવાથી ખેતીવાડીનો ભાર તેમને શિરે હતો અને અભ્યાસ ફક્ત પ્રાથમિક જેટલો જ કરેલો પરંતુ પુર્વજન્મના સંસ્કારોને પરિણામે અથવા સહવાસના પરિણામે શ્રી રણછોડજીની બુદ્ધિ કુશાગ્ર હતી. જેમ જેમ એમની ઉંમર વધવા લાગી તેમ તેમ બુદ્ધિ તીવ્ર થતી ચાલી. એમને માથે જ્યારે સંસારનો ભાર આવ્યો ત્યારે એમણે તે કુશળતાપુર્વક વેંઢાર્યો. ગામના લોકોએ એમનો પ્રભાવ જાણ્યો. ટુંક સમયમાં જ બુદ્ધિચતુર્ય અને સમન્વયશક્તિના કારણે શ્રી. રણછોડજી ગામના એક અગ્રગણ્ય પુરુષ ગણાવા માંડ્યા, તેમના કરતાં વયમાં વૃદ્ધ પુરુષો પણ એમની સારામાઠા પ્રસંગે સલાહ લેવા આવવા લાગ્યા આમ સમસ્ત ગામની સાંસારિક સમતુલા જાળવવાનું કામ જાણે અજાણે એમને ભાગે આવ્યું. સૂર્ય ઉગતો અટકે તો રણછોડજીને ત્યાં ભાંજગડ આવતી અટકે. ઉભય પક્ષને રણછોડજીમાં વિશ્વાસ. એમનો ન્યાય સાચો છે એમ માની લોકો એમનો પડ્યો બોલ વેદવાક્ય માનતા અને તે પ્રમાણે અનુસરતા. એમની કીર્તિ ગામમાંથી પરગામમાં પ્રસરી ગઈ અને પ્રતિદિન વધતી ગઈ અને પંચત્વ પામ્યા ત્યાં સુધી તેમનો એ પરગજુ સ્વભાવ કાયમ રહ્યો.

આમ એમની કીર્તિ વધવા લાગી ત્યારે આર્થિક સ્થિતિ દિનપ્રતિદિન પાતળી થવા લાગી. હવે માત્ર પંદરેક વીઘાં જમીન અને રહેવાનું મકાન રહ્યું. કુટુંબનો વિસ્તાર પ્રમાણમાં મોટો જ ગણાય. ગામમાં વટવાળા લેખાય એટલે મહેમાન વગેરેનો અવર-જવર પણ ખરો જ. પ્રભુને ભરોંસે એમનું જીવનનાવ ચાલતું હતું. પરિવાર માટે પૈસા ન મુકી જાય તો હરકત નહિ, પરંતુ યથાશક્તિ અભ્યાસ કરાવવો એ શ્રી. રણછોડજીનો મુદ્રાલેખ હતો. તે મુજબ એમણે બધાય પુત્રને વિદ્યાભ્યાસ કરાવ્યો. તેમના વિદેહ થયા પછી તેમના પુત્રોએ પણ પોતાનાં ભાંડુઓને વિદ્યાભ્યાસ કરાવ્યો. શ્રી રતિલાલ મેટ્રિક થયા અને નવસારીના

ડૉ. ખંડુભાઈને ત્યાં કંપાઉન્ડરની નોકરી સ્વીકારી. બીજા પુત્ર શ્રી. બલ્લુભાઈ, જાણે ભાગ્યનું પાંદડું ખૂલવાનું હોય તેમ એ તથા શ્રી છોટુભાઇ ૧૯૪૨ માં ઉદ્યોગ અર્થે કરાંચી ગયા ત્યાં તેમને સારો લાભ થવા લાગ્યો. કરાંચીમાં એ ભાઈઓને પરાગજી નાયક ઈન્જીનિયરે તેમને ત્યાં નોકરી અર્થે બોલાવ્યા હતા. તે વખતથી જ આ કુટુંબના ઉત્કર્ષના શ્રીગણેશ થયા. એક વરસ પછી શ્રી. બલ્લુભાઈ અહીં આવ્યા અને શ્ર. રતિલાલ કલકત્તા ગયા. ત્યાં તેમને પણ નોકરી લાધી. ઉજળા દિવસો શરૂ થયા. પરંતુ દૈવને એ ન રુચ્યું. જીવનભર દુઃખ અને ગરીબીમાં વ્યતીત કર્યા પછી જ્યારે સુખની ઉષા જાગી ત્યારે શ્રી. રણછોડજીનું પ્રાણપંખેરૂ ઊડી ગયું. પક્ષાઘાતનો એક આંચકો આવ્યો, આઠ દિવસ માંદગી ભોગવી અને શરીરનો ત્યાગ કર્યો. જતાં જતાં પણ તેમણે પોતાના પુત્રોને સન્માર્ગે જીવન ગાળવાનું અને સંતજનોની સેવા કરવાનું, ગરીબોને અન્ન આપવાનું, તેમની ભીડ ભાંગવાનું વગેરે સામાન્ય સદ્દગુણોને જીવનમાં ઉતારવાનું શિક્ષણ આપ્યું. પોતાના વર્તનને જ અનુસરવાનું કહેતાં કહેતાં પ્રભુના ધામમાં પરવર્યા શ્રી. રતિલાલ તે સમયે હાંસાપુરમાં નહતા શ્રી. બલ્લુભાઈ પિતાના પંચત્વના સાક્ષી હતા. પિતાની યથાશક્તિ સેવાચાકરી એમણે કરી અને અંતિમ સંસ્કાર પણ એમણે જ કર્યો. શ્રી. રતિલાલ ત્યાર પછી આવ્યા. જ્યારે ગયા ત્યારે તે ગરીબ હતા અને આવ્યા ત્યારે પ્રારબ્ધદેવીએ તેમના ઉપર કૃપાવૃષ્ટિ કરી હતી. લક્ષ્મીદેવીના એ લાડકવાયા બન્યા હતા. ઉદ્યોગ કરે તે લક્ષ્મીને વરે એ કહેવત સાચી પડી. પ્રભુની કૃપા ઉતરી. સૂર્યોદય થયા પછી જેમ આકાશમાં એની ગતિ ઊંચે ને ઊંચે થતી જાય છે તેમ આ કુટુંબની આર્થિક સ્થિતિ પણ ઊર્ધ્વગામી થઇ.

દુઃખના દહાડા દોહ્યલા વીત્યા એણીપેર,
મહેર થકી ભગવાનની હાવાં લીલાલ્હેર.

માત્ર લક્ષ્મી જ સુખનું સાધન નથી, પણ દુન્યવી સુખ માટે લક્ષ્મી એક સાધન છે.

શ્રી. રતિલાલ અને બલ્લુભાઈએ હવે ઘરનો ભાર પોતાને શિરે લીધો. ઘરમાં કોઈ વડીલ તરીકે ન હોવાથી શ્રી. રતિલાલ ૧૯૪૯માં પાછા વતન આવ્યા અને ત્યાં જ ટકી ગયા. પિતા પંચત્વ પામ્યા ત્યારે સુમારે રૂ. ૧૫૦૦નું કરજ મૂકી ગયા હતા. શ્રી. રતિલાલે અહીં આવી એ કરજ પતાવી પિતાને ઋણમુક્ત કર્યા. પોતાના ભાઈઓને કેળવણી આપવામાં મણા ન રાખી પણ તેમના નસીબમાં વિદ્યાભ્યાસ ન હોવાથી લગભગ બધાય ભાઈઓ ફક્ત મેટ્રિક સુધી જ ભણ્યા. શ્રી. દોલતભાઈ વળી બે ચોપડી વધારે ભણ્યા. શ્રી. ઇશ્વરલાલ ડૉક્ટર થયા. અને તેમણે હવે તો પોતાના ડૉ. પત્ની સૌ. ઉષાબેન સાથે સહકારમાં બીલ્લીમોરામાં પોતાનાં માતુશ્રીને નામે શ્રી પાર્વતીબેન હૉસ્પીટલ અને મેટરનીટી એ નામે દવાખાનું પણ કાઢયું. અસ્તુ.

જ્યારે ચઢતી થવા માંડે છે ત્યારે તેની સીમા હોતી નથી. ચઢનારાને ચઢાવનાર પણ મળી જ રહે છે. તેથી જ એક વખત અવધૂતે કહ્યું "જે માણસ ફરતો રહે છે તેનું ભાગ્ય પણ ફરે છે. જે માણસ બેસી રહે છે તેનું ભાગ્ય બેસી રહે છે. જે સૂઈ રહે છે તેનું ભાગ્ય પણ સૂઈ જ રહે છે." સંસ્કૃતમાં આ મતલબનો એક શ્લોક પણ છે. અસ્તુ.

આમ હવે રતિલાલ વશીના દિ' ફર્યા હતા. દિવસે દિવસે ઉન્નતિ જ થતી હતી. એ હવે કુટુંબની સેવા અર્થે હાંસાપુરમાંજ રહ્યા. અને શ્રી. બલ્લુભાઈ કલકત્તા ગયા. જેમ જેમ કુટુંબની આર્થિક પ્રગતિ થઈ તેમ તેમ રતિલાલભાઈના ભાઈઓના લગ્ન વગેરે પ્રસંગો પણ સારી રીતે ઉકલતા ગયા. અનાવિલ કોમનાં લગ્ન એટલે પિતાને ગળે ફાંસો. પરંતુ એ વાંકડાની નીતિ શ્રી.

રતિભાઈએ અપનાવી ન હતી. હવે તો રણછોડજી વશીનું કુટુંબ શ્રીમંત ગણાવા માંડયું હતું. અને તેથી કન્યાના પિતાઓ ઉપરા-ઉપરી માગાઓ લઈ આવવા લાગ્યા હતાં મોંમાગ્યો વાંકડો પણ મળે તેમ હતું, પણ પિતાના આદેશને અનુસરીને અને કન્યાને નિમિત્તે પિતાને કષ્ટ થાય એ પોતાથી સહન ન થાય એ કારણે શ્રી રતિભાઈએ અને તેમના બીજા ભાઈઓએ પણ વગર વાંકડે લગ્ન કર્યાં અને હરામની લક્ષ્મીને લાત મારી પ્રભુએ બદલો પણ આપ્યો.

શ્રી. બલ્લુભાઈએ કલકત્તા, દુર્ગાપુર, વગેરે જુદી જુદી જગ્યાઓએ બીજાના પેટા કંટ્રાકટર તરીકે કંટ્રાકટો રાખવા માંડયા. તેમની બુદ્ધિચાતુરી અને કૌશલ્યને કારણે પ્રભુએ તેમાં પણ એમને યશ અપાવ્યો. પરદેશમાં પરદેશી કંટ્રાકટરોએ પણ એમના બુદ્ધિનાં મુકતકંઠે વખાણ કર્યા, ઉદ્યમ કરનારને ત્યાં લક્ષ્મીના ઢગ વળે છે એ ન્યાયે આ કુટુંબમાં પણ ધનના ઢગ વળ્યા. શ્રી. બલ્લુભાઈએ પોતાને માટે જ નહિ, સમગ્ર કુટુંબ માટે લોહીનાં પાણી કર્યાં ધન રળ્યા અને તે વાપર્યું પણ ખરૂ.

આટલું છતાં અર્થ એ કોઇ રીતે અનર્થમાં નથી પરિણમ્યો એ જાત અનુભવની વાત છે. એ આંગણે આવેલો અતિથિ અનાદર નથી પામતો. ભૂખ્યો અન્નથી તૃપ્ત થાય છે. નગ્નને વસ્ત્ર મળે છે જેવી જેની જરૂરિયાત તેવી તેની આગતાસ્વાગતા થાય છે અને તેની ઇચ્છા સંતુષ્ટ થાય છે. “ દુ:ખીની આંતરડી ઠારનારની આંતરડી પ્રભુ ઠારે છે ” એ સૂત્ર એમના પિતાએ એમને શીખવ્યું છે, એમના પિતા પણ ગરીબ હોવા છતાં રોટલામાંથી રોટલો આપીને ભૂખ્યાને સંતોષતા.

હવે જેમ જેમ આર્થિક ઉન્નતિ થતી ગઈ તેમ તેમ સાંસ્કૃતિક ઉન્નતિ તરફ પણ એ કુટુંબનું વલણ વધતું ગયું. અર્થ

જ્યારે આવે છે ત્યારે અનેક અનર્થો પણ સાથે તેડી લાવે છે, પણ આ કુટુંબ એમાં અપવાદ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. હાંસાપુરના લોકોને આર્થિક સહાય કરવામા પણ એ કુટુંબ પ્રથમ રહે છે. પોતાના પાતળા દિવસોનું સ્મરણ કરીને પોતાના જેવા પાતાળા દિવસો ગુજારતા લોકોને બને તેટલી સહાય કરવામાં આ કુટુંબ આનંદ અનુભવે છે. સાધુસંતોમાં અને ધર્મમાં પણ એ કુટુંબને અનુરાગ છે. આમ એ કુટુંબની ૧૯૪૪થી પ્રગતિ થતી ગઇ અને આજ સુધી ચાલે છે. અર્થનો સદ્‌વ્યય થતો હોવાથી એ પ્રગતિ રૂંધાઈ નથી. એ કુટુંબના વતી કલકત્તામાં પ્રકાશ એન્જિનિયરીંગ કંપનીના નામે બલ્લુભાઈ કામ કરે છે. ઉદેપુરમાં હંસ એન્જિનિનરીંગ કંપનીના નામે કંટ્રાકટનું કામ છે. સુરત નજીક ચલથાણમાં તાજેતરમાં જ વશી કોરપોરેશનના નામે તેલની મોટા પાયા પર ઘાણી નાંખી છે. અને એ રીત ભાગ્યના સૂચન અનુસાર એ કુટુંબને ઉન્નતિના શિખરે લાવવામાં પ્રભુ સહાય કર્યે જાય છે. એમની ઉન્નતિમાં અનેકની ઉન્નતિ રહેલી છે. એમના નિમિત્તે અનેક કામદારો જીવનનિર્વાહ કરે છે. ટૂંકમાં "માનવ સેવા એજ પ્રભુસેવા છે" એ સિદ્ધાંતને આ ભાઇઓએ જીવનસિદ્ધાંત બનાવ્યો છે પ્રત્યેકના આશીર્વાદ મળવાનું કારણ પણ એ જ છે. અસ્તુ.

શ્રી. રતિભાઇએ કુટુંબની વધતી જતી જરૂરિયાતને અનુલક્ષીને બાપીકી જમીનમાં સારો એવો વધારો કર્યો. જુનં રહેવાનું મકાન જીર્ણ થતું હતું તેને સુધારી સારૂં બનાવ્યું. બહોળા કુટુંબનો સમાવેશ થાય એ હેતુથી મોટી ભવ્ય ઈમારત ઊભી કરી. આમ શૂન્યમાંથી સ્વર્ગ રચ્યું.

નવનવ ભાઇઓ હળીમળીને રહે છે. એ ભાઇઓની પત્નીઓ પણ બેનોની જેમ, કોઈ પણ પ્રકારની અસંતોષની લાગણી અનુભવ્યા વિના સાથે રહે છે. વડીલ તરીકે સર્વ કારભાર શ્રી. રતુભાઇ

કરે છે. ખરેખર અનુકરણીય એવી આ કુટુંબની રહેણીકરણી છે એમાં શક નથી. આજના કલહમય વાતાવરણમાં પણ બધું કુટુંબ હળીમળીને અનુકરણીય સંપશાંતિથી રહે છે.

આમ પ્રભુદત્ત ધનનો પરાર્થે સદ્વ્યય કરતું એ કુટુંબ સન્માર્ગે જીવન ગાળે છે એ કહેવાની જરૂર નથી. લક્ષ્મીનો ત્યાગવૃત્તિથી ઉપભોગ કરી પરમાર્થકાર્યમાં પણ મોકળે મને ધનવ્યય કરી આત્મસંતોષમાં જીવન વ્યતીત કરનાર આ ભાઈઓ છે.

આમ પવિત્ર અને નીતિયુક્ત કુટુંબનો શ્રી. અવધૂત સાથે સમાગમ થયો. સન ૧૯૫૨ના ફેબ્રુઆરી માસની આ વાત છે. શ્રી. રતિલાલના લઘુબંધુ શ્રી. સુમનભાઇને આંચકીનો વ્યાધિ થયો. ઘણાય વૈદ્યડૉકટરોને બતાવ્યું. ઉપચારો કર્યા પણ સઘળું નિષ્ફળ ગયું. અંતે મિત્રો સાથે વિચારવિનિમય કરીને શ્રી. રતિલાલ સુમનભાઇને લઇને શ્રી. અવધૂતને સ્થાને ગયા શ્રી. અવધૂતનાં દર્શન કર્યાં. અને શ્રી. સુમનભાઇને શ્રી. અવધૂતને ચરણે સોંપી બધી વાત કરી. શ્રી. અવધૂતે આર્તનો પોકાર સુણ્યો. અમીદૃષ્ટિ કરી. આશીર્વાદ આપ્યા. નજીવો ઉપચાર બતાવ્યો. અડગ શ્રદ્ધાયુક્ત બનીને શ્રી. રતિલાલ એ ઉપચાર શ્રી સુમનભાઈ ઉપર અજમાવ્યો. અને આશ્ચર્ય એવું બન્યું કે માત્ર સાતેક દિવસમાં જ એ વ્યાધિ નિઃશેષ મટયો. શ્રી. સુમનલાલ રોગમુક્ત બન્યા. એ આનંદમાં આવી ગયા. શ્રી. અવધૂતનાં ગુણગાન કરવા માંડયા. સંયોગવશાત્ શ્રી અવધૂતને પ્રત્યક્ષ તો તે પછી ન મળાયું, પરંતુ અંતરમાં તો અવધૂતે ઘર કર્યું. શ્રી. અવધુતનું સ્મરણ સતત જાગૃત રહ્યું. જ્યારે જ્યારે શ્રી સુમનભાઇને કોઈ જુએ ત્યારે ત્યારે શ્રી. અવધુત અનાયાસે યાદ આવવા લાગ્યા.

શ્રી રતિલાલના બીજા ભાઇ શ્રી. મંગુભાઇને પણ એવી કંઈક તકલીફ ઊભી થઈ. આંતરડાના કોઇ વ્યાધિની પીડાને કારણે

એ શૂન્યમનસ્ક બન્યા. કશું સૂઝે નહિ. શું કરું ? કયાં જાઉં ? એ જ વિચારો શ્રી. મંગુભાઇને આવ્યા કરે. મન શરીરમાં જ કેન્દ્રિત થયા કરે. એમણે પણ વૈદ્યડૉકટરોની સલાહ અનુસાર ઉપચારો કરી જોયા. પણ પૈસાના પાણી થવા સિવાય બીજું કંઈ પરિણામ ન આવ્યું. એ જ ઉપચારો જ્યારે નિષ્ફળ નિવડયા ત્યારે શ્રી. રતિભાઇએ પુન શ્રી અવધુતનું શરણું શોધ્યું. શ્રી રતિભાઈની સુચના અનુસાર મંગુભાઈએ દત્તબાવનીના પાઠ કરવાના શરૂ કર્યા. દત્તબાવની એ તો દુઃખીનો વિસામો છે. રામબાણ જેવું અમોઘ શસ્ત્ર છે ભાવભક્તિથી એના પાઠ કરનાર કદિ નિરાશ ન થાય. ધાર્યું પાર પાડવાની એ નાનકડા સ્તોત્રમાં શક્તિ છે. અનેક ભકતો આ વાતનું સમર્થન કરે છે. દત્તબાવની સાથે દત્તરક્ષાસ્તોત્ર કરવાનું પણ શ્રી. મંગુભાઇએ શરૂ કર્યું. પ્રભુકૃપાએ એમને પણ આકસ્મિક રીતે આરામ થતો ગયો હજારો રૂપીયા ખરચતાં નિરાશા મળી હતી ત્યાં આમ એક પૈસાનો પણ ખર્ચ કર્યા વિના કેવળ દત્તબાવની અને દત્તરક્ષાસ્તોત્રના પાઠથી જ વ્યાધિમુકત થયા. શ્રી. મંગુભાઇનું અંતર કેટલા આનંદથી નાચી ઊઠયું હશે તેની કલ્પના કરી લેજો

આ પછી સને ૧૯૬૨ના જાન્યુઆરી–ફેબ્રુઆરીમાં શ્રી સુમનભાઈ તથા શ્રી. મંગુભાઇ શ્રી. અવધુતના દર્શને નારેશ્વર ગયા. કૃતજ્ઞતા વ્યકત કરી અને ઉપદેશ આપી કૃતાર્થ કરવા યાચના કરી. શ્રી. અવધુતે બન્ને ભાઇઓને પાછા નારેશ્વર આવવાનું કહ્યું. તે પ્રમાણે બન્ને ભાઈઓ પાછા નારેશ્વર ગયા. અને પુનઃ ઉપદેશ માટે યાચના કરી. શ્રી. અવધુતે ઉભય ભાઇઓને ઉપદેશ આપી કૃતાર્થ કર્યા શ્રી. મંગુભાઇએ શ્રી. અવધુતને હાંસાપુર પધારવા માટે પ્રાર્થના કરી. શ્રી. અવધુતે સુરતજીલ્લાના આ વર્ષના પ્રવાસમાં હાંસાપુરને સ્થાન આપવાની શ્રી. મોદીજીને સૂચના કરી

શ્રી. અવધુત ધરમપુર પધાર્યા ત્યારે શ્રી રતિલાલ અને શ્રી મંગુભાઈ દર્શને આવ્યા અને પુનઃ આમંત્રણ તાજું કર્યું. શ્રી. અવધુતે એનો સ્વીકાર કર્યો હતો. એટલે જુન માસમાં હાંસાપુર જવાનું નક્કી કરી એમને તારીખ આપવામાં આવી તે પછી સીસોદરા અને સુપા પણ શ્રી મંગુભાઈ આવ્યા હતા. દરેક વખતે શ્રી અવધુતજીએ હાંસાપુર આવવાની હા પાડી હતી. ઉભય યુવાન સહૃદય ભક્તોનું અંતર પારખીને હાંસાપુર પધારવાના પોતાના વચનનું પાલન કરી પોતે તા. ૮ મીએ સાંજે પધાર્યા

શ્રી. અવધૂત "હંસપ્રસાદ"ના આંગણમાં પધારતાં જ શ્રી. રતુભાઇ, તેમના કુટુંબીજનો અને ત્યા ભેળાં મળેલાં ભાઈબેનોએ શ્રી. અવધૂતને ભાવપૂર્વક પ્રમાણ કર્યા. ભાવાવેશમાં શ્રી. રતુમાઈની આંખોમાંથી તો હર્ષાશ્રુની ધારા ચાલી. બેનોએ શ્રી. અવધૂતનાં ઓવારણા લીધાં. આમ શ્રી અવધૂતનું ભાવભીનું સ્વાગત કરીને એઓશ્રીને માટે તૈયાર કરેલા મુકામે લઇ જવામાં આવ્યા. "હંસપ્રસાદ"ના માળ ઉપર જ એઓશ્રીને મુકામ આપવામાં આવ્યો હતો શ્રી રતુમાઈ અને મંગુભાઇ ઊર્મિશીલ છે. શ્રી અવધૂત પધાર્યા તેના આનંદનો એટલો અતિરેક થયો. એમનું અંતર ડગલે ને પગલે એટલું પુલકિત બન્યું કે બન્ને ભાઈઓની આંખોમાંથી હર્ષાશ્રુ સૂકાતા ન હતાં. કુટુબી .નોને આનંદ થયો. એકત્ર થયેલ સામાન્યજનસમાજ પણ કૃતાર્થ થયો આજે દશ દશ વર્ષનાં વહાણાં વાયા પછી શ્રી. અવધૂતનો પોતાને આંગણે આદરાતિથ્ય કરવાનો અવસર પ્રાપ્ત થતાં અને શ્રી. અવધૂતને એ સ્વીકારતા જોઈને સહકુટુંબ એ દેહભાન ભૂલ્યા. પ્રભુ આંગણે પધારે ત્યારે કોને દેહભાન રહે? શું કરવું? પ્રભુને માટે મરી ફીટવા જેટલી તત્પરતા હોય ત્યાં બીજું શું થાય?" સભાનાવસ્થા એ ભક્તિમાં અંતરાયરૂપ છે, ભગવાન સાથેના તાદાત્મ્યમાં દેહભાન વિઘ્નરૂપ છે, દેહભાન ભૂલી જવાય તો અનન્યભાવે ભજન થઇ શકે. અસ્તુ.

શ્રી. અવધુતને અહીં ત્રણ રાત્રી રાખવાનો સંકેત હતો. પણ માનવના મનસૂબા સદા સફળ થતા નથી. હાંસાપુર પછી શ્રી. અવધૂત પ્રજાપતિવાડીમાં મુકામ કરવાના હતા. બધી જ વ્યવસ્થા પણ શ્રી. રામજીભાઇ મણિભાઈ નાયક તરફથી થઇ ચૂકી હતી. સંયોગવશાત્ એ વ્યવસ્થાને બંધ કરવી પડી કારણ કે બન્યું એવું કે પ્રજાપતિવાડીના માલિક પરદેશ વસે છે અને તે ત્યાંજ પંચત્વ પામ્યા. તે સમાચાર અહીં આવતાં જ અહીંના વ્યવસ્થાપકે એ સમાચાર શ્રી. રામજીભાઈને જણાવ્યા અને તેના પરિણામે કલુષિત વાતાવરણમાં શ્રી. અવધૂતને રાખવાનુ શ્રી. રામજીભાઈને અનુચિત લાગ્યું. પ્રભુના સંકેતમાં હંમેશ કંઇ સારૂં જ હોય છે. પ્રજાપતિવાડીના ચાર દિવસો પણ અહીં જ વીતાવવાનું નકકી થતાં શ્રી. રતુભાઇ વગેરેને આનંદ તો માતો નહોતો. અંતરની અભિલાષાનો જાણે પડઘો પડયો.

અહીં પણ નિત્યના કાર્યક્રમ અનુસાર પરોઢિયે પ્રાતઃસ્મરણ વગેરે પછી આઠનવના અરસામાં ભજન થતાં કોસંબાના પંડિતજી પોતાના બુલંદ અવાજે પ્રભાતના સમયના કોમળ સ્વરોમાં શ્રી. અવધૂતપ્રણિત અને બીજા ભજનો સંભળાવી ભેગી થયેલી જનતાને ભકિતરસમાં તરબોળ કરી દેતા. આમ ભજનથી લગભગ દશ વાગ્યે નિવૃત્ત થતાં શ્રી. અવધુત ભિક્ષા અર્થે પધારતા. પછીથી ઘડી બે ઘડી વિશ્રાંતિ લેતા. નિત્યનો એ કાર્યક્રમ આ વખતનાં બધાં જ સ્થળોએ અચૂકપણે ચાલુ રહ્યો હતો. દર્શન અર્થે ગામ-પરગામનાં લોકોનાં ટોળાં આવતાં. ગાડાં છૂટતાં. લોકોની અહીં પણ ઠઠ જામતી. સંધ્યાકાળે પણ ભજન, પંચપદી, દત્તબાવની વગેરેનો નિત્યક્રમ ચાલુ જ હતો. અહીંના ગામડિયા દર્શનાર્થી-ઓની નિર્દોષતાનો અનુભવ કરીને તેમની સાથે મોકળા મને વાર્તાલાપ કરવો શરૂ કર્યો. અનેક વાતો થતી, પરમાર્થ, રાજકારણ, સંસારવ્યવહાર આદિ અનેક વિષયોને સ્પર્શ કરતા વાર્તાલાપમાં

શ્રી. અવધુતનું સમન્વયપૂર્વકનું વ્યવહારજ્ઞાન જોઈને કોઇપણ ચિકિત્સકને શ્રી અવધુત માટે સન્માન ઉપજે એમાં આશ્ચર્ય નથી. શ્રી ભગવાને પણ પોતાના ભકતનાં લક્ષણોમાં દક્ષતા એ એક લક્ષણ ગણાવ્યું છે. અને તે દક્ષતા શ્રી. અવધુતમાં અનુભવાતી હતી. કોઇ પણ પ્રશ્ન કોઈ પણ વાતની સૂક્ષ્મતાનો પાર તરત જ પામી જતા. બીજી જ ક્ષણે કોઇપણ પારંગતને શરમાવે એવી છટાથી એ વિષય પર ચર્ચા કરવાનું શરૂ કરતા. શ્રવણ કરી તે શ્રોતાનાં મન સમાધાન પામતાં. આમ હાંસાપુરમાં સમય વ્યતીત થવા લાગ્યો.

સંતો સદા ભકતના કલ્યાણમાં રત રહે છે. સંતોની ઝીણવટભરી બુદ્ધિ અને કલ્પના દ્વારા ભકતોનું હિત કયાં સમાયેલું છે તે તરત જ સમજી જાણી શકે છે. સંતનાં ચિત્ત વજ્રનાં જેવાં દૃઢ અને કોરા કાગળ જેવાં સ્વચ્છ હોય છે. એટલે તે બહારની ઉપાધિને પ્રવેશદ્વાર મળતું નથી. ભકતોનાં ચિત્ત પ્રાપંચિક તર્કવિતર્ક વગેરેથી ઓતપ્રોત હોય છે. એ ચિત્રવિચિત્ર સંકલ્પોથી મિશ્રિત ચિત્ત જ્યાં સુધી કોરા કાગળ જેવાં શુદ્ધ ન થાય ત્યાં સુધી તેના ઉપર પ્રભુનો પ્રકાશ પડતો નથી. પ્રભુનો પ્રકાશ તો સર્વત્ર ફેલાયેલો છે. તે ભકતના ચિત્ત ઉપર પણ પડે છે. અને પાષાણ ઉપર પણ પડે છે. સરિતામાં અને પર્વત ઉપર પણ પડે છે. સરિતામાં એ પ્રકાશનું પ્રતિબિંબ છે. પાષાણ કે પર્વત ઉપર એનું પ્રતિબિંબ પડતું નથી; તેમ ભકતના ચિત્ત ઉપર પણ એ પ્રકાશ પડતો હોવા છતાં ચિત્તની કલુષિત અવસ્થાના કારણે એ પ્રકાશનું પરિણામ–જ્ઞાન–થવાનો સંભવ નથી. આમ એક બાજુ સંતનું હૃદય છે, બીજી બાજુ ભકતનું અંતર છે. હૃદય શુદ્ધ કરવાને, અંતરની મલિનતા દૂર કરવાને માટે, ભકતનું હૃદય નિર્મળ કરવાને યત્ન એ સંતોનું કાર્યક્ષેત્ર છે અને તેથી જ સંતોનું શરણાગતરક્ષકનું બિરુદ યથાર્થ છે. ભગવાનના પાઠવ્યા સંતો એ કાર્યમાં તેથી જ અહોનિશ રત રહે છે

શ્રી. રતુભાઈને ત્યાં શ્રી. અવધુતને રતુભાઇના આદરા તિથ્યથી જેટલો સંતોષ થયો તેના કરતાં એ કુટુંબની સંતસેવાની તમન્ના અને લીનતા જોઇને વધુ સંતોષ થયો. રતુભાઈ, મંગુભાઈ, સુમનભાઇ વગેરે બધા જ ભાઇઓ શ્રી અવધુતની સેવામાં એક પગે તન્મય હતા શ્રી ભગવાને કહ્યું તેમ ભગવાનમાં જ મન, એની જ સેવા, એનો જ વાર્તાલાપ કરતા ભકતો ભગવાનને અતિશય પ્રિય છે, તેમ અહીં પણ સવારે, બપોરે અને સાંજે પ્રત્યેક પળે એ કુટુંબનાં માણસો વ્યવહારનાં કાર્યો કરતાં હોવા છતાં ચિત્ત શ્રી અવધુતમાં જ રાખતાં. શ્રી અવધુતની સેવામાં જ રત રહેતાં અને તેના પરિણામે પ્રત્યેક પળે અવધુતની વધુ નિકટ આવતાં જતાં.

એક પ્રસંગે ભકતો સાથે શ્રી. અવધૂત વાતે વળગ્યા હતા ત્યારે શ્રી. રતુભાઇએ એક પ્રશ્ન પૂછયો:

"બાપજી ! આપ તો પરમ પવિત્ર છો, આપની સેવામાં રહેલો માનવી એ પવિત્રતાનાં રજકણો પ્રાપ્ત કરીને પવિત્ર બને છે, છતાં આપના સાંનિધ્યમાં પણ મારા અંતરમાં વિકારયુક્ત વિચારો કેમ આવે છે ?"

પ્રશ્ન ઉત્તમ હતો. પ્રત્યેક માણસના અનુભવનો એ પ્રશ્ન હતો. આપણે મંદિરમાં અને બીજા પવિત્ર સ્થળે જઇએ છીએ. ભગવાનની પ્રતિમાનાં દર્શન કરીએ છીએ, પણ તે પળે પણ આપણું મન કયાં ભટકતું હોય છે તે આપણે જાણી શકતા નથી અથવા એવા ભટકતા મનને સંકેલીને ભગવાનના સ્વરૂપમાં લીન કરી શકતા નથી. એનું કારણ જાણવાની તો પ્રત્યેક જિજ્ઞાસુને ઈચ્છા હોય પણ આગળ પડીને પોતાની નબળાઈ કોણ વ્યકત કરે ? શ્રી. રતુભાઇએ એ નબળાઇને ઠોકરે મારી અને હામ ભીડીને પ્રશ્ન પૂછયો. તે પૂછવાનું કારણ માત્ર કુતૂહલ હતું કે જિજ્ઞાસા હતી

તે તો પ્રશ્ન પૂછનારના મુખ ઉપરથી જ શ્રી. અવધૂત પારખી શકે તેમ હતું. એ પ્રશ્નનો જવાબ શ્રી. અવધૂતે આપ્યો તે સારરૂપે કહીશું.

"ગધેડું ભૂંકે તેમાં ગધેડાનો દોષ નથી. ગધેડું ન ભૂંકે તો એને ગધેડું કોણ કહે? ગધેડાનો ધર્મ અને સ્વભાવ ભૂંકવાનો છે તેમ મનનો સ્વભાવ જ સંકલ્પવિકલ્પ કરવાનો છે. પ્રબળ સંસ્કારોના પરિણામે એ સંકલ્પવિકલ્પનો પ્રવાહ અભંગપણે ચાલતો જ હોય છે. અને મન છે તો જ માનવી છે, મન નથી તો માનવી નથી, તે ભગવાન છે. મન પોતાનો ધર્મ બજાવે છે. જીવાત્માએ બુદ્ધિ અને જ્ઞાનનો ઉપયોગ કરીને પોતાનો ધર્મ બજાવવો જોઇએ. મનના વિચારોની પાછળ ઘસડાવું એ તમારા પુરુષાર્થની પણ નિર્મળતા છે. એને હડસેલીને મનને તમારા તાબામાં લાવવાનો યત્ન તમારે કરવાનો છે. એ મનના વિચારોની પાછળ તમે જશો તો મમત્વ વધશે. તમે મોહ અને મમત્વના કારણે સુખ કિંવા દુઃખનો અનુભવ કરશો. મનના વિચારો ભલે આવે, સરિતાનું વહેણ ભલે વહે પરંતુ તેનો અવરોધ કરી તેને તમારી કલ્પના અનુસાર વાળવું એ તમારૂં કાર્ય છે. મનના વિચારો આવે તેને તમે સરિતાના નીર પેરે વહેવા દો. કેવળ તટસ્થ બની, તેમાં તરબોળ બન્યા વિના એ વિચારોનાં આંદોલનોને વાયુ-મંડળમાં વહેતાં અનુભવતા રહો. એ વિચારો વાયુમંડળમાં એક વખત વિસ્તાર પામ્યા કે ફરીથી તમારી પાસે આવવાના નથી. સરિતાનું વહેણ પૂર્વમાંથી પશ્ચિમમાં જ જવાનું છે, ફરીથી પૂર્વમાં આવવાનું નથી. તેવી જ રીતે તમારા મનમાંથી નીકળેલા વિચારો ફરીથી મનમાં આવવાના નથી વિચારોનો સંગ્રહ ન કરો તો એ નિષ્ફળ બની જશે. જેમ એક ઘંટનો નાદ થાય છે તે પાછો ઘંટમાં ન આવતાં વાયુમંડળમાં પ્રસરતો પ્રસરતો અંતે વિલીન થઈ જાય છે તેમ ધીમે ધીમે એ વિચારો વાતાવરણમાં ઘસડાઇ જશે. એ વિચારો કશું જ પરિણામ નીપજાવી શકશે નહિ. માત્ર દૃષ્ટા બનો

અને નાટકમાં જેમ દશ્યનો આનંદ લો છો તેમ વિચારના પણ તટસ્થ રહીને દ્રષ્ટા બનો. તેમાં એકરૂપ થયા વગર અલિપ્તપણે એનું નૃત્ય નિહાળો તો એ તમને કોઇ રીતે ખેંચી શકશે નહિ અને આપમેળે નાચીનાચીને થાકી જતાં શમી જશે."

"પણ તે રીતે દ્રષ્ટા ન થવાય તો ?"

"એ વિચારો મને આપી દો. તમારૂં મન મને આપી દો. મારી આગળ મૂકી દો અને મોકળા બનો" સંતો સેવકના હિત અર્થે તેનું મન માગે છે. શ્રી. રતુભાઇએ કહ્યુંઃ

"આપ્યું બાપજી."

પણ એ ઉત્તર પણ જો કેવળ વિનય ખાતર જ હોય તો એનો કશો અર્થ નથી, તેનું કશું જ પરિણામ આવતું નથી. ધૂળ ઉપર લીંપણ ચોંટતું નથી તેમ કેવળ વૈખરીનો પ્રયોગ કરવાથી મન કોઈને આપી શકાતું નથી. એને માટે તો તનતોડ મહેનત કરવી પડે છે ત્યારે કયાંક મન થાળે પડે છે. મનના વ્યાપારથી મુકત થવા માટે શ્રી. રતુભાઇએ ઉત્તર આપ્યો હોય તો તેનું અવશ્ય પરિણામ આવે. પોતાના ભકતના ઉત્કર્ષ અર્થે સંતો આંતરિક માર્ગે પ્રેરે અને પરિણામે મનની ચૂડમાંથી સમય જતાં ભકત મુકત બની શકે. વિચારો ઉત્પન્ન થશે પણ એ "મારા વિચારો નથી" એવી જાગૃત અવસ્થા પ્રત્યેક પળે રહેશે. એના પરિણામે જેને મન અર્પણ કર્યું છે તેના તરફ એ વિચારો વળશે. ત્યાં તો વજ્રકઠોર દિવાલ હોવાથી એ વિચારોનો પ્રત્યાઘાત પડશે નહિ. એ વજ્રકઠોર સંતહૃદયને ભેદીને અંદર પ્રવેશવાનું બળ એ મનના નિર્માલ્ય વિચારોમાં નથી. એ વિચારો પ્રત્યાઘાત સહન કરીને પાછા વિચાર કરનાર તરફ આવી શકતા નથી. એટલે એ વિચારો ત્રિશંકુ પેઠે અંતરિક્ષમાં અટવાયા કરશે અને પરિણામે નાદ પ્રમાણે વિલીન થઈ જશે.

આ તો એક નજીવો પ્રસંગ છે. સંતને અનન્યભાવે શરણે જનારે નિરાશ થવાની જરૂર નથી. સંતસેવાનાં ફળ તો અવશ્ય મળે જ છે, પરંતુ ફળ પાકે નહિ ત્યાં સુધી તે ભોગવી શકાતાં નથી તેમ સંત પણ જ્યાં સુધી સેવક પાત્ર બને નહિ ત્યાં સુધી તેના ઉપર પ્રસાદવૃષ્ટિ કરતા નથી. સંતની સેવામાં માત્ર શ્રદ્ધા અને ભાવની આવશ્યકતા છે. શ્રી અવધૂતે પ્રસંગવસાત્ કહ્યું—"ભગવાનની ભક્તિ ભાવપ્રધાન છે ભક્તિમાં જ નહિ પણ વ્યવહાર કે પરમાર્થમાં ભાવ જ પ્રધાન છે. ભાવ વિના કોઈ પણ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. પરમાત્મા બધે જ વ્યાપક છે, પણ ભાવ વિના તે કશે જ પ્રાપ્ત થતો નથી. પાણી બધે જ પથરાયેલું છે પણ કૂવો ખોદ્યા વિના તે મળી શકતું નથી. પથ્થરમાં, કાષ્ટમાં કે માટીમાં પરમાત્મા નથી, પણ તે કેવળ ભાવ વડે જ છે. ગુરુનું પણ તેવું જ છે. ગુરુ કશું જ કરતા નથી. શિષ્યનો તારક તો તેનો ગુરુભાવ જ છે. એ ભાવ જેટલો ઘનિષ્ટ અને એકનિષ્ઠ તેટલો એનો ઉદ્ધાર જલ્દી. પાષાણની પ્રતિમામાં જ્યાંસુધી પરમાત્મભાવ જાગૃત થતો નથી ત્યાં સુધી એ પાષાણ જ રહે છે, પણ જ્યારે એ પ્રતિમામાં પરમાત્મબુદ્ધિ જાગૃત થાય છે ત્યારે જ એ પ્રતિમા પરમાત્મારૂપે ફલપ્રદાતા બને છે. પ્રતીક સાથે કશો જ સંબંધ નથી. પણ તે પ્રતીકમાં જેવો ભાવ રાખીએ તેને અનુરૂપ જ ફળ પ્રાપ્ત થાય છે. અને તેથી જ ભક્તિ ભાવપ્રધાન કહી છે. સંતો જે દરેક વસ્તુ કરે તે કરવાની જરૂર નથી, તે કહે તે કરવાની જરૂર છે. સંતોની આજ્ઞાનો આચાર માત્ર કરવાથી જ કશો અર્થ સરતો નથી પણ તે આચારની પાછળ ભારોભાર વિશ્વાસ હોવો જરૂરી છે. સંતોને ભાવતા ભોજન પીરસનાર ભક્તોનો પાર નથી. છતાં તે સૂકો રોટલો જમે છે. જ્યારે તમને ભાવતાં ભોજનની ઈચ્છા હોવા છતાં તમે પરાણે સૂકો રોટલો ખાવ છો. સંતો મળે છે છતાં તેનો ત્યાગ કરે છે. જ્યારે બીજાઓ પ્રાપ્તિના અભાવે ત્યાગ કરે છે પડયા તો કહેશે નમસ્કાર કર્યા. એટલે ટૂંકમાં સંતોનું અનુકરણ

હાનિકારક છે. સંતોને અપ્રાપ્તિનો ક્લેશ નથી, બીજાઓનું તો તે અપ્રાપ્તિ કાળજું કોરે છે. સંતોમાં અને પ્રાકૃતજનોમાં ફેર હોય તો તે આટલો જ છે.

સંતોને કોઇપણ વસ્તુની જરૂર નથી. જો કોઈ વસ્તુની આવશ્યકતા કે તેનો અભાવ વર્તાય તો તે સંત નથી. સંત કામનાજાળમુક્ત છે. વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા એ કામના છે. જે આપ્તકામ છે તેને શાની જરૂર હોય ? ઉણપની ભાવનામાં જ દુઃખનો અનુભવ થાય છે. એટલે ભાવના એ સર્વ ક્ષેત્રમાં મહત્ત્વની વસ્તુ છે તેથી જ भावरूपं फलं दत्तो એમ કહેવામાં આવ્યું છે.

હાંસાપુર નિવાસ દરમ્યાન એક દિવસ શ્રી. રતિભાઇનાં ધર્મપત્ની સૌ. કૈલાસબેન પૂ. શ્રી, પાસે ગયાં. શ્રી. દોલતભાઈનાં પત્ની સૌ. મધુબેનને ગળામાં કંઈ વરસોળી જેવું દેખાતું હતું. અને તે બહાર ઉપસી આવ્યું હતું. સોજો પણ આવ્યો હતો. શ્રી. અવધૂતને તે બતાવ્યું. શ્રી. અવધૂતે કહ્યું "તમે વહેમી લોકો કંઈ થાય કે ગભરાટમાં પડી જાવ. મને તો કંઇ દેખાતું નથી. છતાં કંઇ થાય તો તમારા ગુરુ દાકતર. બતાવો કોઈકને અને કહે તો મૂકો છરી." એમ કહી શ્રી. અવધુતે હસતાં હસતાં શસ્ત્રક્રિયા કરાવી લેવાની સલાહ આપી. અને પછી અટ્ટહાસ્ય કર્યું. થોડા દિન પછી એ કારણે મધુબેનને મુંબઇ લઇ ગયા. ડોકટરને બતાવ્યું અને X Ray થી ફોટો લેવાનું નક્કી કર્યું. ફોટો લેતાં એ સોજો પણ ન જણાયો, વરસોળી પણ ન જણાઈ. ડૉકટર સાહેબ તો ઝંખવાણા જ પડી ગયા. બસ, ત્યારથી સૌ. મધુબેનની એ ઉપાધિ ગઈ આમ સંતના એક જ કૃપાકટાક્ષે, જે વ્યાધી અર્થે ડૉકટરોને સેંકડો રૂપીયા આપ્યા હતા. તે મટી ગઈ બધાને આનંદ થયો.

હાંસાપુર નિવાસ દરમ્યાન બીજો એક નોંધપાત્ર બનાવ બન્યો.

સુરતના સુપ્રસિદ્ધ ડૉ. રણજીતભાઇના એક મિત્ર શ્રી. શર્મા, કે જે ઉધના ઉદ્યોગનગરમાં બાટલીબોય એન્ડ બાટલીબોય કારખાનાના મેનેજર ઈન્જિનિયર છે, તેમનો નિવાસ સુરતમાં શ્રી. રણછોડભાઈના મકાનમાં હોવાથી તેમને બન્નેનો સંબંધ સારો છે તેમને ત્યાં બે બટુકોને યજ્ઞોપવીત આપવાનાં હતાં શ્રી. શર્માના વૃદ્ધ અને વિદ્વાન પિતા કર્મનિષ્ઠ હતા. શ્રી. શર્માજીનો નિશ્ચય હતો કે એ યજ્ઞોપવીત સમારંભ શ્રી. અવધુતજીના સાન્નિધ્યમાં થાય. એમના પિતાશ્રી પણ ત્યાં આવેલા હતા તેમના રૂબરૂમાં જ શ્રી. શર્માજીએ પૂ શ્રી. આગળ એ પ્રસ્તાવ મૂકયો શ્રી. અવધુતે અનુમતિ દર્શાવી. પહેલાં તો એ વિધિ પ્રજાપતિ વાડીના મુકામ દરમ્યાન પતાવવાનો નિશ્ચય થયો હતો. પાછળથી સંજોગો પલટાયા એ વાત આગળ કહેવાઇ ગઇ છે. શ્રી રતુભાઇને આ પ્રસંગ સંબંધમાં વાત કરી. આ બધા જ ભાઇઓએ પોતાને ત્યાં આવો મંગલવિધિ ઉજવવાનો આગ્રહ કર્યો એ રીતે એ વિધિ શ્રી રતુભાઇની ચીવટભરી દેખરેખ નીચે અનાવિલવાડીમાં ઉજવવામાં આવ્યો

હાંસાપુરમાં શ્રી. રતુભાઈના 'હંસપ્રસાદ' નજીક 'અનાવિલવાડી'માં આ પ્રસંગ ઉજવવાનું નકકી થયું. ઘણું કરીને આવા પ્રસંગો એ વાડીમાં જ ઉજવાતા. શ્રી. અવધૂતનાં પુનિત ચરણારવિન્દ એ નિમિત્તે આ વાડીમાં પડયાં.

તા. ૧૪-૬-૬૨ના મંગલ પ્રભાતે શ્રી. શર્માજી તથા ડૉ રણજીતભાઈ સહકુટુંબ હાંસાપુર આવી પહોંચ્યા. બે વિદ્વાન બ્રાહ્મણો પણ સાથે લાવ્યા હતા યજ્ઞોપવીતના શ્રીગણેશ મંડાયા. સંસ્કારવિધિ પૂરો થયા પછી યજ્ઞોપવીત દેવાનો પ્રસંગ આવતાં શ્રી. અવધુતજી પધાર્યા. બટુકોના દાદાજીના મુખેથી મંત્રોપદેશ થયો શ્રી. રતુભાઈએ બધી જ તૈયારી કરી આપી હતી. જોઇતી સાધનસામગ્રી પણ ભેગી કરી આપી હતી. શ્રી, શર્માના પિતાશ્રીને

તે તો પ્રશ્ન પૂછનારના મુખ ઉપરથી જ શ્રી. અવધૂત પારખી શકે તેમ હતું. એ પ્રશ્નનો જવાબ શ્રી. અવધૂતે આપ્યો તે સારરૂપે કહીશું.

"ગધેડું ભૂંકે તેમાં ગધેડાનો દોષ નથી. ગધેડું ન ભૂંકે તો એને ગધેડું કોણ કહે? ગધેડાનો ધર્મ અને સ્વભાવ ભૂંકવાનો છે તેમ મનનો સ્વભાવ જ સંકલ્પવિકલ્પ કરવાનો છે. પ્રબળ સંસ્કારોના પરિણામે એ સંકલ્પવિકલ્પનો પ્રવાહ અભંગપણે ચાલતો જ હોય છે. અને મન છે તો જ માનવી છે, મન નથી તો માનવી નથી, તે ભગવાન છે. મન પોતાનો ધર્મ બજાવે છે. જીવાત્માએ બુદ્ધિ અને જ્ઞાનનો ઉપયોગ કરીને પોતાનો ધર્મ બજાવવો જોઇએ. મનના વિચારોની પાછળ ઘસડાવું એ તમારા પુરુષાર્થની પણ નિર્મળતા છે. એને હડસેલીને મનને તમારા તાબામાં લાવવાનો યત્ન તમારે કરવાનો છે. એ મનના વિચારોની પાછળ તમે જશો તો મમત્વ વધશે. તમે મોહ અને મમત્વના કારણે સુખ કિંવા દુઃખનો અનુભવ કરશો. મનના વિચારો ભલે આવે, સરિતાનું વહેણ ભલે વહે પરંતુ તેનો અવરોધ કરી તેને તમારી કલ્પના અનુસાર વાળવું એ તમારૂં કાર્ય છે. મનના વિચારો આવે તેને તમે સરિતાના નીર પેરે વહેવા દો. કેવળ તટસ્થ બની, તેમાં તરબોળ બન્યા વિના એ વિચારોનાં આંદોલનોને વાયુ-મંડળમાં વહેતાં અનુભવતા રહો. એ વિચારો વાયુમંડળમાં એક વખત વિસ્તાર પામ્યા કે ફરીથી તમારી પાસે આવવાના નથી. સરિતાનું વહેણ પૂર્વમાંથી પશ્ચિમમાં જ જવાનું છે, ફરીથી પૂર્વમાં આવવાનું નથી. તેવી જ રીતે તમારા મનમાંથી નીકળેલા વિચારો ફરીથી મનમાં આવવાના નથી વિચારોનો સંગ્રહ ન કરો તો એ નિષ્ફળ બની જશે. જેમ એક ઘંટનો નાદ થાય છે તે પાછો ઘંટમાં ન આવતાં વાયુમંડળમાં પ્રસરતો પ્રસરતો અંતે વિલીન થઈ જાય છે તેમ ધીમે ધીમે એ વિચારો વાતાવરણમાં ઘસડાઇ જશે. એ વિચારો કશું જ પરિણામ નીપજાવી શકશે નહિ. માત્ર દૃષ્ટા બનો

તોરણ, ધ્વજા પતાકાથી એ મંદિર શણગારવામાં આવ્યું હતું. શ્રીદત્ત ધુણી આગળ શ્રી. અવધુત બિરાજ્યા ત્યાંના પૂજારીએ અવધુતી ઢબે શ્રી અવધુતનું પૂજન કર્યું. ઠાકોરભાઈએ પણ શ્રી. અવધુતને પુષ્પમાળા અર્પણ કરી બીજા દર્શનાર્થીઓએ પણ પુષ્પમાળા, શ્રીફળ આદિથી પૂ. શ્રીને સત્કાર્યા. શ્રી અવધુતે સ્મિતવદને સર્વને આશિષ આપી. આપ સમારંભ ચાલતો હતો ત્યારે શ્રી. ઠાકોરભાઈએ શ્રી અવધુતને ત્રિશૂળ બતાવ્યું નવસારીમાં તૈયાર કરાવી શ્રીદત્તમહારાજના આયુધોમાં એને મૂકવાનું હોવાથી તે અભિમંત્રિત કરી અવધુત ઠાકોરભાઈને તે પાછું આપ્યું તે પછી તેને મંદિરમાં પાછું મૂકવામાં આવ્યું.

એરથાણથી હાંસાપુર આવવા શ્રી. અવધુત નીકળ્યા અને રસ્તે પડયા ત્યારે એક ભાઈએ એઓશ્રીની ગાડી થોભાવી. એ ત્રણ માઇલ પર આવેલા એક ગામડામાંથી એક અતિવૃદ્ધ બ્રાહ્મણ ભક્ત શ્રી. અવધુતના દર્શને આવતા હતા. વૃધ્ધ હતા એટલે વિલંબ થયો. શ્રી. અવધુતે ગાડી ઉભી રખાવી એ બ્રાહ્મણ આવ્યા દર્શન કર્યાં, સંતોષ થયો શ્રી અવધુતે પૂછ્યું—

"હવે જાઉં ભાઈ?"

"પધારો મહારાજ"

અને ગાડી હાંસાપુર તરફ હંકારાઇ

શ્રી. રતિલાલભાઇનું કુટુંબ સન ૧૯૫૨ પહેલાંથી જ પ્રસિદ્ધ અવધુત શ્રી હંસદેવજી મહારાજની છત્રછાયા તળે હતું. અને એમના નવા નિવાસનું નામ પણ એમણે "હંસપ્રસાદ" પાડયું છે. શ્રી. હંસદેવજી મહારાજ હાંસાપુર એમને ઘેર પણ ૧૯૫૦માં પધાર્યા હતા સન ૧૯૫૨ માં સુમનભાઈના વ્યાધિને કારણે એ કુટુંબને નારેશ્વરના શ્રી. રંગ અવધુત મહારાજનો પરિચય થયો હતો. અને શ્રી. હંસદેવજીના ૧૯૫૯માં દેહવિલય પછી તો

એમની કોઇ ગેબી પ્રેરણાથી આ કુટુંબ નારેશ્વરના શ્રી. રંગ અવધુતજી તરફ કોઈ અસામાન્ય આકર્ષણથી ખેંચાયું. શ્રી. હંસદેવજીએ પોતાના લાડકવાયા પરિવારને શ્રી. રંગ અવધુતજીના શરણમાં સોપ્યું હતું એમ કહીએ તો તે વધારે પડતું નથી. શ્રી. રતુભાઇ અને એમના કુટુંબીજનોને અંતઃકરણમાં કંઇક એવી જ પ્રતીતિ થઇ અને તેઓ આ બન્ને અવધુતોને અભેદ દૃષ્ટિથી જોવા લાગ્યા. શ્રી. બલ્લુભાઈએ દુર્ગાપુર વગેરે સ્થળોએ પગ જમાવ્યો હતો અને પ્રારબ્ધયોગે લક્ષ્મીની મહેર પણ એમના પર ઉતરતી થઇ હતી, શ્રી. મંગુભાઇની આગળ કહ્યો તે પ્રસંગને લીધે શ્રી. રંગ અવધુતજી તરફની એ ભક્તિમાં અધિક ભરતી થઇ હતી. ભાવ પણ વધતો ગયો. પરિણામે ઉપર કહ્યું તેમ શ્રી. અવધુત હાંસાપુર પધાર્યા હતા. આમ આ કુટુંબની સાધુસંતો ઉપરની કોઇ વિલક્ષણ નિષ્ઠા છે. પ્રભુકૃપાએ મળતી લક્ષ્મીને પરાર્થે પણ યોગ્ય વ્યય કરી "આપ્યું તેં તારાને આપી રાચું મન મોઝાર" એ અવધુતની કાવ્યપંક્તિ પોતાના જીવનમાં ચરિતાર્થ કરવાને પ્રયત્નશીલ રહી સંતોષથી જીવન વ્યતીત કરી રહ્યું છે.

શ્રી. અવધૂત હાંસાપુર પધાર્યા ત્યારે શ્રી. છોટુભાઈના નાના દીકરાને વિચિત્ર પ્રકારની ઉપાધિ હતી. ઝાડાપેશાબના આંતરિક પડદામાં ફાટ હતી તે સાંધવાને માટે ઓપરેશન કરવાનું હતું. મુંબઇના નિષ્ણાંત ડૉ. નાનુભાઈ દેસાઇ દર રવિવારે બિલિમોરા શ્રી. ઇશ્વરભાઇના દવાખાનામાં ઓપરેશન અર્થે આવે છે. તેમણે એ છોકરાને જોયો. ઓપરેશન કરવાની સૂચના આપી. શ્રી. અવધૂતને શ્રી. છોટુભાઇએ બધી વાત કરી. અવધૂતજીએ ઓપરેશન અતિભારે હોવા છતાં નચિંત રહી કરવાની અનુમતિ આપી. શ્રી. અવધૂતજીનો મુકામ હાંસાપુરથી ઉઠાવ્યા પછી એકાદ મહિને ઓપરેશન થયું. પરિણામે ડોકટરે જાહેર કર્યું કે ઓપરેશન સોએ સો ટકા સફળ થયું છે. આમ સંતની કૃપાએ બાળકને જીવનદાન મળ્યું.

હાંસાપુર સાત દિવસ નિવાસ કર્યા પછી હવે શ્રી. અવધૂત નવસારી થઈને બિલિમોરા પધારવાના હતા. વિદાયની તૈયારીઓ થવા માંડી. આગળ કહ્યું તેમ વિદાયનો વિકટ અવસર દરેકના હૃદયને ચકડોળે ચડાવે છે, તેમાં પણ શ્રી. રતુભાઈ જેવા ઊર્મિશીલ ભક્તહૃદયને એવા સંતને વિદાય દેતાં કેટલું કષ્ટ થાય તે તો એવું કોઇ ઉર્મિશીલ હૃદય જ કલ્પી શકે. જેમ જેમ વિદાયનો વખત પાસે આવતો ગયો તેમ તેમ કુટુંબમાં શોકની લાગણી છવાતી ગઈ. સ્વજનથી પણ અધિક પ્રિય થઇ પડેલાં શ્રી અવધૂતને વિદાય આપવાનું કોને મન થાય ? પણ શું કરે ? ગાડી આવી. નવસારીથી શ્રી. મોતીરામ શુક્લ તરફથી માણસ આવ્યો. વિશ્રાન્તિ પછી શ્રી. અવધૂતે સ્નાન કર્યું. બધાંઓએ ભજનકીર્તન કર્યાં. અને સુમારે ચાર વાગ્યે શ્રી. અવધૂત હાંસાપુરથી નવસારી જવા નીકળ્યા. કેવળ કુટુંબીજનો જ નહિ. પણ ત્યાં વિદાય આપવા ભેગા થયેલા ભાવિક ભાઇબેનોની આંખો ભીની થઇ, મોં ઉતરી ગયાં, અને તોય શ્રી. અવધૂત ગાડીમાં બેઠા. "અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત"ના ગગનભેદી અવાજ થયા અને શ્રી. અવધૂતની ગાડી રવાના થઈ.

૨૦

નવસારી

તા. ૧૫-૬-૬૨ બ્રાહ્મણવાડી

શ્રી. અવધૂતનો મુકામ તા. ૧૬-૬-૬૨ ના રોજ બિલિમોરા જવાનો ઠર્યો હતો. ત્યાં જવાને નવસારી સ્ટેશન સિવાય બીજો કોઇ માર્ગ નહતો. નવસારીના શ્રી. મોતીરામ શુકલની પ્રાર્થનાને સફળ બનાવી તેમને ત્યાં એકાદ કલાક પધારવાની શ્રી. અવધૂતે તેમને અનુમતિ આપી હતી. તેથી જ નવસારી રોકાણ થવાનું હતું. હાંસાપુરથી પરોઢિયે નીકળી મોતીરામને ત્યાંનો વાયદો પૂરો કરી ઉડતીરાણીમાં બિલિમોરા રવાના થતાં કદાચ એ ગાડી ચૂકાય એવો ભય હતો. નવસારીના લોકોએ આમ તો અવારનવાર

સુપા, સિસોદરા વગેરે સ્થળોએ આવી શ્રી. અવધૂતજીના દર્શન કર્યાં હતાં આમજનતાની વિભૂતિનાં દર્શન કરવાની અભિલાષા અધૂરી જ હતી. આવા કારણોને લીધે એક રાત્રી નવસારીમાં રોકાઈ મોતીરામનો વાયદો પૂરો કરી બિલિમોરા જવાનું ઠરાવ્યું હતું. તેના અનુસંધાનમાં શ્રી. અવધૂત હાંસાપુરથી નવસારી પધાર્યા.

શ્રી. અવધૂત નવસારી મોતીરામભાઇને ત્યાં પધારવાના છે એ વાવડ સર્વત્ર પ્રસરી ગયા હતા. રાત્રે બ્રાહ્મણવાડીમાં નિવાસ કરવાના છે એ પણ જાહેર થઇ ગયું હતું. શ્રી. અવધૂત મોતીરામ-ભાઈને ત્યાં પધારે તે પહેલાં તો ત્યાં આગળ દર્શન અર્થે માનવમેદની જમા થઇ હતી. હજાર બે હજાર માણસનું ટોળું એ નાનકડી શેરીમાં શેં સમાય ? દર્શનપ્યાસી આંખો પૂ. શ્રી. આવ-વાના રસ્તા તરફ મંડાયેલી રહી હતી. "હમણાં આવશે, હમણાં આવશે, એમ અદ્ધર જીવે બધા કાગડોળે વાટ જોતા હતા. ત્યાં તો આશાપુરી માતાના રસ્તે થઇને શ્રી. રામજીભાઈ મણિ-ભાઈ નાયકના 'રંગનિવાસ' આગળ આવીને ગાડી ઊભી. અહીં શ્રી મોતીરામભાઈ પણ વિપ્રસમાજ સાથે શ્રી અવધૂતને સત્કારવાને પુષ્પહાર સાથે ઊભા જ હતા. માનવમેદની તો ગાડી આવતાં જ તેની આજુબાજુ વીંટળાઈ વળી. ગાડી જવાનો પણ માર્ગ ન મળે એવી પરિસ્થિતિ થઇ. 'શ્રી અવધૂત 'મહારાજકી જય'નો ઘોષ દિગંતમાં ગૂંજી રહ્યો. લોકોનાં ટોળાને ચીરીને ગાડી ગોકળગાયની ગતિએ શ્રી. મોતીરામભાઇના ઘર આગળ પહોંચી અહીં શ્રી મોતીરામભાઇના મકાનના પ્રાંગણમાં પાદુકાપૂજન સમારંભ ગોઠવાયો હતો. સામે એક ઊંચા આસન પર શ્રી. અવધુતની બેઠક હતી. ચારે કોર દર્શનાર્થીઓની ઠઠ જામી હતી. અને છતાંય એ બધું પતાવી સુમારે સાતેક વાગ્યે શ્રી. અવધુત બ્રાહ્મણની વાડીમાં રાત્રે વિશ્રાંતિ અર્થે પધાર્યા.

મોઢ ચાતુર્વેદી બ્રાહ્મણોની દુધિયા તળાવ ઉપર વિશાળ જગ્યા છે. રાત્રે વિશ્રાન્તિ લેવા માટે અહીં બધી જ વ્યવસ્થા રાખવામાં આવી હતી. શ્રી. અવધુતને સત્કારવાને માટે ઉભા કરેલા મંડપની ચોપાસ આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષોનાં ઝુંડનાં ઝુંડ ઊભાં હતાં પગ મૂકવાની પણ જગ્યા નહતી.

પ્રવાસના પરિશ્રમથી શ્રાંત છતાંય પોતાના દર્શન અર્થે કલાકો અધીર બની ભેળા મળેલા ભકતોને દર્શનથી વંચિત રાખવા એ શ્રી. અવધુતના સ્વભાવને રુચિકર ન હતું. અને તેથી જ પોતે તૈયાર કરેલા આસન ઉપર બિરાજ્યા ભૂખ્યાને જેમ અન્નનો ઢગ મળે અને અન્નાર્થે પડાપડી કરે તેમ લોકો દર્શન માટે પડાપડી કરવા લાગ્યા. વ્યવસ્થા જાળવવાના પ્રયાસો થયા પણ દર્શનાર્થીઓનો જાણે દરિયો જ ઉલટયો હતો. ત્યાં કયાં પાળ બંધાય ? આખરે કલાકેક પછી શ્રી. અવધુત વિશ્રાન્વિ માટે માળ ઉપર પધાર્યા.

શ્રી. અવધુત સ્નાન કરી, અલ્પ ફલાહાર કરી વિશ્રાન્તિ લેવાની તૈયારી કરતા હતા. પણ હજી દર્શનાર્થીઓની ભીડ તો નીચે જેમની તેમજ હતી. નવસારી જેવું શહેર એક જ રાત્રી નિવાસ, એમાં ભાવિક જનો પોતાની દર્શનપિપાસા તૃપ્ત કરવાને તરફડતા હતા, અંતે શ્રી. અવધુતને એ ભાવિકજનો પ્રત્યે અનુકંપા થઇ અને રાત્રે પાછા નીચે પધાર્યા. અંધકારમાં શુ દર્શન થાય? અવધુતે દીપક પ્રગટાવવાની આજ્ઞા આપી અને પોતે કાળાં ચશમાં પહેરીને બેઠા. આખરે લગભગ દશેક વાગ્યાના સુમારે દર્શનાર્થીઓની ભીડ ઓછી થઇ અને પછી જ અવધુતે વિશ્રાન્તિ લીધી.

પરોઢિયે લગભગ ચાર વાગે શ્રી. અવધુતે સ્નાન કર્યું. વિપ્રવૃંદે પાદુકાનું પૂજન કર્યું અને પ્રયાણ કરવાનું જ હતું એટલે સુમારે પાંચ સવા પાંચ વાગે શ્રી. અવધુત નવસારી સ્ટેશન

ઘર પહોંચ્યા. સ્ટેશને પણ દર્શનાર્થીઓની ભીડ જામી હતી. આમ તા. ૧૯ મીએ સવારે Flying Raneeમાં બિલિમોરા જવા રવાના થયા.

માસ્તર કુંતે વગેરે નવસારી સંગીતશાળાના સંગીત કલાકારોએ પોતાના વાદ્યો સાથે હાજરી આપીને લોકોને સંતુષ્ટ કર્યા હતા. અહીંની માફક જ સિસોદરા અને હાંસાપુર પણ આ ભકતહૃદય ભાઈઓએ આવીને પોતાની અંગત સેવાથી ભેળા થયેલા લોકોને તૃપ્ત કર્યા હતા. એ બધા પોતપોતાની કળામાં ઉત્તરોત્તર વધારે પ્રાવીણ્ય સંપાદન કરી લોકના અંતકરણમાં વિરાજતા પરમાત્માને પ્રસન્ન કરી કૃતાર્થ થાય એવા પૂજ્યશ્રીએ અંતરથી આશીર્વાદ આપ્યા હતા.

૨૧
બિલિમોરા

૧૯-૯-૬૨

શ્રી. મગનલાલ વશી બિલિમોરામાં ટ્રેકટરનો વેપાર કરે છે. આમ તો મુંબઈ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ છે. સારા અભ્યાસી છે. આજે ઉજળો દિવસ જોયો છે પણ ભૂતકાળ હતો અંધકાર-ગરીબીની વિટંબણાથી છવાયેલો. પ્રસંગવશાત્ શ્રી. અવધુતનાં નારેશ્વરમાં દર્શન થયાં. એ સહકુટુંબ ચોમાસાના દિવસોમાં નારેશ્વર જવા રવાના થયાં. વૃષ્ટિ મુશળધાર, અંધારું ઘોર છતાંય દેવની દયાથી નિર્વિઘ્ને નારેશ્વર પહોંચ્યા વિદ્વાન હતા પણ વિપત્તિનાં વાદળાંથી ઘેરાયેલા ભારે હૈયે સંતની અમીદૃષ્ટિની આશામાં નામ સાંભળીને નારેશ્વર ગયા હતા. પ્રસંગોપાત્ આર્તની વૃત્તિ પામી જઇને સંતો વણમાગ્યે પણ મૂક આશીર્વાદ આપે છે. શ્રી. મગનભાઈનું પણ તેવું જ ઘોંચમાં પડેલું ગાડું સીધે રસ્તે ચઢયું. પ્રતિદિન પ્રગતિ થઈ અને આજે સુખી છે.

શ્રી. મગનભાઇ શ્રી. અવધુતની સેવા કરવાની ઉત્સુકતા પારખીને શ્રી. અવધૂતે બિલિમોરા તેમના આમંત્રણને સ્વીકાર્યું હતું. બેએક વરસ ઉપર ગણદેવી જતાં શ્રી. અવધૂતે માર્ગમાં શ્રી. રામચંદ્ર જોશીના બંગલામાં મુકામ કર્યો હતો, ત્યારે અને તે પછી પણ શ્રી. મગનભાઈ અવારનવાર શ્રી. અવધૂતને બિલિમોરા પધારવાની વિનંતિ કરતા હતા. અને આ વરસે એ વિનતિ ફળવતી થઈ. બિલિમોરાથી લગભગ બેએક માઈલને અંતરે દેસરા ગામ છે, ત્યાં શ્રી. ગોકુળભાઈ ભાણાભાઈ ઇંટવાળની વાડી છે. અને એક નાનકડું પણ રળિયામણું મકાન છે. એ આંબાવાડિયામાં જ શ્રી. અવધૂતનો મુકામ રાખ્યો હતો.

સવારમાં ગાડી બિલિમોરા સ્ટેશન પર આવી શ્રી. મગનભાઈ શ્રી ગોકુળભાઈ, શ્રી. દિનુભાઇ વગેરે ભકતોનાં ટોળાંએ શ્રી. અવધૂતનો સત્કાર કર્યો. અને પૂ. શ્રી. સીધા જ દેસરા ગામે નક્કી કરેલી વાડીમાં પધાર્યા.

ઉનાળાના દિવસો હતા. તાપ પ્રખર પડતો હતો. પણ નજીકમાં જ અંબિકા નદી વહેતી અને આંબાવાડિયાની છાયાને કારણે તાપનું પ્રમાણ ઓછું લાગતું નાનકડા ત્રણ ઓરડાના એ આવાસમાં શ્રી અવધૂત અને તેના પરિચારિકોએ મુકામ કર્યો. શ્રી. ગોકુળભાઈ તેમના લઘુબંધુ શ્રી. લાલભાઈ અને બીજાઓએ શ્રી. અવધૂતના મુકામમાં કોઈ પણ પ્રકારની અડચણ ન પડે એ હેતુએ કાળજી રાખી હતી. વિજળીની વ્યવસ્થા પણ કરી હતી. દિવસના તેમજ રાતના ભાગમાં વાયુસંચાર અર્થે વિજળીના પંખાઓનો પણ પ્રબંધ કરવામાં આવ્યો હતો. એ વાડીમાં પ્રવેશ દ્વાર આગળ જ પુરુષ અધ્યાપન મંદિર અને તેના શિક્ષક વિદ્યાર્થી ઓને રહેવાની વ્યવસ્થા હતી. લગભગ ૨૦૦ (બસો) વિદ્યાર્થીઓ અહીં શિક્ષણ લેતા હતા. પણ તેમના તરફની કોઈ પણ પ્રકારની અગવડ શ્રી. અવધુતના મુકામે થતી ન હતી.

આમ એક બે દિવસ વીત્યા ત્યાં તો જનતામાં શ્રી. અવધૂતના આગમનના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. સવારસાંજ લોકોનાં દર્શન અર્થે ભેગા થવા લાગ્યાં. ભજન વગેરે જામવા લાગ્યું. શ્રી. ગોકુળભાઇની વાડીનું વાતાવરણ ભગવન્નામના જયઘોષથી સભર બની સાત્ત્વિક બનતું ગયું.

એ વાડીની નજીક જ પ્રસિદ્ધ શ્રી. સોમનાથ મહાદેવનું મંદિર છે. ત્યાંના મહંત શ્રી. રણજીતગિરિજી છે. તેમના આગમન પછી એ સ્થાન ભાવિક ભક્તોની સહાયથી વ્યવસ્થિત થયું છે. આજે શોભાયમાન બન્યું છે.

લઘુતા એ સંતોનું લક્ષણ છે. સાધુતાનું મૂળ છે શ્રી. અવધૂતે લઘુત્વં સાધુતામૂલં એવું ગાયું છે. રણજીતગિરિજી તો હવે વૃદ્ધ અને જર્જરકાય થયાં છે. તેમને મળવા માટે શ્રી. અવધુતે એક સોમવારે સોમનાથનાં દર્શનમિષે ત્યાં જવાનું નક્કી કર્યું. ગયાં પણ ખરા યોગાનુયોગ ત્યાં નાસિકના મંડળેશ્વર શ્રી. અખંડાનંદ મહારાજ પણ પધાર્યા હતા. એ ઉભય વ્યક્તિઓના દર્શન કરી પોતાના લઘુતાનું ભક્તોને ભાન કરાવી 'લઘુતા એ સાધુતાનું મૂળ છે' એ આદર્શ સમાજ આગળ અજાણતાં જ રજૂ કર્યો. આ પ્રસંગથી બીજો પણ સાધુતાનો સિદ્ધાંત શ્રી. અવધૂતે ભક્તો આગળ મૂકયો. જે બીજાઓને માન આપે છે અને પોતે માન પ્રાપ્ત કરવાની વૃત્તિ અંતરમાં રાખતો નથી તેને જગત વણમાગ્યું માન આપે છે. આ સિદ્ધાંત સાધુતાના મૂળમાં રહેલો છે. જ્યા મનુષ્યના અંતરમાં લોકૈષણા છે, બીજાઓ તરફથી સન્માનની અપેક્ષા છે, ત્યાં સુધી તે દેહઅહંતાને વધારે છે. જ્યાં સુધી દેહઅહંતા છે ત્યાં સુધી સાચી સાધુતા દૂર સુદૂર છે. સાચો સાધુ સર્વત્ર સમદર્શી છે, સર્વત્ર ભગવાનનાં જ દર્શન કરે છે. અને ભગવાન ભાવે સર્વને સન્માન આપવામાં જરાય પાછો પડતો નથી. એમ કરીને પોતાનો અનાયાસેજ

ઉત્કર્ષ સાધે છે આ નાનકડા પ્રસંગે શ્રી. અવધુતની એ વૃત્તિનું પણ બીજાઓને દર્શન થયું. શ્રી. અવધૂતને માટે તો આવા પ્રસંગો સ્વાભાવિક છે, પરંતુ એને જગત જે ભાવે સન્માન આપે છે તેને માટે આ એક આદર્શરૂપ જ લેખાય. અસ્તુ.

આ એક જ પ્રસંગનો રણજીતગિરિજી ઉપર એવો પ્રભાવ પડયો કે બેચાર દિવસે તે પણ શ્રી. અવધુતના મુકામ પર મળવા આવ્યા. એટલું જ નહિ, પણ શ્રી. અવધુત જ્યારે દેસરાથી ગણદેવી ગયા ત્યારે શ્રી. ગોકુળભાઈના મુકામે પણ શ્રી અવધુતને મળવા માટે આવ્યા અને બે કલાક રોકાયા. કહેવાનું તાત્પર્ય એ કે તમે વેંત નમ્શો તો સામો માણસ હાથ નમશે. નમ્ર બનનાર કશું જ ગુમાવતો નથી, ઉલટું સામો બદલો મળે છે, અસ્તુ.

દેસરામાં શ્રી. અવધુતનો મુકામ હતો ત્યારે બિલિમોરાના સુશિક્ષિત ગૃહસ્થો પણ જિજ્ઞાસુવૃત્તિથી આવતા અને અનેક પ્રકારના આધ્યાત્મિક તેમજ અન્ય રાજકીય; વ્યાવહારિક પ્રશ્નો પણ પૂછતા શ્રી. અવધુત તેમના સંતોષકારક ઉત્તરો આપતા. પ્રશ્ન કરનારના મનનું સમાધાન કરતા. સાથે સાથે શ્રોતાઓના મનનું પણ સમાધાન થતું. આ પ્રકારનો વાર્તાલાપ તો શ્રી અવધુત જ્યાં જ્યાં પધારે છે ત્યાં ત્યાં બધે જ થતો હોય છે.

અહીં પણ કેટલાક ભાવિક ભાઇઓને પાદુકાપૂજન કરવાની ઇચ્છા થઇ. રા. મગનલાલ ગણપતરામ ભટ્ટ, શ્રીયુત નાનુભાઇ ઉપાધ્યાય, શ્રી. મૂળવદનભાઈ પટેલ વગેરે વગેરે પાંચસાત વ્યક્તિઓએ જુદા જુદા દિવસોએ પૂજન કર્યું. બગવાડા તા. પારડીની શાળાના શિક્ષક એક બિહાર પ્રાંતના ભાઇ છે, તેમણે પણ એક દિવસ પાદુકાનું પૂજન કર્યું. આમ અનેક વ્યક્તિઓએ પાદુકાપૂજનનો લાભ લીધો અને સાથે સાથે બીજાઓને પણ એ પ્રસંગે દર્શન તથા પ્રસાદનો લાભ મળ્યો.

નિત્યનિયમાનુસાર સવારના શ્રી. અવધુત ધ્યાનમાં બેસતા. ધ્યાનથી મુકત થયા પછી દર્શનસત્ર શરૂ થતું. ગામપરગામના જે ભાઈબેનો દર્શન અર્થે આવતાં તે શાંતિથી દર્શન કરતાં. ભજનિક હોય તો ભજન પણ થતાં અને વાર્તાલાપ પણ થતો. સવાર કરતાં લોકોને સાંજનો સમય વધું અનુકૂળ હતો. અને તેથી શ્રી. અવધૂત જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ત્યાં બધે જ સવાર કરતાં સાંજે દર્શનાર્થીઓની સારી ભીડ જામતી. બેનો ભજનમાં ખૂબ જ રસ લેતી અને ભજન પણ જામતું દેસરામાં પણ દરરોજ સાંજે ચાર વાગ્યાથી લોકોનો ભરાવો થતો હતો. સાંજે સો દોઢસો ભાવિકો ભેગા થતાં હતા, ભજન થતાં અને આનંદ આવતો. આનંદ એ તો સંતનો સ્વભાવ છે, પરમાત્મા આનંદ છે. સંતો પરમાત્માથી ભિન્ન નથી એટલે આનંદ જ હોયને ! જ્યાં આનંદનો જ સાક્ષાત્કાર થતો હોય ત્યાં સાક્ષાત્કાર કરનાર પણ તેટલો સમય તો આનંદનો જ અનુભવ કરે છે. અને તેના પ્રભાવે સમસ્ત જગત અને જાગતિક ઉપાધિઓ ભૂલી કેવળ આનંદસ્વરૂપ પરમાત્મામા જ લીન બને છે. આ નિર્ભેળ આનંદનો આગંતુકોને અહીં અનુભવ થતો હતો. અને શ્રી. અવધૂતના જીવનનું એ એક રહસ્ય છે. જ્યાં શ્રી. અવધુત હોય ત્યાં આનંદાતિરેક હશે, પણ બીજા કોઈ પણ વિપરીત ભાવનો અનુભવ થશે નહિ. અને આત્મૈકયનું જ એ પરિણામ છે એમ કહેવામાં કશું જ અજુગતું નથી અને તેથી જ—

સંસારના ઉદ્ધારના આધારસ્તંભો સંત છે,
માયાતણા મંડાણના ભંગાણકારી સંત છે,
ભૂલા પડયાના ભેરૂ શા સન્માર્ગદર્શક સંત છે,
અનન્ત કેરો પાર પામી શાન્ત દ્રષ્ટા સંત છે,
આધાર છે નોધારના વિશ્રાન્તના વિશ્રામ છે,
પરમાર્થપંથી પાંથના નિષ્કામસંગી સંત છે,

ભવસિન્ધુતારણહાર એ સાચા સુકાની સંત છે,
નિત અંતમાં અનંતને નિહાળનારા સંત છે,
માનવસ્વરૂપે માનવીમાં બ્રહ્મ જંગમ સંત છે,
વેદો અને વેદાંત કેરા પારગામી સંત છે,
આ દ્વૈતમાં અદ્વૈત જોનાર સાચા સંત છે,
સંસારભ્રમણા ટાળતા સન્મિત્ર કેવળ સંત છે,
આનંદસાગર સંત છે સચ્ચિદાત્મા સંત છે
નિઃસંગપૂરણકામ એ નિજબોધમૂર્તિ સંત છે

સંતોની આવી પ્રશંસા થાય તો તેમાં નવાઈ નથી. શ્રી. અવધુત સંત છે કે કેમ તે નિર્ણય તમારે કરવાનો છે. સૂર્ય પોતે સૂર્ય છે એમ કદિ કહેતો નથી. ઘણીવાર શ્રી. અવધુતને "આપ તો સંત છો" એમ કહીને બિરદાવવામાં આવે છે ત્યારે શ્રી. અવધૂત તરત જ

"હું કયાં સંત છું ? શાંત થઈશ ત્યારે ને !"

એ પ્રમાણે કહીને પોતાની અમાની અવસ્થાનો ઝાંખો ખ્યાલ આપે છે.

આમ બિલિમોરા દેસરામાં શ્રી. અવધુતના મુકામમાં આધ્યાત્મિક આનંદની છોળો ઉડતી હતી. અને પરિણામે ભૌતિક આનંદ નીરસ લાગતો હતો. શ્રી. ગોકુળભાઈ પોતાના અનેકવિધ વ્યવસાયોમાંથી પણ સમય કાઢીને નિત્યના નિયમ પ્રમાણે સવારે અને સાંજે શ્રી. અવધુતના દર્શને આવતા. તેમનાં પત્ની સૌ. શાન્તાબેન પણ નિત્ય ભજનમાં આવતા, પોતે પણ ભજનો ગવડાવતાં. શ્રી. મગનભાઈ વશીએ તો જાણે પોતાનો વેપાર થોડા વખત માટે અભરાઇએ ટાંગ્યો હોય તેમ સવારમાં સાતેક વાગ્યે આવે, બપોરે ભોજન કરવા જાય, વળી ચાર વાગ્યે આવે અને રાત્રે છેક આઠ વાગ્યે ઘેર જાય. આવી એમણે ખડે પગે શ્રી. અવધુતની સેવા કરી.

બિલિમોરા દેસરામાં આમ ભક્તો ભેળા થતા ત્યારે એકાદ કલાક શ્રી. અવધુત પ્રણિત અક્ષરગીતાનું વાંચન પુરુષ અધ્યાપન મંદિરનાં પ્રો. બેન લીલાબેન કરતા. એ ક્રમ ચાલુ હતો દરમ્યાન એક દિવસ સાંજનાં પ્રકાશાના માતાજી પોતાની મંડળી સાથે શ્રી. અવધૂતના દર્શન અર્થે આવ્યાં-

તાપીકિનારે નદબારથી થોડે દૂર પ્રકાશાજી તીર્થસ્થળ છે. અહીં એક માતાજી રહે છે. દેવીનાં પરમ ઉપાસક છે. પરંતુ દેવીના આદેશથી શ્રી. અવધુત પાસે આવેલાં અને શ્રી. અવધુતે એમણે મંત્રોપદેશ આપેલો. ત્યારથી દર વરસે એક વખત પોતાની મંડળી સાથે શ્રી. અવધૂત જ્યાં હોય ત્યાં દર્શનાર્થે આવે છે. આ વરસે પણ દર્શન અર્થે પોતે નારેશ્વર પધાર્યા હતા. પણ ત્યાં શ્રી. અવધૂતનાં દર્શન ન થવાથી તેઓ અહીં આવી ચઢયાં હતાં. ચાર પાંચ બેનો અને સાત આઠ મરદો સાથે માતાજી દેસરા આવ્યાં અને અવધૂતનાં દર્શન કર્યાં. કલાક બે કલાક શ્રી. અવધુત પાસે બેઠાં. શાંત અને નિમળમૂર્તિ એ માતાજી પ્રકાશામાં આદરણીય ગણાય છે. ઘણાય ભક્તો એમની પાછળ હોય છે. અને માતાજીના પ્રત્યક્ષ અવતાર તરીકે જ એમને લેખે છે. સધવા છે, પણ સંસારપ્રપંચથી એમનું જીવન મુક્ત છે. અને કેવળ દેવીની ઉપાસનામાં જ સમય વ્યતીત કરે છે. કહે છે પ્રસંગોપાત એ અદૃશ્ય થઈ જાય છે અને પાંચ સાત દિવસ એમનો પત્તો લાગતો નથી. કોકવાર અવકાશમાથી ચૂંદડી વગેરે માતાજીનો પ્રસાદ પણ એમને પ્રાપ્ત થાય છે. આવા પ્રભાવશાળી વ્યક્તિનાં હવે બધાંએ દર્શન કર્યાં કૃતાર્થ થયાં. માતાજી બોલે છે ભાગ્યે જ. અને બોલે છે તો પણ અનાવશ્યક એકે ય શબ્દ બોલતાં નથી એકાક્ષરી ઉત્તરે કામ સંધાતું હોય તો બે અક્ષર બોલવાની પણ એમને જરૂર જણાતી નથી.

શ્રી. અવધુતનાં દર્શન કરી એક રાત એ શ્રી મગનલાલ વશીનાં મહેમાન બન્યા. બીજે દિવસે પ્રભાતે માતાજી સ્વસ્થાને પધાર્યા.

આમ તા. ૧૯-૬-૬૨ થી દેસરામાં મુકામ કરી તા. ૧-૭-૬૨ સુધી બિલિમોરા દેસરામાં રહી શ્રી અધુંવત તારીખ ૨-૭-૬૨ના રોજ ગણદેવી પધારવાના હતા.

શ્રી ગોકુળભાઇએ ગણદેવી જતાં પહેલાં પોતાને બંગલે ભિક્ષા કરવાની શ્રી અવધુતને પ્રાર્થના કરી અને શ્રી અવધુતે તેનો સ્વીકાર કર્યો. તદનુંસાર શ્રા અવધુત તા. ૨-૭-૬૨ના મંગલ પ્રભાતે સુમારે આઠેક વાગ્યે શ્રી ગોકુળભાઈના બંગલે પધાર્યા

શ્રી ગોકુળભાઈ સવારમાં સાતેક વાગે શ્રી અવધુતને તેડવા માટે આવ્યા હતા. તેમની સાથે અવધુતજી તેમના બંગલે પધાર્યા.

૨૨
શ્રી. ગોકુળભાઇના નિવાસે

તા. ૨-૭-૬૨

શ્રી. ગોકુળભાઇના આલીશાન બંગલાસાં અદ્યતન સગવડોથી સુસજ્જ કરેલા મેડા ઉપર શ્રી અવધુતનો મુકામ રાખવામાં આવ્યો હતો. સવારમાં સુમારે આઠેક વાગ્યે શ્રી અવધુત ત્યાં પહોંચ્યા ત્યારે આંગણામાં શ્રી અવધુંતનો પુષ્પહાર વગેરેથી શ્રી. ગોકુળભાઇના ભાઇ શ્રી. લાલભાઇ તથા તેમનાં પત્ની સૌ. શાન્તાબેને અને ગોકુળભાઈએ જાતે પુષ્પથી સતકાર કર્યો, ઓવારણાં લીધા અને શ્રી. અવધુત મેડા ઉપર પધાર્યા. સુસજ્જ સુંવાળા આસન ઉપર પૂ. શ્રી. બિરાજ્યા અને દર્શનાર્થીઓએ શિસ્તબધ્ધ રીતે દર્શન કર્યા. દેસરાનાં ભાવિકજનો તેમજ શ્રી. ગોકુળભાઈના જ્ઞાતિબંધુઓએ શ્રી. અવધુતનાં દર્શન કરી ખૂબ જ આનંદ અનુભવ્યો.

શૂન્યમાંથી સૃષ્ટિ પેદા કરનાર શ્રી. ગોકુળભાઇના પિતાએ દેસરામાં પોતાના જ પુરુષાર્થ અને પ્રારબ્ધના યોગે ઈર્ષાસ્પદ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ભૌતિક પદાર્થોની સમૃદ્ધિ ઉપરાંત દૈવીસંપત્તિ પણ એમણે પ્રાપ્ત કરી હતી. ગરીબની ગરીબાઈ તરફ એમને અનુકંપા હતી. નીતિમાર્ગે ધંધા ઉદ્યોગમાં લક્ષ્મી પ્રાપ્ત કરી મહેલાતો અને મિલ્કતો મેળવી સુખની જીંદગી વીતાવતા હતા. પંચત્વ પામેલા પિતાનાં પગરખાની પૂજા કરતા પનોતા પુત્રો આ જમાનામાં જોવાનાં હોય તો તે ગોકુળભાઈ અને તેમના ભાઈ લાલભાઈ આલીશાન મકાનમાં એક રૂપમાં નાનકડુ કબાટ છે. તેમાં એક પગરખાંની જોડ અને એક પાવડીની જોડ છે. તેના ઉપર રોજ પુષ્પો ચઢે છે અને એ રીતે પનોતા પુત્રો પિતા પ્રત્યેની કૃતજ્ઞતા વ્યકત કરે છે. આજના જમાનામાં પિતાના ઘડપણને પાળનાર પુત્રો બહુ ઓછા છે અને પડકારનાર પુત્રોની સંખ્યા જ વિપુલ છે. પણ આવા નીતિવાન પુત્રો પાકવા એ અપવાદ જ લેખી શકાય

શ્રી. ગોકુળભાઈએ સપત્નીક બેસીને શ્રી અવધૂતના પાદુકાનું પૂજન કર્યું શ્રી અવધુતે એ દંપતીને પ્રસાદ અને આશીર્વાદ આપ્યા. આંગતુક મહેમાનોનો ગોકુળભાઈએ ભોજન વગેરેથી સત્કાર કર્યો. શ્રી. અવધુતે પણ સ્નાન, ભિક્ષા આદિથી નિવૃત્ત થઈ વામકુક્ષિ કરી.

આજે સાંજે ચાર વાગ્યે શ્રી. અવધુત અત્રેથી ગણદેવીને રસ્તે શ્રી. રામચંદ્ર વિનાયક જોશીના બંગલામાં મુકામ કરવાના હતા. હવે ત્યાં જવાની તૈયારીઓ થવા લાગી. શ્રી. અવધુતને વિદાય આપવા માટે ભક્તજનો ભેગા થવા માંડયા. શ્રી. ગોકુળ-ભાઈના મિત્રો તેમજ મગનભાઈના મિત્રો અને ભક્તવૃંદથી શ્રી. ગોકુભભાઇનું મકાન અને ચોગાન ચિકાર થઈ ગયું અને સુમારે

ચારેક વાગ્યે "અવધુતચિંતન શ્રીગુરુદેવદત્ત" ના ગગનભેદી અવાજ વચ્ચે શ્રી. અવધુતે પ્રયાણ કર્યું.

અહીં નિરાશ્રિત નાનકપંથી ભાઈઓની ઠીક પ્રમાણમાં વસ્તી છે. શ્રી. ગોકુળભાઈની ચાલમાં એ બધા ભાઈઓ રહે છે. ત્યાં તેમણે ગ્રંથસાહેબનું એક નાનકડું મંદિર એક ઓરડીમાં બનાવ્યું છેઃ ત્યાં પધારવાને શ્રી. અવધુતને પ્રાર્થના કરવામાં આવી હતી. શ્રી. અવધુતની અભેદદૃષ્ટિ હોવાના કારણે બધા જ ધર્મો એના છે અને તેથી જ એ ગ્રંથસાહેબના મંદિરમાં પધારવાને શ્રી. અવધુતે જરાય આનાકાની કરી નહિ. ત્યાં ગ્રંથસાહેબ ઉપર પુષ્પ ચઢાવી. પ્રણામ કરીને આદર વ્યક્ત કરી, બીજા બેચાર ભક્તોનાં ઘર રસ્તે આવતાં હતાં ત્યાં સત્કાર સ્વીકારી સીધા ગણદેવીના રસ્તે વળ્યા. માર્ગમાં ચિરપરિચિત શ્રી. રઘુભાઈ રણછોડજીની લાકડાની દુકાન છે. ત્યાં શ્રી. રઘુભાઈએ પણ પૂ. શ્રી. ના દર્શન કર્યા અને પુષ્પહારથી સ્વાગત કર્યું. ગાડી ધીમે ધીમે આગળ ચાલી. આગળ ચાલતાં માર્ગમાં દાડેકરનું કારખાનું આવે છે. અહીં શ્રી. દત્તમહારાજની પાદુકા છે. ઔદુંબરનું પુરાતન વૃક્ષ છે. શ્રી. અક્કલકોટસ્વામીનું મોટું તૈલચિત્ર છે મંદિર જેવું બનાવ્યું છે. ત્યાં નિત્ય-નિયમિત શ્રીદત્તસ્રૂપ સ્વામીસમર્થનું પૂજન, આરતિ વગેરે થાય છે. અહીંથી શ્રી. અવધુતને આમંત્રણ આપ્યું. શ્રી. અવધુત દત્તમહારાજના આ સ્થાને પધાર્યા. ભજન વગેરે પછી સુમારે અરધા કલાકે શ્રી. અવધુત બહાર નીકળ્યા અને એ જ મંદિરના ચોગાનમાં અશોકવૃક્ષ અને શિવલિંગના વૃક્ષનું આરોપણ કર્યું. ત્યાંથી આગળ ચાલ્યા.

શ્રી. રામચંદ્ર વિનાયક જોશીનો બંગલો બિલિમોરા ગણદેવી રોડ ઉપર ઊંચી ટેકરી ઉપર આવેલો છે. આગળ પણ ગુરુ-પૂર્ણિમા નિમિત્તે શ્રી. અવધુત ગણદેવી પધાર્યા ત્યારે પણ એ જ જગ્યાએ શ્રી. અવધુતને ઉતારો આપ્યો હતો. ગાડી એ બંગલા

આગળ થે.ભી. ગણદેવીના પ્રતિષ્ઠિત ગૃહસ્થો તેમજ શ્રી. છગનલાલ ગંજીવાળા શેઠ વગેરેએ શ્રી. અવધુતનો દ્વાર પર પુષ્પમાળાથી સત્કાર કર્યો. બીજા ભકતોએ પણ આદરમાન આપ્યાં. સુમારે પાંચેક વાગ્યે શ્રી અવધુત અહીં પધાર્યા. ગણદેવીના પૂર્વપરિચિત ભક્તો પણ અહીં દર્શનાર્થે આવવા લાગ્યા. ગણદેવી પૂ. શ્રી. બે ત્રણ વખત પધાર્યા હતા ત્યારથી જ લોકોનું એઓશ્રી પ્રત્યેનું આકર્ષણ હતું. શ્રી. છગનલાલ જરીવાલાના આમંત્રણને માન આપી આજથી બે ત્રણ વર્ષ પર પૂ. શ્રી. પધાર્યા હતા ત્યારે ગુરુપૂર્ણિમા અહીં ઉત્સાહપૂર્વક ઉજવાઈ હતી. પારસમણિ તરફ લોહ આકર્ષાય તેમ અહીં લોકનું શ્રી. અવધુત પ્રત્યેનું આકર્ષણ હતું. સંધ્યાકાળ થતા પહેલાં આજે પણ થોડોક વખત ભજનનો કાર્યક્રમ રાખ્યો હતો તા. ૨-૭-૬૨ના રોજ દેસરાથી શ્રી. અવધૂત ગણદેવી પધાર્યા.

૨૩
ગણદેવીના માર્ગે

ચોમાસાના દિવસો તો કયારનાય શરૂ થયા હતા. પણ કેમ જાણે અવધુતના દર્શનની અને ભજન કીર્તનની લોકોને સુવિધા કરી આપવી હોય તેમ મેઘરાજાએ મહેર કરી હતી. વખત કવખતે થોડો થોડો વરસાદ થતો, ખેડુતોનું કામ પણ ચાલતું અને અહીં મેઘરાજાના પણ રાજાને રીઝવવાના સફળ પ્રયત્નો પણ ચાલતા. ગણદેવીના રાણામંડળનાં ભાઈબેનો સવારમાં છ વાગ્યે જ ભજનો ગાતાં અને ધૂનો પોકારતાં રસ્તો ગજવતાં ઠેઠ ગણદેવીથી શ્રી. અવધુતને મુકામે આવ્યાં શ્રી. બાબુભાઈ ઝીણાભાઈ એ એ મંડળની આગેવાની લીધી હતી. શ્રી. બાબુભાઈ શ્રી. અવધુતના જુના ભક્ત છે શ્રી અવધુત એમના નિમિત્તે પ્રથમ ગણદેવી પધાર્યા હતા. ભજન મંડળનો ક્રમ શ્રી અવધુત ગણદેવી પધાર્યા ત્યાં સુધી કાયમ રહ્યો. વરસતા વરસાદે ભીને કપડે પણ એ ભાઈબેનોએ

એ ક્રમનો ભંગ કર્યો નથી, અવધુત પ્રત્યેની નિર્મળ ભકિત વ્યકત કરવાનો રોજનો ક્રમ થઈ પડેલો. નિત્યનિયમ પ્રમાણે અહીં પણ સવારસાંજ ભજન વગેરેનો ક્રમ ચાલુ હતો. ગણદેવી રોડ ઉપર આવેલા શ્રી સરદેસાઇના કારખાનાના માલિક, દાંડેકરના કારખાનાના માલિક પણ અહીં સહકુટુંબ શ્રી. અવધુતના દર્શને આવ્યા હતા. ગણદેવીના પ્રતિષ્ઠિત ગૃહસ્થો તો અવધુતના ગાઢ પરિચયને કારણે આવતા જ હતા.

આ વર્ષે ગુરુપૂર્ણિમા ગણદેવીમાં જ ઉજવવાનો શ્રી. છગનલાલ ગંજીવાળા શેઠનો નિર્ધાર હતો. શ્રી. અવધુતને એ ઉત્સવ નિમિત્તે ડાકોર પાસે અજુપુરાના ભકતમંડળે પણ આગ્રહભર્યું આમંત્રણ આપ્યું જ હતું. શ્રી. છગનભાઇના ભાવભર્યા આગ્રહને વશ શ્રી અવધુતે અજુપુરાના ભાઇઓને સમજાવ્યા અને અહીં જ શ્રી ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. અને તે પહેલાં શિતળ વાતાવરણમાં શ્રી અવધુતને થોડો આરામ મળે એ હેતુએ ગામથી દૂર એકાંત જગ્યાએ એઓશ્રીનો મુકામ રાખવામાં આવ્યો હતો.

શ્રી. ભગુભાઈ મીસ્ત્રી, શ્રી નાનુભાઈ, શ્રી. નવલભાઇ તથા ભકતમંડળનો ઇરાદો ગુરુપૂર્ણિમા નિમિત્તે એક દિવસનો દત્તયાગનો પ્રયોગ રાખવાનો હતો. પરંતુ તે વિચાર માંડી વાળ્યો અને શ્રીગુરુલીલામૃતનું સપ્તાહ પારાયણ કરવાનો જ વિચાર નક્કી થયો. તે અંગેનાં ચક્રો ગતિમાન થયાં.

જે રીતે વિષ્ણુયાગ દ્વારા શ્રી. વિષ્ણુનું યજન થાય છે, જે રીતે લઘુ કિંવા મહારુદ્ર આદિ દ્વારા ભગવાન શિવનું યજન થાય છે, જે રીતે નવચંડી, શતચંડી દ્વારા દેવીનું યજન થાય છે, જે રીતે ગણેશયાગ દ્વારા શ્રીગણેશનું અને સૂર્યયાગ દ્વારા સૂર્યનું યજન થાય છે તેવી જ રીતે દત્તયાગ દ્વારા શ્રીદત્ત ભગવાનનું

વેદોકત યજન થાય છે. તેને બદલે શ્રીગુરુલીલામૃતસપ્તાહ પારાયણ કરીને લોકોને કંઇક નવું આપવાનો અને જુના ચીલામાંથી નવા સાહિત્યનું જ્ઞાન મેળવવાનું એક સાધન આપવાનો કાર્યકર્તાઓએ વિચાર ગોઠવ્યો શ્રી. અવધુતનું અનુમોદન મેળવીને ગણદેવીની ભૂમિ પર શ્રીદત્તમહારાજનું પ્રાકટ્ય આદિના ઈતિહાસના જ્ઞાન અને આનંદના એ મહાન સાગરસમા ગ્રંથના સપ્તાહ પારાયણનો આરંભ તા ૯-૭-૬૨ થી થયો

ગણદેવીમાં શ્રીગુરુલીલામૃત સપ્તાહ પારાયણ

પરમાત્માના નિર્ગુણ નિરાકાર સ્વરૂપનુ જ્ઞાન થવા માટે વેદ, ઉપનિષદ્ આદિ ગ્રંથો છે. પણ સામાન્ય બુદ્ધિના મનુષ્યો માટે એ ઉપનિષદ્જ્ઞાન સરળ નથી. ભગવાનના સગુણ સાકાર અવતાર ધ્વનિ પુરાણોમાં છે તે દ્વારા ભગવાનના સ્વરૂપનું લીલાનું જ્ઞાન પ્રાપ્ત કરી સાધક સગુણ સાકારની ઉપાસના કરી નિર્ગુણ નિરાકાર-બ્રહ્મનો આનંદ પ્રાપ્ત કરી શકે છે. આવા જ કોઈ હેતુથી ભગવાન વેદવ્યાસે શ્રીકૃષ્ણાવતારની લીલાગાથા માટે શ્રીમદ્ભાગવતની રચના કરી. એવા જ કોઇ હેતુ માટે શ્રીતુલસીદાસજીએ રામાવતારના વર્ણન સાથે શ્રી રામચંદ્રજીની કીર્તિ અને લીલાનાં રામચરિત-માનસમાં ગાન કર્યાં એ જ રીતે સામાન્ય જનતામાં ભગવાનની ભક્તિમા પ્રધાન ગણાતાં શ્રીમદ્ભાગવત અને રામાયણ પ્રચલિત થયાં.

જેમ ભાગવત, રામાયણ આદિ ગ્રંથોનું નિર્માણ થયું તેમ જ સદ્ગુરુ શ્રી વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજે મરાઠી ભાષામાં શ્રીદત્તમહારાજનાં ગુણકીર્તિગાન કરીને શ્રીદત્તમાહાત્મ્ય વગેરે ગ્રંથો અને સંસ્કૃતમાં શ્રીદત્તપુરાણ આદિ ગ્રંથોનું નિર્માણ કરીને મહા-રાષ્ટ્રમાં પ્રચલિત શ્રીદત્તભકિતના અનુયાયીઓને શ્રીદત્તભગવાન અંગે જ્ઞાન, ભકિત અંગેની માહિતી મળે એ મિષે અનેક ગ્રંથો લખ્યા. ગરુડેશ્વરમાં પ. પૂ. શ્રી. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે

વાસ્તવ્ય કર્યું તેના પરિણામે શ્રી. દત્તભકિતનાં બીજ ગુજરાતમાં વવાયાં અને અંકુરિત પણ થયા. પણ તેનાં ફળ આવે તે પહેલાં પ. પૂ. સ્વામીમહારાજ આત્મસ્વરૂપમાં લીન થયા એ અધૂરૂં રહેલું પારમાર્થિક કાર્ય પૂરૂં કરવાને શ્રી. ગુરુદેવે શ્રી. અવધૂતને પોતાનું માધ્યમ બનાવ્યું અથવા એમણે પોતે જ એ સ્વરૂપે કાર્ય કરવાનો પ્રારંભ કર્યો. પોતાના જેવા જ બનાવીને શ્રી. અવધૂતને ગુજરાતમાં શ્રીદત્ત ભકિત પુષ્ટ કરવાનો આદેશ આપ્યો, એટલું જ નહિ પણ એ જાણે એમના જીવનનું અધૂરૂં રહેલું કાર્ય હોય તેમ શ્રી. અવધૂત મહારાજે પણ ગુજરાતના ખૂણે ખૂણે શ્રી. દત્તમહારાજના નામનો જયઘોષ પોકારવો શરૂ કર્યો. ભૂખ્યાંને જેમ ભાવતું ભોજન મળે અને તૃપ્ત થાય તેમ શ્રી. અવધૂતની એ ઘોષણાએ ભાવિક-જનોની ભૂખ ભાંગી અને તૃપ્તિનો ઓડકાર આવ્યો. એ જ જીવન કાર્યને વેગવાન બનાવવાને શ્રી અવધૂતે ગુજરાતી જનતાને અનુકૂળ પડે એ રીતે ગુજરાતી ભાષામાં શ્રીદત્તમહારાજના અવતારો અને કાર્યોનું વિશદ વિવેચન કર્યું. કાવ્યમય એ વર્ણનગ્રંથનું નામ શ્રીગુરુલીલામૃત રાખ્યું છે. કાવ્ય પદ્યાત્મક હોવાથી લોકોને એમાં રસ પણ પડયો. એ ગ્રંથ આજે ગુજરાતમાં આદરણીય બન્યો છે.

એ ગ્રંથના ત્રણ ખંડ છે, જ્ઞાન, કર્મ અને ઉપાસના. જ્ઞાનકાંડમાં શ્રીદત્તમહારાજના જન્મ, કર્મ આદિનું વર્ણન છે. કર્મકાંડમાં શ્રીપાદવલ્લભની અને નૃસિંહ સરસ્વતીની એમ બન્ને દત્તાવતારોની જીવનલીલાનું વર્ણન છે ઉપાસના ખંડમાં સદ્ગુરુદેવ શ્રી. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જીવન અને જીવનકાર્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રામભકતોમાં રામાયણ જેટલું આદરણીય છે, કૃષ્ણભકતોમાં જેટલું ભાગવત આદરણીય છે, તેટલું જ શ્રીદત્તભકતોમાં શ્રીગુરુ-લીલામૃત આદરણીય ગણાય છે. રામાયણનાં નવાહ પારાયણ થાય છે. શ્રીમદ્ભાગવત સપ્તાહ પારાયણ થાય છે. શ્રીગુરુલીલામૃતનાં

પણ સપ્તાહ પારાયણો થવા લાગ્યાં છે. ભક્તોને તેનાથી ઘણોજ આનંદ થાય છે.

આ વરસે ગણદેવીમાં શ્રીગુરુલીલામૃતના સપ્તાહપારાયણ અર્થે કેટલાક ભક્તોનો આગ્રહ થયો. શ્રી અવધૂતની અનુમતિ મળી.

નડીઆદના શ્રી. શાન્તિલાલ ઠાકર એમ. એ. બી. ટી. જેઓ એક સારા કેળવણીકાર હોવા સાથે એક પ્રખર વક્તા અને વિવિધ શાસ્ત્રોના અભ્યાસી છે અને જેમણે આ અગાઉ થોડાં એવાં સપ્તાહપારાયણો કર્યા હતાં, એમણે આ સપ્તાહ માટે ગણદેવીનું આમંત્રણ સ્વીકાર્યું, એ રીતે ચાતુર્વેદી બ્રાહ્મણની વાડીમાં શ્રીગુરુલીલામૃત સપ્તાહ પારાયણનો પ્રારંભ કર્યો.

પ્રારંભમાં જ વિદ્વાન વક્તાએ લોકોને ગ્રંથનો પરિચય આપ્યો. ધીમે ધીમે ગ્રંથમાં આવતા અનેકવિધ વિષયોનો ઉલ્લેખ કરતાં કરતાં એ કથા એટલી રસપ્રદ બનાવી કે જેમ જેમ લોકો સાંભળતા ગયા તેમ તેમ તેમની શ્રવણલાલસા વધતી જ ગઈ. ચોમાસાના દિવસો હતા, વિષય તદ્દન નવો જ હતો, છતાં લોકોની ભીડ વધતી જ ગઇ. સાંજના સમયે તો શ્રોતાઓના ઘસારાને પરિણામે સ્થળનો સંકોચ વરતાતો હતો. શ્રી. અવધૂતજી પણ એ સ્થળે દરરોજ ચારથી પાંચના ગાળામાં એક કલાક પધારતા હતા. તેથી લોકોનો ઉત્સાહ વધતો હતો.

આમ ગુરુપૂર્ણિમા પહેલાં શ્રીગુરુલીલામૃતના સપ્તાહપારાયણના પરિણામે પણ લોકોમાં ગુરુભક્તિના મહત્ત્વનો ખ્યાલ સચોટ રીતે આવ્યો અને પરિણામે ગુરુપૂર્ણિમાને દિવસે લોકોનો વધારે ઘસારો થયો હતો.

શ્રીગુરુલીલામૃતગ્રંથના સપ્તાહપારાયણનો વિધિ ગ્રંથમાં જ આપવામાં આવ્યો છે તે પ્રમાણે નિત્યક્રમ અનુસાર દિનપ્રતિદિન

કથા આગળ વધતી જતી હતી. સાથે બીજા ભક્તો પણ યથાસાંગ ગુરુલીલામૃતનું પારાયણ કરવા બેઠા હતા. એક વિપ્ર જપ કરવા માટે પણ બેઠા હતા. એ રીતે ભાગવતસપ્તાહ પારાયણ પ્રમાણે જ આ ગ્રંથનું પણ સાત દિવસમાં પારાયણ કરવામાં આવ્યું. શ્રોતાઓના અંતર ઠર્યા. વક્તાને પણ લોકોની જિજ્ઞાસા અને અવધાન જોઈને, અનુભવીને આનંદ થયો તેમણે પણ પોતાનું હીર પ્રગટ કર્યું. છતાંય લોકોની પુનઃ પુનઃ શ્રવણ કરવાની જિજ્ઞાસા અતૃપ્તજ રહી.

સાતમે દિવસે એ સપ્તાહ પારાયણની સમાપ્તિ થઇ વક્તા મહાશયને શોભાયાત્રા દ્વારા ગણદેવીમાં દેવદર્શન કરવા દોરવામાં આવ્યા. એ શોભાયાત્રામાં પણ લોકોની ભરતી ખૂબ મોટા પ્રમાણમાં હતી આમ ગણદેવીમાં સપ્તાહ પારાયણનો એક નવો પ્રઘાત પડયો. સુરત જીલ્લામાં આમ શ્રીગુરુલીલામૃતના જાહેર સપ્તાહ પ્રવચનનો આ પ્રથમ જ પ્રસંગ હતો. લોકોએ એનો એટલા જ ઉત્સાહથી લાભ લઇ એ પ્રસંગ એટલો બધો દીપાવ્યો કે સમારંભ પૂરો થયા પછી પણ અનેક લોકોમાં એ એક રસપૂર્ણ વાર્તાલાપનો વિષય થઈ રહ્યો હતો.

ગણદેવીમાં એ સપ્તાહ પારાયણ ચાલુ હતું ત્યારે શ્રી. અવધૂત પણ વક્તાશ્રોતાને પ્રોત્સાહન મળે એ હેતુએ નિત્ય બ્રાહ્મણની વાડીમાં પધારતા હતા, તે દરમ્યાન એક દિવસ શ્રી અવધૂત એ વાડીની સાથે આવેલા શંકરમંદિરમાં પધાર્યા અહીં ભાવનગરના શ્રી. મણિરાય મજમુદારે શ્રીદત્તભગવાનની પ્રતિમાની શ્રી. અવધૂત મહારાજની અનુમતિથી પ્રતિષ્ઠા કરાવી હતી. અને તે પ્રસંગે શ્રી. અવધૂત અસ્વસ્થ પ્રકૃતિને કારણે પધારી શક્યા ન હતા. એટલે એક દિવસ એ પ્રતિષ્ઠા પામેલી પ્રતિમાને સ્પર્શ કરાવવા શ્રી. અવધૂતને તેડી જવામાં આવ્યા. પૂ. શ્રી.એ પ્રતિમાને વેદોક્તવિધિથી ગંધપુષ્પ કર્યું. સ્પર્શ કર્યો. એ મંદિરના એક ભાગમાં શ્રી. નાનુભાઈએ પણ માતાજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી છે.

માતાજીની વાત્સલ્યભરી એ મૂર્તિને પૂ. શ્રીએ કુંકુંમ, પુષ્પ ચઢાવી વંદન કર્યું. શંકર ભગવાનને વંદન કર્યું. પછી સીધા જ પારાયણમાં પધાર્યા. આમ એક દિવસમાં એ મહત્ત્વનાં કાર્યો પતાવ્યાં

એ જ દિવસો દરમ્યાન ગણદેવીથી ત્રણેક માઇલને અંતરે અંબિકા કિનારે આવેલા સોનવડી ગામે પણ શ્રી. અવધૂત પધાર્યા હતા. સોનવડી એ એક આંબાવાડીયાનું જ ગામ છે. અંબિકાને કિનારે આવેલ એ ગામ રમણીયતાનો એક આદર્શ જ છે. જ્યાં ત્યાં આંબા, ફણસ તથા ચીકુનાં વૃક્ષો, નાળિયેરી આદિના જુથનાં જુથ આવેલાં છે હવામાન પણ શિતલ છે. એ જ કિનારે રામજી મંદિર પણ છે.

સોનવાડીના એક દેસાઈ ભક્ત શ્રી. અવધૂત જ્યારે પ્રથમવાર ગણદેવી પધાર્યા ત્યારે પોતાની ઉન્માદથી અતિ અસ્થિર મગજની એક કન્યાને શ્રી. અવધૂત પાસે લાવ્યા હતા. શ્રી. અવધૂતનાં દર્શન પ્રસાદ વગેરેના પ્રતાપથી એ કન્યા થોડા જ સમયમાં સ્વસ્થ બની ગઇ હતી તેનાં લગ્ન થયાં અને તેને એક પુત્ર થયો શ્રી. અવધૂતની કૃપાનું જ એ ફળ છે. પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવા શ્રી. અવધુતને સોનવાડી પધારવાની એમણે વિનંતિ કરી હતી. સોનવાડીમાં એક દત્ત ભજનમંડળ છે, તેના સંચાલક શ્રી. દોલતભાઇએ પણ શ્રી. અવધુતને સોનવાડી પધારવાની વિનંતિ કરી હતી. એ ઉભય પ્રાર્થનાનો સ્વીકાર કરી શ્રી. અવધુત તા. ૧૪-૭-૬૨ ના રોજ સાંજના સમયે ગણદેવીથી ગાડી વાટે સોનવાડી પધાર્યા.

અંબિકા કિનારે આવેલું એ રામજી મંદિર સાર્વનિક જગ્યા હોવાથી એ જગ્યાએ સામુદાયિક રીતે શ્રી. અવધુતનો સત્કાર કરવાનું નક્કી કરવામાં આવ્યું, અને તે પ્રમાણે ત્યાં વિશાળ મંડપ બાંધવામાં આવ્યો. કદલીસ્તંભ આદિથી તેને શણગારવામાં

આવ્યો. માથે વાદળાં ઝઝૂમતા હતાં, વરસાદ પડું પડું થઇ રહ્યો હતો. છતાં શ્રી. અવધુતનાં દર્શન અર્થે સોનવાડી અને આજુ-બાજુના ગામના લોકો ગણનાપાત્ર સંખ્યામાં અવધુત પધારે તે પહેલાંજ ભેગા થયા હતા. મંડપમાં જગ્યાનો અભાવ જણાતો હતો.

શ્રી. અવધુતે ગામમાં પ્રવેશ કર્યો એટલે તોરણો વગેરેથી શણગારેલા માર્ગે સરઘસાકારે એઓશ્રીને રામજીમંદિરમાં લઈ જવામાં આવ્યા. પ્રવેશદ્વાર આગળ પુષ્પમાળાથી એઓશ્રીનું સ્વાગત થયું શ્રી. અવધુતે આસન લીધું એ મંદિરના પૂજારી દાક્ષિણાત્ય હતા. તેમણે પણ શ્રી. અવધુતને પુષ્પમાળા અર્પણ કરી. શ્રી. અવધુતે એમને પ્રસાદ તરીકે પુષ્પમાળા આપી. પછી લોકોનું દર્શનસત્ર શરૂ થયું. લગભગ એક કલાક એ ચાલ્યું. વરસાદનો ભય હોવાથી લોકો પણ દર્શન કરીને કૃતાર્થ થઇ વિખરાવા લાગ્યા. શ્રી. અવધુતે પણ અંબિકાના એ રમણીય કિનારાનું નિરીક્ષણ કર્યું. પછી ગણદેવી શ્રી. રામચંદ્રના બંગલામાં પધાર્યા.

આમ ગણદેવીના મુકામ દરમ્યાન શ્રી. અવધુતે સ્થાનિક પ્રવૃત્તિમાં ભાગ લીધો.

ગણદેવીની ગુરુપૂર્ણિમા અને પાદુકાપૂજન

બે વર્ષ ઉપર જ ગણદેવીમાં ગુરુપૂર્ણિમાનો મહોત્સવ આષાડ શુકલ પૂર્ણિમાને દિવસે ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. હજી એ પ્રસંગનાં સંસ્મરણો તાજાં જ હતા. અનેક ભકતો દર્શને આવેલા ગણદેવીને ગોંદરે આવેલી નાનકડી વેંગણીયા નદી પણ તે દિવસે નાચતી કૂદતી એ મહોત્સવનો આનંદ માણવાને મોજાં ઉછાળતી અને ઘૂઘવાટ કરતી વહી રહી હતી ગામમાં આવવાનો વાહન-વ્યવહાર બંધ હતો. નદી હોડીઓ મારફત ઓળંગીને પણ હજારોની સંખ્યામાં ભકતો શ્રી. અવધુતનાં દર્શન કરવા આવ્યા

હતા એ દૃશ્ય જોઈને શ્રી અવધુતને સંતોષ થયો અને નર્મદાના પૂરનો અહીં ખ્યાલ આવ્યો હોય એમ લાગ્યું. વરસતે વરસાદે બ્રાહ્મણની વાડીમાં પાદુકાપૂજન થયું. હજારો માણસોએ પ્રસાદ લીધો. એ દૃશ્યનું ચિત્ર તો હજી નજર આગળ તરવરે છે ત્યાં તો આ વરસે પણ શ્રી. રામચંદ્રભાઇની વાડીમાં અવધુતનો મુકામ હતો ત્યારે શ્રી. છગનભાઇ ગંજીવાળા શેઠ આવ્યા અને પૂ.શ્રી.ને આ વરસની ગુરુપૂર્ણિમા પણ અહીં જ ઉજવવાની પુનઃ પ્રાર્થના કરી. એ આગમચ શ્રી. અવધુત દેસરા શ્રી. ગોકુળભાઇની વાડીમાં નિવાસ કરતા હતા ત્યારે પણ પ્રાર્થના કરી હતી. તે પહેલાં પણ અમુક સ્થળોએ શ્રી અવધુતના દર્શન અર્થે ગયેલા ત્યારે પ્રાર્થના કરેલી. આમ એમની પ્રાર્થના પરંપરાને અને પ્રેમને વશ થઈ શ્રી. અવધુતે આ વરસે પણ ગુરુપૂર્ણિમા અહીં જ ઉજવવાની અનુમતિ આપી. શ્રી. અવધુતની સંમતિ મળતાં જ ભક્તમંડળમાં આનંદ વર્તાયો.

શ્રી. અવધુતનો મુકામ શ્રી. રામચંદ્રભાઇના બંગલામાં હતો. ત્યાંથી ગુરુપૂર્ણિમાના બે દિવસ અગાઉ જ ગણદેવીના ગોંદરે શ્રી. નીલકંઠ મહાદેવના મંદિરમાં જ્યાં શ્રી. છગનલાલકાકાનો નિવાસ છે ત્યાં ફેરવાયો.

નાનકડા પણ સુંદર શિવાલયની બાજુમાં જ નાની પણ સુઘડ ત્રણ ઓરડીઓમાં શ્રી. અવધુતનો મુકામ થયો. પહેલાં પણ આ જ જગ્યાએ પૂ. શ્રી. નો મુકામ થયેલો. શ્રી. છગનકાકાનો અને તેમના કુટુંબીજનોનો ઉત્સાહ સમાતો ન હતો. શું કરું અને શુ ન કરુ ? એ વિચારમાં જ કાકા અને તેમનાં કુટુંબીજનો મગ્ન હતાં.

સત્કારસમારંભ પૂરો થયો અને શ્રી. અવધુત અહીં સુખાળા થયા. તા. ૧૭ મીએ ગુરુપૂર્ણિમા હતી. તે દિવસે ગુરુપાદુકા-પુજનનો નિશ્ચય થયો હતો.

પાદુકાનુ પ્રયોજન અને મહત્ત્વ

ૐકાર એ પરમાત્માનું શબ્દ-પ્રતીક છે. વેદમાં પ્રજ્ઞાતત્ત્વને નાદબ્રહ્મની પણ સંજ્ઞા આપવામાં આવી છે એ નાદ પ્રણવનાદ છે. પ્રકૃતિનું નિર્માણ થયું ત્યારે જે પંચતત્ત્વનું નિર્માણ થયુ તેમાં નિરાકાર આકાશ-અવકાશનું સૌ પ્રથમ નિર્માણ થયું. એ સૂક્ષ્મ અવકાશની તન્માત્રા 'શબ્દ' છે, એ તન્માત્રાનો પ્રથમ શબ્દ પ્રણવ છે. નિર્ગુણ નિરાકાર બ્રહ્મની સગુણ સાકાર કલ્પના કરવાનાં આવી ત્યારે તેના જ અનેક નામ, અનેક રૂપ અને આકારનું નિર્માણ થયું. મૂર્તિરૂપે પૂજન કરવાની પ્રથા પણ શરૂ થઇ, તે જ રીતે ગુરુતત્ત્વ પણ નિર્ગુણ નિરાકાર છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ગુરુસ્થાને છે. સાક્ષાત્પરબ્રહ્મ પણ ગુરુસ્થાને છે તેથી એ સર્વથી શ્રેષ્ઠ તત્વ ગુરુ છે. એવા ગુરુતત્ત્વનું મહત્ત્વ શાસ્ત્રોમાં વર્ણવામાં આવ્યું છે એ તત્ત્વનું સાકાર પ્રતિક ગુરુપાદુકા છે. શ્રી. રામચંદ્રજીએ ગુરુભાવે ભરતજીને પાદુકાપ્રદાન કર્યું ભગવાન શ્રીકૃષ્ણે પણ ઉદ્ધવને બદરિકાવન જવાનો આદેશ આપ્યો ત્યારે તેને પણ ગુરુભાવે ચરણપાદુકા જ આપી. જેમ નામી પરમતત્ત્વને ઓળખવા માટે નામનું મહત્ત્વ છે, તેમ ગુરુતત્ત્વને ઓળખવા માટે ગુરુપાદુકાનું મહત્ત્વ ગુરુભકતોએ સ્વીકાર્યું છે વાસ્તવિક રીતે તો જ્યારે જ્યારે શિષ્ય-સાધકનું અંતર ગુરુભક્તિથી તરબોળ બની જાય ત્યારે ત્યારે તેને માટે ગુરુપૂર્ણિમા જ છે. પરંતુ આ તો એક શિષ્ટાચાર અર્થે દિવસ નકકી કરવામાં આવ્યો છે. તેથી જ આજના મંગળદિનને ગુરુપૂર્ણિમા કહેવામાં આવી છે. તે ગુરુના પ્રત્યક્ષ પૂજન કરતાં પણ ગુરુપાદુકા પૂજનનું મહત્ત્વ છે એમ અનુભવીઓનું માનવું છે. પરમતત્ત્વ તો સચરાચર છે. કાષ્ટમાં પણ છે અને જીવંતમૂર્તિમાં પણ છે. તેથી જ ગુરુભાવે પરમતત્ત્વનુ સર્વત્ર પુજન થાય છે. સદ્‌ગુરુના ચરણની ભાવના રાખીને પુજન થાય છે

પ્રશ્ન એ થાય છે કે સદ્ગુરુ સાક્ષાત્ હોવા છતાં પાદુકા-પુજન શા સારૂ? ગુરુની અનુપસ્થિતિમાં તો પાદુકાપુજનનું મહત્ત્વ ઠીક છે પણ ગુરુ પ્રત્યક્ષ હોય તેનું પુજન કરી શકાય એમ હોય તો પછી પાદુકાપુજન શા સારૂ?

આ પ્રશ્નનો ઉત્તર શ્રી. અવધુતના જ શબ્દોમાં આપીશું. શ્રી. અવધુતે કહ્યું—

‘ તન મંદિર આતમ દેવ બના,
ના પૂજના હૈ પૂજવાના હૈ ”

આ શબ્દો પુ. શ્રી. ની આત્મસ્થિતિનો સચોટ ખ્યાલ આપે છે. સાક્ષાત્કાર કિંવા તત્ત્વાનુસંધાન પછી પોતાની આત્મસ્થિતિનું સ્વાભાવિક રીતે જ વર્ણન કરતાં શ્રી. અવધુતે ઘણી ઘણી વાતો આ ગીતમાં કરી છે. એઓશ્રીએ કહ્યું—

“ કરના થા સો કર લીના,
અબ ના કરના ના ભરના હૈ
જો પાના થા સો પા લીના,
અબ ના પાના ના ખોના હૈ. ”

આ ઉભય પંક્તિઓમા શ્રી. અવધૂતે પોતાના સાધનકાળનો સંકેત કરીને સાધનાને અંતે તત્ત્વપ્રાપ્તિનો પણ સંકેત કર્યો છે.

શ્રી. અવધુતને પોતાના સ્થૂલદેહની કોઇ પુજા કે સત્કાર કરે, અરે-એ સ્થૂળદેહને કોઈ સ્પર્શ કરે એ જરાય ગમતું નથી. એઓશ્રીની પરંપરા પણ એવી જ છે. સદ્ગુરુદેવ શ્રી· વાસુદેવાનંદ સરસ્વતી મહારાજ પણ કોઇને પોતાનું પુજન કરવા દેતા ન હતા અને સ્પર્શ પણ નહતા કરવા દેતા. ગુરુતત્ત્વ તો સૂક્ષ્મ છે, સ્થૂળપુજન સંભવિત નથી. સ્થૂળનું પૂજન સ્થૂળભાવે કરવાથી કશો જ અર્થ સરતો નથી. સ્થૂળનું પૂજન આત્મભાવે કરવાથી જ

આત્મોપલબ્ધિ થાય છે. અને એ હેતુએ ગુરુતત્ત્વની એ પાદુકામાં કલ્પના જ કિંવા ભાવના કરીને પાદુકાના સ્થૂળસ્વરૂપને દૃષ્ટિથી દૂર કરીને એ પાદુકાની ઓથમાં તત્ત્વસ્વરૂપે રહેલા ગુરુદેવનું જ પૂજન કરવાનું હોય છે અને તે ન્યાયે જેને ગુરુપદે આપણે સ્થાપિત કર્યા હોય તેને જ જે વાત અરુચિકર હોય તે ન કરતાં તેની આજ્ઞાનુસાર આચાર કરીને જ સિદ્ધિ પ્રાપ્ત કરવાની હોય છે જે ગુરુતત્ત્વમાં અને પાદુકામાં ભેદભાવ જોતો હોય તે વાસ્તવિક રીતે ગુરુતત્ત્વને જાણતો નથી. સૂક્ષ્મસ્વરૂપે રહેલું ગુરુતત્ત્વ સર્વત્ર સભર રહેલું છે અને તેથી જ પાદુકામાં પણ તેની જ ભાવના કરીને ભાવે હિ વિદ્યતે દેવ એ ન્યાયે ભાવનાને અનુરૂપ ગુરુતત્ત્વની પ્રાપ્તિ કરવાની હોય છે અસે તેથી જ ગુરુપુર્ણિમાને દિવસે બહુધા પાદુકાપુજનની જ પ્રથા પ્રચાલિત છે. શ્રી અવધુત ઘણીવાર કહે છે તેમ પાદુકાપુજન એટલે શ્રી. સદ્‌ગુરુચરણમાં આત્મવિલોપન એ આત્મવિલોપનથી શિષ્યના અહંભાવનો સંપુર્ણપણે નાશ થઈ શિષ્ય સદ્‌ગુરુરૂપ જ બની જાય છે.

ગુરુપૂર્ણિમા

ઉષાએ આજે આનંદની મસ્તી અનુભવી. નિર્દોષ બાલિકા સમી એ પચરંગી પટકૂળ પહેરી હાથમાં ગુલાલભર્યો થાળ લઈ, ચોગરદમ વેરતી એ નૃત્ય કરવા લાગી. એને પગલે પગલે ક્ષિતિજની ગુલાબી- ધરણી એના જ રંગમાં ભળી ઉષામય બની. ઉષાનો એ આનંદ ભાળી વનરાજી નાચી ઉઠી. પંખીડાં કલરવ કરતાં ઉડવા લાગ્યાં. કમલિની પ્રફુલ્લ બની. પણ આ બધો તન-મનાટ શા સારૂ ? જગલોચન અને જગજીવનસમા ભગવાન ભાસ્કરને સત્કારવાને જાણે પ્રકૃતિ એકપગે થઈ રહી હતી તેનો એ આનંદ અને તનમનાટ હતો ? ભાણુ તો રોજ ઉગે અને રોજ આથમે. પછી આજે આમ કેમ ? આજે ભાણસમા ગુરુદેવનાં પૂજન છે. એ ગુરુદેવ એટલે પ્રકૃતિનું અધિષ્ઠાન. એ ગુરુદેવ, પરમતત્ત્વ અટલે

અણુ પરમાણુમાં વ્યાપ્ત ગુરુતત્ત્વ. એ ગુરુદેવ એટલે જગતનું સર્જન, જીવન અને નિધન જેમાં થાય છે. તે તત્ત્વ. એવા ગુરુદેવનાં પુજન અર્થે તો ભારતભરમાં આજનો શુભ દિન નિર્માણ થયો છે. ગુરુદેવનાં પુજન કરી. તેમને આત્મ નિવેદન કરી ગુરુ-ભક્ત કૃતાર્થ થવાનો આનદ માણે છે અને પોતે આનંદમાં જાતને ભૂલી સમરસ બને છે. અને એ જ આજના દિનનું મહત્ત્વ છે.

જીવનને ઉન્નત બનાવતો એક અજોડ આદર્શ એ જ ગુરુદેવ છે એ આદર્શને અનુરૂપ જેણે જીવતર ઘડયું તે જન્મમૃત્યુની શૃંખલાને ભેદીછેદીને ગુરુદેવના સ્વરૂપમાં તન્મય બન્યો.

ગુરુભક્તિ એ નવી પ્રણાલિકા નથી વેદના વારાથી ગુરુતત્વનો અને ગુરુપુજનનો સ્વીકાર થતો આવ્યો છે અને તે પરંપરાગત પ્રણાલિકાને આજે પણ ગુરુભકતોએ અપનાવી છે આજકાલના કહેવાતા પ્રગતિના જમાનામાં પણ આદર્શનો પુજક કોણ નથી? આદર્શ વિનાનું જીવન એ કર્ણધાર વિનાની નૌકા જેવું છે. ભવસાગરમાં અહીંતહીં ભટકતું એ જીવનનાવડુ ગુરુદેવસમા આદર્શ સુકાનીને હાથ સોંપીને જ માનવી ભવસાગરને પાર કરી શકે છે. એ સુકાની પ્રત્યેની પોતાની કૃતજ્ઞતાના પ્રદર્શન તરીકે જ આજનો દિવસ ગુરુપુર્ણિમા તરીકે લેખાય છે, અને આજે ગુરુપુજન થાય છે.

ગણદેવીના 'હરિ' સિનેમાગૃહમાં આજે પાદુકાપુજન કરવાનું સ્થાનિક સંચાલકોએ નકકી કર્યું હતું આષાઢ શુકલ પુર્ણિમા એટલે વરસાદના દિવસો, ખુલ્લા ચોગાનમાં પુજન થઇ શકે નહિ. ગતપ્રસંગે બ્રાહ્મણવાડીમા પાદુકાપુજનનો સમારંભ કર્યો ત્યારે માનવમેદનીએ માઝા મૂકી હતી એટલે તે અનુભવને લક્ષ્યમાં રાખીને આ પ્રસંગે અહીં પુજન કરવાનું નકકી કર્યું હતું. સિનેમાગૃહના માલિક શ્રી. ચુનિલાલ હરિભાઈ રાણા પણ પુજ્ય-શ્રીના ભકત હતા. પુ. શ્રી.નાં પનોતાં પગલાં પોતાના એ

સ્થાનમાં પડે એ તમન્ના હતી. આ જ કારણે તેમણે બે દિવસ અગાઉથી જ સિનેમાનું કામકાજ બંધ રાખ્યું હતું. અને સિનેમા-ગૃહને વાળીને, શુદ્ધ મંદિરસમું સ્વચ્છ બનાવ્યું હતું. શ્રી. અવધૂત માટે સિનેમાગૃહમાં છેડે ઊંચું આસન બનાવ્યું હતું. જાણે પર્વતની ગુહામાં શ્રી. અવધૂત બિરાજતા હોય એવા એ આસનને ચારેકોરથી પુષ્પાચ્છાદિત બનાવ્યું હતું. અને સામે જ વિપ્રવૃંદને બેસવાની અને પાદુકાપૂજનની જગ્યા સુંદર રંગોળીથી સુશોભિત બનાવી હતી. પ્રેક્ષકગણને બેસવાની જગ્યા એ ભક્તવૃંદ માટેની જગ્યા બનાવવામાં આવી હતી. હજી પૂજનનો પ્રારંભ થવાને તો વાર હતી ત્યાં તો ચારેકોરથી ભક્તોએ આવી આવીને એ જગ્યા પર પોતાની બેઠક લેવી શરૂ કરી હતી, વહેલો તે પહેલો એ ન્યાયે સૌ કોઈ બેસવાની જગ્યાની શોધમાં જ્યાં મળે ત્યાં બેસી જતા હતા. એમ પૂજન શરૂ થાય તે પહેલાં તો એ સિનેમાગૃહમાં પગ મૂકવાની જગ્યા રહી ન હતી. એટલું જ નહિ પણ બહાર પણ ઠઠ જામી હતી.

ગણદેવીનાં ભકિતભાવથી તરબોળ ભોળાં જનોનો ઉત્સાહ પણ અદમ્ય હતો. પરોઢિયેથી લોકોનાં ટોળેટોળાં શ્રી. અવધૂતના દર્શન અર્થે શ્રી. નીલકંઠ મહાદેવના મંદિરે આવતાં હતાં. શ્રી. અવધૂતને પણ આજે અનેરો આનંદ હતો. એના મુખ ઉપર એ આનંદ તરવરતો હતો. આનંદને આનંદની કલ્પના કિંવા સ્મરણ હોય ખરૂ? આનંદ-એ તો એનું સહજ સ્વરૂપ છે. પણ કોકવાર જેમ સમુદ્ર–ઉભયતટપૂર્ણ, જેને શ્રી ભગવાને आपूर्यमाणमचलप्रतिष्ठं (समुद्रम्) ની ઉપમા આપી છે, તેવા એ અવધૂતને આજે એ ઉભરાતી માનવમેદનીના આનંદપુલકિત સ્વરૂપો નિહાળીને "જણ જણમાં વસેલ એ જગદાત્મા આમ ભિન્ન ભિન્ન સ્વરૂપે પોતાને દર્શન દેવા આવે છે" એવી ભાવનાએ આનંદ થતો હતો. એનો અતિરેક એઓશ્રીના મુખકમલ ઉપર પ્રદર્શિત થતો હતો. જાણે

જ્યોતમાં જ્યોત મળી અધિક પ્રકાશ થાય તેમ અવધૂતના આત્મતેજમાં આ આનંદોલ્લાસ ભળી જતાં એઓશ્રીની સ્થૂળ આકૃતિ પણ આજે અધિક પ્રફુલ્લિત લાગતી હતી.

આનંદમૂર્તિરંગને નિરખી જનો ઉર નાચતાં,
ગુરુતત્ત્વશાસ્ત્રરંગને વંદન કરી તરપત થતાં.

આજે અવધૂતે પણ લૌકિક આચાર અનુસાર પ્રભાતમાં જ નિત્ય-કર્મથી નિવૃત્ત થઈ ગુરુદેવનું સ્મરણ કર્યું અને જેવા પોતાના ઓરડાનાં દ્વાર ઉઘડયાં કે, હજી તો સૂર્યોદય પણ થયો નહતો, છતાંય દર્શનાર્થે ભેગા મળેલાં વૃંદોએ દર્શન માટે પડાપડી કરવી શરૂ કરી હાથમાં પુષ્પમાળા અને શ્રીફળ સાથે એ દર્શનાર્થીઓની કતાર જામી શિસ્તબદ્ધ રીતે બધાઓએ શ્રી અવધૂતનાં દર્શન કરી કૃતાર્થતા અનુભવી. શ્રી અવધૂતના મુખ ઉપર આજે સ્મિત રમી રહ્યું હતું. ભકત અને ભગવાનની આંખો ભેળી થતાં ભકતને કેટલો આનંદ થતો હશે ! અંતરમાં કેટલો પ્રેમ ઉભરાતો હશે તે તો જેને અનુભવ હોય તે જ જાણે એ પ્રેમ અને એ આનંદનું વર્ણન બિચારી જડ લેખિની કેમ કરી શકે?

આમ એ દર્શનસત્ર સુમારે આઠેક વાગ્યા સુધી ચાલ્યું. અહીંથી દર્શન કરી લોકો સીધા સિનેમાગૃહ તરફ જતા હતા, ત્યાં પણ થાળીમાર માનવમેદની જામી હતી. આમ જનતાના અદમ ઉત્સાહ વચ્ચે ભૂદેવોએ લગભગ આઠ વાગ્યા પછી પાદુકા પૂજનનો પ્રારંભ કર્યો.

વિદ્વાન વિપ્રો ભેગા થયા હતા. યજમાન તરીકે શ્રી. રામચંદ્ર વિનાયક જોશી સજોડે બેઠા હતા. અને શ્રી. છગનલાલના પુત્ર રા. રમેશભાઈ સજોડે બેઠા હતા. તેમની સાથે શ્રી. છગનલાલના ભત્રીજા શ્રી સન્મુખભાઇ અને તેમના દીકરા પણ સજોડે પૂજન કરવા બેઠા હતા.

વિપ્રોએ વેદઘોષ કર્યો અને પૂજન શરૂ થયું. સિનેમાગૃહમાં અને બહાર માણસો સમાતાં ન હતાં, છતાં લેશ માત્ર ગરબડ નહતી. સંપૂર્ણ શાંત વાતાવરણમાં એ પુજન આગળ વધ્યું અને ધીમે ધીમે કરતાં પાદુકા અભિષેકનો સમય આવ્યો. રુદ્રાભિષેક દ્વારા પાદુકા ઉપર અભિષેક શરૂ થયો.

પાદુકાપૂજનનો પ્રારંભ થયો તે પહેલાંનું એક સુંદર દ્રશ્ય હતું તે વિષે તો તમને કહેવાનું જ રહી ગયું. પૂજન શરૂ થાય તે પહેલાં રંગબેરંગી રેશમી વસ્ત્ર પહેરીને સપત્નીક યજમાનો તથા વિપ્રવૃંદ વેદમંત્રોચ્ચાર કરતા અને વાદ્યઘોષ કરતા નીલકંઠ મહાદેવમાં આવ્યા. અહીં પણ વિપ્રોએ વેદઘોષ કર્યો અને પૂ. શ્રી. ની આજ્ઞા લઇ પાદુકા લઈ સરઘાસાકારે સિનેમાગૃહમાં ગયા. આ દ્રશ્ય જેટલું ભવ્ય હતું તેટલું જ આધ્યાત્મિક રંગે રંગાએલા અંતરને હચમચાવી મૂકે તેવું હતું. વાંસની એક લાકડી શ્રીકૃષ્ણને મુખ અડી અને જગતમાં વંદનીય બની. કાષ્ટનો એક કટકો રાગદ્વેષથી મુકત બની તદ્દન શુષ્ક બની ગુરુદેવને ચરણે અડયો અને જગતને માટે પૂજ્ય બન્યો. અસ્તુ.

જયારે પાદુકા ઉપર અભિષેક ચાલતો હતો, વિપ્રો વેદોચ્ચારથી વાતાવરણને શુદ્ધ અને સાત્ત્વિક બનાવી રહ્યા હતા ત્યારે શ્રી. નીલકંઠ મહાદેવના મંદિરેથી શ્રી. અવધૂતને સિનેમાગૃહમાં સરઘસાકારે લાવવામાં આવ્યા સત્કારવા શ્રીરંગને,

ઊભો ચઢીને આભલે,
મેહૂલો અમીછાંટણે,
અભિવંદતો અવધૂતને.

લોકોએ ખૂબ જ સંયમ જાળવ્યો. વ્યવસ્થાનો જરા પણ ભંગ કર્યા વિના શાંતિથી પોતપોતાના આસનેથી જે શ્રી. અવધૂતે પોતાને માટે તૈયાર કરેલા પુષ્પાચ્છાદિત આસન ઉપર બેઠક લીધી અને ભકતોએ ગાયું :

"ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં,
બ્રહ્માહરિહરમૂર્તિ મનોહર
દંડમંડલુશોભિતવરકર,
કંથાકૌપિનઅક્ષમાળધર, સુરવર ધ્યાય.-વિઘ્નો૦"

હજી અભિષેક ચાલુ જ હતો. ચોમેર શાંતિ છવાઈ અને બ્રાહ્મણોના

श्रीदत्त दत्त भवसागरपोत दत्त ।
श्रीदत्त दत्त सुरकिन्नरगीत दत्त ।

એવા શ્રીદત્તનામસંકીર્તનના સામુદાયિક સ્વરથી સમસ્ત સિનેમાગૃહ ઘોષિત થયું. વાયુમંડળ પણ શ્રીદત્તદત્તના કર્ણપ્રિય ધ્વનિથી સભર સભર બન્યું. એ ગૂંજનથી આખા ગણદેવીનું વાતાવરણ સાત્ત્વિક બન્યું. અભિષેક સંપૂર્ણ થયો. વિપ્રો વદ્યા—

शुद्धोदकस्नानम्

અને યજમાને શ્રીપાદુકાને શુદ્ધ ગંગાજળથી સ્નાન કરાવ્યું. સુશોભિત આસન પર પધરાવી. પૂજન આગળ ચાલ્યું ગંધ, યજ્ઞોપવીત અક્ષત આદિ સમર્પિત થયાં. वस्त्रं समर्पयामि, વિપ્રોએ કહ્યું. યજમાને એક વસ્ત્ર પાદુકાને ચઢાવ્યું, બીજાએ ચઢાવ્યું અને એમ કરતાં કરતાં પાદુકા ઉપર વસ્ત્રોનો જાણે વરસાદ વરસ્યો હોય તેમ એક, બે, ચાર, આઠ એમ ધોતિયાં, નેપકીન, ટુવાલ આદિ ભિન્ન ભિન્ન વસ્ત્રોનો ઢગ વળ્યો.

"અવધૂતને તડાકો પડશે, નહિ? આટલાં વસ્ત્રો એકી સાથે મળ્યાં! એ બધાં વસ્ત્રોને એ શું કરશે?" કોકને મને વિચાર આવ્યો. જરા ધીરજ રાખો ભાઈ! એ વસ્ત્રોનું અવધૂત શુ કરશે તે જાણવાને તમારે વધુ વખત થોભવું નહિ પડે. શાંત થઈ પૂજનનો કાર્યક્રમ જુઓ તો ખરા! તમે જશો તે પહેલાં જ તમને ખબર પડશે એ વસ્ત્રોનું શું થયું. પૂજન આગળ ચાલ્યું. પુષ્પ, પુષ્પમાળા, ધૂપ, દીપ, નૈવેદ્ય બધું થયું અને આરતીનો

સમય થયો. વિપ્રવૃંદે નિરાજન પ્રજ્વલિત કરી યજમાન શ્રી. રામચંદ્રભાઈએ આરતી પોતાના હાથમાં લીધી અને—

જય જય જય ગુરુદેવ

વંદે અત્રિકુમારં ત્રિભુવનભર્તારમ્

વગેરેથી દેવની આરતી કરી પછી વડોદરાના સુપ્રસિદ્ધ પંડિત વિદ્યાભાસ્કર શ્રી. મણિશંકર ઉપાધ્યાય રચિત શ્રી. અવધૂતજીની સંસ્કૃતમાં આરતી ગવાવાનું શરૂ થયું. આરતી, મંત્રપુષ્પાંજલિ આદિ ઔપચારિક વિધિ થયો ત્યાં તો શ્રી. અવધૂતના પૂજનનો સમારંભ થયો. યજમાને પૂ. શ્રી. ને પુષ્પહાર પહેરાવ્યા. ચીખલીના ભકતહૃદય માળી શ્રી. છગનલાલ સ્વયંપ્રેરણાથી પુષ્પ-વસ્ત્રપરિધાન કરાવવા આવ્યા

વાણે તાણે ફૂલડે વણી અલફી એક,
ઓઢાડી અવધૂતને પરિમલ પમરે નેક,
પુષ્પતણા શિરપેચથી શોભે સુંદર મુખ,
દર્શનથી દુઃખડા ટળે અંતર પામે સુખ.

પુષ્પની એ અલફીથી અવધૂતનું સમગ્ર અંગ જાણે પુષ્પનું જ હોય એવું જણાતું હતું. ત્યારે જ એ દૃશ્ય કચકડાની પટ્ટી પર શ્રી. ભાલચંદ્ર ત્રિપાઠીએ જકડી લીધું અને અન્ય ફોટોગ્રાફરોએ પણ ફોટા લીધા. એકાદ ક્ષણમાં તો શ્રી. અવધૂતે એ અલફી ઉતારી નાંખી ત્યાં તો બીજા ભકતે પણ એવી જ અલફી પૂ. શ્રી. ને પહેરાવી, તે પણ શરીરને અડી ન અડી ત્યાં તો શ્રી. અવધૂતે ઉતારી નાંખી. એને નથી એ પુષ્પનો પણ મોહ, પુષ્પના ઢગલા થાય છે, છતાં તેની સામે જોવાની પણ એને સ્પૃહા નથી. એ તો બધી ભગવાનની જ લીલા છે એમ લેખે છે. પુષ્પહારનો એને હર્ષ નથી અને જુતાંના હારનો વિષાદ નથી. જેવી જેની ભાવના.

જે દેહથી પર તેને દેહ સાથે શો સંબંધ ? અને તેથી જ તો શ્રી. અવધુતે કહ્યું—

કોઇ ફુલોં ઉછાલે વા જુતિયોંસે મારે,
નિંદાસ્તુતિ સહા લે બૈઠે હૈ મસ્ત પ્યારે

સ્થિતપ્રજ્ઞની એ જ મનોદશા છે.

શ્રી અવધૂતના સન્માનનો એ પ્રસંગ પૂરો થયો અને હવે વિપ્રવૃંદને સત્કારવાનો સમારંભ શરૂ થયો. પૂજનમાં સહયોગ દેનારા વિપ્રસમાજને શ્રી. અવધૂતે એક શ્રીફળ અને એક વસ્ત્ર આપીને આશીર્વાદ આપ્યા. યજમાને પણ પ્રત્યેક વિપ્રને યથાશક્તિ દક્ષિણા આપીને સંતુષ્ટ કર્યા. અને જોતજોતમાં એ વસ્ત્રનો ડુંગર અદૃશ્ય થઇ ગયો. સમારંભ પૂર્ણ થયો અંતે શ્રી. રામચંદ્ર જોશી દ્વારા યજમાન શ્રી. છગનલાલ તરફથી બધાંયને પ્રસાદ લેવાની પ્રાર્થના કરવામાં આવી અને 'અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત' ના ગગનભેદી ધ્વનિ સાથે સમારંભ પૂરો થયો. તે પહેલાં શ્રી. શાન્તિલાલ ઠાકર, શ્રી. રામચંદ્ર જોશી વગેરે વ્યકિતઓએ શ્રી. અવધૂત પ્રશસ્તિના બચાર શબ્દો સમાજ સમક્ષ ઉચ્ચાર્યા. શ્રી. અવધૂત સિનેમાગૃહની બહાર નીકળ્યા ત્યારે મેઘરાજાએ પણ પ્રભુના એ પેનોતા પુત્રને સત્કાર કરવાને ઝરમર ઝરમર વૃષ્ટિ કરી. લોકોનાં ટોળા હવે વિખરાયાં. અને શ્રી. છગનલાલના નળિયાંના કારખાનામાં મહાપ્રસાદ લેવા માટે ધસારો કરવા લાગ્યાં. ત્યારે આકાશમાં પાણી ભરેલાં વાદળાં દોડાદોડી તો કરતાં જ હતાં એને પણ ગુરુપૂર્ણિમાના દિવસે મહાપ્રસાદનો લ્હાવો લેવો હતો ને !

મેઘરાજાએ મહેર કરી. આકાશમાં આભલા થંભી ગયા. જનમેદનીને ભોજન કરતી આનંદ માણતી જોઇ રહ્યાં. શ્રી. છગનલાલના આ કારખાનાના ચોગાનમાં ભકતો અભકતો બધા જ ભોજનપ્રસાદ લઇ પાવન થવા પંકિતમાં બેઠા. પીરસણ પીરસાવા લાગ્યાં. અને સૌને મહાપ્રસાદથી તૃપ્તિ થઇ. લોકોનાં ટોળાં

શ્રી. અવધૂતનાં દર્શન કરી વિખરાયાં ત્યાં સુધી મેઘરાજાનું તાંડવ થંભી ગયું હતું.

આમ ગુરુપૂર્ણિમાનો ઉત્સવ સમાપ્ત થયો. સમુદ્રમાં જેમ ભરતી પછી ઓટ હોય તેમ ગણદેવીમાં પણ કીડિયારા પેરે ઉભરાતી માનવમેદની ધીમે ધીમે ઓછી થતી ગઈ અને સાંજ પડતાં તો લગભગ બધા જ પોતપોતાને સ્થાને પહોંચી ગયાં. માત્ર સ્થાનિક માણસો જ રહ્યા.

ગુરુપૂર્ણિમા ઉત્સવ પૂરો થતાં જ શ્રી. અવધૂત પણ વિદાયની તૈયારી કરવા લાગ્યા.

વિદાય

વસમી વેળ વિદાયની સત્વર વીતી જાય,
સંસ્મરણો સહવાસનાં વાંસળ ચૂકી જાય.

સામાન્ય રીતે શ્રી. અવધૂત પૂર્ણિમાનો ઉત્સવ પૂર્ણ થતાં બીજે દિવસે પ્રાતઃકાળમાં જ મુકામ ઉઠાવે છે. પણ શ્રી. છગનભાઈના આગ્રહથી બીજે દિને મધ્યાન્હે ભિક્ષાથી નિવૃત્ત થઈ મુકામ ઉઠાવવાનો નિર્ણય લેવાયો.

આજ સવારથી જ સ્થાનિક ભક્તસમાજ મ્લાનવદન જણાતો હતો. પંદરવીસ દિવસના સતત સહવાસ પછી આજે શ્રી અવધુત વિદાય લેશે એ વિચારે તેમના અંતરમાં વિષાદનાં વાદળાં ઘેરાયાં હતાં. અને એ મનોદશાનો પડઘો જ જાણે પ્રકૃતિ પાડતી હોય તેમ આજે પ્રકૃતિ પણ મ્લાન જણાતી હતી. ભાણ ઉગ્યો પણ મેઘથી આચ્છાદિત. જાણે વ્હાલાની વિદાયના વસમા દુઃખે મ્લાનવદન જણાતો હતો. આભલાં પણ આકાશમાં આમતેમ અટવાતાં નીરસ જણાતાં હતાં. ભક્તોમાં ઉત્સાહ, આનંદનો અભાવ વરતાતો હતો. જેમજેમ વિદાયની પળો નજીક આવતી

હતી તેમ તેમ ભક્તો શિથિલ જણાવા લાગ્યા. કમને પુ. શ્રી.ને વિદાય આપવાની હતી, પણ છતાં સઘળા કામે લાગી ગયા.

શ્રી. અવધૂતે ભિક્ષા કરી, વિશ્રાંતિ લીધી અને બરાબર મધ્યાન્હે બાર વાગ્યે પ્રયાણ આદર્યું. પુષ્પાચ્છાદિત ઘોડાગાડીની આગળ પુરુષ સમુદાય, પાછળ સ્ત્રીસમુદાય, વાદ્યઘોષ કરતા સરઘાસાકારે લોકો–આમ પૂ. શ્રી.નું પ્રયાણ શરૂ થયું. શ્રી. રામચંદ્ર જોશીએ એ સરઘસની આગેવાની લીધી. પ્રથમ નીલકંઠ મહાદેવ આગળ ગાડીમાં બેસતા પહેલાં પોતાના નિવાસ આગળ શ્રી. છગનભાઈએ સહકુટુંબ પૂ. શ્રી.નો સત્કાર કર્યો. થોડો સમય ત્યાં રોકાઇ શ્રી અવધુતે વિદાય લીધી. અને કુટુંબના માણસોએ ભીની આંખે ભાવભીની વિદાય તો આપી પણ વિદાય આપતાં તેમના અંતરને જે વ્યથા થઇ તે તેમની ચોધાર આંસુ સારતી આંખોમાં અને વિષાદયુકત ચહેરા પર તરવતી હતી. સંયોગના આનંદ કરતાં વિયોગનો વિષાદ તીવ્ર હોય છે એ સિદ્ધાંત અહીં મૂર્તિમંત થતો હતો. શ્રી નીલકઠ મહાદેવ આગળ પૂ. શ્રી. એ પ્રણામ કર્યા. शिवो भूत्वा शिवं यजेत् એ સૂત્રને સાચું ઠેરવી શ્રી. અવધુત રવાના થયા. શ્રી અવધુતને સરઘાસાકારે ગણદેવી ગામમાં શ્રી. રામચંદ્રભાઈએ ઠરાવેલા માર્ગે લઈ જવામાં આવ્યા. સૌ પ્રથમ ચુનીલાલ, જેમના સિનમાગૃહમાં પાદુકાપૂજન થયું હતું, તેમણે એમના સિનેમાગૃહ આગળ પૂ. શ્રી.નો પુષ્પહારથી સત્કાર કર્યો. ગોકળગાયના વેગે ચાલતી એ શોભાયાત્રા જુદા જુદા લત્તાઓમાં થઈને જતી હતી ત્યારે ઠેકઠેકાણે લોકોએ શ્રી. અવધૃતને પુષ્પમાળા અને શ્રીફળથી વિદાય આપી. શોભાયાત્રા ચાલતી હતી ત્યારે આકાશમાં આભલાંઓ ભેગાં થયાં તેમણે પણ અવધુતને વિદાય આપવાનો નિશ્ચય કર્યો. અને ઝરમર ઝરમર છાંટણાં શરૂ કર્યાં. એવાં અમી છાંટણાંથી મેઘરાજાને જાણે સંતોષ ન થયો હોય, જેમ યજ્ઞમાં પૂર્ણાહુતિ પછી અવભૃથ સ્નાન કરવાની પ્રથા હોય

છે તેમ આ ગુરુપાદુકાના પૂજનસમારંભની સમાપ્તિના પ્રસંગ પછી શ્રી. અવધુતને અવભૃથસ્નાન કરાવવાની મેઘરાજાને અભિલાષા થઈ અને મુશળધાર વૃષ્ટિ થઇ. ચારે બાજુથી શ્રી. અવધુતના ઉપર છત્રીઓ ધરવામાં આવી. પણ એ આચ્છાદન શું કામ આવે? અને શ્રી. અવધુતે મેઘરાજાની હોંશ પૂરી કરવા આનંદથી સ્નાન કર્યું. શરીર પાણીથી તરબોળ થઈ ગયું છતાં એઓશ્રીને જરાય તરવરાટ લાગ્યો નહિ. આપણે જેમ વૃષ્ટિમાં સંકોચ પામીએ તેવો સંકોચ લાગ્યો નહિ. એ તો એની મસ્તીમાં જ પ્રકૃતિના તાંડવનો અનુભવ કરતા નિઃસંગભાવે ગાડીમાં બેઠા હતા. એ તાંડવ થોડો વખત ચાલ્યું. બધે જ પાણી પાણી થઈ ગયું. અને અંતે મેઘરાજાએ અમીવૃષ્ટિ થંભાવી. સરઘસ ગામને પાદરે આવ્યું ત્યાં સુધીમાં જુદા જુદા લત્તાઓમાં લગભગ સો સવાસો વ્યક્તિઓએ શ્રી અવધુતને પુષ્પહાર, શ્રીફળ, આરતીથી વિદાય આપી. ગામને નાકે સરઘસ આવ્યું ત્યારે પણ મેદની પાછા વળવાની આનાકાની કરતી હતી. આખરે શ્રી. અવધુતે બધાયને સ્મિતવદને આશીર્વાદ આપ્યા અને પાછા વળવાની સૂચના આપી. લોકો વિખરાયા અને ગાડી અમલસાડ તરફ જવાના રસ્તે આગળ વધી.

અમલસાડ જતાં માર્ગમાં જુદાં જુદાં ગામોમાં વાવડ પહોંચ્યા હતા એટલે લોકોનાં ટોળેટોળાં શ્રી. અવધૂતને સત્કારવા માટે ભેળાં થયાં હતાં. અંબિકા નદીને કિનારે હાથીઆવાડી ગામ આગળ પણ લોકો ભેગા થયા હતા. અહીં જાણે અંબિકાને શ્રી. અવધુતની પાદુકાને સ્નાન કરાવી સંતની પાદુકાના સ્પર્શથી પોતે પાવન થવાની ઈચ્છા હોય તેમ પ્રસંગ બન્યો. અંબિકા એક નાની બાલિકાનું સ્વરૂપ લઇને જ જાણે આવ્યાં હોય એમ એક બાલિકા આવી. તેણે શ્રીપાદુકાને પ્રણામ કર્યા. પુષ્પ ચઢાવ્યાં અને એક પૈસાનો સીકકો પાદુકા ઉપર મૂકયો. થયું. શ્રી. અવધુત દ્રવ્યને સ્પર્શ કરે તો સ્નાન અને ઉપવાસ કરે એવો એઓશ્રીનો અપવાદ-

રહિત નિયમ છે. પાદુકાને સ્પર્શ થાય તો તેને સ્નાન કરાવવું એવો પણ નિયમ. એ નિયમાનુસાર એક ભાઇએ પાદુકાને અંબિકામાં સ્નાન કરાવ્યું. અંબિકા પાદુકાના સ્પર્શથી પાવન થઇ, કૃતાર્થ થઇ, અને ગાડી આગળ ચાલી. બે વાગ્યાના સુમારે શ્રી. અવધુત અમલસાડ શ્રી. હર્ષદભાઈને મુકામે પહોંચ્યા.

અહીં શ્રી. હર્ષદભાઈએ પાદુકાપૂજન રાખ્યું હતું. સમય ઘણોજ થોડો હતો. લગભગ ૩-૩૦ની ગાડી હતી. વચમાં માત્ર દોઢ કલાકનો જ ગાળો હતો. પણ એટલા સમયમાં એ બધો વિધ પતાવી ત્યાંથી શ્રી. અવધુત અમલસાડ સ્ટેશને પહોંચ્યા. ગાડીને થોડી વાર હતી. સ્ટેશન ઉપર ઠઠ જામી હતી. ડૉ. રણજીતભાઇ ભટ્ટ સુરતથી પૂ.શ્રી. ને લેવા આવ્યા હતા. બિલિમોરાથી શ્રી. રમચંદ્ર અંબેલાલ દેસાઇ પણ ગાડીમાં જગ્યાનો બંદોબસ્ત કરી આવ્યા હતા. 'શ્રીગુરુદેવદત્ત', 'અવધુતચિંતન શ્રીગુરુદેવદત્ત' ના ગગનભેદી અવાજો વચ્ચે ટ્રેન ઉપડી. અવધુતે સર્વના તરફ સ્મિત કરી કૃપાકટાક્ષ કર્યો.

સુરતમાં બે દિવસનો મુકામ હતો. શ્રી. રણજીતભાઈના પ્રયાસથી સ્ટેશન ઉપર ભીડ જામી નહતી, પણ થોડાઘણા દર્શનાર્થીઓ તો હતા જ. પુષ્પ હોય ત્યાં પરિમલભોગી ભ્રમર ન હોય એ બ-વું જ અસંભવિત

સ્ટેશન ઉપર ઉતરી શ્રી. અવધુત રકતબેંકવાળા ભકતહૃદય ડૉ. વાણીઆવાલાને ત્યાં પધારેલા અને એમની પૂજાસ્થાનની વ્યવસ્થા નિહાળી આનંદ વ્યકત કર્યો ડૉ. રણજીતભાઇને નિવાસે સુમારે છએક વાગ્યે પહોંચ્યા અહીં શ્રી અવધુત પધાર્યા ત્યારે દર્શનાર્થીઓની ઠઠ જામી હતી. હાથમાં પુષ્પમાળા લઇને શ્રી. અવધુતનાં દર્શન કરવા ઉત્સુક આંખો શ્રી અવધુતના આગમનની રાહ જોતી હતી. પૂ. શ્રી. ગાડીમાંથી ઉતરતાં જ 'અવધુત-

ચિંતન શ્રીગુરુદેવદત્ત' ના ગગનભેદી ધ્વનિથી ભેળી મળેલી જનતાએ શ્રી. અવધુતનો સત્કાર કર્યો. દર્શનતરસી આંખડી ઠારવાને શ્રી અવધુતે આસન લીધું અને એક એક કરી બધાંયને દર્શન દીધાં એ દર્શનસત્ર લગભગ કલાકેક ચાલ્યું પછી પૂ. શ્રી. સ્નાનાર્થે ઊઠ્યા થોડો ફલાહાર વગેરે લઇ ભેગા થયેલા ભક્તોને દર્શન દઇ સુમારે નવેક વાગ્યે શ્રી. રણજીતભાઇએ તૈયાર કરેલા વાયુઅનુકૂલિત ખંડમાં શયન કર્યું.

૨૪
સુરતમાં મુકામ

સુરતમાં જ્યારે જ્યારે શ્રી. અવધુત પધારે છે ત્યારે ત્યારે ડૉ. રણજીતભાઈ ને ત્યાં વિશ્રાંતિ કરે છે. એ નિયમ પ્રમાણે શ્રી. અવધુતે ત્યાં જ મુકામ કર્યો હતો.

આજે ગુરુવાર હતો. ડૉ. રણજીતભાઈ ને ત્યાં પાદુકાપુજનનો સમારંભ હતો. પ્રાતઃકાળથી જ એ અંગે તૈયારીઓ થવી શરૂ થઈ હતી. વિદ્વાન વિપ્રવૃંદ ભેળું થતા સુમારે નવેક વાગ્યે પાદુકાપુજનનો પ્રારંભ થયો. લગભગ બે કલાકે શાસ્ત્રોક્તવિધિપુરસરનું એ પુજન પુરૂં થયું. સાંજના ચારેકના સુમારે સુપ્રસિદ્ધ સંગીતકાર માસ્ટર વસંતનું આગમન થયુ. શ્રી. અવધુતને પોતાનાં પ્રિય ભજનો સંભળાવી આત્મસંતોષ માન્યો.

શુક્રવારે શ્રી. અવધુતને થોડું રોકાણ હતું. સુરતના સુપ્રસિદ્ધ જરીવાલા શ્રી. વિનાયકલાલને ત્યાં તેમના મહાલક્ષ્મી માતાજીના મંદિરમાં આજે શ્રી અવધુતની પાદુકાનૃ પુજન રાખવામાં આવ્યું હતું. એટલે શ્રી. અવધુત ત્યાં પધાર્યા. સમારંભનો શાસ્ત્રોકત વિધિથી પ્રારંભ થયો લોકોની પણ સારા પ્રમાંણમાં ભીડ હતી. પાદુકાપુજન વગેરેથી નિવૃત્ત થઈ શ્રી. અવધૂત ફરી પાછા મુકામે પધાર્યા, માર્ગમાં આવતાં શ્રી ભૃગુઋષિના દત્તમંદિરમાં પધાર્યા

ત્યાં શ્રી. પ.ઠક અને શ્રી વાઘેલાએ ઉછેરેલા ઔદુંબરને સ્પર્શ કર્યો. અને પછી શ્રી. રણજીતભાઇને મુકામે પધાર્યા. સ્નાન આદિથી નિવૃત્ત થઇ ભોજન કરી વિશ્રાંતિ લીધી.

તે દિવસે પણ વરસતા વરસાદમાં માસ્ટર વસંતે ડૉ. રણજીતભ.ઈને મુકામે આવી પુ. શ્રી.ની સન્મુખ પોતાનો સંગીત સેવાનો કાર્યક્રમ રજુ કરી પુ. શ્રી. પ્રત્યે પોતાનો પ્રેમ અને આદર વ્યક્ત કરી સંતોષ માણ્યો હતો. ત્યાર પછી શ્રી. અવધુતે ફુલાહાર વગેરેથી નિવૃત્ત થઇ વિશ્રાંતિ લીધી. આમ સુરતનો કાર્યક્રમ પુર્ણ થયો. શનિવાર તા. ૨૧-૭-૬૨ ના રોજ સવારમાં ગુજરાત એકસપ્રેસમાં શ્રી અવધુતજી ભરૂચ પધાર્યા.

૨૫

ભરૂચ પ્રતિ પ્રયાણ અને નિવાસ

ભરૂચના સુપ્રસિદ્ધ ધારાશાસ્રી અને આગળ પડતાં કોંગ્રેસી કાર્યકર શ્રી. મોતીલાલ વીણ ઘણા સમયથી શ્રી. અવધૂતને ભરૂચ પધારવાનું કહ્યા કરતા હતા આ વરસે શ્રી. અવધુતે નારેશ્વર જવા માટે નર્મદામાં હોડીનો પ્રવાસ કરવાનું અનુકૂળ ધાર્યું હતું. એટલે શુકલતીર્થના ઓવારેથી પોતે નાવમાં બિરાજવાના હતા. એ પ્રસંગનો લાભ લઇને શ્રી. વીણ સાહેબે પુ. શ્રી. ને બે દિન ભરૂચમાં વિશ્રાંતિ લઇને નારેશ્વર પધારવાની વિનંતિ કરી હતી. શ્રી. અવધૂતે એમનો ભાવ પારખીને તેનો સ્વીકાર કર્યો હતો.

સુરતથી સવારમાં ગુજરાત એકસપ્રેસમાં શ્રી. અવધુતજી ભરૂચ પધાર્યા. ભરૂચના સ્ટેશન પર ભાવિક દર્શનાર્થીઓએ અને શ્રી. વીણ સાહેબે શ્રી. અવધૂતનો સત્કાર કર્યો. એ શિષ્ટાચાર પુરો થતાં જ ઘોડાગાડીમાં શ્રી. અવધૂતજી શ્રી. વીણ સાહેબ સાથે નર્મદાકિનારે આવેલા અશોક આશ્રમમાં પધાર્યા.

ભરૂચમાં નર્મદા કિનારે એક વિશાળ આશ્રમ છે. અમદાવાદના સંન્યાસ આશ્રમવાળા સુપ્રસિદ્ધ વિદ્વાન મહામંડળેશ્વર શ્રી જયેન્દ્રપુરી મહારાજની સમાધિ નિમિત્તે એક સુંદર આશ્રમ વિકસી રહ્યો છે, જેને બધા અશોક આશ્રમથી ઓળખે છે. શ્રી. અતુલાનંદજી જેઓ પોતે એક સમર્થ વકતા અને અનુભવી વિદ્વાન સંત છે તેમના દર્શન અર્થે શ્રી. અવધૂતજી પધાર્યા હતા. પુ. સ્વામીશ્રી તે વખતે મૌનમાં હતા. એટલે એકાંતમાં એમની સાથે અલ્પ સમય બેસી અન્યોન્ય નમસ્કાર ચમત્કાર થયા પછી આત્મભાવે એ ઉભય વિભૂતિએ પરસ્પર આલિંગન કર્યું. એમના મૌનમાં શો ભાવ હતો એ તો એજ જાણે. પરંતુ આલિંગન પછી શ્રી. અતુલાનંદજીએ શ્રી. અવધૂતજીનો હાથ ઝાલ્યો અને પોતાની સાથે શ્રી. અવધુતને એકલાને પોતાના ખંડમાં લઈ ગયા. દ્વારા પણ બંધ કર્યાં. એ ઉભય વિભૂતિએ મૌનવાણી એકાંતમાં શું વાતો કરી, શો આનંદ કર્યો, તે તો એ બે જ જાણે. થોડીક મીનીટો પછી શ્રી. અવધુત બહાર પધાર્યા. શ્રી. અતુલાનંદજી તેમને દ્વાર પર વિદાય આપવા આવ્યા. આમ મૂક્તભાવયુક્ત એ મિલન પુરું થયું. સંતોના એવા આત્માભાવયુક્ત મિલનનો મર્મ આપણે સમાન્યજન શું સમજીએ? આપણાં શાં ગજાં ?

એ આશ્રમના અન્ય સ્વામીઓએ એ પછી શ્રી અવધૂતનો સત્કાર કર્યો થોડો સમય ત્યાં વિતાવી શ્રી અવધૂત શ્રી. મોતીભાઈને ત્યાં ગયા.

અહીં અફાટ માનવમેદની જામી હતી. સ્ટેશન ઉપરની ભીડ તો આ ભીડની કંઇ વિસાતમાં ન હતી. શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો, ભાવિક ભકતો શ્રી. અવધુતને સત્કારવા આવ્યા હતા. અશોકઆશ્રમમાંથી શ્રી વીણ સાહેબને ત્યાં આવતાં માર્ગમાં પણ જુદાં જુદાં સ્થળોએ ભકતોએ શ્રી. અવધુતને પુષ્પમાળા, શ્રીફળ આદિથી સત્કાર્યા હતા. અને એક ભકત શ્રી. રતિલાલ ભાટિયાએ તો સુંદર મૃગચર્મ અને એવી બીજી વસ્તુઓ પણ અર્પણ કરી.

આમ જનતાના પ્રણામ ઝીલતા, સ્મિતવદને સૌને આશીર્વાદ આપતા શ્રી. અવધુત મોતીભાઈને ત્યાં પધાર્યા. આસનસ્થ શ્રી અવધુતને પ્રણામ કરવાને શિસ્તબદ્ધ ભકતો વારાફરતી આવવા લાગ્યા અને બીજાઓને માટે જગ્યા કરવા માટે પોતાનું કામ પતાવી જવા લાગ્યા. થોડી વારે ભીડ ઓછી થઈ. એક શિક્ષ જણાતાં બેન આવ્યા. શ્રી. મોતીભાઈનાં પરિચિત હતાં એ બેન. તેમણે શ્રી. અવધુતપાદુકા ઉપર એક રૂપીયાની નોટ મૂકી. શ્રી. અવધુતને સ્પર્શ થયો હોત તો આજે એઓશ્રીને ઉપવાસ કરવો પડત, પાદુકા ઉપર મૂકેલી એ નોટ બેનને પાછી આપતાં શ્રી. મોતીભાઇએ કહ્યું :

"અહીં પૈસા મૂકવાનો પ્રતિબંધ છે."

"મને ખબર નહતી હુ સમજી સંત પાસે ખાલી હાથે ન જવાય એટલે મેં મૂકયો." બેને કહ્યું.

"પણ શ્રી અવધુતને તો ઉપવાસ કરવો પડે." મોતીભાઇએ કહ્યું.

"મને ક્ષમા કરો સ્વામીજી ! હું અજ્ઞાન ! ન જાણું હું આપનો નિયમ ! આપને કલેશ થયો. હું શું પ્રાયશ્ચિત કરું ? એમ કહેતાં એ બેનની આંખોમાંથી ચોધાર આંસુ પડવા માંડયાં. બેનની એવી આકળવિકળ દશા જોઈ શ્રી. અવધુતે આશ્વાસન આપ્યું. :

" ચિંતા નહિ, અજાણપણે એ થયું એમાં તમારો શો દોષ ?"

એ જ વખતે પ્રસંગ નીકળતાં શ્રી. અવધુતજીએ કહ્યું. 'સંત પાસે ખાલી હાથે ન જવાય' એ શિષ્ઠાચાર બરોબર છે. ગુરુ પાસે સમિધ હાથમાં લઇને જવાનો શાસ્ત્રોનો આદેશ છે. કારણ કે ગુરુજીને સમિધની ગરજ જ હોમ વખતે જરૂર પડે છે. તેજ ન્યાયે સાધુ પાસે જતાં સાધુને જે જરૂરની વસ્તુઓ હોય તે લઇ જવી જોઇએ. પૈસાને સાધુ શું કરે ! સાધુને પૂજા માટેનો

ઉપહાર આપો. સાધુને ફલાહાર માટે ફળ આપો. તેને અનુરૂપ વસ્ત્ર આપો અને તેમ કરીને તેનો સત્કાર કરો. સાધુની સેવા કરો. તેને લક્ષ્મી આપીને તો તમે તેને મોહમાં નાંખો છો. લક્ષ્મીનો લોભ સાધુતામાં વિઘ્નરૂપ છે. અને તેથી સાધુને દ્રવ્ય આપવું જોઈએ નહિ.

એ બેનના મનનું સમાધાન શ્રી. અવધૂતે કર્યું.

સ્વામી શ્રી વાસુદેવાનંદ સરસ્વતીનાં અનન્ય ભક્ત એ રીતે પૂ. શ્રી. અવધૂતનાં ચિરપરિચિત ગં. સ્વ. શ્રી. ચતુરબેન ભરૂચમાં રહે. વયોવૃદ્ધ અને જર્જરકાય એ પથારીવશ હતા. શ્રી અવધૂતનો તેમની સાથેનો જુનો પરિચય. શ્રી. ગુરુમૂર્તિ ચરિત્ર છપાવવાના નિમિત્તે શ્રી. અવધૂત ભરૂચમાં ભૂતનાથને મેડે રહેતા શ્રી. કલ્યાણજી-ભાઈને ત્યાં હતા. શ્રી. કલ્યાણજીભાઇ સાથે નિકટનો સંબંધ ગં. સ્વ. ચતુરબેન પણ સદ્‌ગુરુ શ્રી. વાસુદેવાનંદ સરસ્વતી મહારાજનાં ભક્ત પ. પૂ. બ્ર. શ્રી યોગાનંદ સરસ્વતી સ્વામી મહારાજ (ગાંડા મહારાજ) પ્રણિત ગુરુમૂર્તિ ચરિત્રનું સંશોધન વાંકડી દક્ષિણ હૈદ્રાબાદમાં તેમની સાથે રહી શ્રી અવધૂતે કર્યું ત્યારે તેના મુદ્રણ અને પ્રકાશનનું કાર્ય પણ ગાંડા મહારાજે શ્રી. અવધુતને જ માથે ઓઢાડયું હતું. એ મુદ્રણ નિમિત્તે શ્રી. અવધુત ભરૂચમાં રહેતા હતા ત્યારે ગં. સ્વ ચતુરબેનનો પરિચય થયો હતો. ગં. સ્વ ચતુરબેન શ્રી અવધુતને 'ભાઈ' કહીને સંબોધતાં તે પછી વર્ષો વીત્યા પછી ઓલપાડ તાલુકાના સિદ્ધનાથ મહાદેવમાં શ્રી. અવધુત એકાદ માસ એકાંતવાસમાં રહેલા ત્યારે ગં. સ્વ. શ્રી. ચતુરબેને શ્રી. અવધુતની વ્યવસ્થા રાખેલી, અને આ જુનો પરિચય ઘનીભૂત થયેલો, આ બધાંય સ્મરણો અને સંબંધ ધ્યાનમાં લઈ શ્રી અવધુતજી ગં. સ્વ. ચતુરબેનને ત્યા તેમની ખબર જોવા ગયા. ભાન–અભાનવસ્થામાં રહેલા ચતુરબેનને પૂ. શ્રી. અવધુતે કમંડળમાંથી ચરણામૃત આપ્યું. થોડો વખત ત્યાં રોકાઈ

શ્રી. અવધુત શ્રી. મોતીભાઇ વીણને ત્યા પધાર્યા. આમ શ્રી. અવધુતે ગં. સ્વ. ચતુરબેનના ઉભય માર્ગો મોકળા કર્યા.

ભરૂચમાં પોલીસ લાઇનમાં એક શિવાલય છે. ત્યાંના ભક્તોએ શ્રી અવધુત શનિવાર તા. ૨૧/૨૨-૭-૬૨નો મુકામ કરી તા. ૨૩ મીએ સવારના ગાડીમાં નિકોરા જવા નીકળ્યા પ્રથમ તો શુકલતીર્થથી નાવડીમાં નારેશ્વર જવાનું નકકી કર્યું હતું પણ શુકલતીર્થના ઓવારા પર કાદવ હોવાથી નિકોરાથી નાવમાં નારેશ્વર જવાનું નકકી કરવામાં આવ્યું એ પ્રમાણે શ્રી અવધુત ભરૂચથી સુમારે આઠેક વાગ્યે નિકોરા પહોંચ્યા.

નિકોરામાં નર્મદાનો સુંદર ઘાટ છે. એ ઘાટનાં પગથિયાં છેક પાણીની સપાટી સુધી હોવાથી શ્રી અવધુતને નાવડીમાં બેસતાં અડચણ પડી નહિ. ભરૂચથી ડૉ રણજીતભાઇ નારેશ્વર સુધી સાથે આવ્યા હતા. માર્ગમાં ઝણોરના કિનારે શ્રી ભીમસિંહ દરબાર તથા ગ્રામ્યજનોએ શ્રી અવધુતનો સત્કાર કર્યો.

નાવડીનો એ પ્રવાસ આનંદદાયક હતો. નર્મદા પણ હિલોળે ચઢયાં હતાં. જો કે પૂર નહતાં પણ ચોમાસાના દિવસો હોવાથી પાણી ખૂબ જ હતાં નાવને અનુકૂળ પવન પણ હતો. એ પાણી-ઘોડો પૂરપાટ ધસ્યે જતો હતો સુમારે બપોરના એક દોઢ વાગ્યે નારેશ્વરને કિનારે શ્રી. અવધુતે પગ મૂકયો. શ્રી અવધુતજીને સત્કારવાને કિનારે ઉભા જ હતા.

માતૃદેવો ભવ એ સૂત્રના એ ઉપાસકે માતાજીને પ્રણામ કર્યા.

આમ શ્રી અવધુતનો પ્રવાસ આ વરસે બરોબર ૧૦૪ દિવસ ચાલ્યો. તા. ૯-૪-૬૨ થી તા. ૨૩-૭-૬૨ સુધીના એ પ્રવાસનો આનંદ કેમ વર્ણવી શકાય ?

ભગવાનને ત્યાં કેવળ સુખ અને આનંદના જ સાગર ભર્યા છે ત્યાં દુઃખ કે વિષાદ જેવા નામ જડતા નથી, તેમ શ્રી. અવધુતના એ સહવાસમાં કોઈ પણ ક્ષણે દુ.ખ કે વિવાદની કલ્પના સરખી પણ આવતી નથી. એક ક્ષણ એવી નથી ગઇ કે જ્યારે શ્રી. અવધુતના મુખ ઉપર વિષાદ હોય, કમળ તો સૂર્યનો અસ્ત થાય એટલે બીડાય, આ મુખકમળને સૂર્યનો અસ્ત થવાનો જ નહતો અને બીડાવાનું ન હતું શ્રી. અવધુતની સેવા એ પણ જીવનનો એક અનેરો અવસર જ લેખી શકાય.

— અવધુતચિંતન શ્રીગુરુદેવદત્ત —

પરિશિષ્ટ-૧ (જૂઓ : પાન-૫૭)

॥ गुप्तेश्वरचतुष्कम् ॥

ॐ

गुप्तोऽसि त्वं प्राणिमात्रे निगूढो
ह्यन्तर्यामी नादतो नादरूपः ।
औरङ्गाया दण्डके वामभागे
गुप्तेश ! त्वां तं नमामि प्रसीद ॥ न ॥

आयान्त्येते ग्रामिणो वन्यवासा
लब्ध्वा साङ्गं दर्शनं यान्ति हृष्टाः ।
नादं शृण्वन्तोऽप्यतुष्टाः सतर्का
गुप्तेश ! त्वां तं नमामि प्रसीद ॥ मः ॥

को जानीयात्तेऽमुमग्र्यं सुभेदं
नो स्याद् योऽत्र त्वत्कृपालेशभागी ।
त्यक्त्वाऽतोऽन्यद्ध्यक्षयं यामि धाम
गुप्तेश ! त्वां तं नमामि प्रसीद ॥ शि ॥

मा मे वैरं मा भयं मा विषादो
भूयाद् भूमन् मा च ते विप्रयोगः ।
संधानं ते सन्ततं स्यात्प्रकर्षं
गुप्तेश ! त्वां तं नमामि प्रसीद ॥ वा ॥

गुप्तेश्वरचतुष्कं यः प्रपठेन्नियतस्त्विदम् ।
रङ्गातिगं भवेत्तस्य लीनं नादे मनः सदा ॥ य ॥

જોઇએ છે.! જોઇએ છે!! જોઇએ છે!!!

કોણ ?

ઉપદેશકો

વાણીશૂરા નહીં, પણ વર્તનશૂરા.

માત્ર શબ્દથી શીખ દે તેવા નહિ. પણ આચરણથી ઉદ્‌બોધે તેવા.
'પરોપદેશે પાંડિત્ય'' કરે તેવા નહિ, પણ પોતાની જાતને ઉપદેશે તેવા.
બધાના ગુરુ થવા દોડે તેવા નહિ, પણ શિષ્ય થવા મથે તેવા.
શ્રોતાઓનું ચિત્તહરણ કરે તેવા નહિ, પણ વેદના હરે તેવા.

ઉધાર આદર્શવાદી નહિ, પણ રોકડ વાસ્તવવાદી.

સ્વપ્નસેવી નહિ, પણ જાગ્રત-જીવી

પગાર શો મળશે ?

આત્મસંતોષ, અમર આનંદ, શાશ્વત શાંતિ,

અરજી ક્યાં કરવી ?

અંતરનાં ઊંડાણમાં

કામ પર ક્યારે ચઢવું ?

નિશ્ચય પાકો થાય ત્યારે, અબઘડી ! !

હાજર ક્યાં થવું? જ્યાં હો ત્યાં જ, સર્વત્ર

અરજી સ્વીકાર્યાનો જવાબ ?

ઉરનો ઉલ્લાસ

અરજી કોને કરવી ?

અંતરાત્મા — અવધૂતને ! !

જગત્સુહૃદ્

રંગ અવધૂત